મૃગલોચની

ભાગ ૪ થો

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

મૃગલોચની

અથવા

માયા-પ્રાબલ્ય.

ભાગ ૪ થો.

(અદ્ભુત ઘટનાયુક્ત નવલકથા)

સંપાદક,

વ્રજલાલ જાદવજી ઠક્કર.

તંત્રી 'લુહાણા-બંધુ' અમદાવાદ.

પ્રકાશક,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૧-૮-૦

પ્રત ૧૦૦૦

વિક્રમાબ્દ ૧૯૭૪

ખ્રિસ્તાબ્દ ૧૯૧૮

અમદાવાદ-શાહપુર વનમાળીવાંકાની પોળમાં
'શ્રી અંબિકા વિજય' પ્રિન્ટિંગ પ્રેસમાં
લક્ષ્મીચંદ હીરાચંદે છાપી.

વિષયાનુક્રમણિકા.

રા. રા. વ્રજલાલ જાદવજી ઠક્કર કૃત પુસ્તકો.

*૧	પ્રેમની પ્રતિજ્ઞા. (સંક્ષિપ્ત પ્રેમકથા.)	૦—૩—૦
૨	નિર્ભાગી કુસુમ („)	૦—૪—૦
૩	સમાજ (સ્વ. સાક્ષર રમેશદત્તની નવલકથાનો અનુવાદ.)	૧—૦—૦
*૪	વાર્ત્તાવિહાર (નવ ઐતિહાસિક પ્રેમકથાઓ)	૦-૧૨—૦
૫	મિલન-મંદિર (સામાજિક આદર્શ નવલકથા)	૧—૪—૦
૬	સરોજસુંદરી („)	૧—૮—૦
૭	વનવાસિની (રસિક પ્રેમકથા)	૧—૪—૦
*૮	ગૃહિણી કે દેવી ? (સામાજિક નવલકથા)	૦-૧૨—૦
૯	દગાબાજ દુનિયા (ચાર સુંદર ચિત્રોથી સુશોભિત)	૧—૮—૦
૧૦	ભાગ્યદેવીની ભયંકરતા ! (સ્ત્રીઓપયોગી નવલકથા)	૧—૪—૦
૧૧	કંગાલ કેદી અથવા સ્નેહ-બંધન ભાગ ૧ લો (સચિત્ર)	૧-૧૨—૦
૧૨	„ „ ભાગ ૨ જો (સચિત્ર)	૧-૧૨—૦
૧૩	પિશાચિની કે પ્રેમદા ? (અદ્ભુત નવલકથા)	૧—૮—૦
૧૪	સંસાર કે નરકાગાર ? (વીસમાસદીનું સંસારદર્શન.)	૧—૪—૦
૧૫	સ્વર્ગમાં શયતાન ! (રસિક નવલકથા)	૧—૪—૦
૧૬	અંગના કે દેવાંગના ? („ આદર્શ „)	૧—૮—૦
૧૭	અકબર રાજ્ય રહસ્ય ભાગ ૧ લો (જનાનખાના ભયંકર ભેદભરમો)	૧—૪—૦
૧૮	„ „ „ ભાગ ૨ જો. („)	૧—૪—૦
૧૯	રણઘેલા રજપૂતો ભાગ ૧ લો (સચિત્ર બીજી આવૃત્તિ)	૧-૧૨—૦
૨૦	„ „ ભાગ ૨ જો („)	૧-૧૨—૦

[અદ્‌ભુત પ્રેમરસથી ભરપુર સાંસારિક નવલકથા.]

સ્નેહમયી અને વિષમયી.

પ્રયોજકઃ—મણિલાલ જેઠાલાલ વ્યાસ.

સદ્‌ગુણી સ્ત્રી પોતાના પતિ પ્રત્યે કેવો નિર્મળ પ્રેમ ધરાવે છે અને દુર્ગુણી સ્ત્રી પુરૂષને કેટલી હદ સુધી દુઃખી કરે છે, તેનું આબેહુબ ચિત્ર આ નવલકથામાં આલેખાએલું છે. રોયલ બાર પેજી પૃષ્ઠ લગભગ ૨૪૦, ગ્લેજ કાગળ, સ્વચ્છ છપાઇ, સુંદર પાકું પુઠું. મૂલ્ય રૂ. ૧—૮—૦

જુલ્મી જાલિમ યાને ધ્રુજતી ધરા.

રાજસત્તાના મદમાં મદાંધ થઇ જુલ્મી રાજા કેવો હૃદયદ્રાવક જુલ્મ ગુજારે છે, પવિત્ર બાળાઓ આવી પડતાં દુઃખોને કેવી ધીરજથી સહન કરે છે, ભૈરવના મંદિરના ભેદી ભોંયરામાં બનતા ભયંકર પ્રપંચો વગેરે અનેક રસમય પ્રસંગોનો ચિતાર આપવામાં આવ્યો છે. આ પુસ્તક વાંચવા લીધા પછી ખાવું, પીવું, ઉંઘવું વગેરે ભૂલી જશો. છતાં આ પુસ્તકની કીંમત રૂ. ૧—૧૨—૦ રાખવામાં આવી છે.

સુવિખ્યાત ગુજરાતી નવલકથાકાર શ્રી વ્રજલાલ જાદવજી ઠક્કર-કૃત સચિત્ર સર્વોત્તમ સામાજિક નવલકથા.

મધુ-માલતી.

આ સામાજિક નવલકથામાં સામાજિક વિષયોનું ઘણું રસિક આલેખન કરેલું છે. સ્વતંત્રતા અને સુધારાના બાહ્યાડંબરથી એક બાળિકા અને એક યુવક સંસારમા અધર્માચરણ આચરી કેવાં સ્વેચ્છાચારી બની જાય છે, પાશ્ચાત્ય કેળવણીનું કેવું અનિષ્ટકારક પરિણામ આવે છે, વગેરે જ્ઞાનો-ત્તેજક અને બોધક વિષયોનું શાબ્દિક ચિત્ર આ ચિત્તરંજક નવલકથામાં આલેખવામાં આવ્યું છે પૃષ્ઠ સંખ્યા ૨૫૦, મનહર છપાઇ, સોનેરી પાકું પુઠું છતા કીંમત માત્ર રૂ. ૧—૮—૦.

ॐ तत्सत्परमात्मने नमः ।

મૃગલોચની

અથવા

માયા-પ્રાબલ્ય.

ભાગ ૪ થો.

(અદ્ભુત ઘટનાયુક્ત નવલકથા.)

પ્રકરણ ૧ લું.

મોહભંગ.

" જો ઇશ્ક ના તો શું ખુદા ? આલમ કરી તોયે ભલે !
જો ઇશ્ક ના તો શું જહાં ? એને ખુદાએ શું કરે ?"

—કલાપી.

રાજકુમાર ઇન્દ્રજીતસિંહ હજી પણ પેલા રમણીય સ્થાનમાં રહેતો હતો. તેની ઇચ્છા નહિ હોવા છતાં માધવીના સહવાસમાં તેને પોતાના દિવસો પસાર કરવા પડતા હતા.

એક પ્રહર દિવસ વીતી ગયેલો હોવા છતાં ઇન્દ્રજીતસિંહ એક સોનેરી પાયાવાળા મૂલ્યવાન્ પલંગમાં સૂઈ રહેલો હતો. એક દાસી પંખો હલાવી તેને વાયુ ઢોળતી હતી. રાજકુમાર નિદ્રાધીન થઈ ગયેલો હતો કે જાણી જોઇને નેત્રો મીંચી સૂઇ રહ્યો હતો એમાંના એકકે પ્રશ્નનો ઉત્તર અમે ચોક્કસ આપી શકતા નથી. ચાલો, આપણે એને આવી સ્થિતિમાં પડતો મૂકી તિલોત્તમાના વિશ્રામભુવનમાં જઇએ અને જોઇએ કે હમણાં તેની સાથે માધવી શી વાતચિત કરી રહી હતી. માધવીનું હાસ્યવિકસિત મ્હોં જોતાં તે આજે ઘણી આનંદિતા હોય એવો ભાસ થતો હતો; છતાં તિલોત્તમાનું મુખમંડળ પ્રસન્ન જોવામાં આવતું નહોતું. માધવીએ તિલોત્તમાનો એક હાથ પકડીને કહ્યું:—
" સખિ ! આજે મ્હારી માફક તું આનંદિતા કેમ નથી ? ત્હારા મુખમંડળપર વિષાદપૂર્ણ ગાંભીર્ય કેમ જોવામાં આવે છે ?"

" આ પ્રસંગે તમે પ્રસન્ન થાઓ એ સર્વથા સ્વાભાવિક છે. " તિલોત્તમાએ કહ્યું.

" ત્યારે શું માયા મ્હારા પંઝામાં ફસાઈ પડી છે અને તે મ્હારી આધીનતામાં એક બંદિની તરીકે રહે છે એથી તું પ્રસન્ન નથી ?" માધવીએ તિલોત્તમા તરફ એકાગ્રદૃષ્ટિથી જોઇને પ્રશ્ન કર્યો.

" એથી તો હું પણ પ્રસન્ન છું. " તિલોત્તમાએ ઉત્તર આપ્યો.

" ત્યારે પછી તને શાની ચિંતા છે ? હાં હાં, હું સમજી ગઇ; હજી સખી લલિતા કાર્યોદ્ધાર કરી પાછી ફરી નથી તેથી જ તું ચિંતાતુર બની ગઇ હોઇશ. " માધવીએ સખીની ચિંતાનું કારણ કળી જઇને કહ્યું.

" હા, ખરું છે. લલિતા માટે મ્હારા અંતરમાં અસંખ્ય ચિંતા

જનક વિચારો ઉપજે છે. મ્હને તો એમ લાગે છે કે, નારંગીએ તેને કેદી બનાવેલી હોવી જોઇએ. " તિલોત્તમાએ ચિંતામગ્ન મુખે કહ્યું.

" ત્યારે તો આપણે એને છોડાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. " માધવીએ પણ સહજ ચિંતાતુર બની જઇને પોતાના વિચાર દર્શાવ્યો.

" બ્હેન ! એને છોડાવવા જવા જેટલી ફુરસદ મ્હને નથી; કેમ કે મ્હારા હાથ પગ બીજા એક પ્રકારથી નિર્બળ બની ગયા છે. એ પ્રકારની તમને બિલ્કુલ માહિતી નથી. જો એ પ્રકારની તમને માહિતી હોત તો તમે પણ મ્હારા જેવાં ચિંતાતુર બની ગયાં હોત." તિલોત્તમાએ કહ્યું.

તિલોત્તમાનાં આ વચનો સાંભળી માધવી આશ્ચર્યચકિતા, વિસ્મિતા અને ભયભીતા બની ગઇ. તે વ્યાકુળતાથી તિલોત્તમાના વિષાદપૂર્ણ મુખમંડળ તરફ તીવ્ર દૃષ્ટિથી જોઈ રહી.

" બ્હેન ! તમે મ્હારા મ્હોં તરફ શું જોઈ રહ્યાં છો ? સત્યતાની ખાતર મ્હારે લાચારીથી કહેવું પડે છે કે, તમે વિલાસ લાલસાની તૃપ્તિ કરવામાં એવાં તલ્લીન બની ગયાં છો કે અન્ય એક પણ પ્રકાર તરફ તમારું બિલ્કુલ લક્ષ્ય નથી. બે ચાર દિવસમાં જ તમારા શિરપર કેવું મહાભારત સંકટ આવી પડવાનું છે તેની તમને કલ્પના સુદ્ધાં નથી. શું તમે એમ માની બેઠાં છો કે હવે માયાસુંદરી સદૈવ તમારી બંદિની થઇ રહેશે ? બ્હાર શા શા બનાવો બને છે એ સંબંધી તમે કાંઇ જાણો છો કે ? અંતે તમારો બદનામ થવાનો જ વિચાર છે કે ? મ્હેં પચાસ વખત તમને સમજાવ્યું છે કે, તમે તમારા ચારિત્ર્યને તથા વ્યવહારને સુધારો; પરંતુ તમે મ્હારા ઉપદેશ પ્રતિ સર્વથા દુર્લક્ષ્ય કર્યું છે; તેથી જ લાચારીથી હવે મ્હેં મૌન ધારણ કર્યું છે. અત્યાર સુધી સ્નેહની પ્રબળતાથી જ હું તમારી આજ્ઞાઓ માન્ય કરતી આવી

છું; પરંતુ હવે મ્હારાથી વિશેષ કષ્ટ સહન થઇ શકતું નથી." તિલોત્તમાએ માધવીને ઉચિત વચનો કહી સંભળાવ્યાં.

"તિલોત્તમા ! એવું તે શું બન્યું છે કે જેથી તું મ્હને આટલો બધો ઠપકો આપે છે ? એવું કયું મહાભારત સંકટ આવી પડવાનું છે કે જેથી તું આટલી બધી ગભરાય છે ? દીવાનજી આ રાજ્યની વ્યવસ્થા કેવી નિપુણતાથી કરે છે એ પ્રકાર તું જાણતી નથી કે ? સેનાપતિ અને કોટવાલ પણ પોતાના કાર્યવ્યવસાયમાં કેટલા હોશિયાર છે તેથી તું અજાણી છે કે ? જ્યાં સુધી એ ચતુર ત્રિપુટી આપણા રાજ્યમાં છે ત્યાં સુધી રાજ્યપર સંકટ લાવવાનું સાહસ કોણ કરી શકે તેમ છે ?" માધવીએ સહજ ઉત્તેજના દર્શાવીને કહ્યું.

"બ્હેન ! એ ત્રિપુટી હોય ત્યાં સુધી રાજ્યપર સંકટ આવી પડવાનો સંભવ નથી એમ કદાચ હું પણ માનું; છતાં તમે જાણો છો કે, શત્રુઓએ કોટવાલ ધર્મસિંહને માયા–પ્રાબલ્યથી પરલોકમાં પહોંચાડી દીધા છે. આપણી આશાનો એક સ્થંભ જમીનદોસ્ત થઇ ગયો છે. વળી દીવાનજી અને સેનાપતિ મહાશય પણ હવે એક બે દિવસમાં જ કોટવાલજીની સોબત કરનાર છે. અત્યાર સુધીમાં જો કદાચ તેમણે કોટવાલજીની સોબત કરી હોય તો તેમાં પણ કાંઇ નવાઇ જેવું નથી." તિલોત્તમાએ વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ કરાવ્યો.

આ વાક્યો સાંભળી અત્યંત વિસ્મિત બની જઇને માધવીએ કહ્યું:—"આ તું શું કહે છે ?"

"હું જે કાંઇ કહું છું એ સઘળું સત્ય છે. વીરસિંહજીના માણસો અનાયાસે જ આ રાજ્ય પોતાને સ્વાધીન કરી શકશે. એટલા માટે જ હું તમને કહેતી હતી કે, વીરસિંહજીને તમે અહીં રૂસાવશો

નહિ. એમનો પ્રત્યેક બહુરૂપી સંકટનો જ અવતાર છે. ઘણા દિવસથી હું તેમનો કારભાર જોયા કરું છું. એ બહુરૂપીઓને છેડવા એ અગ્નિ સાથે રમત કરવા જેવું ભયંકર તેમજ પ્રાણહારક કાર્ય છે."

"ત્યારે શું ઇન્દ્રજીતસિંહના પિતાને એમ માલૂમ પડ્યું છે કે, તેમના રાજકુમાર આપણી કેદમાં છે?" માધવીએ પૂર્વવત્ સ્વરે પ્રશ્ન કર્યો.

"જો કે એમને એમ માલૂમ પડ્યું નથી; છતાં એમના બહુરૂપીઓ અહીં આવીને ઘણી ખટપટ કરી રહ્યા છે." તિલોત્તમાએ ઉત્તર આપ્યો.

"ત્યારે આ સમાચાર ત્હેં મ્હને પ્રથમથી જ કેમ જણાવ્યા નહિ?" માધવીએ પ્રશ્ન કર્યો.

"શું જણાવું? આ સમાચાર જાણવાની તમને ફુરસદ ક્યાં છે?" તિલોત્તમાએ પુનઃ ઉપેક્ષાસૂચક સ્વરે કહ્યું.

"તિલોત્તમા! તું હવે મ્હને મ્હેણાં ન માર અને જે કાંઇ બન્યું હોય તે મ્હને સ્પષ્ટ કહી સંભળાવ. હું સારી રીતે જાણું છું કે, ત્હારા સિવાય બીજું કોઈ મ્હારું રક્ષણ કરે તેમ નથી જ. હું મ્હારા મનમાં એમ વિચારતી હતી કે, જ્યાં સુધી હું પહાડી મહેલમાં છું ત્યાં સુધી મ્હારા શિરપર એકકે સંકટ આવનાર નથી; પરંતુ ત્હારાં વચનો સાંભળી મ્હારી એ માન્યતા ખોટી ઠરેલી મ્હને લાગે છે." માધવીએ પણ ચિંતાતુર બની જઇને કહ્યું.

"ના ના—બ્હેન! તમારી માન્યતા તદ્દન નાપાયાદાર હતી. જો કે, હું તમારા માટે મ્હારો પ્રાણ આપવાને પણ તૈયાર છું; પરંતુ તમે જ કહો જોઇએ કે, વીરસિંહજી અને ઇન્દ્રજીતસિંહજીના બાહોશ બહુરૂપીઓ વિરુદ્ધ હું શું કરી શકું તેમ છું? એક બિચારી લલિતા મ્હારી

મદદગાર હતી તે પણ, માયાસુંદરીને ફસાવી અહીં મોકલી નારંગીના પંઝામાં ફસાઇ પડી છે. હવે હું એકલી શું કરું ?" તિલોત્તમાએ પોતાની અશક્તિ દર્શાવી.

"બ્હેન ! તું જે ધારે તે કરી શકવાને શક્તિવતી છે; છતાં આમ હિમ્મત કેમ હારી જાય છે ? વારું, મ્હને એટલું તો કહે કે, વીરસિંહજીના બહુરૂપીઓ અહીં કેવી રીતે આવ્યા છે તથા હમણાં તેઓ શી ખટપટ કરે છે ?" માધવીએ પૂછ્યું.

"સાંભળો, હું તમને સઘળી હકીકત કહું છું. હું એ જાણતી નથી કે, સર્વથી પ્રથમ અત્રે કોણ આવ્યું છે ? જ્યારથી કિશોરી અહીં આવી છે ત્યારથી જ થોડી ઘણી હકીકત મ્હારા જાણવામાં આવી છે." તિલોત્તમાએ ઉત્તરમાં કહ્યું.

આ ઉત્તર સાંભળી અપાર આશ્ચર્ય પામીને માધવીએ પૂછ્યું:–"શું કિશોરી પણ અત્રે આવેલી છે ?"

"હા—એ પણ અત્રે આવેલી છે. એણે અત્રે આવીને પેલી સુરંગનું બીજું તાળું પણ તૈયાર કર્યું છે કે, જેમાંથી તમે આવજા કરો છો, અને જ્યાં તમે માયાસુંદરીને કેદ કરી રાખી છે. એક દિવસે રાત્રે જ્યારે તમે દીવાન સાહેબ પાસે, ઇન્દ્રજીતને નિદ્રાધીન થઈ ગયેલા સમજીને ગયાં હતાં ત્યારે કિશોરી અને ઇન્દ્રજીતસિંહે પણ છુપી રીતે તમારું અનુસરણ કર્યું હતું. તમારું દીવાનજી સાથેનું ગુપ્ત વર્તન પણ તેમણે બન્નેએ સાવધાનતાથી જોઇ લીધું છે. તમે એમ ન સમજશો કે ઇન્દ્રજીતસિંહ બિચારા સાદા સરળ અને ભોળા પુરુષ છે; તેઓ તમારી સઘળી ગુપ્ત હકીકત જાણે છે." તિલોત્તમાએ સત્ય હકીકતનું વર્ણન કર્યું.

થોડા સમય સુધી ચિંતામગ્ન રહ્યા પછી માધવીએ કહ્યું:—" ત્હે કિશોરીને કેવી રીતે જોઇ વારું ?"

" મ્હને તેમજ લલિતાને રાત્રે ત્રણ ચાર વખત ઉઠીને આજૂ-બાજૂ ફરવાનો અભ્યાસ પડી ગયેલો છે. જ્યારે કિશોરી અને ઇન્દ્રજીતસિંહ તમારી કામલીલા જોઇને પાછા ફર્યાં ત્યારે મ્હેં તેમને જોઇ લીધાં હતાં. પછીથી ઘણા સમય સુધી તેમણે બન્નેએ નહેરના કિનારાપર બેસીને વાતચિત કરી હતી. એ સમયથી જ હું સાવધાન થઇ ગઇ અને મ્હારું કર્તવ્ય બજાવવા લાગી." તિલોત્તમાએ ઉત્તર આપ્યો.

" ત્યાર પછી શું થયું ?" અધીરતાથી માધવીએ પૂછ્યું.

" ત્યાર પછી પણ ઘણા બનાવો બન્યા છે. જુઓ, હું તમને સઘળા બનાવોની હકીકત કહી સંભળાવું છું. બીજે દિવસે હું લલિતાને સાથે લઇને પેલા તળાવ પાસે પહોંચી તો ત્યાં મ્હેં વીરસિંહજીના કેટલાક બહુરૂપીઓને બેઠેલા જોયા. મ્હેં છુપાઇ રહીને તેમની કેટલીક વાતચિત પણ સાંભળી. મ્હને માલૂમ પડ્યું કે, એ લોકો આપણા દીવાન, સેનાપતિ અને કોટવાલને કેદ પકડવાને ઇચ્છે છે. એ સમયે હું એક છીંક ખાઇ આ તરફ આવતી રહી." તિલોત્તમાએ કહ્યું.

" ત્હારી છીંકનો અવાજ સાંભળી એ લોકો ગભરાયા હશે !" માધવીએ કહ્યું.

" અવશ્ય ગભરાવા જ જોઇએ; છતાં તેઓ શું કરે છે એ જાણવા માટે ત્યાં અમારાથી રોકાવાય તેમ નહોતું."

" વારું, પછી શું થયું ?"

" મ્હેં એમ વિચાર્યું હતું કે, મ્હારી છીંકથી ડરી જઇ એ લોકો પોતાના વિચારાનુસાર કાર્ય કરતાં સંકોચાશે; પરંતુ મ્હારો વિચાર ખોટો

પહયો. એ લોકોએ માત્ર બે દિવસમાં જ કોટવાલને તેમના માયા-પ્રાબલ્યમાં ફસાવી કેદ કર્યા. તેજસિંહ અને તારાસિંહે કોટવાલજીને બરાબર બનાવ્યા !" તિલોત્તમાએ ઉત્તર આપ્યો.

પછીથી કોટવાલ ધર્મસિંહ કેવી રીતે ફસાયો તેની સંપૂર્ણ હકીકત તિલોત્તમાએ માધવીને કહી સંભળાવી તે સાથે એને તેણે એમ પણ કહી દીધું કે, " દીવાનજીના મનમાં પણ એમ ચોક્કસ થઈ ગયું છે કે, તમે કોઈ પુરુષને અહીં લાવી છુપાવી રાખ્યો છે, અને એ પુરુષની સાથે તમે ભોગવિલાસનો અનુભવ કરો છો. "

તિલોત્તમાને મુખે ઉપર્યુક્ત સઘળી હકીકત સાંભળી, માધવી મહાન્ વિચારસાગરમાં ડૂબી ગઈ, તથા અડધા કલાક સુધી તો તેને કોઇ પણ પ્રકારનું જ્ઞાન રહ્યું નહિ. ત્યાર પછી તેણે આત્મસંવરણ કર્યું અને પુનઃ તેણે તિલોત્તમાની સાથે વાતચિત કરવા માંડી. તેણે કહ્યું:—" હશે, જે બનાવાનું હતું તે બની ગયું; હવે કહે જોઇએ કે આપણે શું કરવું ?"

" મ્હારી નમ્ર સલાહ તો એવી છે કે, તમે ઇન્દ્રજીતસિંહ અને માધવીને તમારી કેદમાંથી મુક્ત કરી દ્યો એટલે પછી કોઈ તમારું કાંઇ બગાડશે નહિ. " તિલોત્તમાએ વ્યાજબી સલાહ આપી.

આ સલાહના શબ્દો સાંભળી માધવીએ તિલોત્તમાના ચરણોમાં નમી પડીને કહ્યું:—" બ્હેન ! તું મ્હને આવી સલાહ ન આપ. જો મ્હારાપર ત્હારો અકૃત્રિમ પ્રણય હોય તો આમ કરવાનો તું મ્હને આગ્રહ કરીશ નહિ. ત્હારી ઇચ્છા હોય તો તું મ્હારું મસ્તક ધડથી જૂદું કરી નાખ; પરંતુ મ્હને ઇન્દ્રજીતને મુક્ત કરવાનો આગ્રહ હવેથી તું કદાપિ કરીશ નહિ. "

" અફસોસ કે હું આ સઘળા બનાવોની હકીકત દીવાનજીને

પણ કહી શકતી નથી. હું તેમને સાવધાન કરવાનો પ્રયત્ન કરુંછું; પરંતુ શું પરિણામ આવશે એ સંબંધી અત્યારથી હું કાંઈ કહી શકતી નથી." તિલોત્તમાએ કહ્યું.

" તું ધારીશ તો કાર્ય કરી શકીશ એવી મ્હારી ખાત્રી છે. " માધવીએ તિલોત્તમાને ઉત્સાહિત કરવાના ઉદ્દેશથી કહ્યું.

" પ્રથમ તો મ્હારે લલિતાને ત્વરાથી છોડાવવાની જરૂર છે. "

" હા—બરાબર છે. "

" વળી તે પૂર્વે એક કાર્ય કરવું જોઇએ; નહિ તો માયા એક બે દિવસમાં જ અહીંથી ગૂમ થઇ જશે. વળી એમ થાય અને વીરસિંહજીના બહુરૂપીઓ અહીં આવીને ઇચ્છાનુસાર લૂંટફાટ કરે તો એ પણ બનવા જોગ છે. "

" ત્યારે ત્હારો વિચાર પેલી પાણીથી ભરેલી સુરંગને બંધ કરી દેવાનો હશે, કેમ ? "

" હા. "

" ત્હારો આ વિચાર તદ્દન વ્યાજબી છે. હું ધારું છું કે, એ પાણીથી ભરેલી સુરંગમાંથી કોઇ બહુરૂપી બે દિવસે અહીં અવશ્ય આવેલો હોવો જોઇએ. એને જોઇને જ ઇન્દ્રજીતસિંહે પણ એ સુરંગમાં પ્રવેશ કરવાનું સાહસ કર્યું હશે; પરંતુ એ બિચારા પાણીમાં આગળ જઇ શક્યા નહિ, અને પાછા લાચારીથી બ્હાર નીકળી આવ્યા. હવે તું એ સુરંગને બરાબર બંધ કરી દે; કે જેથી શત્રુપક્ષનો કોઈ બહુરૂપી એ રસ્તેથી આવજા કરી શકે નહિ. જે રસ્તેથી હું આવું જઉં છું એ રસ્તેથી જ હવે તું આવજા કરીશ તો તેથી કશી હરકત નથી. વળી મ્હારે બીજી પણ એક વાત કહેવાની છે. તું ત્હારા પિતાને

આપણને મદદ કરવા માટે કેમ નથી બોલાવતી ? એમની સાથે મ્હારા પિતાની ગાઢ મૈત્રી હતી; પરંતુ અફસોસ કે આજકાલ તેઓ મ્હારાથી નારાજ છે. '

" હું ગઈ કાલે જ એમની પાસે ગઈ હતી. તેઓ મ્હારી વિનંતિને કોઇ પણ રીતે માન્ય કરતા નથી. કાલે મ્હારાપર પણ તેએ ઘણા નારાજ થયા હતા. જો હું સત્વર તેમની પાસેથી ચાલી ન આવી હોત તો તેઓ બળાત્કારે પણ મ્હને કાઢી મૂકત. હવે હું કદાપિ એમની પાસે જવાની નથી. "

" હશે, ભાગ્યમાં જેટલું દુ:ખ ભોગવવાનું લખેલું હશે તેટલું હું ભોગવીશ. ઠીક, હવે આપણે સર્વેને આ બીજા જ રસ્તેથી આવવું જવું પડશે; તેથી માયાને બીજા કોઇ સ્થળે કેદ કરી રાખવાની જરૂર છે."

" એ સુરંગ કરતાં એને કેદી તરીકે રાખવા માટે બીજી કયી જગ્યા વિશેષ સુરક્ષિત છે ? વળી દીવાનજીનો પણ આપણને ભય છે ને?"

થોડા સમય સુધી માધવી અને તિલોત્તમા વચ્ચે કશી વાતચિત થઇ. ત્યાર પછી ઇન્દ્રજીતના જાગ્રત થયાના સમાચાર સાંભળવામાં આવ્યા. સંધ્યાનો સમય પણ થયો હતો. માધવી ઉઠીને તેની પાસે ગઇ તથા તિલોત્તમા પાણીથી ભરેલી સુરંગને બંધ કરવા માટે ચાલી ગઇ.

પાઠક ! આ સમયે સઘળા પ્રકારોમાં ઘણી ગડબડ થઈ ગઈ. તિલોત્તમાએ ચાલાકીથી વીરસિંહના સઘળા બહુરૂપીઓના કાર્યવ્યવસાયને જોઈ લીધો. માધવી અને તિલોત્તમાની વાતચિતપરથી આપ એ પણ જાણી ગયા હશો કે, બિચારી માધવી એ જ સુરંગમાં બંદિની થઈ પડી હતી કે જે સુરંગની કુંચી કિશોરીએ તૈયાર કરી હતી. એ સુરંગમાં થઇને ઇન્દ્રજીત અને કિશોરીએ માધવીની પાછળ જઇ, દીવાન

અગ્નિદત્ત સાથેના તેના પાપપૂર્ણ પ્રસંગનું પૂર્વે દર્શન કર્યું હતું. એ સુરંગની બીજી કુંચી તૈયાર હતી તેથી કિશોરી માયાને સહેલાઇથી એ સ્થાનેથી મુક્ત કરવાને શક્તિવતી હતી; છતાં જે સમયે તિલોત્તમાએ પાણીવાળી સુરંગ બંધ કરી દીધી એ સમયે કિશોરી બ્હાર હતી, તેથી તે હવે માયાને મુક્ત કરવા માટે આવી શકે તેમ નહોતી. વળી રાજકુમાર ઇન્દ્રજીતસિંહ પણ સારી રીતે જાણતો હતો કે, તેના બહુરૂપીઓ એ પાણીથી ભરેલી સુરગમાંથી જ તેની પાસે આવજા કરતા હતા. તેને યથોચિત સલાહ આપતા હતા; પરંતુ એ સુરંગ બંધ કરી દેવામાં આવી છે એમ જ્યારે રાજકુમારે જાણ્યું ત્યારે તે નિરાશ બની ગયો. પોતાની હવે કિશોરી સાથે મુલાકાત થશે નહિ તથા પોતાના બહુરૂપીઓ પોતાને છોડાવવાને માટે શી શી યુક્તિઓ અજમાવે છે એની પોતાને ખબર પડશે નહિ એમ તેને લાગ્યું; આમ છતાં ઇન્દ્રજીતે હિમ્મત નહિ હારતાં ધૈર્ય ધારણ કર્યું. તેણે વિચાર્યું કે, " હવે બળપૂર્વક કાર્ય કરવું પડશે. જેટલી સ્ત્રીઓ અહીં છે તેમને સર્વેને મુસ્કેટાટ બાંધી નહેરના કિનારે નાખી દઇશ અને સુરંગની જે કુંચી માધવી પાસે છે તે મેળવી, માધવીના મહેલમાં જઇ હું લોહીની નદી વહેવડાવીશ; છતાં એ સઘળું કરતાં પૂર્વે જ સુરંગની કુંચી મેળવવાની જરૂર છે; નહિ તો તેઓ અગાઉથી ચેતી જઇ પલાયન કરી જશે અને મ્હારો હેતુ વ્યર્થ થઈ પડશે. "

ઉપર દર્શાવ્યાનુસાર વિચાર કરી ઇન્દ્રજીતસિંહે સુરંગની કુંચી મેળવવાનો ઘણો પ્રયત્ન કર્યો; કિન્તુ તે એ કુંચી મેળવી શક્યો નહિ; કારણ કે જે ઠેકાણે પૂર્વે એ કુંચી માધવી મૂકતી હતી એ ઠેકાણે હવે તે ઇન્દ્રજીતની નજરે પડી નહિ !

પ્રકરણ ૨ જું.

નારંગીની મુલાકાત.

આ સ્થળે હવે અમે પેલા ત્રીજા ભાગમાં દર્શાવેલા તળાવનો ભેદ ખુલ્લો કરીએ છીએ કે જેમાં એક નવયુવતીને કેદ પકડવા માટે યોગિની અને અરણ્યવાસિની કૂદી પડી હતી, તથા એ તળાવ ઉપર જ બેસીને આપણા બાહોશ બહુરૂપીઓએ માધવીના દીવાન, સેનાપતિ અને કોટવાલને કેદ પકડવાનો નિશ્ચય કર્યો હતો.

જે સ્થાને રાજકુમાર ઇન્દ્રજીતસિંહ કેદી તરીકે રહેલો હતો એ સ્થાને પહોંચવાનો રસ્તો, આ રમણીય સ્વચ્છ જળપરિપૂર્ણ તળાવમાંથી જ હતો. એનું બીજી તરફનું મ્હોં પેલી પાણીથી ભરેલી સુરંગમાં હતું. એ સુરંગના બીજી તરફના મ્હોંને હવે તિલોત્તમાએ પાષાણશિલાઓથી બંધ કરી દીધું હતું.

જે પહાડ નીચે આ તળાવ હતું એ પહાડની બીજી તરફ જે સ્થળે ઇન્દ્રજીત કેદ હતો એ ગુપ્ત સ્થળ હતું. એ રસ્તેથી પ્રત્યેક મનુષ્ય ભાગ્યે જ આવ જા કરી શકે તેમ હતું; કેમ કે પાણીમાં ને પાણીમાં જ બસો હાથ જેટલો માર્ગ જીવનું જોખમ ખેડીને કાપવો પડતો હતો. બહુરૂપીઓને દમ ઘુંટવાનો પ્રથમથી જ અભ્યાસ હોવાથી તેઓ આ માર્ગેથી અવરજવર કરી શકતા હતા. વળી સુરંગ બનાવનારે નિપુણતાથી એ બસો હાથ પાણીવાળા માર્ગમાં એક મજબુત સાંકળ રાખેલી હોવાથી આવનાર જનાર માણસ રસ્તો ભૂલી અન્યત્ર જાય એવો સંભવ નહોતો.

કોટવાલ ધર્મસિંહને કેદ પકડ્યા પછી કિશોરીએ એ તળાવના રસ્તેથી ઈન્દ્રજીત પાસે જઇને સઘળી હીલચાલ તેને જણાવી આવવાનો કેટલીક વખત વિચાર કર્યો, પરંતુ તિલોત્તમાએ સુરંગનું મ્હો બંધ કરેલું હોવાથી તે પોતાના વિચારાનુસાર કાર્ય કરી શકી નહિ. હવે કિશોરી તેમજ બીજાં બહુરૂપીઓએ એવો નિશ્ચય કર્યો કે, શત્રુઓ સાવધાન થઇ ગયા છે, અને પોતાના આગમનના સમાચાર એમને માલૂમ પડ્યા છે. બીજી તરફ કોટવાલ સાહેબના કેદ પકડાઇને ગૂમ થયાથી અને એમની સાથે ગયેલા બન્ને સિપાહીઓનાં મુડદાં મળી આવ્યાથી સમસ્ત નગરમાં ખળભળાટ થઇ રહ્યો. દીવાન અને સેનાપતિ પોતાનો કયો મહા પ્રબળ શત્રુ ઉત્પન્ન થયો છે તેની રાત્રિદિવસ તપાસ કરવામાં રોકાયા.

કેટલાક દિવસ પછી એક દિવસે મધ્યરાત્રિના સમયે તેજસિંહ, તારાસિંહ, બદ્રીનાથ, લક્ષ્મણસિંહ અને કિશોરી ઉપરોક્ત તળાવ પાસે બેસી વાતચિત કરી રહ્યાં હતાં, તથા રાજકુમાર ઈન્દ્રજીતસિંહ પાસે હવે કેવી રીતે જઈ પહોંચવું તેનો વિચાર કરતાં હતાં. કિશોરીએ કહ્યું:—"અફસોસ! મ્હેં જે કુંચી તૈયાર કરી હતી તે હું મ્હારી સાથે પાછી લેતી આવી; નહિ તો ઇન્દ્રજીતસિંહ એ કુંચીથી કોઇ કાર્ય કર્યા સિવાય સ્વસ્થ બેસી રહેત નહિ. હવે આપણે એ ઠેકાણે મુસ્કેલી વેઠીને પણ પહોંચી શકીએ તેમ નથી."

"આ પહાડની પેલી બાજૂએ જ ઈન્દ્રજીતસિંહ છે. આ પહાડ જો કે ઘણો બેડોળ છે; છતાં આપણે પેલી પાર પહોંચવાને માટે ચઢવા ઉતરવાની જગ્યા બનાવી શકીએ તેમ છીએ." બદ્રીનાથે કહ્યું.

"એ કાર્ય કરતાં કેટલા દિવસ લાગે તેમ છે?" તેજસિંહે પૂછ્યું.

“પ્રથમ આપણે એક પ્રકારનો બંદોબસ્ત કરવાની ઘણી જરૂર છે. માધવીએ ઇન્દ્રજીતસિંહને જ્યાં કેદ કરી રાખ્યા છે ત્યાં કોઈ એવો પુરુષ ન જઇ શકવો જોઇએ કે જે એમને સતાવી શકે. સ્ત્રીઓ ગમે એટલી સંખ્યામાં હશે તો પણ તેઓ રાજકુમારનું કાંઈ અનિષ્ટ કરી શકશે નહિ.” તારાસિંહે પોતાનો વિચાર પ્રદર્શિત કર્યો.

“રાજકુમાર ઇન્દ્રજીતસિંહ કાંઈ એવા ભોળા નથી કે એકાએક તેઓ કોઈના પંજામાં ફસાઇ પડે; પરંતુ આપણે હવે વિશેષ સાવધાન રહેવાની ઘણી જરૂર છે. જો આજકાલમાં ઇન્દ્રજીતસિંહ પાસે પહોંચવાનો રસ્તો નહિ સૂઝે તો આપણે પેલા મહેલને ઉજ્જડ કરી નાખીશું અને દીવાન વગેરેને પરલોકનો રસ્તો બતાવી દઇશું.” લક્ષ્મણસિંહે કહ્યું.

“વળી કુમાર બહાદુરને જો એમ માલૂમ પડશે કે, આપણો તેમની પાસે આવવા જવાનો માર્ગ બંધ થઇ ગયો છે તો તેઓ ચૂપ બેસી રહેવાના નથી. તેઓ ગમે તે ઉપાય અવશ્ય યોજશે.” તેજસિંહે કહ્યું.

“બરાબર છે.” તારાસિંહે તેજસિંહનાં વચનોને પુષ્ટિ આપી.

આવી રીતે એ લોકો બીજી ઘણા વિષય સંબંધીની વાતચિત કરી રહ્યા હતા એવામાં તળાવની પેલી પાર એક માણસને પાણીમાં ઉતરતું તેમણે જોયું. એ માણસે તળાવના મધ્ય ભાગમાં આવી, પાણીમાં ડૂબકી મારી. આવો પ્રકાર જોઈ તેજસિંહ બોલી ઉઠયો:—“ખરેખર, આ કોઇ બહુરૂપી જ હોવો જોઇએ.”

“પરંતુ એ માધવીના પક્ષનો તો બહુરૂપી નહિ હોય; જો માધવી તરફનો હોત તો માર્ગ બંધ થયાની હકીકત તે જરૂર જાણતો હોત.” કિશોરીએ કહ્યું.

" બરાબર છે. " તેજસિંહ બોલ્યો.

" ત્યારે તો એ આપણા રાજકુમારના પક્ષનો જ હોવો જોઇએ." તારાસિંહે કહ્યું.

" એ જ્યારે પાછો ફરશે ત્યારે આપણે તેને આપણી પાસે બોલાવીશું. " લક્ષ્મણસિંહે કહ્યું.

ત્યાર પછી સર્વ અધીરતાથી પાણીના મધ્ય ભાગમાં આવેલા સ્થંભ તરફ જોઇ રહ્યાં. થોડા સમયમાં જ એ માણસ સ્થંભ પાસેના પાણીમાં ઉપર તરી આવેલું નજરે પડ્યું, તથા સ્થંભને પકડી રાખી થાક ખાવા લાગ્યું. થોડા સમય પછી તરીને કિનારે આવી એક ચોતરા-પર બેસી તે કાંઈ વિચાર કરવા લાગ્યું.

તેજસિંહ ઉઠીને ધીમે ધીમે એ માણસ પાસે ગયો. તેણે જ્યારે દૂરથી તેજસિંહને પોતાના તરફ આવતો જોયો ત્યારે તે ઉઠીને ઉભું થયું; તેથી તેજસિંહે તેને ઉદ્દેશીને કહ્યું:—" તમે ડરશો નહિ. જેમને છોડાવવાનો પ્રયત્ન અમે કરીએ છીએ તેમને જ છોડાવવાનો પ્રયત્ન તમે કરતાં હો એમ હું ચોક્કસ ધારું છું. "

તેજસિંહનાં આ વાક્યો સાંભળી એ માણસે અત્યંત આનંદિત બની જઇને કહ્યું:—" વાહ વાહ! તમે પણ અત્રે આવી પહોંચ્યા છો કે?! તમારો સ્નેહ મ્હારા કાનમાં એવો સંદેશો સૂચવે છે કે, તમે તેજસિંહ જ છો. "

" જેવી રીતે મ્હારો અવાજ તમે ઓળખી કાઢ્યો છે તેવી જ રીતે તમારા અવાજને હું નારંગીના અવાજ તરીકે ઓળખું છું. તમે પુરુષવેશ ધારણ કરેલો હોવા છતાં હું મ્હારી આ માન્યતામાં ખોટો ઠરું તેમ નથી જ એવો મ્હને દૃઢ નિશ્ચય છે. " તેજસિંહે સ્મિત મુખે કહ્યું.

"હા હા-તમે કેવા પ્રેમાળ છો એ હું સારી રીતે જાણું છું." નારંગીએ ઉપહાસસૂચક સ્વરે કહ્યું.

"જ્યારે તમે જાણો છો ત્યારે હવે મ્હારે વિશેષ કાંઇ કહેવાની જરૂર નથી." તેજસિંહે હાસ્ય મુખે કહ્યું.

"તમારી કહેવાની તો ઘણી ઇચ્છા હશે; પરંતુ મ્હને સાંભળવાની ફુરસદ ક્યાં છે?" પૂર્વવત્ સ્વરે નારગીએ કહ્યું.

"નારગી! પ્રિયતમા! મ્હારી તો એવી જ ઇચ્છા છે કે, બસ ત્હારી પાસે બેસીને હમ્મેશાં સ્નેહામૃતની વૃષ્ટિ જ વર્ષાવ્યા કરું; પરંતુ બદ્રિનાથજી, કાકા લક્ષ્મણસિંહજી, કાકી કિશોરી વગેરે અહીં બેઠેલાં હોવાથી હું મ્હારા અંતરની વ્યથાનું વર્ણન કરી શકું તેમ નથી. તમને તળાવમાં જતાં તેમજ પુનઃ પાછાં ફરતાં જોઇને અમારી ખાત્રી થઇ ગઇ કે, તમે માધવીના પક્ષનાં નથી; કેમ કે સુરંગનો માર્ગ બંધ છે એમ તમે પ્રથમથી જાણતાં નહોતાં." તેજસિંહે પ્રેમસૂચક દૃષ્ટિથી નારંગી તરફ જોઈ રહીને કહ્યું.

"જ્યારે સુરંગને બંધ કરી દેવામાં આવી છે ત્યારે હવે આપણે શું કરીશું?" નારંગીએ ચિંતામગ્ન બની જઇને પ્રશ્ન કર્યો.

"તમે માતાજી વગેરે પાસે ચાલો એટલે આપણે યોગ્ય નિર્ણય કરીશું." આમ કહી નારંગીને સર્વની પાસે લઇ જઇને તેજસિંહ બોલ્યોઃ—"માતાજી! જુઓ, આ માયાસુંદરીનાં જીવનાધિકા સખી નારંગી છે. એમનું નામ તો આપે સાંભળ્યું જ હશે!"

"હા હા-હું એને સારી સારી રીતે ઓળખું છું. કેમ બ્હેન! તું કુશળતામાં છે ને? ત્હારી ચતુરાઈની હકીકત ઘણા સમયથી મ્હારા સાંભળવામાં આવી છે. તેજસિંહે પણ મ્હારી પાસે ત્હારી ઘણી પ્રશંસા

કરી છે." કિશોરીએ નારંગીને પોતાની પાસે બેસાડીને સ્નેહસૂચક સ્વરે કહ્યું, અને પૂછ્યું:—"કેમ, માયાસુંદરી કુશળતામાં છે ને?"

"તમે માયાસુંદરીની કુશળતાની શી વાત પુછો છો? એમને તો માધવીએ કેદી કરી રાખેલાં છે. લલિતા ઇન્દ્રજીતસિંહજીને ત્યાં લઈ જવાનું કહી તેને ફસાવી લાવી છે." નારંગીએ ઉત્તર આપ્યો.

તેજસિંહે ચમકીને કહ્યું:–"શું આટલે સુધી મામલો પહોંચેલો છે?"

"જી હા, એ બનાવ બન્યો ત્યારે હું ત્યાં હાજર નહોતી; નહિ તો આમ બનત નહિ." નારંગીએ કહ્યું.

"ત્યારે એ સઘળી હકીકત તું વિસ્તારથી કહી સંભળાવ." કિશોરીએ કહ્યું અને ઉત્તરમાં નારંગીએ એ સઘળી હકીકત વિસ્તારથી કહી સંભળાવીને જણાવ્યું:—"આ સઘળો બખેડો (તેજસિંહ તરફ આંગળી કરીને) આમણે જ મચાવેલો છે. જો તેઓ ઇન્દ્રજીતસિંહ બનીને કનકગઢ જાત નહિ તો બિચારી માયાની આવી સ્થિતિ થાત નહિ."

"હા—એ હું જાણું છું. એ ગુન્હાને લીધે જ બિચારી માયાને કનકસિંહે નિષ્ઠુરતાથી પોતાના આશ્રયમાંથી કાઢી મૂકી હશે. ત્હેં લલિતાને પકડી છે એ ઉત્તમ કાર્ય કર્યું છે. હવે આપણે સહેલાઇથી આપણું કાર્ય સિદ્ધ કરી શકીશું." કિશોરીએ કહ્યું.

"તમે સર્વેએ શું કર્યું છે તથા હવે શું કરવાનો તમારો વિચાર છે તે જણાવશો?" નારંગીએ પ્રશ્ન કર્યો.

કિશોરીએ પણ પોતાની તથા ઇન્દ્રજીતની સઘળી હકીકત કહી સંભળાવી. થોડા સમય સુધી બીજી પણ કેટલીક વાતચિત તેમની વચ્ચે થઇ. પ્રભાતકાળનો પ્રકાશ ફેલાયો ત્યારે એ સઘળાં ત્યાંથી ઉઠી એક પહાડી ગુફા તરફ ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૩ જું.

મિલન અને વિયોગ.

રાજકુમાર ઈન્દ્રજીતસિંહે હવે બળાત્કારપૂર્વક આત્મોદ્ધાર કરવાનો પોતાના અંતરમાં નિશ્ચય કરી લીધો. માધવી પુનઃ સુરંગના રસ્તેથી દીવાનને મળવા જાય એ સમયે તેણે પોતાનું પ્રાબલ્ય પ્રદર્શિત કરવાનો વિચાર કર્યો. તિલોત્તમાની સૂચનાથી હવે માધવી પણ અત્યંત સાવધાન થઇ ગઈ હતી. તેણે દીવાન પાસે જવું આવવું તદ્દન બંધ કરી દીધું હતું; છતાં જ્યારથી પાણીથી ભરેલી સુરંગ તિલોત્તમાએ પાષાણશિલાઓ ગોઠવી બંધ કરી દીધી ત્યારે તે પેલા બીજા સુરંગના માર્ગેથી આવજા કરવા લાગી, અને સુરંગમાં જવાની જે કુંચી પહેલાં માધવી પાસે રહેતી હતી તે હવે પોતાની પાસે રાખવા લાગી. પાણીવાળી સુરંગ બંધ થઇ ગઇ એટલે ઈન્દ્રજીત સમજી ગયો કે, હવેથી સઘળી સુંદરીઓ પેલી બીજી સુરંગમાંથી જ આવજા કરશે; પરંતુ તે માધવીને જ્ઞાત કરવાના નિશ્ચયમાં થોડા દિવસ સુધી તો સફળકામ થઈ શક્યો નહિ.

હવે પેલી સુરંગમાં જવાની ઓરડી જે સ્થળે હતી એ સ્થળે ઈન્દ્રજીત વિશેષ સમય સુધી ફરવા લાગ્યો. એક દિવસે મધ્યરાત્રિના સમયે માધવીનો પલંગ ખાલી પડી રહેલો જોઇને ઇન્દ્રજીત સમજી ગયો કે, તે અવશ્ય દીવાનને મળવા જ ગયેલી હોવી જોઇએ. આમ સમજી તે પોતાના પલંગમાંથી નીચે ઉતર્યો, અને ખુંટીપર લટકતી એક તલ્વારને હાથમાં લઇ, બત્તી બુઝાવી પેલી સુરંગમાં જવાની ઓરડી પાસે જઈ એક અંધકારમય સ્થાને બેસી રહ્યો. જ્યારે એક

પ્રહર રાત્રિ બાકી રહી ત્યારે એ સુરંગમાં જવાની ઓરડીનું દ્વાર અંદરથી ઉઘાડ્યું, તથા એક સ્ત્રીએ બ્હાર નીકળી તાળું બંધ કરવાની તૈયારી કરી; પરંતુ ઇન્દ્રજીતસિંહે આ સમયે તેનાપર અણધાર્યો હુમલો કરીને તેના હાથમાંની કુંચી બળપૂર્વક પડાવી લીધી, તથા ઓરડીની અંદર પ્રવેશ કરી તેણે અંદરથી દ્વાર બંધ કરી દીધું.

જેના હાથમાંથી ઇન્દ્રજીતસિંહે કુંચી પડાવી લીધી હતી એ સુંદરી માધવી જ હતી. અંધકાર વિશેષ હોવાથી આ પ્રસંગે તે ઇન્દ્રજીતસિંહને બરાબર ઓળખી શકી નહોતી; પરંતુ જ્યારે માધવીએ બૂમ પાડી ત્યારે તેના કંઠધ્વનિપરથી એ માધવી છે એવો નિર્ણય ઇન્દ્રજીત કરી શક્યો હતો. રાજકુમાર એ સુરંગમાં એક વખત ગયેલો હતો. એનો સઘળો રસ્તો તેણે બરાબર ધ્યાનમાં રાખેલો હતો; તેથી અંધકારમાં તેને વિશેષ અડચણ વેઠવી પડી નહિ. આશરે આશરે તે નીચાણના ભાગમાં આવેલી સીડીઓ ઉતરી પેલા બીજા દ્વાર સુધી જઈ પહોંચ્યો. એ બીજું દ્વાર જ્યારે તેણે ઉઘાડ્યું ત્યારે થોડે દૂર સુરંગમાં પ્રકાશ નજરે પડ્યાથી તે ઘણું આશ્ચર્ય પામ્યો. તે ધીમે ધીમે આગળ વધવા લાગ્યો. જ્યારે તે એ પ્રકાશવાળા સ્થળે જઇ પહોંચ્યો ત્યારે તેની નજરે એક નવયુવતી પડી. એના હાથમાં અને પગમાં બેડીઓ પડેલી હોવાથી એ નવયુવતી ઉઠી ઉભી થઈ શકે તેમ નહોતી. દીપકના પ્રકાશમાં ઇન્દ્રજીતસિંહે એ નવયુવતીને અને નવયુવતીએ ઇન્દ્રજીતસિંહને જોયો, અને ત્યાં મળી

દૃષ્ટોદૃષ્ટ !

બન્ને જણાં એક બીજાંનાં આકસ્મિક દર્શનથી ચમકી ઉઠયાં. વાંચકબંધુઓ સમજી શક્યા હશે કે આ બંદિની સ્ત્રી માયાસુંદરી હતી. દુઃખની વિશેષતાથી તેનું ચંદ્રતુલ્ય મનોહર મુખમંડળ મલિન બની

ગયું હતું. નિર્બળતાથી તે અસ્વસ્થ બની ગઇ હતી. ઈન્દ્રજીતસિંહના હૃદયમંદિરમાં એની મનોહારિણી મૂર્ત્તિ બિરાજી રહેલી હતી. ઇન્દ્રજીત પણ એ નવયુવતીનાં નેત્રયુગલમાં નિવાસ કરી ચુકયો હતો. બન્ને જણાંએ એક બીજાને સારી રીતે ઓળખી લીધાં. આનંદાતિશયથી બન્ને જણાં અલ્પકાળ સુધી પોતાના મુખમાંથી એકે શબ્દ ઉચ્ચારી શકયાં નહિ. માયાસુંદરી પ્રિયતમના આકસ્મિક દર્શનથી લજ્જાવતી બની ગઈ. આ સમયે ઇન્દ્રજીતે મૃદુમંદસ્વરે નિમ્નલિખિત ગઝલ ગાવા માંડીઃ—

"ઘુંઘટપટ પ્રાણ ઉઘાડો! પ્રિયે હું તો પગે લાગું!
જરા દીદાર દેખાડો! ન બીજું હું કશું માગું!
થતાં દીદારની ઝાંખી, ટળી જાશે બધી વ્યાધિ!
શશીને સૂર્ય છે સાક્ષી! કરગરી એટલું માગું! ઘુંઘટ૦
ધરી છે દેહ પ્રિય ચરણે, ઉભો કર જોડીને શરણે;
વહેતાં આંસુને ઝરણે, રહી હું એટલું માગું!! ઘુંઘટ૦
પથારી પાપની ત્યાગી, પ્રણયરજ-રેણુ મ્હેં માગી;
નયનથી ઉંઘ ગઇ ભાગી! નિરખવા મુખ છબી જાગું! ઘુંઘટ૦
નથી ગમતું પીવું ખાવું, ન રૂચે આવવું જાવું!
ગમે સંગીત તું જ ગાવું, રસિક રતિરંગ અનુરાગું! ઘુંઘટ૦
નથી ઉર મોક્ષની ઇચ્છા, નથી ધનમાનની વાંચ્છા;
ગળે ઘુંટાય એજ તૃષા, નયનરસ ઝીલવા લાગું! ઘુંઘટ૦
તમારું નામ લઈ યાચ્યું, તમારા રંગમાં રાચ્યું;
તમારા પ્રેમમદ વાંચ્યું, તમારી રાહમાં જાગું! ઘુંઘટ૦
તમારું સુખ છે સાચું, ગણ્યું બીજું બધું કાચું;
સદા નયને પૂરી રાખું, પછી કહેજો ભલે-"ભાગું." ઘુંઘટ૦

જરા હ્હેંકો કરી લીધો, દીવાનો દીનને કીધો !
નજર પ્યાલો ભરી પીધો, પછી બીજું ન કંઇ માગું ! ઘુંઘટ૦
ચરણરજ મોક્ષના મેવા, કદમ ચુમી પ્રેમથી સેવા,
નિરંતર પ્રાણની સેવા, કરી ભવરોગથી ભાગું ! ઘુંઘટ૦

પ્રિયતમા ! હવે શરમાઓ છો શા માટે ? શરમનો ત્યાગ કરો. સંકટ પ્રસંગે ડાહ્યા મનુષ્યે શરમ રાખવી જોઇએ નહિ." આમ કહીને ઇન્દ્રજીતે માયાના હાથપગમાંની બેડીઓ ભાંગી નાખી તથા તેને બંધનમુક્ત કરીને તેણે પૂછ્યું:—" પ્રિયા! તું અહીં કેવી રીતે આવી પહોંચી ? "

માયાએ ઇન્દ્રજીતસિંહના ચરણોમાં નમી પડીને કહ્યું:—"અત્યાર સુધી તો હું એમજ વિચારતી હતી કે, મ્હારું કમનસીબ કિસમત મ્હને અત્રે ખેંચી લાવ્યું છે; પરંતુ હવે મ્હને એમ લાગે છે કે મ્હારું પ્રબળ સદ્દભાગ્ય જ મ્હને અત્રે ખેંચી લાવ્યું છે. લલિતા મ્હને કેદ પકડી લાવી છે તેથી હું તેનો હવે મ્હારાપર મહાન્ ઉપકાર થયો સમજું છું; નહિ તો પ્રિયતમ ! આ દાસી કોણ જાણે કે ક્યારેય આપનાં દર્શન કરી શકત ! પ્રિયતમ ! આફતો વેઠતાં વેઠતાં હવે આ સીનો ધવાઇ ગયો છે. કિસમત કસાઇ બનીને આ અબળાની ગરદન કાપે છે. સતીને સંતાપ અને વેશ્યાને વિલાસ એવો ઉલટો ન્યાય જ આ કળિકાળમાં જોવામાં આવે છે; છતાં અપાર દુઃખમાં પણ આપશ્રીનું દર્શન થવાથી હું અત્યંત આનંદિતા થઇ છું,–હું મ્હારું સઘળું દુઃખ ક્ષણ માત્રમાં ભૂલી ગઈ છું."

માયા વિશેષ બોલી શકી નહિ. તેનું હૈયું ભરાઈ આવ્યું. તે છુટ્ટા મ્હોડે રડી પડી. તેને રૂદન કરતી જોઇને ઇન્દ્રજીત પણ રૂદન કરવા લાગ્યો. અંતે કાંઇક આત્મસંવરણ કરી માયાનો એક હાથ

પકડીને તેણે કહ્યું:—"અરેરે! હું તને અહીં જોઈ શકીશ એવી મ્હને આશા નહોતી. આજે મ્હને જે અવર્ણનીય આનંદ થયો છે તેનું વિસ્મરણ સમસ્ત જીવનમાં કદાપિ થાય તેમ નથી. દુશ્મનોએ તને ઘણું દુઃખ દીધું છે એ માટે મ્હારા અંતરમાં તેમનાપર અપાર ક્રોધ ઉપજ્યો છે."

"પ્રાણેશ! હવે મ્હારી બીજી કશી ઇચ્છા નથી. ઘણા દિવસથી હું એક વખત તમારી મનહર મુખમુદ્રાનું દર્શન કરવાની પ્રબળ મહત્વાકાંક્ષા રાખતી હતી. મ્હારી એ ઇચ્છા–મહત્વાકાંક્ષા પરમકૃપાળુ કિરતારની કૃપાથી આજે સફળ થઈ છે. હવે જો માધવી મ્હને મારી નાખે તો હું મરવાને પણ તૈયાર છું." માયાએ લજ્જાનો ત્યાગ કરીને કહ્યું.

"પ્રાણેશ્વરિ! જ્યાં સુધી આકાશમાં ચંદ્ર સૂર્ય ઉગે છે, જ્યાં સુધી મ્હારા અંગમાં ઉષ્ણ શોણિત વહે છે ત્યાં સુધી સાક્ષાત પરમાત્મા સિવાય અન્ય કોઇ પણ ત્હારા જીવનનો નાશ કરી શકે તેમ નથી જ. આ સુરંગની કુંચી મ્હેં યુક્તિ પ્રયુક્તિથી મેળવી લીધેલી હોવાથી આજે આપણે બન્ને જણાં રાક્ષસી માધવીની કેદમાંથી મુક્ત થઈ શકીશું." ઇન્દ્રજીતે કહ્યું.

આ સમયે માયા અને ઇન્દ્રજીતને એક બીજાંના મિલનથી કેટલો બધો આનંદ થયો હશે તેનું વર્ણન કરવાને ગ્રંથકાર અશક્ત છે. તેઓ બન્ને સમસ્ત દુનિયાને પણ ભૂલી ગયાં. તેમને એટલું પણ યાદ ન રહ્યું કે, તેઓ ક્યાં જવાનાં હતાં, ક્યાં છે અને શું કરે છે? પરંતુ તેમની આ તલ્લીનતા થોડા સમય સુધી જ રહી; કેમ કે થોડા સમય પછી એક સ્ત્રી હાથમાં મીણબત્તી લઇને એ તરફ આવતી નજરે પડી. એ સ્ત્રીને જોતાં જ ઇન્દ્રજીત અને માયા ચમકી ઉઠયાં.

એ સ્ત્રીએ ઇન્દ્રજીત પાસે આવી પોતાના હાથપરનું એક ઇશ્વરદત્ત ચિહ્‌ન બતાવી કિશોરી તરીકે પોતાનો પરિચય આપ્યો, તથા તેણે કહ્યું—"ઇન્દ્રજીતસિંહ ! તમે અહીં ક્યાંથી આવ્યા ? માયાને પણ તમે આ સ્થળે જ પ્રથમ મળ્યા હો એમ મ્હને લાગે છે."

"હા—એ આ સ્થળે જ કેદ હતી; પરંતુ એ સંબંધી હું કાંઈ જાણતો નહોતો. હું તો માધવીના હાથમાંથી જબરદસ્તીથી કુંચી પડાવી લઇ આ સુરંગમાં આવ્યો છું, અને તેને ખુમો પાડતી જ બ્હાર રાખી આવ્યો છું." ઇન્દ્રજીતે ઉત્તર આપ્યો.

"થોડા સમય પૂર્વે આ સુરંગના જ માર્ગેથી માધવી દીવાન પાસે ગઈ હતી !" વિસ્મિત બની જઇને કિશોરીએ કહ્યું.

"હા—એ પ્રકાર મ્હારાથી ગુપ્ત નથી. એ સમયે હું પેલી ઓરડીના દ્વાર પાસે જ અંધકારમાં છુપાઈ રહ્યો હતો. જેવી તે બ્હાર નીકળી કે તરત જ મ્હેં તેનાપર હુમલો કર્યો હતો, અને કુંચી પડાવી લઇ ઓરડીમાં પ્રવેશ કરી, તેને અંદરથી બંધ કરી હું અહીં ઉપસ્થિત થયો છું." ઇન્દ્રજીતે કિશોરીનો વિસ્મય દૂર કર્યો.

"તમે ઘણું ખોટું કર્યું છે..આટલી બધી ઉતાવળ કરવામાં આપણું કલ્યાણ નહોતું. હવે તમે માયાના સહવાસમાં માત્ર બે દિવસ પણ નહિ રહી શકો; કેમ કે માધવી સાક્ષાત પિશાચિની છે. જો હવે પુનઃ ભાગ્યયોગે તમે એના પંઝામાં સપડાઓ તો યુક્તિથી એ તમારા બન્નેના પ્રાણનો સંહાર કરવામાં પણ પાછી પ્હાની કરે તેમ નથી. એક મદનમદાંધીના પ્રમદાની પ્રણયનિરાશા કેવી પ્રાણહારક હોય છે એનો હજી તમને બિલકુલ અનુભવ નથી." કિશોરીએ ગંભીરતાસૂચકસ્વરે કહ્યું.

"હું જો એમ ન કરત તો શું કરત ? પેલી જે સુરંગમાંથી

તમે આવજા કરતાં હતાં તે સુરંગનું મ્હોં મ્હારા દેખતાં તેમણે બંધ કરી દીધું તેથી મ્હારી ખાત્રી થઇ ચુકી કે, હવે તમે કોઇ એ રસ્તેથી મ્હારી પાસે આવી શકશો નહિ. તમારા તરફથી મ્હને હવે કોઈ પણ મદદ મળવાનો સંભવ નથી એવો વિચાર ઉપજતાં મ્હેં મ્હારા બાહુબળ અને બુદ્ધિબળથી જ મ્હારી મુક્તિ કરી લેવાનો નિશ્ચય કર્યો. હવે હું પુનઃ માધવી પાસે જાઉં તેમ નથી કે જેથી તે મ્હારાપર પોતાનો સઘળો ક્રોધ ઉતારે!" ઇન્દ્રજીતે કહ્યું.

"રાજકુમાર! માધવીની સખી તિલોત્તમા કેટલી બધી હોશિયાર અને કાર્યનિપુણ છે એની તમને માહિતી નથી. હવે આપણે અહીંથી બ્હાર નીકળી શકીએ તેમ નથી એ પરથીજ તમારા હાથે કેવો ભયંકર પ્રમાદ થયો છે તેની તમે કલ્પના કરી શકશો." કિશોરીએ કહ્યું.

"રાત્રિનો સમય છે. આપણે લઢી વઢીને પણ અહીંથી પલાયન કરી જઈશું." રાજકુમારે સાહસ દર્શાવ્યું.

"તમે બહાદુર છો તેથી આવો વિચાર દર્શાવો એ તદ્દન સ્વાભાવિક છે; પરંતુ આ બિચારી માયાસુંદરીની કેવી દુર્દશા થશે? વળી પ્રભાતકાળ થવામાં પણ વિશેષ વિલંબ નથી." કિશોરીએ બાધા દર્શાવી.

"ત્યારે હવે શું કરીશું?" ઇન્દ્રજીતે વિચારમગ્ન બની જઇને પૂછ્યું.

કિશોરીએ થોડા સમય સુધી વિચાર કરીને પૂછ્યું:—"તિલોત્તમા હમણાં ક્યાં હશે તે તમે કહી શકો છો?"

"મ્હારી માન્યતા પ્રમાણે તે સુરંગની બ્હાર છે." ઇન્દ્રજીતે ઉત્તર આપ્યો.

"એ ઘણી ચાલાક છે. આ સમયે પણ તે કોઇક કાર્યમાં અવશ્ય

પ્રસન્ન થઇ હશે. એ એક ક્ષણને માટે પણ આપણને ભૂલતી નથી." કિશોરીએ કહ્યું.

"આ સુરંગમાં તમારા સિવાય આપણને સહાયતા કરે એવું બીજું એકકે માણસ છે ?" ઇન્દ્રજીતે પ્રશ્ન કર્યો.

"લક્ષ્મણસિંહ, તેજસિંહ અને બદ્રીનાથ આ સુરંગ જે મહેલમાં પહોંચેલી છે એ મહેલની પાસે જ બ્હાર છુપાઇ રહેલા છે; પરંતુ નારંગી વેશ બદલીને આ સુરંગના મ્હોં પાસે ઉભી રહેલી છે." કિશોરીએ ઉત્તર આપ્યો.

"નારંગી કોણ ?" માયાએ આશ્ચર્ય પામીને પ્રશ્ન કર્યો.

"મ્હારી સખી." કિશોરીએ ઉત્તર આપ્યો.

"તે અહીં કેવી રીતે આવી ચઢી ?" માયાએ પ્રશ્ન કર્યો.

"એની હકીકત હમણાં કહેવા જેટલો સમય નથી. મૂળ વાત એ છે કે, તને છેતરનાર લલિતાને તેણે કેદ કરી છે, તથા તે અહીં તને સહાયતા કરવાના ઉદ્દેશથી આવેલી છે. અત્રે તેની સાથે અમારી મુલાકાત પણ થઇ ગઈ છે. (ઇન્દ્રજીતસિંહ તરફ જોઇને) હવે આપણે વિશેષ સમય સુધી આ સુરંગમાં રોકાઇએ એમાં આપણું કલ્યાણ નથી." કિશોરીએ કહ્યું.

"ભલે ત્યારે ચાલો, જે થશે તે જોઇ લેવાશે." ઇન્દ્રજીતે કહ્યું. ત્રણે જણાં ત્યાંથી ચાલવા લાગ્યાં. જે ઓરડામાં ઇન્દ્રજીતે માધવીને દીવાન અગ્નિદત્ત સાથે પ્રેમવિનોદ કરતી જોઇ હતી તથા જે ઓરડામાં હમણાં વેશ બદલીને નારંગી છુપાઇ રહી હતી ત્યાં એ ત્રણે જણાં જઇ પહોંચ્યાં. તેમને ત્રણેને પોતાની પાસે ઉપસ્થિત થયેલાં જોઇને નારંગી ચમકી ઉઠી, તથા તે માયાના કંઠમાં પ્રેમાતિશયથી વળગી

પડી; છતાં અલ્પ કાળમાં જ આત્મસંવરણ કરી તેણે કિશોરીને કહ્યું:-" પ્રભાતકાળના પ્રકાશનો પૃથિવીપર વિસ્તાર થયો છે એ ઘણું ખોટું થયું છે."

" ગમે એમ હોય; પણ હવે સત્વર આપણે આ સ્થાનનો ત્યાગ કરી જવાની જરૂર છે." કિશોરીએ કહ્યું.

આ પરમ રમણીય સુસજ્જિત મહાલયની આસપાસ બાગ આવેલો હતો. બાગની ચારે તરફ ચાર દરવાજાઓ આવેલા હોઇ તેની સાથે ઉંચી દિવાલ આવેલી હતી. દરેક દરવાજાપર વીશ વીશ પહેરેગીરો હાથમાં નગ્ન હથિયારો લઈ રાત્રિદિવસ પહેરો ભર્યા કરતા હતા. માયાસુંદરી અને કિશોરીએ એ દિવાલપર ચંદનઘો ફેંકીને રાત્રિના સમયે છુપી રીતે બાગમાં પ્રવેશ કર્યો હતો, તથા એવી જ રીતે બાગમાંથી બ્હાર નીકળી જવાનો તેમનો વિચાર હતો.

બાગની ચો તરફ ચાર ઘુમ્મટ આવેલા હતા અને ઘુમ્મટમાં સો સો અસ્ત્ર શસ્ત્રથી સુસજ્જિત સિપાહીઓ રહેતા હતા. તિલોત્તમાના ચેતાવ્યાથી એ સિપાહીઓ આજકાલ ઘણી સાવધાનતામાં રહેતા હતા. તિલોત્તમાએ એ લોકોને એમ પણ કહી રાખ્યું હતું કે, ' જે સમયે હું મ્હારો બનાવેલો એક ભયંકર ગોળો જમીનપર પછાડું, અને તેનો પ્રચંડ અવાજ તમારા સાંભળવામાં આવે ત્યારે ખુલ્લાં હથિયારો હાથમાં લઇ તમે બાગને ચોતરફથી ઘેરી લેજો અને જે કોઈ શત્રુપક્ષનું માણસ જોવામાં આવે તેને તરત કેદ પકડજો. '

ચારે જણાં સુરંગનો દરવાજો ખુલ્લો રાખીને જ નીચે ઉતર્યાં. મહેલમાંથી બ્હાર નીકળી દિવાલ તરફ જેવાં તેઓ જઈ પહોંચ્યા કે તરત તિલોત્તમા તેમની નજરે પડી. આ સમયે કિશોરી એ ભવિષ્યમાં

થનારા અનિષ્ટની પોતાના અંતરમાં એક ક્ષણ માત્રમાં જ કલ્પના કરી લીધી અને તત્કાળ તે તિલોત્તમા તરફ તેને કેદ પકડવા ને ધસી; પરંતુ તિલોત્તમા ચાલાકીથી ચક્કર મારી ખસી ગઇ, તથા તેણે દારુથી ભરેલો એક ગોળો એક પત્થરપર બળપૂર્વક પછાડયો. ગોળો પછડાયો કે તરત જ એક ભયંકર અવાજ થયો અને તેથી સઘળા સિપાહીઓએ સાવધાન બની જઇ એ બાગને ચોતરફથી ઘેરી લીધો.

ઇન્દ્રજીતસિંહ, કિશોરી વગેરે પાસેથી તિલોત્તમા જ્યારે દૂર જતી રહી ત્યારે એ ચારે જણાં બાગની પાછલી દિવાલ તરફ નહિ જતાં આગળના ભાગમાં આવેલા દરવાજા તરફ ત્વરાથી ગયાં. સર્વની આગળ હાથમાં ખુલ્લી તલ્વાર લઇને ઇન્દ્રજીત ચાલતો હતો. તેઓ ચારે જણાં જ્યારે દરવાજા પાસે જઇ પહોંચ્યાં ત્યારે પહેરેગીરોએ તેમને ઘેરી લીધાં અને માર કાપનો આરંભ થઈ ગયો. ઇન્દ્રજીતસિંહે તલ્વાર અને કિશોરી તથા નારંગીએ ખંજર ચલાવવામાં ઘણી બહાદુરી બતાવી.

હવે રાજકુમાર ઇન્દ્રજીતસિંહના જે બહુરૂપીઓ બાગથી થોડે દૂર એક એકાન્ત સ્થળે છુપાઈ રહેલા હતા તેઓ, તિલોત્તમાએ પછાડેલા ગોળાનો ભીષણ ધ્વનિ સાંભળી કોઈ નૂતન સંકટ ઉપસ્થિત થયું હશે એવો વિચાર કરી મુખ્ય દરવાજા પાસે સત્વર આવી પહોંચ્યા અને તેઓ પણ માધવીના પહેરેગીરો તેમજ સૈનિકોપર તૂટી પડયા. અલ્પકાળમાં જ માધવીના સૈનિકો આ લોકની જીવનયાત્રા પૂર્ણ કરી પરલોકવાસી થયા. તેમના મૃતદેહ ધરાશાયી થઇ ગયા, અને ઘણી બહાદુરીથી લઢતા લઢતા આપણા બહાદુર લોકો માયાની સાથે ત્યાંથી નીકળી પડ્યા.

બહુરૂપીઓ ઘણી ત્વરાથી દોડી શકે છે; તેથી તેઓ તો ત્વરાથી દોડી ગયા; પરંતુ ઇન્દ્રજીતસિંહે માયાસુંદરીને ઉંચકી લીધેલી હોવાથી

તે એ લોકોની સાથે દોડી શકતો નહોતો; વળી આવી સ્થિતિમાં તેના બહુરૂપીઓ પણ તેનો ત્યાગ કરી શકે તેમ નહોતા; તેથી લાચારીથી તેમણે તેમને બન્નેને સાથે લઈ મયદાનનો રસ્તો સ્વીકાર્યો. આ સમયે પૂર્વાકાશમાં સૂર્ય ભગવાન્‌ના રંગબેરંગી તેજોમય સુવર્ણકિરણો પ્રકાશી નીકળ્યાં હતાં.

માધવીના દીવાન અગ્નિદત્તનું મકાન બાગથી કાંઈ બહુ દૂર આવેલું નહોતું. વળી તે હમ્મેશાં પ્રભાતકાળે જ ઉઠતો હતો. તિલોત્તમાએ પછાડેલા ગોળાનો અવાજ તે પણ સાંભળી શક્યો હતો. બાગના દરવાજાપર લઢાઈ ચાલૂ થઈ છે એવા સમાચાર પણ તરત તેને મળી ગયા. એ શયતાનનો સાથી લઢવામાં ઘણો બહાદુર તેમજ સાહસિક હતો. સત્વર ઢાલ તલ્વાર લઇ તે મકાનની નીચે ઉતરી આવ્યો, તથા પોતાને ત્યાં રહેતા કેટલાક સિપાહીઓને સાથે લઈ બાગના દરવાજા પાસે જઇને તેણે જોયું કે ત્યાં ઘણા સિપાહીઓના મૃતદેહ જમીનપર પડેલા હતા, તથા દુસ્મનનો પત્તો જ નહોતો.

જે સિપાહીઓએ ચોતરફથી બાગને ઘેરી લીધો હતો તેઓ પણ દરવાજા પાસે ઉપસ્તિ થઇ ગયેલા હતા. તેમની સંખ્યા સોથી કાંઇક વિશેષ હતી. અગ્નિદત્તે તેમને સર્વેને સાથે લઇ ઇન્દ્રજીતસિંહની પૂંઠ લીધી. થોડા સમયમાં જ તેઓ ઇન્દ્રજીત પાસે પહોંચી શક્યા અને તેમણે પુનઃ યુદ્ધ ચાલૂ કર્યું.

આ પ્રસંગે અગ્નિદત્તની દૃષ્ટિ માયાપર પડી. હવે શું પૂછવા જેવું હતું ? સઘળા વિચારોને અંતરમાંથી દૂર કરી તે ઇન્દ્રજીતસિંહપર તૂટી પડ્યો. ઘણા માણસો સાથે યુદ્ધ કરવાનો ભયંકર પ્રસંગ ઉપસ્થિત થયેલો હોવાથી ઇન્દ્રજીતસિંહ આશાસુંદરીને સંભાળી શક્યો નહિ. તે

માયાને છોડી દઇ ઘણી સાવધાનતા અને કુશળતાથી તલ્વાર ફેરવવા લાગ્યો. હવે અગ્નિદત્તને સુયોગ મળ્યો. ઇન્દ્રજીતસિંહની તલ્વારના આઘાતથી તે ઘાયલ થયેલો હોવા છતાં આ પ્રસંગે માયાસુંદરીને ઉપાડી લઇ તે પલાયન કરી ગયો. હવે ઇન્દ્રજીતના ક્રોધની સીમા રહી નહિ. જો કે તે અગ્નિદત્તની પૂંઠ તો લઈ શક્યો નહિ; પરંતુ પોતાના બહુરૂપીઓને ઉત્તેજિત બનાવી તેણે શત્રુ પક્ષના સો સૈનિકોમાંથી લગભગ પચાસ સૈનિકોનો સત્વર સંહાર કરી નાખ્યો અને બાકીના પચાસ સૈનિકો પોતાના સરદારને ચાલ્યો ગયેલો જોઈ જીવ બચાવવાની ઇચ્છાથી પલાયન કરી ગયા. ઇન્દ્રજીતસિંહને ઘણા જખ્મ થયેલા હોવાથી તે બેશુદ્ધ બની પૃથિવીપર ઢળી પડયો. કિશોરી, નારંગી અને તેજસિંહ વગેરે અત્યંત શ્રમિત થઇ ગયેલાં હોવા છતાં તેઓ બેશુદ્ધ બની ગયેલા ઇન્દ્રજીતસિંહને ઉપાડી ત્યાંથી ચાલ્યાં ગયાં, અને પુનઃ કોઇની નજરે પડયાં નહિ.

પ્રકરણ ૪ થું.

પાપના પ્રાયશ્ચિત્તનો પ્રારંભ.

ઘાયલ થયેલા ઇન્દ્રજીતને તેના બહુપીઓ ઉપાડી ગયા અને કમનસીબ માયાસુંદરીને દુષ્ટ અગ્નિદત્ત ઉપાડી ગયો. આ સઘળો પ્રકાર તિલોત્તમાએ દૂર રહીને જોઈ લીધો હતો. યુદ્ધનો અંત આવી ગયા પછી તે રાજમહાલય તરફ પાછી ફરી. રાજમહાલયના દિવાનખાનામાં જતાં જ પેલી સુરંગને તેણે ખુલ્લી સ્થિતિમાં જોઇ. એ સુરંગની કુંચી

પણ ત્યાં પડેલી નજરે પડયાથી તે તેણે ઉપાડી લીધી. પછીથી સુરંગમાં પ્રવેશ કરી તેનું દ્વાર બંધ કરી તે માધવી પાસે પેલા બગીચામાં જઇ પહોંચી. આ સમયે માધવીની સ્થિતિ ઘણી ખરાબ હતી. દીવાન અગ્નિદત્ત પોતાનો સઘળો ભેદ જાણી ગયો હશે એવી ચિંતાથી તેનો જીવ બેચેન બની ગયો હતો. હવે ઘણો ગંભીર પ્રસંગ ઉપસ્થિત થયો છે એમજ તેને લાગતું હતું. તેની બેદરકારીને લીધે જ દીવાન અગ્નિદત્ત આજ સુધીમાં તેના રાજ્યનો કર્તાહર્તા અને ભાગ્યવિધાતા બની ગયો હતો. હવે ભવિષ્યમાં પોતાની કેવી ભયંકર દુર્દશા થશે તેનો કશો નિર્ણય તે કરી શકતી નહોતી. ગાઢ ચિંતામાં નિમગ્ન બની જઇ માધવી એક વિરામાસનપર બેઠી હતી. તિલોત્તમાને પોતાની પાસે આવેલી જોઇને તે આસનપરથી ઉઠી ઉભી થઈ તથા સજળનયને તિલોત્તમાના કંઠપ્રદેશમાં વળગી પડીને ગદ્ગદ કંઠે તેણે કહ્યું:—" સખિ ! હવે આપણે શું કરીશું ?" આટલું બોલીને તે ઉચ્ચસ્વરે રૂદન કરવા લાગી. આ સમયે તેનું સાંત્વન કરવાના ઉદ્દેશથી તિલોત્તમાએ કહ્યું:—" બ્હેન ! હવે પશ્ચાત્તાપ કિંવા આક્રંદ કરવાથી શો લાભ છે ? રાંડયા પછીનું ડહાપણ શા કામનું છે ? તમને વારંવાર ઉપદેશ આપ્યા છતાં તમે મ્હારાં વચનો તરફ દુર્લક્ષ્ય કર્યું તેથી જ આવું અનિષ્ટસૂચક પરિણામ આવ્યું. " આમ કહીને તેણે ઇન્દ્રજીત કેવી રીતે પલાયન કરી ગયો એ સંબંધીની હકીકત માધવીને પૂછી. માધવીએ સઘળી હકીકત તેને કહી સંભળાવી. ત્યાર પછી જેટલી હકીકત તિલોત્તમાના જાણવામાં હતી એ સઘળી તેણે માધવીને કહી સંભળાવી, અને વિશેષમાં કહ્યું:—"બ્હેન! હવે આપણે શયતાન દીવાનનો પણ ઘણો ભય રાખવાનો છે. એ નરાધમ માયાસુંદરીના રૂપસૌન્દર્યનું દર્શન કરી મુગ્ધ બની ગયો છે તેથી આ રાજ્યને પચાવી પાડવાનો તેમજ તમારા પ્રાણનો સંહાર કરી

પોતાના સુખનો માર્ગ સર્વાંશે નિષ્કંટક બનાવવાનો પ્રયત્ન એ અવશ્ય કરશે જ. તમે હવે તેને કાંઈ કરી શકો તેમ નથી !"

"અરેરે ! હવે મ્હને ઘણો પશ્ચાત્તાપ થાય છે. મ્હારે હવે મ્હારું કર્મફળ ભોગવવું જ પડશે." માધવીએ એક ગાઢ નિશ્વાસ મૂકીને સજળનયને કહ્યું.

"પરંતુ એવી રીતે નિરાશ થવામાં કલ્યાણ નથી. આપણે આપણા જીવનનું રક્ષણ કરવાના ઉદ્દેશથી અહીંના સઘળા વૈભવ વિલાસનો ત્યાગ કરી બીજા કોઇ દૂર આવેલા ગુપ્તસ્થળે નાશી જવું જોઇએ. જો અહીં તમે વિશેષ સમય સુધી રોકાશો તો તમારા જીવપર જોખમ આવવાનો ઘણો સંભવ છે." તિલોત્તમાએ ગંભીરતાસૂચક સ્વરે કહ્યું.

"બ્હેન ! હું તો એમ ધારું છું કે, દીવાન આપણાપર એટલો બધો જુલ્મ નહિ ગુજારે; તેનું હૃદય એટલું બધું નિષ્ઠુર નથી." માધવીએ કહ્યું.

"બ્હેન ! હજી પણ તમારી આંખો ઉઘડતી નથી એથી મ્હને ઘણું આશ્ચર્ય લાગે છે ! જ્યારે આટલું બન્યા છતાં પણ તમને દીવાનપર વિશ્વાસ હોય તો તમે બેલાશક અહીં રહો. હું તો હવે એક પણ દિવસને માટે અહીં રહી શકવાની નથી. હવે અગ્નિદત્ત દીવાન તમારા પ્રેમનો પિપાસુ નથી કે એ તમારાપર જુલ્મ ન ગુજારે. માયાનું રૂપસૌન્દર્ય જોઇ તે દીવાનો બની ગયો છે. વળી રાજ્યલોભ એ કાંઈ સામાન્ય લોભ નથી. રાજપ્રાપ્તિ માટે ભલાભલા માણસોએ સગાભાઇનું તેમજ જન્મદાતા પિતાનું ખૂન કર્યાના દાખલા પણ ઇતિહાસમાં આપણી નજરે પડે છે; છતાં તમે એ શયતાન દીવાનપર હજી વિશ્વાસ રાખો છો તેથી મ્હને આશ્ચર્ય ઉપજે છે. લોભ સમક્ષ મનુષ્યનું મન ચલિત થાય છે એટલા માટે જ કહેલું છે કે,

लोभेन बुद्धिश्चलति लोभो जनयते तृषाम् ।
तृषार्तो दुःखमाप्नोति परत्रेह च मानवः ॥
लोभात्क्रोधः प्रभवति लोभात्कामः प्रजायते ।
लोभान्मोहश्च नाशश्च लोभः पापस्य कारणम् ॥

માટે હજી પણ હું તમને કહું છું કે, એ લોભી શયતાનપરથી વિશ્વાસ દૂર કરો અને જીવનરક્ષણનો ઉપાય હાથમાં ધરો. ” તિલોત્તમાએ કહ્યું.

ખરું છે. જો માયા દીવાનના હાથમાં ન ફસાઈ પડી હોત તો કોઈ બ્હાનું કાઢીને પણ દીવાનનો સંશય દૂર કરી શકાત; પરંતુ હવે તો બાજી હાથમાંથી ગઈ છે. બ્હેન તિલોત્તમા ! આજથી હું ત્હારી સલાહ પ્રમાણે જ વર્તવાની પ્રતિજ્ઞા કરું છું. ”

“ ત્યારે હું પણ એવી પ્રતિજ્ઞા કરું છું કે, તમને પુનઃ આટલા દરજ્જે પહોંચાડીશ તથા દીવાન અગ્નિદત્ત, વીરસિંહજી અને તેમના બહુરૂપીઓ પાસેથી એવો ભયંકર બદલો લઇશ કે જેઓ જીવનપર્યંત મ્હને યાદ કર્યા કરશે. ” તિલોત્તમાએ પણ દ્રઢતાપૂર્વક કહ્યું.

“ હું કદાપિ મ્હારી પ્રતિજ્ઞાનો ભંગ નહિ જ કરું. ” માધવીએ કહ્યું.

“ ઠીક ત્યારે. આજે રાત્રે આપણે અહીંથી ચાલી નીકળીશું. વળી આપણી સાથે આપણાથી જેટલી દ્રવ્યસંપત્તિ લઈ જવાય તેમ હોય તેટલી લઇ જવી જોઇએ; કે જેથી આપણને કષ્ટ વેઠવું પડે નહિ. ” તિલોત્તમાએ સૂચના કરી.

“ બહુ સારું; તું કહે એ સમયે જ હું આ સ્થાનનો ત્યાગ કરવાને તૈયાર છું; પરંતુ મ્હારી સાહેલીઓ તથા સેવિકાઓની આપણી ગેરહાજરીમાં કેવી સ્થિતિ થસે તેની મ્હને ચિંતા રહે છે. ”

" ખરાબ માણસની સોબતથી જેવું ફળ ભોગવવું પડે છે તેવું ફળ તેઓ પણ ભોગવશે. એ સંબંધી વિશેષ ચિંતા કરવાથી શો લાભ છે ? જ્યારે પોતાના જીવપર ભીષણ સંકટ આવી પડ્યું હોય ત્યારે અન્ય માણસોની ચિંતાનો ત્યાગ કરવો જોઇએ. " તિલોત્તમાએ કહ્યું.

હવે આપણે દીવાન અગ્નિદત્ત તરફ દૃષ્ટિ ફેરવીશું. તે માયાસુંદરીને ઉપાડી પોતાના મહેલમાં ચાલ્યો ગયો. પોતે ઉપસ્થિત કરેલા યુદ્ધનું શું પરિણામ આવ્યું, પોતાના સૈનિકોએ ઇન્દ્રજીતને કેદ પકડાયો કે કેમ વગેરે એકે પ્રકાર જાણવાની જીજ્ઞાસા તેણે રાખી નહિ. વાસ્તવિક રીતે જોવા જતાં તે ઇન્દ્રજીત વગેરેને ઓળખતો જ નહોતો.

હવે માયાસુંદરી અગ્નિદત્તના પંઝામાં ફસાઇ પડી પ્રતિ પળે તેના પ્રાણાધિક પ્રિયતમ ઇન્દ્રજીતનું સ્મરણ કર્યા કરતી હતી. દીવાન અગ્નિદત્તના ઘરમાં તેની પત્ની અને એક કુમારિકા પુત્રી હતી. તેમનો બન્નેનો સ્વભાવ ઘણો સારો હતો. અગ્નિદત્તની પતિવ્રતા સાધ્વી સહધર્મિણી પોતાના પતિનાં દુષ્કૃત્યો માટે અંતરમાં ઘણી દુઃખી થતી હતી; છતાં તેના દુઃખ તરફ અગ્નિદત્તનું બિલ્કુલ લક્ષ્ય નહોતું.

માયાસુંદરીને પોતાની પત્ની તથા પુત્રીને સ્વાધીન કરી તેની બરાબર સંભાળ રાખવાની અને તેને સમજાવવાની અગ્નિદત્તે તેમને આજ્ઞા કરી. પછીથી તે પોતાના બેઠકખાનામાં ચાલ્યો ગયો. પોતે જે સ્વરૂપવતી સુંદરીનું હરણ કરી લાવ્યો છે તે કોણ હશે તેના સાથીદારો કોણ હશે, શા માટે પોતાના માણસો સાથે તેમણે તોફાન કર્યું હશે વગેરે અનેકવિધ પ્રશ્નો અગ્નિદત્તના અંતરમાં ઉપસ્થિત થવા લાગ્યા. થોડા સમય પછી તે યથાસ્થાને તપાસ કરવા ગયો અને મૃત સૈનિકોના દેહનો ઉચિત સત્કાર કરવાની તેણે વ્યવસ્થા કરી. આ કાર્યમાં દિવસનો ઘણોખરો સમય પસાર થઇ ગયો છતાં થયેલા રમખાણનો

ખરો ભેદ તે જાણી શક્યો નહિ. રાજમહાલયપર પહેરો ભરતા સિપા-હીઓ પાસેથી તે માત્ર એટલું જ જાણી શક્યો કે, બે ત્રણ દિવસ અગાઉથી તિલોત્તમાએ તેમને વિશેષ સાવધાન રહેવાની સૂચના કરી હતી, અને તે જ્યારે એક ગોળો પછાડે ત્યારે બાગને ચોતરફ ઘેરી લઇ જે કોઈ અજાણ્યું માણસ જોવામાં આવે તેને કેદ પકડવાની તેણે તેમને આજ્ઞા કરી હતી. આ ખુલાસો સાંભળી અગ્નિદત્ત સમજી ગયો કે, બનેલા બનાવની સઘળી માહિતી પ્રથમથી જ તિલોત્તમા અને માધવીને હોવી જોઇએ, તથા તેમણે જાણી જોઇને જ એ હકીકત પોતાનાથી છુપાવેલી હોવી જોઇએ. આવો વિચાર કર્યા પછી તે સંધ્યાકાળના અરસામાં પોતાના મહેલમાં પાછો ગયો. રાજમહાલયપર પહેરો ભરતા સિપાહીઓ પણ એક બીજાની સાથે ગપ્પાંગોષ્ટિ કરવા લાગ્યા. અગ્નિદત્તે પોતાના બેઠકખાનામાં જઈ પ્રથમ પોતાની પત્નીને પોતાની પાસે બોલાવીને પૂછ્યું:—“ કેમ, એ રમણી પાસેથી પાસેથી તેની કશી હકીકત જાણવામાં આવી કે ? ”

“ હા, મહારાણા વીરસિંહજીના રાજકુમાર ઇન્દ્રજીતસિંહજીપર એ સુંદરી મોહિત થયેલી હતી અને માધવીએ ઇન્દ્રજીતસિંહને કેદ પકડી પોતાના પહાડી મહેલમાં છુપાવી રાખ્યા હતા. ઇન્દ્રજીતકુમાર પણ આ માયાને પોતાના જીગરથી વ્હાતા હોવાથી માધવીએ પોતાની સખી કમળાને મોકલી માયાને પણ અહીં મંગાવી કેદ કરી રાખી હતી. રાજકુમાર કેદ પકડાયા છે એવા સમાચાર જાણવામાં આવ્યાથી તેમના બહુરૂપીઓ સુદ્ધાં તેમને સહાયતા કરવાના ઉદ્દેશથી આપણા રાજ્યમાં આવ્યા હતા. આજે સુયોગ મળતાં તેઓ ઇન્દ્રજીતસિંહ અને માયાને છોડાવી બ્હાર નીકળ્યા હતા અને પછીથી શું થયું છે એ આપ સારી રીતે જાણો છો. ” અગ્નિદત્તની પત્નીએ ઉત્તરમાં કહ્યું.

પોતાની પત્નીના મુખે વીરસિંહનું તથા તેના બાહોશ બહુરૂપી-ઓનું વર્ણન સાંભળી અગ્નિદત્ત ગભરાયો. વ્યાકુળ બની જઈ તે સુખાસનપર આડો પડયો. હવે તેની ખાત્રી થઇ ગઇ કે, કોટવાલ ધર્મસિંહને પણ વીરસિંહના બહુરૂપીઓ જ પકડી ગયેલા હોવા જોઇએ. હવે જો માયાસુંદરીને પોતે પોતાને ત્યાં રાખશે તો પોતાનો જીવ બચશે નહિ એવી તેની ખાત્રી થઇ ગઇ. આવી ખાત્રી થયા છતાં માયાસુંદરીનો ત્યાગ કરવા માટે તેનું મન માનતું નહોતું. ઘણા વિચારોને અંતે જ્યારે તેનું મન સ્થિર થતું હતું ત્યારે તે સ્વગત એમજ કહેતો હતો કે, “ ગમે તેમ થાઓ પણ ત્રિભુવનમોહિની માયાસુંદરીનો ત્યાગ હું કરી શકનાર નથી. મ્હને અનાયાસે જ જે રમણીરત્નની પ્રાપ્તિ થઇ છે તેનો ત્યાગ હું કરું તો એ મ્હારી મૂર્ખતા જ કહેવાય. જ્યારે એ ખીલતી કોમળ કળીના મધુર રસનો સ્વાદ હું નહિ ચાખું ત્યારે પછી અનંગની અપાર પીડાથી પીડાતો—ઈશ્કના અગ્નિમાં સળગતો મ્હારો બેચેન જીવ કેવી રીતે શાન્ત થશે ? અહા માયા ! ત્હારી મોહિની અજબ જ છે:—

અધર રંગ કળિ જેવો, કોમળ પલ્લવ પ્રમાણુ બે હસ્ત,
કુસુમ સમાન મનોહર જોબન, અંગે તમામ છે મસ્ત.

બસ ગમે તેમ થાઓ; પરંતુ એ રસિકા રમણીનો ભોગી ભ્રમર હું જ થઇશ ! ”

આવો નિશ્ચય થયા પછી માયાને પોતાને ત્યાં રાખી કેવી રીતે સહિસલામત રહેવું એનો તે વિચાર કરવા લાગ્યો. ઘણા વિચારોને અંતે માત્ર એક જ માર્ગ તેને સૂઝયો. એ માર્ગ એ જ હતો કે કોઇ પણ પ્રકારે માધવીના જીવનનો અંત લાવી પોતે વિશાળ ગયા રાજ્યના અધીશ્વર બની જવું, તથા માયાને મહારાણી બનાવી વૈભવવિલાસ ભોગવવામાં પોતાના દિવસો પસાર કરવા. અંતે આ નિશ્ચયાનુસાર

વર્તવાનો જ તેણે પોતાના અંતરમાં નિર્ણય કરી લીધો. પછીથી તરત જ સુખાસનપરથી ઉઠી પોષાક પહેરી તે માધવી પાસે જવા નીકળી પડ્યો. રાજમહાલયમાં જતાં જ ત્યાં તેણે માધવીની સઘળી સખીઓ અને સેવિકાઓને કરુણાજનક આક્રંદ કરતી જોઇ. આવો દેખાવ જોવામાં આવ્યાથી અગ્નિદત્ત ઘણું આશ્ચર્ય પામ્યો. અવશિષ્ટ રાત્રિ તેણે માધવીની સખીઓ અને સેવિકાઓને વિવિધ પ્રશ્નો પૂછવામાં જ પસાર કરી. અંતે તેમના મુખે માધવી અને તિલોત્તમાના નાશી ગયાના સમાચાર સાંભળી અગ્નિદત્ત ઘણો ક્રોધે ભરાયો. તેણે દાસીઓ વગેરેને ઉદ્દેશીને કહ્યું:—" આ હકીકત તમે પ્રથમથી જાણતી હોવા છતાં એ સંબંધી તમે મ્હને પ્રથમથી કાંઇ કહ્યું કેમ નહોતું ? તમારા આ ગંભીર ગુન્હા માટે તમારો સર્વેનો ઘણી ભયંકરતાથી જીવ લેવામાં આવશે!"

દીવાનના મુખમાંથી આવાં ભયસૂચક વચનો સાંભળી સઘળી દાસીઓ કંપી ઉઠી. તેમણે ગદ્‌ગદકંઠે કહ્યું:—" મહારાજ ! એમાં અમારો બિલકુલ દોષ નથી; કેમ કે માધવીબ્હેન સુરંગની કુંચી પોતાની પાસે જ રાખતાં હોવાથી અમે આપની પાસે કેવી રીતે આવી શકીએ ? "

વાસ્તવિક રીતે એ સઘળી સખીઓ અને સેવિકાઓ નિર્દોષ હોવા છતાં દીવાનજીનો ક્રોધ શાન્ત થયો નહિ. અંતે તેણે પોતાના મનમાં એવો નિશ્ચય કર્યો કે, બે દિવસ પછી વિજયાદશમીનો શુભ દિવસ આવતો હોવાથી તેજ દિવસે રાજસિંહાસનપર બિરાજી રાજ્યમાં પોતાના નામની આણ ફરવી દેવી.

પલાયન કરી ગયેલી માધવી અને તિલોત્તમાની શોધમાં કેટલાક માણસોને મોકલી તથા આ સઘળી હકીકત હમણાં ગુપ્ત રાખવાની

માધવીની સખીઓ તથા સેવિકાઓને આજ્ઞા કરી, અગ્નિદત્ત પ્રભાતકાળ પૂર્વે જ પોતાને ત્યાં ગયો, તથા સમસ્ત રાત્રિનું જાગરણ હોવાથી વસ્ત્રો બદલી જેવો તે પલંગમાં સૂઇ રહેવાને ગયો કે તરત જ ઉશિકા પાસે એક કાગળ પડી રહેલો તેની નજરે પડયો. એ કાગળનું આવરણ કાઢી નાખી કાગળ તપાસતાંની સાથે જ અગ્નિદત્ત વિસ્મિત, ભયભીત અને ચમકિત બની ગયો. એ કાગળમાં તેની જ છબી ચીતરેલી હોઇ એક ભયંકર રાક્ષસ જેવી આકૃતિવાળો પુરુષ તેની છાતીપર ચઢી બેસી તેના ગળામાં ખંજર મારતો હોય એવું તે કાગળમાં ચીતરેલું હતું. આવો ભીષણ દેખાવ જોઇ અગ્નિદત્ત અપાર ભય પામ્યો. તેનું અંતર અસ્વસ્થ બની ગયું. હવે તેને સહજ પણ નિદ્રા આવી નહિ. ઘણા સમય પછી ચિત્ત સહજ સ્વસ્થ થયું એટલે તે રાજ્ય કાર્ય કરવામાં ગુથાયો.

પ્રકરણ ૫ મું.

હુમલાખોરોની ગુફામાં.

પોતાના માણસો માર્ફત માધવી, દીવાન અગ્નિદત્ત વગેરેની સઘળી હકીકત જ્યારે વીરસિંહના જાણવામાં આવી ત્યારે તેણે તત્કાળ ગયા રાજ્યપર ચઢાઈ કરવાની તૈયાર કરી. માધવીની રીતભાતની સઘળી હકીકત વીરસિંહ જાણી શક્યો હતો. વળી જે રાજ્યમાં વિલાસ વૈભવ અને મોજશોખ ચાલતો હોય, જે રાજ્યના માલિકની નીતિ ભ્રષ્ટ થયેલી હોય એ રાજ્ય કેટલું બધું નિર્બળ હોવું જોઇએ તેની કલ્પના વીરસિંહે પોતાના મનમાં કરી લીધી હતી. એવા રાજાપર પ્રજાનો પ્રેમ હોતો જ નથી.

વીરસિંહની ધારણા અંતે સત્ય થઈ. ગયા રાજ્યને સ્વાધીન કરવામાં તેને વિશેષ મુશ્કેલી વેઠવી પડી નહિ. કોઇએ વીરસિંહના સૈન્ય વિરુદ્ધ હથિયાર ઉચકવાનું સાહસ કર્યું નહિ. વીરસિંહનો પ્રતાપ જ એવો હતો કે, તેનો મુકાબલો કરવાનું કોઇ સાહસ કરતું નહોતું. વળી ઘણા ખરા અધિકારીઓ અને પ્રજાજનોથી, માધવી અને દીવાન અગ્નિદત્તના અધર્માચરણની વાર્તા અવિદિત નહોતી; તેથી તેઓ તેમનાપર અત્યંત અસંતુષ્ટ હોઈ પોતાના રાજ્યનો અધીશ્વર વીરસિંહ જેવો જ કોઈ બહાદુર પુરુષ થાય તો સારું એવી તેમની આંતરિક ઇચ્છા હતી.

રાણા વીરસિંહે સહેલાઇથી નગરમાં પ્રવેશ કરી ગયા રાજ્યપર પોતાની પ્રબળ સત્તા સ્થાપિત કરી. જે બે ચાર નોકરો અગ્નિદત્તના દિલોજાન દોસ્ત હતા તેઓ જીવ જવાના ભયથી સત્વર રાજધાનીમાંથી પલાયન કરી ગયા. બાકીની સઘળી પ્રજાએ અને સૈન્યે વીરસિંહની

આધીનતા પ્રસન્નતાપૂર્વક સ્વીકારી. ઘણા ખરા અમલદારોએ જાહિર દરબારમાં વીરસિંહને કેટલીક મૂલ્યવાન્ વસ્તુઓ નજર કરી.

વિજયાદશમીના આગલા દિવસે ગયા રાજ્ય વીરસિંહની સત્તામાં આવ્યું, અને વિજયાદશમીના શુભદિવસે પ્રાતઃકાળે સર્વેએ રાજકુમાર આનન્દસિંહને ગયા રાજ્યના સિંહાસનપર બિરાજેલા જોયા. બીજે દિવસે જ આનન્દસિંહને ગયામાં રાખી રામગઢ ચાલ્યા જવાનો વીરસિંહનો વિચાર હતો; પરંતુ તે રવાના થાય એ પૂર્વે જ તેના બહુરૂપીઓ ઘાયલ થયેલા ઇન્દ્રજીતસિંહને લઈ ગયામાં જઈ પહોંચ્યા; તેથી વીરસિંહને પોતાનો વિચાર ફેરવવો પડયો; તથા ઘણા કાળ પશ્ચાત્ વિયોગી પુત્રનું મિલન થવાથી તેણે અપાર આનંદ અનુભવ્યો.

રાજા વીરસિંહ વગેરે ગયાના રાજમહાલયમાં હોવા છતાં એ રાજમહાલય જાણે કે શૂન્ય જોવામાં આવતો હતો; કેમ કે એમાં રહેતી માધવી અને દીવાન અગ્નિદત્તનાં સંબંધી માણસો ત્યાંથી નાશી ગયાં હતાં, તથા વીરસિંહની આજ્ઞા હોવાથી પલાયન કરી જતાં માણસોને કોઇએ અટકાવ્યાં નહોતાં. આ સમયે રાણો વીરસિંહ, તેના બે બહાદુર પુત્રો તથા બહુરૂપીઓ તેમજ થોડા સૈન્યનો મુકામ આ મહાલયમાં થયેલો હતો. બહુરૂપીઓમાં માત્ર લક્ષ્મણસિંહ, તેજસિંહ અને તારાસિંહ જ અત્રે હાજર હતા. બીજા સર્વને રામગઢ મોકલી દેવામાં આવ્યા હતા.

શહેરની વ્યવસ્થામાં પ્રથમ કાર્ય એ કરવામાં આવ્યું કે રાજમહાલયના પ્રવેશદ્વાર પાસે બન્ને બાજૂએ બે મ્હોટી લોખંડની પેટીઓ ગોઠવવામાં આવી; એ પેટીઓના ઉપરના ભાગમાં મ્હોટું છિદ્ર કરવામાં આવ્યું હતું. પછીથી શહેરમાં એવો ઢંઢેરો જાહિર કરવામાં આવ્યો કે, જેને પોતાના સુખ દુઃખની અરજી કરવી હોય તે દરબારમાં હાજર થઇને અરજી કરે, તથા જેનાથી કોઇ કારણના લીધે એમ ન બની શકે

તેણે પોતાની અરજની સઘળી હકીકત એક પત્રમાં લખી એ પત્ર રાજમહાલયના પ્રવેશદ્વાર પાસે મૂકેલી પેટીમાં નાખવો. એ પેટી આનન્દસિંહની હાજરીમાં રાત્રિદિવસમાં છ વખત ઉઘાડવાની વ્યવસ્થા થયેલી હતી. આવી સુવ્યવસ્થાથી પ્રજા અતિ પ્રસન્ન થઇ હતી.

એક પ્રહર કરતાં વિશેષ રાત્રિ વીતી ગઈ હતી. એક ન્હાના સુસજ્જિત ઓરડામાં એક પલંગમાં ઘાયલ થયેલો ઇન્દ્રજીત સુઈ રહ્યો હતો. ગળા સુધી તેણે એક મૂલ્યવાન્ શાલ ઓઢેલી હતી. થોડા દિવસ પછી આજે તેને ચૈતન્ય આવ્યું હતું. આશ્ચર્ય પામીને તે જે ઓરડામાં સુઈ રહ્યો હતો તે ઓરડાનું શોભાસૌન્દર્ય જોયા કરતો હતો. પાસે પડેલા બીજા એક ન્હાના પલંગપર બેસીને વીરસિંહ પોતાના પ્રાણાધિક પુત્રના મુખમંડળ તરફ એકાગ્રદષ્ટિથી જોઈ રહ્યો હતો. પાંગથ પાસે આનન્દસિંહ બેસી રહેલો હતો. તેજસિંહ અને તારાસિંહ ઇન્દ્રજીતની સેવા શુશ્રુષા કરવામાં પ્રવૃત્ત થયા હતા. એ સિવાય રાજવૈદ્ય અને બીજા અધિકારીઓ પણ જૂદાં જૂદાં આસનોપર બેઠેલા હતા. એ ઓરડાની બ્હાર હાથમાં નગ્ન તલ્વાર લઈ કેટલાક બળવાન્ પહેરેગીરો પહેરો ભરી રહ્યા હતા. સર્વત્ર એક પ્રકારની ગંભીર શાન્તિનો વિસ્તાર થઇ રહેલો હતો. ઘણા સમય પછી ઇન્દ્રજીતે જ એ શાન્તિનો ભંગ કર્યો. તેણે પોતાના પિતાના મ્હોં તરફ જોઇને કહ્યું:—" આ કોનો મહાલય છે? હમણાં આપણે ક્યા સ્થળે છીએ?"

" રાજકુમાર! આપણે ગયાના રાજ્યમહાલયમાં છીએ. ઇશ્વરના અપાર અનુગ્રહથી આ રાજ્ય આપણા તાબામાં આવી ગયું છે." વીરસિંહે ઉત્તર આપ્યો.

આ ઉત્તર સાંભળી ઇન્દ્રજીત ગંભીર વિચારમાં પડી ગયો. સુરંગમાંથી બ્હાર નીકળ્યા પછી બનેલો સઘળો હૃદયવિદારક બનાવ તેને

તત્કાળ યાદ આવ્યો. પોતાની પ્રિયતમા માયાસુંદરી ક્યાં છે તથા તેની કેવી સ્થિતિ છે એ જાણુવાને તે ઘણો અધીરો બની ગયો; પરંતુ પિતૃ-મર્યાદાનો લોપ કરી તેનાથી માયા સંબંધીનો એક પણ પ્રશ્ન કોઇને પૂછી શકાયો નહિ. એક ગાઢ નિશ્વાસ મૂકી તેણે મૌન ધારણ કર્યું તેના અંતરનો ભાવ સમજી જઇને લક્ષ્મણુસિંહે કહ્યું:—" રાજકુમાર ! આપની સાથે શત્રુઓનું યુદ્ધ થયું એ પ્રસંગે જેટલાં માણસો આપની સાથે હતાં તેઓ સર્વે સહિસલામત હોઇ યથાસ્થાને આનંદમાં રહેલાં છે. માત્ર આપણને જ આટલું ઘણું દુઃખ વેઠવું પડ્યું છે. "

આ ઉત્તર સાંભળવામાં આવતાં ઇન્દ્રજીતની ચિંતા થોડા ઘણા અંશે ઓછી થઇ ગઈ. તેનું મન બીજા વિષય તરફ દોરવાના ઉદ્દેશથી લક્ષ્મણુસિંહે વીરસિંહને ઉદ્દેશીને કહ્યું:—" મહારાજ ! પ્રજાની અરજીઓવાળી પેટી હાજર છે. તેમાંના કાગળ પત્રો તપાસવાનો સમય-પણ થઈ ગયો છે. "

" કેવી પેટી અને કેવા કાગળ પત્રો ? ! " આશ્ચર્ય પામીને ઇન્દ્રજીતે પૂછ્યું.

" કુમાર ! પ્રજા જનોમાંથી પોતાના સુખદુઃખની હકીકત જેનાથી જાહિર દરબારમાં ન જણાવી શકાય તેમ હોય તે સઘળી હકીકત કોઇ પ્રકારનો સંકોચ રાખ્યા સિવાય એક પત્રમાં લખી એ પત્ર આ પેટીમાં નાખે એવી વ્યવસ્થા કરવામાં આવેલી છે. " આનન્દસિંહે બંધુ પાસે બેસતાં ઉત્તર આપ્યો.

" વાહ ! ઘણી પ્રશંશનીય વ્યવસ્થા કરવામાં આવેલી છે; છતાં એવી બીજી કેટલીક પેટીઓ શહેરમાં જૂદાં જૂદાં સ્થળોએ રાખવાની જરૂર છે; કેમ કે કેટલાંક માણસો તો ડરથી રાજમહાલયના દરવાજા સુધી પણ નહિ આવી શકે. " ઇન્દ્રજીતે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

" આપની ઇચ્છાનુસાર બંદોબસ્ત આવતી કાલથી જ કરવામાં આવશે. " આનન્દસિંહે વડિલબંધુના વિચારને સંમત થઇને કહ્યું.

પછીથી ગયાજીનું રાજસિંહાસન કેવી રીતે મેળવવામાં આવ્યું અને તે કેવી રીતે આનન્દસિંહને સ્વાધીન કરવામાં આવ્યું એ સંબંધીની સઘળી હકીકત વીરસિંહે વિસ્તારથી ઇન્દ્રજીતને કહી સંભળાવી. એ હકીકત સાંભળી ઇન્દ્રજીતે પણ ઘણો આનંદ દર્શાવ્યો.

પછીથી અરજીઓની પેટી ઉઘાડવાની ઇચ્છા તેણે દર્શાવી. પેટી ઉઘાડવામાં આવી તો તેમાંથી ઘણા પત્રો નીકળ્યા. એ પત્રો વાંચી જોતાં એમ માલૂમ પડયું કે, નવી રાજ્યવ્યવસ્થાથી પ્રજા ઘણી સંતુષ્ટ તેમજ આનંદિત થઈ હતી. ક્રમાન્વયે અરજીઓ વાંચતાં તેમાંથી એક અરજી એવી નીકળી કે, તે વાંચતાં એ સંબંધી શું કરવું તેના મહાન્ વિચારમાં સર્વે લીન બની ગયા. એ અરજી આ પ્રમાણે હતી:—

" પ્રબળ પરાક્રમી સકળ ગુણસંપન્ન ધર્મધુરંધર મહારાજાધિરાજ! આપ અથવા તો આપના પ્રતાપશાળી કોઇ પણ વીરવર અમારા રાજ્યની વ્યવસ્થા ચલાવે એવી ઘણા સમયથી અમારી આંતરિક ઇચ્છા હતી. આપે પાપિષ્ઠા માધવી અને નરાધમ દીવાન અગ્નિદત્તના જુલ્મમાંથી અમારી મુક્તિ કરી છે એ માટે આપનો જેટલો ઉપકાર માનવામાં આવે એટલો ઓછો જ ગણી શકાય. અદ્યાપિ જો કે એમનો ભય અમારા અંતરમાંથી સર્વાંશે અદ્રશ્ય થયો નથી; છતાં જ્યાં સુધી આપ જેવા પરાક્રમી રાજ્યાધિકારીના આશ્રય નીચે અમે છીએ ત્યાં સુધી અમને સહજ પણ દુઃખ પડનાર નથી એવી અમારી સંપૂર્ણ ખાત્રી છે; છતાં અમારા અંતરમાંથી જે ભય દૂર થતો નથી તે જુદો જ છે અને એ ભયની હકીકત આપને નિવેદન કરવી એ અમે, અમારું મહત્ કર્તવ્ય સમજીએ છીએ. અમને આશા રહે છે કે

એ ભયમાંથી આપ સત્વર અમને મુક્ત કરી અમારી સર્વેની શુભાશીષ મેળવશો જ. જો આમ કરવામાં વિલંબ થશે તો માત્ર એક માસ જેટલી ટૂંકી મુદતમાં જ અહીંની રંક પ્રજાનો ચોથો ભાગ વિનાપરાધે માર્યો જશે. જો કે આપના બહાદુર બહુરૂપીઓના બુદ્ધિબળ સમક્ષ એ શત્રુઓનું કાંઈ ચાલી શકે તેમ નથી; છતાં હમણાં તો પ્રતિક્ષણે એમનો ભય અમારા મનમાં રહે છે જ. થોડા દિવસથી દુષ્ટ અગ્નિદત્તે, જે કોઈ માણસ તેની વિરુદ્ધ થાય તેનું મસ્તક કાપી નાખવાને માટે કેટલાક હરામખોરોને નિયુક્ત કરેલા છે. વળી એ શયતાન દીવાનને જ્યારે દ્રવ્યની જરૂર પડે છે ત્યારે તે અહીંના ગમે તે શ્રીમંતના ઘરમાં ધાડ પડાવી તેનો ખજાનો લૂંટી લે છે. અમને સતાવનારા એ હરામખોર ધાડપાડુઓ કોણ છે એ સંબંધી અમે કાંઈ જાણતા નથી. અમે તેમને હજી સુધી જોયા પણ નથી; છતાં તેમના ભયથી અમે રાત્રિ દિવસ કંપીએ છીએ. ”

આ અરજીની નીચે ગયા રાજ્યના ગણનીય, પ્રખ્યાત શહેરીઓ અને કેટલાક અધિકારીઓએ સહી કરેલી હતી. એ અરજી તરત જ લક્ષ્મણસિંહને સોંપવામાં આવી, તથા એ દુષ્ટ હુમલાખોરોને એક જ મહિનામાં કેદ પકડાવવાની લક્ષ્મણસિંહે પ્રતિજ્ઞા કરી.

પછીથી રાજવૈદ્યે ઇન્દ્રજીતના જખ્મપરના પાટા ઉખેડી, તે સાફ કરી પાટાઓ બદલી તેને યથોચિત ઔષધ ખવડાવ્યું અને રાણા વીરસિંહ અને આનન્દસિંહની આજ્ઞાથી સર્વે ત્યાંથી વિદાય થઇ ગયા. લક્ષ્મણસિંહ સુધ્ધાં એ જ સમયે ત્યાંથી અન્ય કોઈ સ્થળે ચાલ્યો ગયો, તથા રાણો વીરસિંહ પોતાના ઓરડામાં ગયો.

જે ઓરડામાં રાજકુમાર ઇન્દ્રજીતસિંહનો પલંગ હતો તેની

બાજૂએ સ્હામ સ્હામે બે ન્હાની ઓરડીઓ આવેલી હતી. એમાંની એક ઓરડીમાં સંધ્યાદિ નિત્યકર્મ કરવાનો સરસામાન યથાસ્થિત ગોઠવેલો નજરે પડતો હતો, તથા બીજી ઓરડીમાં એક પલંગ બિછાવેલો હતો. એ પલંગ ઉપડાવી, ઇન્દ્રજીતસિંહના પલંગ પાસે જ નખાવી આનન્દસિંહ તેમાં સૂઇ રહ્યો. તેજસિંહ અને તારાસિંહનાં બિછાનાં પણ એ ઓરડામાં જ કરાવવામાં આવ્યાં. એ ચાર જણ સિવાય આ શયનગૃહમાં બીજું એકકે માણસ નહોતું. સમસ્ત રાત્રિ તેમણે આરામ લેવામાં પસાર કરી; પછીથી પ્રભાતકાળે આંખો ઉઘડતાં જ તેમણે એક વિસ્મયકારક વિચિત્ર દેખાવ જોયો. તેજસિંહ અને તારાસિંહ પ્રથમ જાગ્રત થયા હતા. તેઓ આશ્ચર્ય પામીને ચોતરફ દૃષ્ટિ ફેરવવા લાગ્યા.ત્યાર પછી ઇન્દ્રજીત અને આનન્દસિંહ પણ જાગ્રત થયા, તથા ઘણા સમયથી બ્હેંકી રહેલાં પુષ્પોની સુગંધિ આવતાં આશ્ચર્યચકિત બની જઇને આનન્દસિંહે પૂછ્યું:—"આ સુગંધિત પુષ્પના ગજરાઓ કોણે પાથર્યા છે ?"

"એ આશ્ચર્યજનક બનાવ બન્યો છે. આપણા અનુચરો આપણી આજ્ઞા મેળવ્યા સિવાય કદાપિ આવુ કાર્ય કરે એવા નથી." ઇન્દ્રજીતે કહ્યું.

"એક કલાકથી અમે જાગ્રત થયેલા છીએ, અને ત્યારથી જ અમે આ વિસ્મયકારક વિષયનો વિચાર કરીએ છીએ. આમાં શો ભેદ છે એનો કશો નિર્ણય થઈ શકતો નથી." તેજસિંહે કહ્યું.

તારાસિંહે ઉઠી શયનગૃહમાં વિખરાયલા પુષ્પગુચ્છોમાંથી એક પુષ્પગુચ્છ ઉપાડી લાવી તે આનન્દસિંહના હાથમાં મૂકીને કહ્યું:— "જુઓ, આ સોનાના ગુચ્છપર કેવું સુંદર કામ કરવામાં આવ્યું છે ! આવા ઘણા પુષ્પગુચ્છો અત્રે નજરે પડે છે !"

"વળી બીજો એક આશ્ચર્યજનક પ્રકાર તો હજી સુધી મ્હેં તમને જણાવ્યો નથી. મહારાણા આનન્દસિંહની શય્યા પેલી ઓરડીમાંથી બ્હાર લાવ્યા પછી તેનું દ્વાર મ્હેં સહજ ખુલ્લું રાખેલું હતું; પરંતુ પ્રભાતકાળે જાગ્રત થતાં જ એ દ્વાર બીજાં દ્વારની માફક બંધ થઇ ગયેલું જોવામાં આવ્યું છે. હજી પણ એ બંધ જ છે." એ ઓરડી તરફ અંગુલિનિર્દેશ કરીને ફરીને તેજસિંહે કહ્યું.

ઘણા સમય સુધી સર્વેએ આ વિષયનો જ વિચાર કર્યા કર્યો; પરંતુ તેઓ તેનો કશો ભેદ ઉકેલી શક્યા નહિ. થોડા સમય પછી રાણો વીરસિંહ પણ કેટલાક અધિકારીઓસહ ઇન્દ્રજીતના શયનગૃહમાં ઉપસ્થિત થયો. જ્યારે ઉપરોક્ત પ્રકાર એમના જાણવામાં આવ્યો ત્યારે તેઓ સર્વ પણ વિચારમગ્ન બની ગયા. કેટલાક જૂના વિચારના અધિકારીઓના અંતરમાં તો એવો સંશય ઉપજ્યો કે આ કોઇ ભૂત પ્રેતનું જ કાર્ય હશે ! છતાં તેઓ પોતાના આવા સંશયયુક્ત વિચારનો સ્ફોટ કરી શક્યા નહિ. એ પુષ્પગુચ્છોને હસ્તસ્પર્શ નહિ થવા દેતાં તે જેમ પડયા હતા તેમજ પડયા રહેવા દેવામાં આવ્યા.

રાજ્યકાર્યમાં આખો દિવસ વીતી ગયો, તથા રાત્રે પાછા બન્ને રાજકુમારો આગલા દિવસની માફક એ જ શયનગૃહમાં સૂઇ રહ્યા; તેમના બન્ને બાહોશ બહુરૂપીઓ પણ તેમની પાસે જ સૂઇ રહ્યા; પરંતુ તેમણે ક્રમાન્વયે, એક જણાએ જાગ્રત રહેવાનો પ્રથમથી જ નિશ્ચય કરેલો હતો. રાત્રે જો કોઇના જોવામાં કશો વિચિત્ર દેખાવ આવે તો તે બીજાને બતાવવા માટે, તેને જાગ્રત કરવા એક લાકડી, શય્યાઓ વચ્ચે રાખેલી હતી. બન્ને રાજકુમારોએ પણ પોતાના બન્ને બહુરૂપીઓને એવી સૂચના કરી હતી કે રાત્રે જો કોઇ આશ્ચર્યજનક બનાવ જોવામાં આવે તો તેમણે તેમને છુપી રીતે જાગ્રત કરવા.

યથાસમયે સર્વ શય્યાવશ થયા. બન્ને રાજકુમારો ગાઢ નિદ્રાનું સુખ અનુભવવા લાગ્યા. મધ્યરાત્રિ સુધી તારાસિંહને જાગ્રત રહેવાનું હતું. ઘણા સમયથી શય્યામાં સુઈ રહીને તે પેલી ઓરડી તરફ જોઇ રહ્યો હતો. એવામાં પેલી ઓરડીમાં કોઇ વસ્તુનો ઝીણો અવાજ થયો. આ સમયે તારાસિંહ સહજ પાસું ફેરવી મ્હોંપર ઓઢેલી ઝીણી ચાદરમાંથી લક્ષ્યપૂર્વક એ ઓરડી તરફ જોવા લાગ્યો. શયનગૃહમાં સતેજ દીપકના પ્રકાશનો પૂર્ણ વિસ્તાર થઈ રહેલો હતો. ધીમે ધીમે પેલી ઓરડીનું દ્વાર ઉઘડવા લાગ્યું એટલે બન્ને શય્યા વચ્ચે પડેલી લાકડી હલાવીને તારાસિંહે તેજસિંહને જાગ્રત કર્યો, તથા પોતે જાણે ગાઢ નિદ્રાસુખ અનુભવતો હોય એવી રીતે ગંભીર નાસિકાધ્વનિ કરવા લાગ્યો. ધીમે ધીમે એ ઓરડીનું એક બારણું ખુલી ગયું, તથા એક લાવણ્યમયી અપૂર્વ રૂપસુંદરી સમાન બાળિકા બારણાપર હાથ ટેકાવીને બન્ને રાજકુમાર તરફ મુગ્ધદૃષ્ટિથી જોતી ઉભી રહી. તેજસિંહ અને તારાસિંહે ઘણી જ સાવધાનતાથી બન્ને રાજકુમારોને જાગ્રત કર્યા. ઇન્દ્રજીતસિંહનું મ્હોં તો પ્રથમથી જ એ ઓરડી તરફ હતું; પરંતુ આનન્દસિંહ તેના મ્હોં તરફ પીઠ ફેરવીને સુતેલો હોવાથી, કશો દેખાવ નજરે નહિ પડયાથી તેનું પાસું બદલવું પડયું, તથા શો આશ્ચર્યજનક બનાવ બન્યો તે હવે જ તેની નજરે પડયો. હવે એ ઓરડીનાં બન્ને બારણાં ઉઘડી ગયાં, તથા તેઓ એ લાવણ્યલતિકાના અંગનું અવલોકન કરી શકવા લાગ્યા. આ યુવતીના મનોહર સૌન્દર્યની તુલના જ થઇ શકે તેમ નહોતી.

આનો સર્જનહાર તો, લહું, હશે રૂપે રૂડો ચંદ્રમા,
કે રૂડો ફૂલવંત માસ, રસિયો શૃંગારનો કામ વા.

થી રીતે સરજી શકે વિજયના વૈરી અને વેદના,
વિજ્ઞાન જડ એ પુરાણુ મુનિ આ શ્યામા મલામોહના!
(કે. હ. ધ્રુવ.)

એ નવયુવતીના અંગનો પ્રત્યેક અવયવ અત્યંત આકર્ષક, મનોમુગ્ધકર અને નયનરંજક હતો. તેણે એક સફેદ સાડી પોતાના ગુલાબી રંગ જેવા સુંદર અંગપર પહેરેલી હતી. અનેકવિધ મૂલ્યવાન્ અલંકારો તેના સ્વાભાવિક સૌંદર્યની મોહકતામાં વૃદ્ધિ કરી રહ્યા હતા. તેનું મનોહર મુખમંડળ પ્રભાતકાળના કમળ જેવું નિષ્કલંક, ચક્ષુઓ તીવ્ર શર સમાન, અને કટી કેસરીના જેવી હતી. વાંચકબંધુઓ! શું તમે વસન્તવાયુચુંબિત અર્ધવિકસિત ગુલાબ જોયું છે? હેમંતના ઝાકળથી ભીંજાયલા સેફાલિકાનું મનોરમ સૌન્દર્ય અનુભવ્યું છે? કાળા મેઘથી છવાયલા વિસ્તૃત આકાશમાં વિજળીની તીવ્ર જ્યોતિ જોઈ છે? ખરેખર, એ સંભવિત છે કે એ સઘળું જોવાથી કદાચ તમારું મન મોહિત ન થાય પરંતુ આ નવયુવતીનું અપૂર્વ રૂપસૌન્દર્ય જોઇને તમારું મન અવશ્ય મુગ્ધ થાય જ.

માનવીમાં દિસે ક્યાંથી આવો સંભવ રૂપનો?
ન ઉઠે પૃથિવીમાંથી ભભુકો વિજ તેજનો.
(ઝવેરીલાલ.)

તેના કપોળપ્રદેશમાં એક ઘા થયેલો જોવામાં આવતો હતો તથા એ ઘા તલ્વારનો જ હોય એવો તેનો આકાર જોતાં તત્કાળ ખાત્રી થતી હતી.

ઇન્દ્રજીતસિંહ તો મનોહારિણી માયાસુંદરીને પોતાનો પ્રેમ સમર્પણ કરી ચુક્યો હતો તેથી તેના મનપર આ ત્રિભુવનમોહિનીના

સૌન્દર્યે વિશેષ અસર કરી નહિ; કિન્તુ આનન્દસિંહની સ્થિતિ ઘણી વિચિત્ર થઈ ગઈ હતી. એ મનમોહિનીએ તેના મનપર પ્રબળ અસર કરી હતી. પોતાના અંતરની ઉત્તેજના નહિ શમાવી શકાયાથી તે પલંગમાં બેઠો થઇ જઇને એ સુંદરીના સૌન્દર્યામૃતનું અધીરચિત્તે પાન કરવા લાગ્યો. આ સમયે એ નવયુવતી પણ ત્યાંથી અદૃશ્ય નહિ થતાં પ્રેમસૂચક દૃષ્ટિથી આનન્દસિંહના મુખમંડળ તરફ જોઇ રહી. આ પ્રકારના દર્શનથી સર્વને અત્યંત આશ્ચર્ય ઉપજ્યું. પેલી ઓરડીમાંથી પલાયન કરી જવાનો બીજો એકે માર્ગ નથી, એમ વિચારી આનન્દસિંહ ઉઠી એ સુંદરી તરફ જવા લાગ્યો. આવો પ્રકાર જોઇ એ સુંદરી ઓરડીમાં ચાલી ગઇ, અને ઝડપથી તેણે એ ઓરડીનાં દ્વાર બંધ કરી દીધાં.

ઈન્દ્રજીતસિંહની તબિયતમાં હવે જો કે સુધારો થયો હતો; પરંતુ હજી સુધી તેની અશક્તિ દૂર થઇ નહોતી. તેના જખમ હજી બરાબર રૂઝાયા નહોતા; તેથી હજી તેનાથી હરીફરી શકાતું નહિ. પેલી સુંદરીને અંદરથી દ્વાર બંધ કરતી જોઈને તેજસિંહ તથા તારાસિંહ બેઠા થઇ ગયા તથા ઈન્દ્રજીત પણ તકિયાને આધારે બેઠો થયો, અને આશ્ચર્ય પામીને બોલ્યો:—"એ ઓરડીમાંથી પલાયન કરી જવાનો એકકે માર્ગ નથી!"

આ સમયે આનન્દસિંહે ઓરડીનાં દ્વારપર હાથ પછાડીને કહ્યું:— "સત્વર દ્વાર ઉઘાડો. તમે શા માટે અમારો ભય રાખો છો?"

"ઓરડીમાંથી પલાયન કરી જવાનો એકકે માર્ગ નથી એટલે ઉતાવળ કરવાની શી જરૂર છે?" આનન્દસિંહને ઉદ્દેશીને ઈન્દ્રજીતે કહ્યું.

આ વાક્યો સાંભળી આનન્દસિંહ પુનઃ પોતાના પલંગમાં જઇને

બેઠા. તેજસિંહ અને તારાસિંહ પણ તેમની પાસે આવીને બેઠા ઇન્દ્રજીતકુમારના પૂછવાથી તારાસિંહે જણાવ્યું કેઃ—“ગોઠવણ કર્યા પ્રમાણે હું શય્યામાં જાગતો સૂઈ રહ્યો હતો. આપણા શયનગૃહનાં દ્વાર તો આપણે બંધ જ કરેલાં હતાં; પરંતુ એકાએક ઓરડીનો દરવાજો ઉઘડયો અને એ સુંદરી નજરે પડી!”

“ત્યારે તો એ ઓરડીમાં જ કોઈ ગુપ્ત માર્ગ આવેલો હોવો જોઇએ. તેથી એ ભેદ જાણવા માટે આપણે દ્વારને ઉતારી નાખવાં જોઇએ.” ઇન્દ્રજીતે ગંભીરતાસૂચક સ્વરે કહ્યું.

વિના વિલંબે તારાસિંહે એ ઓરડીનાં દ્વાર ઉતારી નાખ્યાં, એટલે તરત જ આનન્દસિંહે અતિશય અધીરતાથી ઓરડીમાં પ્રવેશ કર્યો. તેની સાથે તેજસિંહ અને તારાસિંહ પણ દીપક લઇને અંદર ગયા. ત્યાં કોઇ જોવામાં નહિ આવ્યાથી તેઓ સર્વ આશ્ચર્ય પામીને એટલામાં લક્ષ્યપૂર્વક તપાસ કરવા લાગ્યા. એ ઓરડીની ત્રણ બાજૂએ મજબુત દિવાલ આવેલી હતી. ફક્ત એક જ બાજૂએ દ્વાર હતું. એ ઉતારીને જ તેમણે ઓરડીમાં પ્રવેશ કર્યો હતો. માત્ર સ્હામેની દિવાલમાં લાકડાની એક આલમારી હતી તે તરફ તેમનું સર્વનું લક્ષ્ય ખેંચાયું. તેમણે વિચાર્યું કે એ આલમારીનો જ ગુપ્તદ્વાર તરીકે ઉપયોગ કરી શકાય એવી રીતે તેને ગોઠવવામાં આવેલી હોવી જોઇએ, તથા એ રસ્તેથી જ પેલી સુરસુંદરી આવેલી હોવી જોઇએ! પરંતુ વિના વિલંબે એ વિચાર ખોટો ઠર્યો; કેમ કે એ આલમારીમાં તેજસિંહે સ્વહસ્તે જ કેટલીક આવશ્યકીય વસ્તુઓ મૂકી તેને તાળું વાસેલું હતું. હમણાં પણ એ તાળું યથાસ્થિત હતું. હવે આશ્ચર્યનો પ્રકાર એ હતો કે પેલી સુંદરી આ ઓરડીમાં કેવી રીતે આવી હતી તથા તે કેવી રીતે અદૃશ્ય થઈ ગઈ? આ ભેદ જાણવાને માટે તેમણે ઘણા પ્રયત્નો કર્યા કિન્તુ

તેઓ કાંઇ જાણી શક્યા નહિ. રાત્રિનો અવશિષ્ટ સમય આ સંબંધીની વાતચિતમાં જ પસાર થઈ ગયો.

પ્રભાતકાળે રાણો વીરસિંહ, રાજવૈદ્ય અને કેટલાક અધિકારીઓ સહ ઇન્દ્રજીત પાસે આવ્યો. આ સમયે ઇન્દ્રજીતને તકિયાને અઢેલી આનન્દસિંહ સાથે વાતચિત કરતો જોઇને તેણે હર્ષાતિશયથી કહ્યું:—
"કુમાર ! આજે તો તમારી તબિયત વિશેષ સારી હોય એમ લાગે છે."

આનન્દસિંહે ઉઠી, પિતાને પ્રણામ કરી આસનપર બેસાડયા, તથા ઇન્દ્રજીતે કહ્યું:—"પિતાશ્રી, આજે જખમોમાં વિશેષ કળતર થતી નથી, અને શક્તિ પણ વિશેષ આવી છે. અમે આનન્દસિંહ સાથે એક આશ્ચર્યજનક બનાવની આલોચના કરતા હતા. એ બનાવની હકીકત અમે એકાન્તમાં આપને કહીશું"

પછીથી વૈદ્યરાજે રાજકુમાર ઇન્દ્રજીતની નાડી તથા જખમો વગેરે તપાસી યોગ્ય ઔષધોપચાર કરીને કહ્યું:—"હવે રાજકુમારમાં થોડા દિવસમાં જ હરવાફરવાની શક્તિ આવશે. તેમની પ્રકૃતિ દિનપ્રતિ-દિન સુધરતી જાય છે અને મ્હારા શ્રમની સાર્થકતા થાય છે."

ત્યાર પછી વૈદ્યરાજ અને બીજા અધિકારીઓ વીરસિંહ પાસેથી વિદાય લઇને ચાલ્યા ગયા. માત્ર તેજસિંહ અને તારાસિંહ ત્યાં રહ્યા. એકાન્ત મળતાં જ ઇન્દ્રજીતની આજ્ઞાથી તારાસિંહે રાત્રે બનેલા બનાવનું સંપૂર્ણ બ્યાન વીરસિંહ સમક્ષ કર્યું. એ બ્યાન સાંભળી તે ઘણા ગંભીર વિચારમાં લીન થઈ ગયો. આ સમાચાર જાહિરમાં ફેલાવાથી પ્રજાજનોમાં વિવિધ પ્રકારની અફવાઓ ચાલૂ ન થાય એટલા માટે હમણાં એ હકીકત કોઇને નહિ જણાવવાની વીરસિંહે સર્વને આજ્ઞા કરી, તથા આ ભેદ જોવા માટે તે દિવસે રાત્રે તેણે રાજકુમારના શયનગૃહમાં જ સજ્જ રહેવાનો નિર્ણય કર્યો. બીજી કેટલીક વાતચિત

થયા પછી વીરસિંહ અને આનન્દસિંહ રાજકાર્યો બજાવવાને ચાલ્યા ગયા. નિર્ણય કર્યા પ્રમાણે એ રાત્રે રાણો વીરસિંહ બન્ને રાજકુમારો પાસે સૂતો; પરંતુ એ રાત્રે કશો દેખાવ તેના જોવામાં આવ્યો નહિ. આવી રીતે થોડા દિવસ સુધી વીરસિંહ એ શયનગૃહમાં સૂતો; પરંતુ તેનો હેતુ સફળ થયો નહિ. અંતે એ ઓરડીનાં દ્વાર નવા મજાગરાઓ નાખી બરાબર બેસાડી દેવડાવવામાં આવ્યાં.

આવી રીતે કેટલાક દિવસો પસાર થયા પછી એક દિવસે રાત્રે વીરસિંહ, આનન્દસિંહ, ઇન્દ્રજીતસિંહ, તેજસિંહ તથા તારાસિંહ બીજા કેટલાક અધિકારીઓ સાથે વાતચિત કરતા બેઠા હતા. હવે ઇન્દ્રજીત હરીફરી શકવાને સમર્થ થયો હતો. પ્રજાજનોએ જે ધાડપાડુઓના ભય સંબંધીની અરજી કરી હતી તેમની શોધમાં પાંચ દિવસથી લક્ષ્મણસિંહ ગયો હતો. તેઓ સર્વે બેઠા બેઠા લક્ષ્મણસિંહ સંબંધીની જ વાતચિત કર્યા કરતા હતા, એવામાં લક્ષ્મણસિંહ તેમની પાસે આવી પહોંચ્યો. તેને જોઈ સર્વેએ એમજ વિચાર્યું કે તે કાર્યોદ્ધાર કરીને પાછો આવ્યો હશે. રાણા વીરસિંહે આતુરતાથી તેને પૂછ્યું:—" કેમ લક્ષ્મણસિંહ! શા સમાચાર છે?"

" મહારાજ! આપના આશીર્વાદથી આનંદજનક સમાચાર છે." લક્ષ્મણસિંહે નમન કરી નમ્રતાથી ઉત્તર આપ્યો.

આ સમયે એકાન્તની આવશ્યકતા વિચારી વીરસિંહે સઘળા અધિકારીઓને ત્યાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી. તેમના ગયા પછી લક્ષ્મણસિંહે કહ્યું:—" મહારાજ! પ્રજાજનોએ પોતાની અરજીમાં જે હકીકત લખી હતી એ સર્વાંશે સત્ય હતી. ઇશ્વરના અનુગ્રહથી પાપીઓનો પત્તો મેળવવામાં વિલંબ લાગ્યો નથી. મહારાજ! મ્હારા જેવા-

માં એવા આશ્ચર્યજનક બનાવો આવ્યા છે કે તેનું બ્યાન કેવી રીતે કરવું એ મ્હને સૂઝતું નથી!"

"અમે પણ અહીં અદ્‌ભુત દેખાવોજ જોઇએ છીએ." વીરસિંહે કહ્યું.

"કેમ, આપે શું જોયું છે તે કૃપાભાવે કહેશો?" લક્ષ્મણસિંહે આતુરતાથી પૂછ્યું.

આ સમયે ઇન્દ્રજીતે લક્ષ્મણસિંહની હકીકત પ્રથમ સાંભળવાની ઇચ્છા દર્શાવી એટલે તેણે પોતાના ખિસ્સામાંથી એક કાગળ બ્હાર કાઢીને કહ્યું:—" જુઓ મહારાજ! અહીંથી ગયા પછી રામશિલાના ટેકરા પાસેથી જે રસ્તો જાય છે ત્યાં મ્હેં એવા ભાવાર્થનો પત્ર લખીને ચોંટાડયો કે, 'જે માણસ દીવાન અગ્નિદત્તની વિરુદ્ધ થાય છે તેનું મસ્તક તમે કાપી નાખો છો અને તમારી ઇચ્છામાં આવે તેનું ઘર તમે લૂંટી લ્યો છો એ હું સારી રીતે જાણું છું. આથી હું તમને સૂચના કરૂંછું કે, દીવાન અગ્નિદત્તનો મ્હારા જેવો કટ્ટો શત્રુ સમસ્ત સંસારમાં બીજો એક પણ નથી; વળી આખા ગયા રાજ્યમાં મ્હારા જેવો ધનવાન્ પણ બીજો એકે પુરુષ નથી. વળી મ્હારા પક્ષમાં હું એકલો છું; છતાં તમે સર્વે મ્હને શું કરી શકો તેમ છો એ જાણવાની મ્હારી ઉત્કટ ઇચ્છા છે.' આવા બીજા પણ કેટલાક ઉપાય મ્હેં શત્રુઓનો પત્તો મેળવવાને અજમાવ્યા; પરંતુ મ્હારો એકે ઉપાય સફળ થયો નહિ. રસ્તે જનાર આવનાર પ્રત્યેક માણસ મ્હારો ચોંટાડેલો એ પત્ર વાંચતું હતું. એ ટેકરાથી થોડે દૂર એક સ્થળે છુપાઇને હું એ સઘળો પ્રકાર જોયા કરતો હતો. એક વખત બે પુરુષો સાથે આવ્યા. તેઓ મ્હારો એ પત્ર વાંચી, મુછોના આંકડા આમળતા આમળતા મલકાઇ જઇને નગર તરફ ગયા. જ્હાંજે તેઓ નગરમાંથી પાછા આવ્યા. પુનઃ

તેઓ મ્હારો પત્ર વાંચી ડોકું ધુણાવતા ટેકરાની તળેટીએ જ ચાલ્યા. બીજાઓ કરતાં એ બન્ને પુરુષોના મનપર મ્હારા પત્રની વિશેષ અસર થઈ છે એમ વિચારી તેમનો પત્તો મેળવાના ઉદ્દેશથી, ઘણી જ સાવધાનતાથી હું પણ તેમની પાછળ પાછળ જવા લાગ્યો. કુંચરની તળેટીમાં થોડો માર્ગ કાપ્યાં પછી તેઓ એક ગુફામાં ગયા. ત્યાં તેમના બીજા બાર સાથીદારો બેઠેલા હતા. વળી એ પિશાચમંડળમાં એક સુંદરી પણ હતી. એ સુંદરીના રૂપસૌન્દર્યનું વર્ણન હું આપના સમક્ષ કરી શકવાને સર્વાંશે અસમર્થ છું. પ્રથમ તો મ્હને એમજ લાગ્યું કે, એ રમણી એ લૂંટારાઓમાંથી કોઈની પુત્રી હશે; કેમ કે તેની ઉમ્મર ઘણી ન્હાની હતી; પરંતુ મ્હારો એ વિચાર થોડા કાળમાં જ બદલાઈ ગયો. એ સુંદરીને લૂંટારાઓપર હુકમ ચલાવતી જોઇ, તે તેમની અધીશ્વરી હોય એવી કલ્પના તત્કાળ મ્હારા અંતરમાં ઉપજી, રત્નમાણિક્યાદિના અલંકારો તેના અંગની અનુપમ શોભામાં વૃદ્ધિ કરી રહ્યા હતા. તેના કપાળમાં એક મ્હોટા જખ્મની નિશાની જોવામાં આવતી હતી !"

આ હકીકત સાંભળવામાં આવતાં ઇન્દ્રજીત, આનન્દસિંહ, તેજસિંહ અને તારાસિંહ આશ્ચર્યચકિત બની ગયા. આનન્દસિંહથી આત્મસંવરણ નહિ થઇ શક્યાથી તેણે કહ્યું:—' હા હા–બરાબર એજ રૂપસુંદરીને અમે અત્રે જોઈ છે !"

તેજસિંહ અને તારાસિંહે પણ આ મતને પુષ્ટિ આપી; તેથી રાણા વીરસિંહે આશ્ચર્ય પામીને કહ્યું:—" ત્યારે તો એથી આપણું આશ્ચર્ય વૃદ્ધિંગત થાય છે. અહીં તો તે આપણા તરફ સ્નેહભાવથી આપણને દર્શન આપે છે અને બીજી તરફથી તે આપણા શત્રુઓની અધીશ્વરીનું કાર્ય કરે છે ! "

લક્ષ્મણસિંહના આશ્ચર્યની પણ સીમા રહી નહોતી. અંતે એ સુંદરી સંબંધીની સઘળી હકીકતનું તારાસિંહે વર્ણન કર્યું. સઘળી હકીકત સાંભળી થોડા સમય સુધી મૌન ધારણ કર્યા પછી લક્ષ્મણસિંહે કહ્યું:– " લૂંટારાઓ સાથે મ્હેં જે રૂપસુંદરીને જોઈ છે એણે જ તમને દર્શન દીધું હોય એમ હું માની શકતો નથી. મ્હારો એ સંશય દૂર કરવા માટે આજે હું તેજસિંહને એ સુંદરી પાસે લઈ જાઉં છું. દરરોજ રાત્રે લૂંટારાઓ પોતાની લૂંટનો માલ એ સ્થળે જ રાખે છે એમ હું તેમની વાતચિતપરથી જાણી શક્યો છું; તેથી આજે અમે તેમની બરાબર તપાસ કરીશું, અને પછી યોગ્ય લાગશે તો આવતી કાલે તેમને પકડવાનો બંદોબસ્ત કરીશું. "

લક્ષ્મણસિંહનો આ વિચાર સર્વને પસંદ પડ્યો; તેથી તરતજ લક્ષ્મણસિંહ અને તેજસિંહ ત્યાંથી વિદાય થઈ ગયા, અને નગર બ્હાર બે એક ગાઉના અંતરે આવેલા ડુંગરનો આડો અવળો વળાણનો માર્ગ વટાવી તથા કેટલાક ખડકો ચઢી ઉતરી એક પ્રહરરાત્રે તેઓ એ લૂંટારાઓની ગુફા પાસે જઇ પહોંચ્યા. આ ગુફાની બાજૂમાં એક બે માણસો બેસી શકે એવી એક ન્હાની ગુફા આવેલી હતી. એ ગુફાના પત્થરોની ફાટમાંથી પેલી મ્હોટી ગુફામાં, લૂંટારાઓ જે જે કાર્ય કરતા તે સહેલાઈથી જોઈ શકાતું હતું. લક્ષ્મણસિંહ અને તેજસિંહ એ ન્હાની ગુફામાં બેસી લૂંટારાઓના કાર્યવ્યવસાયનું દર્શન કરવા લાગ્યા. આ સમયે પણ પેલી રૂપસુંદરી રૂઆબમાં જ એક આસનપર બેઠેલી હતી. તેની બન્ને બાજૂએ જમીનપર સઘળા લૂંટારાઓ બેઠેલા હતા. લક્ષ્મણસિંહ અને તેજસિંહ દૂર બેઠેલા હોવાથી તેઓ એ પિશાચમંડળમાં ચાલતી વાતચિતજો કે સાંભળી શક્યા નહોતા; પરંતુ પત્થરોની મ્હોટી ફાટમાંથી તેમનાં મુખ, હાવભાવ, સંકેત આદિ સર્વે જોઈ શકાતું હતું. તેજસિંહ પેલી રૂપસુંદરીને જોતાંની સાથે જ પિછાની ગયો કે, ઈન્દ્રજીતસિંહના શયન-

ગૃહમાં દર્શન દેનાર રૂપસુંદરી એજ હતી. આજે તેણે જો કે તે દિવસના જેવા પોષાક અને અલંકારો પહેરેલા નહોતા; છતાં તેની મનોહારિણી મુખમુદ્રામાં બિલ્કુલ ફેર જણાતો નહોતો. લગભગ બે કલાક સુધી લૂંટારાઓની વાતચિત ચાલી. એ સમય દરમ્યાન તેમણે પોતાની અધીશ્વરી સમક્ષ બે ત્રણ વખત હાથ જોડીને કશી વિનંતિ પણ કરી. એ વિનંતિના ઉત્તરમાં રૂપસુંદરીએ પોતાનું માથું ધુણાવેલું હોવાથી તેણે પોતાના અનુચરોથી વિનંતિ સ્વીકારી નહોતી એમ સ્પષ્ટ સમજી શકાતું હતું. થોડા સમયમાં જ ત્યાં બીજી એક ખૂબસુરત યુવતી આવી પ્હોંચી. તેનો શ્વાસ પ્રશ્વાસ ત્વરાથી ચાલતો હોવાથી તથા તેની છાતી ધબકતી હોવાથી તે ઘણે દૂરથી આવી હોય એવું અનુમાન થતું હતું. આ નવી આવેલી યુવતીએ પેલી સુંદરીના કાનમાં કશી હકીકત કહી, જે સાંભળવામાં આવતાં તેનું મ્હોં લાલચોળ બની ગયું. તેને અત્યંત ક્રોધ ઉપજ્યો. તેનું સર્વાંગ ક્રોધની વિશેષતાથી કંપી ઉઠ્યું. વિના વિલંબે પોતાની પાસે પડેલી તલ્વારને ઉચકી લઈ પેલી નવી આવેલી યુવતી સાથે તે ગુફાની બ્હાર નીકળી પડી.

એ બન્ને સુંદરીઓને એકાએક પોતાની પાસેથી ચાલી જતી જોઇને સઘળા લૂંટારાઓ એક બીજાના મ્હોં તરફ જોઇ રહ્યા; પરંતુ પોતાની અધીશ્વરીને એક પણ પ્રશ્ન પૂછવાનું સાહસ તેઓ કરી શક્યા નહિ. સઘળા લૂંટારાઓ તેમની રાહ જોઇ લગભગ બે કલાક સુધી એ સ્થળે બેસી રહ્યા; પરંતુ પોતાની અધીશ્વરીનું પુનરાગમન નહિ થવાથી તેઓ વિરક્ત બની જઈ ગુફાની બ્હાર નીકળી પડ્યા. લક્ષ્મણસિંહ અને તેજસિંહ પણ ન્હાની ગુફામાંથી બ્હાર નીકળી રાજધાની તરફ વિદાય થઇ ગયા. જ્યારે તેઓ રાજમહાલયમાં જઈ પહોંચ્યા ત્યારે પ્રભાતકાળના પ્રકાશનો વસુંધરાપર વિસ્તાર થયો હતો.

પ્રકરણ ૬ ઠું.

શત્રુઓની અધીશ્વરી કે પ્રાણેશ્વરી ? !

બીજી તરફ રાજકુમાર ઇન્દ્રજીતસિંહ માયાસુંદરીને પોતાનો પ્રેમ અર્પણ કરી ચુકયો હતો. હમણાં માયાસુંદરીના વિયોગની વ્યથા તેના અંતરાત્માને અત્યંત વ્યથિત કરી નાખતી હતી. માયાસુંદરીપર કેવાં સંકટો ગુજરતાં હશે, હમણાં તે ક્યાં કેવી સ્થિતિમાં હશે તથા પોતાની સાથે તેનું કયારે મિલન થશે વગેરે વિચારોથી તે બેચેન બની ગયો હતો; છતાં પૂર્ણ આરોગ્યતા પ્રાપ્ત થયા સિવાય તે તેની શોધ કરવા જઇ શકે તેમ નહોતો. પોતાની બિમારીમાં તેજસિંહના મુખે માયા-સુંદરી સંબંધીની કેટલીક હકીકત તે જાણી શકયો હતો. પોતાની પ્રિયતમાને દુષ્ટ અગ્નિદત્ત ઉપાડી ગયો છે એ હકીકત જાણવામાં આવતાં તે ઘણો દુઃખી થયો; પરંતુ નારંગી, કિશોરી અને બદ્રીનાથ એને અગ્નિદત્તના પંઝામાંથી છોડાવવાનો પ્રયત્ન કરે છે એવું જાણી તે સહજ સ્વસ્થ થયો. માયાસુંદરીને પોતાને જ સમર્પણ કરવાનો પિતાનો વિચાર છે એ પ્રકાર જ્યારથી રાજકુમાર ઇન્દ્રજીતના જાણવામાં આવ્યો હતો ત્યારથી તેનો અંતરાત્મા આનંદિત થયો હતો. એક તરફથી ઇન્દ્રજીત આવી રીતે પ્રેમસાગરમાં નિમજ્જિત થઈ ગયો હતો ત્યારે બીજી તરફથી રાજકુમાર આનન્દસિંહ હવે સ્નેહસાગરમાં ઝીંપલાવવાને તત્પર થયો હતો. શયનગૃહમાં જે રૂપસુંદરીએ તેને દર્શન દીધું હતું એ મનોહારિણી રતિસ્વરૂપિણી નવયુવતીની મૂર્તિ તેના હૃદયમંદિરમાં અધિષ્ઠિત થઇ હતી. વારંવાર તે એ રૂપસુંદરીનું સ્મરણ કર્યા કરતો હતો; પરંતુ તે પોતાનાથી વિરુદ્ધ પક્ષના લુંટારાઓની અધીશ્વરી છે એવો વિચાર જ્યારે તેના

અંતરમાં ઉપજતો હતો ત્યારે થોડા સમય માટે તેનો આંતર્ભાવ ફેરવાઈ જતો હતો. તે વિચારતો હતો કે, " જો એ ત્રિભુવનમોહિની અમારા વિરુદ્ધ પક્ષની અધીશ્વરી હોત તો તે કદાપિ હાસ્યમુખે અમને દર્શન દેત નહિ; જ્યારે અમે નિદ્રાધીન થઈ ગયા હતા અને તે પુષ્પગુચ્છો નાખી ગઈ હતી ત્યારે જ તેણે સહેલાઇથી અમારો સર્વનો સંહાર કરી નાખ્યો હોત ! " પરંતુ વળી અલ્પકાળ પછી પાછો એવો વિચાર ઉપજતો હતો કે, " જ્યારે તે અમારી શત્રુ નથી ત્યારે પછી તેણે અમારા શત્રુઓની સરદારી કેમ સ્વીકારી છે ? આ ઘણો આશ્ચર્યજનક પ્રકાર હોય એમજ મ્હને લાગે છે !" આવા આવા ઘણા વિચારો આનન્દસિંહના મનમાં ઘોળાતા હતા. વળી રાજા વીરસિંહના અંતરમાં તો એવો ભય ઉપજ્યો હતો કે, જે રસ્તેથી એ રૂપસુંદરી રાજકુમારના શયનગૃહમાં આવે છે એજ રસ્તેથી જો તેના શયતાન અનુચરો આવી કાંઇ ઉત્પાત કરશે તો શું થશે ? આવી આશંકા હોવાથી તેણે મહેલમાં સખ્ત પહેરો રાખ્યો હતો, તથા હજી સુધી ઇન્દ્રજીતને સંપૂર્ણ આરોગ્ય પ્રાપ્ત નહિ થયેલું હોવાથી તેણે પણ ઇન્દ્રજીતના શયનગૃહમાં સુઇ રહેવાની વ્યવસ્થા કરી હતી.

એક દિવસે પેલી ભેદભરેલી ઓરડીને બંધ કર્યા સિવાય તેનાં દ્વાર પાસે જ પલંગ નખાવીને વીરસિંહ સુઇ રહ્યો. આજે સમસ્ત રાત્રિ જાગતા રહેવાનો જ તેણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો હતો. આ નિશ્ચયાનુસાર મધ્યરાત્રિ સુધી તે જાગ્રત રહ્યો; પરંતુ એ સમય દરમ્યાન કશો દેખાવ તેના જોવામાં આવ્યો નહિ; પછીથી પોતાનાથી નિદ્રાધીન ન થઇ જવાય એટલા માટે પલંગમાંથી ઉઠી તે શયનગૃહમાં આંટા મારવા લાગ્યો. આવા કાર્યક્રમમાં એક કલાક જેટલો સમય વીતી ગયો. ત્યાર પછી પેલી ઓરડીમાં સહજ ખડખડાટ થતો સંભળાયાથી જેવો તે

સાવધાન બની જઈ પોતાની તલ્વાર લેવા જતો હતો કે તરત જ એ ખડખડાટ સાંભળી જાગ્રત થયેલો તારાસિંહ હાથમાં ખંજર લઇ વીરસિંહ પાસે ઉભો રહ્યો. થોડા સમય પછી ઓરડીનાં દ્વાર અંદરથી જાણે કે કોઇએ બંધ કરી દીધાં હોય તેવો સાંકળનો અવાજ સાંભળવામાં આવ્યો. પછી અંદર ચાર પાંચ માણસો જોરથી કુદી રહ્યાં હોય એવી ધમાધમીનો અવાજ સંભળાયો.

રાણા વીરસિંહે ઓરડી પાસે જઇ બારણાંને ધક્કો માર્યો; પરંતુ બારણાં અંદરથી બંધ થઇ ગયેલાં હોવાથી તે ઉઘાડી શકાયાં નહિ; તેથી તેઓ સર્વે બ્હાર ઉભા રહી અંદર થતો અવાજ સાંભળવા લાગ્યા. હવે એ પગની ધમાધમનો અવાજ વિશેષ જોર શોરથી સંભળાવા લાગ્યો. આ સમયે ઇન્દ્રજીત અને આનન્દસિંહ જાગ્રત થઇ ઓરડીનાં બંધ બારણાં પાસે જઇને ઉભા રહ્યા. અંદર થતી ધમાધમ ઉપરથી એ માણસો એક બીજાં સાથે લઢતાં હોય એવી કલ્પના ઉપજતી હતી. આ કલ્પના અલ્પ કાળમાં જ સાચી ઠરી; કેમ કે થોડો સમય વીતતાં અંદર તલ્વારોની અથડા અથડી થતી હોય એવો ભીષણ ધ્વનિ કર્ણગોચર થયો. અંદર ચાલતો પ્રકાર શો છે એ જાણવા માટે આનન્દસિંહ અત્યંત અધીરો બની ગયો હતો; પરંતુ પિતાની હાજરીમાં નિરુપાયે તેને આત્મસંવરણ કરવું પડયું હતું. વળી પાછો અંદર ચાલતી લઢાઇનો અવાજ ઘણો વધી ગયો, અને વિના વિલંબે શાન્ત પણ થઈ ગયો. રાત્રિના હવે બે કલાક જેટલો સમય બાકી રહ્યો હતો. વીરસિંહ, રાજકુમારો વગેરે એ ઓરડીનાં દ્વાર પાસે જ ઉભા રહ્યા હતા; એવામાં તેજસિંહ અને લક્ષ્મણસિંહ ત્યાં આવી પહોંચ્યા, અને તેઓ બન્ને આ સર્વેને ઓરડીનાં દ્વાર પાસે ઉભા રહેલા જોઈ આશ્ચર્ય-

ચકિત બની ગયા. તેમને જોઇ અધીરતાથી વીરસિંહે પૂછ્યું:–કેમ, શી હકીકત જાણવામાં આવી છે ?"

"મહારાજ ! જે રૂપસુંદરીએ આ શયનગૃહમાં અમને દર્શન દીધું હતું એજ રૂપસુંદરી એ હતી. વળી તેની સાથે બીજી એક નવયુવતીને પણ અમે જોઇ છે." આમ કહીને તેજસિંહે પોતે જોયેલી સઘળી હકીકત કહી સંભળાવી. ત્યાર પછી લક્ષ્મણસિંહના પૂછવાથી આજે ઓરડીમાં થયેલી ધમાધમની હકીકત તારાસિંહે કહી સંભળાવી. તત્પશ્ચાત્ રાણા વીરસિંહે કહ્યું:—"અમે પણ તમે આવો એટલે દ્વાર ઉઘાડીએ એમ વિચારી તમારી જોતા હતા. હવે દ્વાર ઉઘાડવામાં વિલંબ કરવાની બિલકુલ જરૂર નથી."

વિના વિલંબે ઓરડીનાં દ્વાર ઉઘાડવામાં આવ્યાં. સર્વથી આગળ હાથમાં દીપક લઇને લક્ષ્મણસિંહે અંદર પ્રવેશ કર્યો, તથા અંદરનો ભયાનક દેખાવ જોઈ ચમકીને તે બોલી ઉઠયો;—"અરેરે ! અહીં તો ખૂનરેજી થઈ ગયેલી દેખાય છે."

રાણો વીરસિંહ, ઇન્દ્રજીત, આનન્દસિંહ, તેજસિંહ અને તારાસિંહ એ ઓરડીમાં પ્રવેશ કરી ત્યાંનો દેખાવ જોવા લાગ્યા.

એ ઓરડીમાં જે ગાલિચો બિછાવવામાં આવ્યો હતો તે કેટલાંક માણસોની કૂદાકૂદથી એકઠો થઇ ગયો હતો, તેમજ લોહીથી ભીંજાઈ ગયો હતો. દિવાલપર પણ લોહીના કેટલાક છાંટા પડેલા જોવામાં આવતા હતા અને તલ્વારો પછડાયાની નિશાનીઓ પણ નજરે પડતી હતી. ત્યાં એક માણસનો મૃતદેહ પડયો હતો; પરંતુ તેનું મસ્તક ગૂમ થયેલું હોવાથી તેને ઓળખી શકવાનું કાર્ય મુશ્કેલ હતું. તેની કમરપર વસ્ત્રમાં માત્ર એક લંગોટ જ હતો. તે સિવાય તેનું સર્વાંગ

સર્વથા નગ્ન જ હતું. તેના શરીરે તેણે તેલનું માલિસ કર્યું હોય એમ લાગતું હતું. તેના જમણા હાથમાં તલ્વાર હતી; પરંતુ એ હાથનો ઘણોખરો ભાગ છિન્ન વિચ્છિન્ન થઈ ગયેલો હતો. આ કરતાં વિશેષ ભયંકર બીજી પણ એક વસ્તુ તેમના જોવામાં આવી.

જમણા હાથનું એક માણસનું કાંડું કપાઈ ગયેલું હોઈ તેમાં એક તીક્ષ્ણ ધારવાળી કટાર હજી સુધી હતી. આનન્દસિંહે સત્વર એ હાથને ઉઠાવી લીધો. એ કાંડું કોઈ લાવણ્યમયી લલનાનું હોય એમ જ સર્વને લાગ્યું ! તેના કાંડામાં હજી સુધી રત્નજડિત કંકણ હતું. તે સિવાય બીજા એવાં ચાર પાંચ કંકણો પૃથિવીપર પડી રહેલાં નજરે પડતાં હતાં. એ કાંડું જોઈ સર્વનો આત્મા અત્યંત વ્યથિત થયો. સર્વના અંતરમાં, આ ઓરડીમાં દર્શન દેનાર પેલી રૂપસુંદરીનું સ્મરણ થયું. જો કે એ રૂપસુંદરીએ આ સર્વ લોકોને વ્યાકુળ બનાવી દીધા હતા; પરંતુ તેની મનોહર મુખમુદ્રાએ સર્વના અંતરપર આધિપત્ય બેસાડી દીધું હતું. આનન્દસિંહ તો એ મોહિનીનું પ્રત્યેક ક્ષણે સ્મરણ, ચિંત્વન અને મનન કર્યા કરતો હતો; તેથી વિશેષ ચિંતા તેને જ થયા કરતી હતી. કોમળાંગી કામિનીનું કાંડું નજરે પડતાં જ તેનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઈ આવ્યું હતું. તેને જે વેદના થતી હતી તેનું યથાર્થ વર્ણન માત્ર શબ્દોથી થઈ શકતું સર્વથા અસંભવ છે. પિતાજીની હાજરીમા પોતાની મર્મવ્યથા જાહિર થવા દેવી ઉચિત નથી એમ વિચારી ઘણા કષ્ટે તેણે આત્મસંવરણ કર્યું.

વાંચકબંધુઓ ! આ રૂપસુંદરી સંબંધી હજી ઘણી હકીકત આપણે જાણવાની છે; પરંતુ એનો સઘળો ભેદ ખુલ્લો થઈ જાય નહિ ત્યાં સુધી આપણે તેને રૂપસુંદરીના નામથી જ ઓળખીશું. રાણા વીરસિંહ તથા તેના બહુરૂપીઓએ, આટલા સમય દરમ્યાન રાજમહા-

લયમાં જે અદ્ભુત ભેદ ભરેલા બનાવો બન્યા હતા એ સઘળા બનાવોની હકીકત ગુપ્ત રાખવાના ઘણા પ્રયત્નો કર્યા હતા; પરંતુ એ હકીકત ગુપ્ત રહી શકી નહિ. સમસ્ત નગરમાં વિવિધ પ્રકારની લોકવાયકા ચાલૂ થઈ ગઈ. કોઈ એમ કહેતું કે, 'રાજમહાલયમાં દેવ અને અપ્સરાઓ દર્શન દેવાં લાગી છે.' તો કોઇ એમ કહેતું કે, ગયા રાજ્યના પૂર્વાધિકારીઓ પ્રેતપિશાચો અને બ્રહ્મરાક્ષસનું સ્વરૂપ ધારણ કરી મહારાજાને દુ:ખી કરવા લાગ્યા છે.' કોઈ એવો મત દર્શાવતું કે, 'દીવાન અગ્નિદત્તના સાથીદારોએ જ રાજમહાલયમાં આવું ભયંકર ધાંધળ કરવા માંડયું છે.' આવી આવી અનેકવિધ લોકવાયકા સર્વત્ર સાંભળવામાં આવતી હતી. ઓરડીમાંથી મળી આવેલા મૃતદેહને ઉપડાવીને લક્ષ્મણસિંહે રાણા વીરસિંહની આજ્ઞાથી નગરના મુખ્ય રસ્તાપર આવેલા એક વિસ્તૃત મયદાનમાં એક સ્થંભ સાથે બંધાવી. એ સ્થળે એક દાંડી પીટનારને બેસાડીને તેને એવું જાહિર કરવાની આજ્ઞા કરવામાં આવી કે, 'દીવાન અગ્નિદત્તના પક્ષના જે હુમલાખોરો ગયા રાજ્યની પ્રજાને હેરાન કરે છે તેઓને મહારાણીજીએ કેદ પકડયા છે તથા તેમનો વિનાશ કરવામાં આવે છે. આજે શત્રુપક્ષના આ એક હુમલાખોરને મારી નાખી તેના જ મૃતદેહને અત્રે લટકાવવામાં આવ્યો છે." આવા પ્રકારની હકીકત જાહિર થયાથી લોકોમાં ઉડતી અફવાઓ શાન્ત થઇ ગઈ.

સૂર્ય ભગવાન્ પશ્ચિમાકાશમાં ઉતરી પડયા હતા; છતાં સંધ્યાકાળ ઉપસ્થિત થવાને હજી લગભગ કલાકેકનો વિલંબ હતો. આ સમયે રાજમહાલયના બગીચામાં ઇન્દ્રજીત અને આનન્દસિંહ ફર્યા કરતા હતા. વાયુમાં હજી ઉષ્ણતાનો અનુભવ થતો હતો. બગીચામાં વિકસિત થયેલાં પુષ્પોના દર્શનથી તેમજ મધુર પંખીઓનો ગીતધ્વનિ સાંભળ-

જાથી બન્ને રાજકુમારોનું વ્યાકુળ મન શાન્ત થતું નહોતું. બાગમાંની સઘળી ચિત્તરંજક વસ્તુઓ અત્યારે તેમના બન્નેના અંતરને વિશેષ વ્યથિત બનાવી દેતી હતી. બન્ને ભાઇ ઘણા સમયથી બગીચામાં ફર્યા કરતા હતા; પરંતુ એકબીજાને એકબીજાની સાથે પ્રફુલ્લ મુખે વાતચિત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નહિ; કેમ કે, બન્નેના અંતરમાં પ્રેમની વ્યથા ઉપજી હતી. તેઓ બન્ને પોતપોતાની પ્રિયતમાના જ વિચારો કરવામાં લીન બની ગયા હતા. બન્ને રાજકુમારોએ પોતાના અંતરમાં ઉછળતા એ પ્રણયતરંગોને શાન્ત કરવાનો ઘણો પ્રયત્ન કર્યો; કિન્તુ તેમનાથી તેમ બની શક્યું નહિ. અંતે ફરતા ફરતા તેઓ બગીચાના દક્ષિણે રાજમહાલય સાથે સંલગ્ન થયેલી દિવાલ પાસે જઇ પહોંચ્યા; ત્યાં રાણો વીરસિંહ કેટલાક દરબારીઓ સાથે વાતચિત કરતો બેઠો હતો. લક્ષ્મણસિંહ પણ ત્યાં બેઠેલો હોઇ કવચિત્ ભૂતકાળમાં બનેલા બનાવનું સ્મરણ કરાવી નિર્દોષ વિનોદ કરતો હતો. બન્ને રાજકુમારો તેમની સર્વેની પાસે જઇને બેઠા એટલે વાતચિતનો પ્રવાહ પલટાયો. આડીઅવળી વાત કાઢીને રાણા વીરસિંહે કહ્યું;—"બસ, હવે તો રામગઢ જવાની જ મ્હારી ઇચ્છા છે; પરંતુ અત્રે જે અદ્ભુત ભેદ ભરેલા બનાવો જોવામાં આવ્યા છે તેથી મ્હારા ગયા પછી અહીં કાંઇ નવાજુની થાય તો શું કરવું એવી મ્હારા મનમાં ચિંતા રહે છે."

"પિતાશ્રી! એ માટે આપ સર્વથા નિશ્ચિંત રહો! આવાં સામાન્ય તો શું પરંતુ અનેક મહાન્ સંકટો સ્હામે ઝઝુમવા જેટલી શક્તિ ઇશ્વરકૃપાથી અમારામાં છે." ઇન્દ્રજીતે સાહસનું દર્શન કરાવ્યું.

"ઇન્દ્રજીતકુમાર અહીં રહે એમાં તમારો શો મત છે?" વીરસિંહે લક્ષ્મણસિંહને ઉદ્દેશીને પૂછ્યું.

"મહારાજ! એમાં કશી અડચણ નથી." લક્ષ્મણસિંહે ઉત્તર આપ્યો.

"ત્યારે તમે પોતે ક્યાં રહેવાનો વિચાર રાખો છો ?" વીરસિંહે પૂછ્યું.

"મહારાજ! હું તો આપની સાથે જ આવીશ. અહીં બન્ને રાજકુમારો સાથે તેજસિંહ અને તારાસિંહ રહેશે એટલે પછી ચિંતા નથી." લક્ષ્મણસિંહે પોતાનો વિચાર દર્શાવ્યો.

"રાજેન્દ્ર! જો આ બાળકને આપ આજ્ઞા આપતા હો તો અત્રે બનેલા સઘળા બનાવોનો ભેદ હું આજે જ ખુલ્લો કરી આપની ચિંતા દૂર કરું ?" તેજસિંહે પોતાના બન્ને હાથ જોડીને કહ્યું.

"ના ના—એટલી બધી ઉતાવળ કરવાની જરૂર નથી. તમારી બહાદુરી અને હિમ્મત માટે મ્હારી સંપૂર્ણ ખાત્રી છે." આમ કહીને વીરસિંહે લક્ષ્મણસિંહને સંબોધીને કહ્યું:—"ત્યારે આજનો દિવસ મંગળજનક હોવાથી આપણે આજે જ રામગઢ તરફ વિદાય થઇએ. તમે સત્વર આપણા પ્રવાસની વ્યવસ્થા કરો."

તરત જ લક્ષ્મણસિંહ ત્યાંથી ચાલ્યો ગયો અને જોતજોતાંમાં તેણે પ્રવાસનો સઘળો બંદોબસ્ત કરી નાખ્યો. રાણાએ એકાએક રામગઢ જવાનો વિચાર કર્યો તેથી રાજકુમારો કિંવા દરબારીઓને વિશેષ આશ્ચર્ય ઉપજ્યું નાહ. તેમને એમજ લાગ્યું કે, આમ કરવામાં પણ રાણા વીરસિંહનો કશો ગુપ્ત ઉદ્દેશ હશે. એ ઉદ્દેશ જાણવાને તેઓ અસમર્થ હતા. રાણા વીરસિંહના વિચારો જાણી લેવા એ કાંઈ સામાન્ય કાર્ય નહોતું.

બે ઘડી રાત્રિ વીતી એટલે રાણા વીરસિંહે રામગઢ તરફ કૂચ કરી. લક્ષ્મણસિંહ પણ તેની સાથે ગયો. હવે ઇન્દ્રજીતસિંહ અને આનન્દસિંહ ગયા રાજ્યમાં સ્વતંત્ર થયા. ઇન્દ્રજીતસિંહને સંપૂર્ણ આરોગ્યપ્રાપ્તિ થયેલી હોવાથી તેણે પોતાના માટે બીજા શયનગૃહની વ્યવસ્થા કરી. પ્રથમના શયનગૃહમાં આનન્દસિંહના શયનની વ્યવસ્થા થઈ. ઇન્દ્રજીતનું શયનગૃહ પણ એ શયનગૃહથી કાંઈ વિશેષ દૂર નહોતું.

પ્રકરણ ૭ મું.

મહાત્માની મુલાકાત તથા કળાવતીનો આત્મઘાત.

મધ્યરાત્રિ કરતાં વિશેષ સમય વ્યતીત થઇ ગયો હતો. ગયા રાજ્યનાં સકળ પ્રજાજનો શાન્તિદાયિની નિદ્રાદેવીનું સુખ અનુભવતાં હતાં. ચોતરફ ગાઢ અંધકારનું સામ્રાજ્ય સ્થાપિત થઇ ગયું હતું. આવા સમયે આપણને ગયાજીમાં રામશિલા નામે ઓળખાતા પહાડની તળેટીમાં જવાની ઘણી જરૂર છે. એ ભાગમાં આવેલાં મકાનો કાચી બાંધણીનાં હતાં. હમણાં એ ભાગમાંથી બે માણસો પોતાના અંગપર કાળી ચાદર ઓઢી ફલ્ગુ નદી તરફ જવા લાગ્યા. રામશિલાના પહાડ કિંવા ટેકરાની પૂર્વ દિશા તરફ ફલ્ગુ નદીના મધ્યભાગમાં એક ભયાનક પહાડ આવેલો હતો. એ પહાડપર કોઈ મહાત્મા પુરુષની સમાધિ હતી. તેની પાસે એક પાષાણનિર્મિત ન્હાના મકાનમાં એક સાધુ રહેતો હતો. આ સમાધિ અને મકાનની આજૂ બાજૂ વિવિધ વૃક્ષોની ગાઢી ઘટા થઇ રહેલી હતી. એ સ્થળે જમીનપર એટલાં બધા ઝાડકાં પડી રહેલાં હતાં કે, તેનાપર જો ચાલવામાં ન આવે તો એ સમાધિ તથા સાધુના મકાન પાસે જઈ શકાય નહિ. ત્યાં ન્હાની મ્હોટી ઘણી ખોપરીઓ આમ તેમ પડી રહેલી હતી. ઉપર જણાવેલા બે માણસો આ પહાડ તરફ જ જતા હતા. થોડા કાળમાં જ સાધુના મકાન પાસે જઇ પહોંચીને તેઓમાંના એક જણે બંધ બારણાંની સાંકળ ખખડાવી; તે સાથે જ મકાનમાંથી કોઇએ પ્રશ્ન કર્યો:—

"કોણ છે ?"

"સત્વર દ્વાર ઉઘાડો." એક માણસે કહ્યું.

" અત્યારે એવું તે શું અગત્યનું કાર્ય છે કે જેથી તમે મ્હારા વિશ્રામકાર્યમાં બાધા કરો છો ? " અંદરથી પ્રશ્ન થયો.

" કાર્ય સિવાય અમે અહીં સુધી આવવાનું આવી મધ્યરાત્રે કષ્ટ વેઠયું હશે કે ? " બહારથી એક જણાએ આ વાક્ય ઉચ્ચાર્યું એટલે એક સાધુએ દ્વાર ઉઘાડી માથું બ્હાર કાઢીને કહ્યું:—" પ્રયોજન સિવાય તમે મ્હને દુઃખી કરો છો. " આમ કહીને સાધુ અંદર ગયો એટલે બન્ને માણસોએ પણ મકાનમાં પ્રવેશ કરી પોતાના શરીરપરની કાળી ચાદરો કાઢી નાખી તો તેઓ અબળાઓ જ હતી એમ માલૂમ પડયું. એ બન્ને સુંદરીઓમાંની એકનું જમણા હાથનું કાંડું કપાઇ ગયેલું હતું. તેણે એ સ્થળે પાટો બાંધી રાખેલો હતો. એ બન્ને સુંદરીઓમાંની એક તો ગુપચુપ બેસી રહી પરંતુ જે યુવતીનું કાંડું કપાઈ ગયું હતું તેણે સાધુ સાથે વાતચિત કરવા માંડી:—

" મહારાજ ! કહો જોઇએ હવે આપનો શો વિચાર છે ?"

" જે કાર્ય મ્હારાથી થઈ શકે તેમ નથી એ સંબંધી મ્હારો શો વિચાર હોય એ તું સહેલાઇથી સમજી શકે તેમ છે. " સાધુએ ઉત્તરમાં કહ્યું.

" ના ના—આ કાર્ય આપનાથી થાય તેમ છે જ. એ આપને ગુરુ સમાન સમજે છે ! " ઉપરોક્ત સુંદરીએ કહ્યું.

" પરંતુ મ્હારા કહેવાથી તે પોતાનો જીવ આપશે કે ? એણે બિચારીએ કોઇને કશું દુઃખ દીધું નથી; છતાં તું શામાટે તેનો જીવ લેવાનો પ્રયત્ન કરે છે ? " સાધુ મહાત્માએ દયા દર્શાવી.

" તેણે મ્હને તેમજ મ્હારા માણસોને જૂઠથાપ આપીને છેતર્યા નથી કે ? તેના અપરાધની સજા તેણે સહન કરવી જ જોઇએ. " રોષાવેશમાં જ સુંદરી બોલી.

" તું ત્હારું રાજ્ય બીજાને સોંપી પલાયન કરી ગઈ તેથી એજ રાજ્યની અધીશ્વરી છે, અને તેઓ સર્વે તેના જ અનુચરો છે." સાધુએ કહ્યું.

" પરંતુ હું પુનઃ મ્હારા રાજ્યને સ્વાધીન કરવાને ઇચ્છું છું." સુંદરીએ ભારદર્શક સ્વરે કહ્યું.

" ત્યારે તું તહારી ઇચ્છા હોય એમ કર. હું દિલગીર છું કે, આ કાર્યમાં તું મ્હારી બિલ્કુલ સહાયતા મેળવી શકીશ નહિ. ત્હારા પિતાજી સાથે તું ત્હારી બાલ્યાવસ્થામાં ઘણી વખત મ્હારી પાસે આવતી હતી એ સમયથી જ મ્હારા સ્વભાવને તું સારી રીતે જાણે છે; માટે હવે મ્હને વિશેષ આગ્રહ કરવામાં સાર નથી—હું ત્હારો સહાયકાર થનાર નથી." સાધુએ સ્પષ્ટ ઉતર સંભળાવી દીધો.

" પરંતુ મ્હારી ઇચ્છાનુસાર આપને વર્તવું જ પડશે; વળી આપ એટલું અવશ્ય સ્મરણમાં રાખજો કે, આપ મ્હારી ઇચ્છાનુસાર નહિ વર્તો તો તેનું ઘણું માઠું પરિણામ આવશે; અંતે આપને અપાર પશ્ચાત્તાપ થશે." સુંદરીએ રૂઆબમાં જ કહ્યું.

" ઠીક છે, હજી આજનો દિવસ મ્હને વિચાર કરી જોવાદે. આવતી કાલે અત્રે આવીને તું મ્હારો મતામત જાણી શકીશ." સાધુએ નમ્રસ્વરે કહ્યું.

" કાંઇ ફિકર નહિ. હું આપને એક દિવસની વધારે મુદત આપું છું." આમ કહી એ સુંદરી પોતાની સાથે આવેલી સુંદરીસહ ત્યાંથી વિદાય થઇ. મહાત્માના મકાન પાછળ એક માણુસ પ્રથમથી જ છુપાઇ રહેલો હતો, તથા તે આ બન્ને સુંદરીઓની જ રાહ જોતો હોય એમ લાગતું હતું. બન્ને સુંદરીઓ સાધુના નિવાસસ્થાનમાંથી બ્હાર નીકળી નગર તરફ જવા લાગી એટલે એ માણુસ પણ ઘણી

જ સાવધાનતાથી તેમની પાછળ પાછળ જવા લાગ્યો. પેલી સુંદરીઓ જે લતામાં ગઈ એ લતો જોઇ આવી એ માણસ પુનઃ સાધુના મકાન પાસે આવ્યો અને મકાનનાં બારણાં ઉઘાડાં જોઈ અંદર પ્રવેશ કરી, વિચારમગ્ન બની ગયેલા સાધુને પ્રણામ કરી તેની સ્હામે બેઠો. આ સમયે સાધુએ ઉંચી નજર કરીને કહ્યું:– " કેમ લક્ષ્મણસિંહ ! તમે આવી પહોચ્યા કે ?"

" હા મહારાજ ! તેઓ બન્ને અત્રે આવે તે પૂર્વે જ હું અહીં આવીને છુપાઇ રહેલો હતો. હમણાં પણ હું તેમના ઘર સુધી જઈ આવીને અત્રે પાછો આવ્યો છું. મહાત્મન્ ! એમની સઘળી હકીકત જણાવી આપે મ્હારાપર જે મહાન્ ઉપકાર કર્યો છે તેનું વિસ્મરણ મ્હારાથી જીવનપર્યંત થનાર નથી—આપના ઉપકારઋણમાંથી આ ક્ષુદ્ર કિંકર મુક્ત થઈ શકનાર નથી. પ્રભુ ! આપની આજ્ઞા નથી; નહિ તો એ બન્નેને મ્હેં મ્હારા પંઝામાં અવશ્ય સપડાવી હોત. " લક્ષ્મણસિંહે વિનયુક્ત વચનો સંભળાવ્યાં.

" ના ભાઈ ! એમ કરવાથી મ્હારા ગુરુદેવનું આ સ્થાન બદનામ થાત ! તમે એમનું નિવાસસ્થાન જોઈ આવ્યા છો તેથી હવે તમારી ઇચ્છા હોય તે પ્રમાણે તમે તમારું કાર્ય પૂર્ણ કરજો. મહારાણા વીરસિંહજી જેવા ધર્માત્મા અને પ્રજાપ્રિય મહારાણાને હવે કોઇ પણ મનુષ્ય હયરાન કરી શકે તેમ નથી. વિચારી જુઓ કે, પાપિષ્ઠા માધવીએ જે રૌરવનરકનું દુઃખ ભોગવવા જેવું મહાપાપ કર્યું છે તેના પ્રાયશ્ચિત્તનો આરંભ થઈ ગયો છે. પાપનું પ્રાયશ્ચિત્ત કર્યા સિવાય મનુષ્યનો છુટકો જ નથી. કરણી એવી જ પાર ઉતરણી એ સૂત્રથી કોઇ અપરિચિત નથી. ભાઇ, હવે તમારે જવું હોય તો બેલાશક જાઓ. પરમકૃપાળુ કિરતાર તમારું નિરંતર કલ્યાણ કરશે—તમારી સર્વ ઇચ્છાઓ સફળ

થશે. વીરસિંહજીને તમે મ્હારો આશીર્વાદ જણાવજો ! અહા ! કેવા ધર્માત્મા અને ન્યાય નીતિપરાયણ રાજા છે. એમના માટે તો એજ વચનો યથાર્થ જણાય છે કે,

सर्वदेवमयो राजा मनुना संप्रकीर्तितः ।
तस्मात्तमेव सेवेत न व्यलिकेन कर्हिचित् ॥×

" ત્યારે હવે મ્હને રજા છેને?" પ્રણામ કરીને લક્ષ્મણસિંહે પૂછ્યું.

" હા, જાઓ; પરંતુ જુઓ, હું તમને પ્રથમ કહી ચુક્યો છું અને હમણાં પણ કહું છું કે, તમે માધવીને જીવથી મારી નાખશો નહિ, તથા બિચારી બંસરીબાલાપર પણ દયા રાખજો. હું એને મ્હારી પુત્રી સમાન સમજું છું. તમે રાણા વીરસિંહજીને કહી દેજો કે તેઓ બંસરીને પોતાની પુત્રી સમાન સમજી, રાજકુમાર આનન્દસિંહ સાથે તેઓ તેનું સ્નેહલગ્ન કરે. એ એમનાથી ઉતરતી પંક્તિના પુરુષની પુત્રી છે તેથી શું થઈ ગયું ? " સાધુએ સૂચના કરી.

" ઘણું સારું; હું આપની ઇચ્છાનુસાર કાર્ય અવશ્ય કરીશ; વળી રાણા વીરસિંહજી કદાપિ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર નથી. પુનઃ એક વખત આવીને હું આપનાં દર્શનનો લાભ લઈ જઈશ." લક્ષ્મણસિંહે કહ્યું.

" ના ના-હવે મ્હારી સાથે તમારી મુલાકાત થઈ શકશે નહિ. આજે જ હું આ નિવાસસ્થાનનો ત્યાગ કરનાર છું. જો ઇશ્વરેચ્છા હશે તો એક દિવસે હું પોતે જ તમને મળવા આવીશ." સાધુએ કહ્યું.

" જેવી આજ્ઞા. " લક્ષ્મણસિંહે બન્ને હાથ જોડીને કહ્યું.

× સર્વદા મંત્રીઓ આદિના પ્રેમવાળો, પ્રજાનું પાલન કરવામાં તત્પર રહેનારો અને સારી રીતે કેળવાયલો રાજા ઘણી સંપત્તિનો ઉપભોગ ભોગવે છે.

"ત્યારે હવે તમે જાઓ, અહીં વિશેષ સમય સુધી રોકાવામાં કલ્યાણ નથી."

વાંચકબંધુઓ વિચારમાં પડી ગયા હશે કે, વીરસિંહ અને લક્ષ્મસિંહ તો રામગઢ ચાલ્યા ગયા હતા; છતાં લક્ષ્મણસિંહ અહીં ક્યાંથી ? પરંતુ માત્ર લોકોને બતાવવાને માટે જ વીરસિંહ તેને પોતાની સાથે લઇ ગયો હતો; થોડે દૂર ગયા પછી લક્ષ્મણસિંહ વીરસિંહને કશી હકીકત કહી પાછો ફર્યો હતો.

રાણા વીરસિંહના રામગઢ ચાલ્યા પછી બન્ને બંધુઓમાં પોતપોતાની ચિંતા ઉપજી; પરંતુ એ હકીકત નિવેદન કરતાં પૂર્વે પુનઃ આપણે એક વખત માધવી અને તિલોત્તમા તરફ દૃષ્ટિ ફેરવવાની જરૂર છે. માધવીએ સાધુને એક દિવસની મુદ્દત આપી હતી એ પ્રકાર વાંચકબંધુઓ સારી રીતે જાણે છે. બીજે દિવસે મધ્યરાત્રે માધવી પાછી પોતાની સખી તિલોત્તમા સાથે સાધુ પાસે ગઇ. બારણું ખખડાવતાં જ અંદરથી સાધુએ દ્વાર ઉઘાડયું, તથા તેમને બન્નેને બોલાવીને પોતાની પાસે બેસાડી સાધુએ પૂછ્યું:—"કેમ માધવિ ! ખુશીમાં છે ને ?"

"મહાત્મન્ ! આ જીવનમાં હવે હું ખુશીમાં રહી શકું તેમ નથી. મ્હને મ્હારાં કાર્યોનો હવે અપાર પશ્ચાત્તાપ થાય છે." માધવીએ વિષણ્ણવદને કહ્યું.

"જો હજી પણ તું સીધા રસ્તે ચાલે તો ત્હારું રાજ્ય તને પાછું અપાવવાની હું પ્રતિજ્ઞા કરું છું. રાણા વીરસિંહજી મ્હારી ઇચ્છાને અવશ્ય માન્ય કરશે." સાધુએ કહ્યું.

"ના ના—હવે ભીખ માગવાની મ્હારી ઇચ્છા નથી. હવે તો હું મ્હારા શત્રુઓનો સંહાર કરી નાખીને મ્હારા અંતરમાં સળગી

ઉઠેલા પ્રચંડ ક્રોધાગ્નિને શાન્ત કરીશ. એમ કરતાં કદાચ આ તુચ્છ જીવનનો અંત આવશે તો તેની પણ મ્હને ચિંતા નથી." માધવીએ ક્રોધાધીન બની જઈને કહ્યું.

"જો વૈરનો બદલો—પ્રચંડ પ્રતિશોધ લેવાની જ ત્હારી ઇચ્છા હોય તો પ્રથમ ત્હારે અગ્નિદત્તના વૈરનો બદલો લેવો જોઇએ. વીરસિંહજીના કુમારોએ ત્હારું કશું બગાડ્યું નથી." સાધુએ કહ્યું.

"આપનું કહેવું યથાર્થ છે; છતાં મ્હારા મન સાથે મ્હેં જે વિચાર કરી રાખ્યો છે એ વિચારાનુસાર જ હું વર્તીશ. કોઇ પણ પ્રકારે હવે મ્હારો ચોક્કસ વિચાર બદલાવાનો નથી. વળી મ્હારી ઇચ્છાથી હું જે કાર્ય કરું તેમાં આપે મ્હને સંપૂર્ણ સહાયતા કરવી પડશે." માધવીએ કહ્યું.

"હશે, મ્હારાથી બની શકશે એટલી સહાયતા હું તને અવસ્ય કરીશ, પરંતુ હવે મ્હને એ તો કહે જોઇએ કે, મ્હારા સિવાય બીજું કોઈ ત્હારું મદદગાર છે યા નહિ ?" સાધુએ માધવીના મુખ તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોઇ રહીને પ્રશ્ન કર્યો.

"ગઈ કાલ સુધી તો બીજું કોઈ મ્હારું મદદગાર નહોતું; પરંતુ આજે બીજો એક બહાદુર મદદગાર આવી પહોંચ્યો છે." માધવીએ ઉત્તર આપ્યો.

"એ મદદગારનું શું નામ છે?" ઉત્સુકતાથી સાધુએ પ્રશ્ન કર્યો.

"મ્હારા ભાઇ ભીમસિંહજી." ઉત્તર મળ્યો.

"રાણા કનકસિંહના યુવરાજ કે?"

"હા."

"ત્યારે તો હવે ત્હારું કામ થઇ જશે."

"છતાં આપની મદદની મ્હને ઘણી જરૂર છે."

"હું તને જરૂર મદદ કરીશ. તું જે કાંઇ કહે તે કરવાને હું તૈયાર છું."

"જે મકાનમાં માયા રહે છે ત્યાં કાલે જવાનો ભીમસિંહ પ્રયત્ન કરશે. એમણે સુયોગ મળતાં જ પોતાની બ્હેન માયાને મારી નાખવાની પ્રતિજ્ઞા કરેલી છે. જો કાલે કોઇ પણ રીતે તેઓ એ મકાનમાં જઇ શકશે તો જરૂર માયાને મારી નાખશે; એટલે પછી મ્હને કશી વાતની અડચણ પડશે નહિ, તેમજ આપની મદદ મેળવવાની જરૂર પણ રહેશે નહિ; છતાં જો કદાચ ભીમસિંહ એ મકાનમાં નહિ જઇ શકે તો જેથી માયા એ મકાનને છોડી દે એવી વ્યવસ્થા આપને કરવી પડશે." માધવીએ કહ્યું.

"બનતા સુધી મ્હારી મદદની જરૂર જ પડવાની નથી."

"આપ આમ ન કહેશો. કદાચ ચંદન ઘો ફેંકીને એ મકાનમાં જઈ શકાય એમ હોત તો કશી ચિંતા નહોતી; અત્યાર સુધીમાં મ્હેં મ્હારું કાર્ય પૂર્ણ કર્યું હોત!"

"હા, એ તો હું પણ જાણું છું કે, ત્હારા પિતાએ એ મકાન બનાવડાવવામાં ઘણી ચતુરાઇનો ઉપયોગ કર્યો છે; છતાં ભીમસિંહ હોશિયાર હોવાથી એ મકાનમાં પ્રવેશ કરવાનો માર્ગ તેણે શોધી કાઢ્યો હશે."

"હવે જોઇએ છીએ કે, કાલે શું થાય છે?"

"ઠીક છે. તું ત્રીજા દિવસે મ્હને જરૂર મળજે. જો કાલે ત્હારું કાર્ય થઈ જાય તો ઠીક છે; નહિ તો ચોથે દિવસે હું સહેલાઇથી કાર્યોદ્ધાર કરી નાખીશ." સાધુએ આશ્વાસન આપ્યું.

"બહુ સારું" કહીને માધવી ત્યાંથી ઉઠી તથા પોતાની સખી તિલોત્તમાને સાથે લઈ પોતાના નિવાસસ્થાન તરફ ચાલી ગઇ.

માધવીના ચાલ્યા ગયા પછી સાધુ થોડા સમય સુધી ચિંતામગ્ન સ્થિતિમાં બેસી રહ્યો. પછીથી મકાનની બ્હાર નીકળી બે ચાર વખત તેણે મ્હોટેથી તાળી વગાડી. તરત જ આજૂબાજૂ આવેલાં વૃક્ષોની ગાઢી ઘટામાંથી ચાર પાંચ માણસો સાધુ પાસે આવી પહોંચ્યા, તથા એક માણસે આગળ વધીને પૂછ્યું:—" કહો જોઇએ કે શા સમાચાર છે ? "

" આજે તમારી કશી જરૂર નથી. તમે સર્વ તમારી ઇચ્છા હોય ત્યાં ચાલ્યા જાઓ; પરંતુ કાલે એક કલાક રાત્રિ વીતે એટલે તમે સર્વ અહીં આવજો. " સાધુએ આદેશ કર્યો.

" ઠીક છે, હું કશી હકીકત સાંભળ્યા સિવાય જવાનો નથી. " એક માણસે અધીરતાથી કહ્યું.

" વારું, ત્યારે તમે આવો અને કાલે શું બનવાનું છે તથા આપણે શું કરવાનું છે એ હકીકત તમે સાંભળી લ્યો. " આમ કહી સાધુ એ સર્વ માણસોને મકાનમાં લઇ ગયો, અને તેમની સાથે વાતચિત કરવા લાગ્યો. એ વાતચિતનો સઘળો ઉલ્લેખ હમણાં કરવાની કશી જરૂર નથી. હવે આપણે રાણા કનકસિંહ તરફ એક વખત નજર ફેરવવાની જરૂર છે.

રાણો કનકસિંહ કનકગઢમાં કાંઇ નિશ્ચિંત થઇને બેઠો નહોતો. તેના અંતરમાં અનેક પ્રકારના તર્કવિતર્કો પ્રતિ ક્ષણે ઉપજતા હતા. રાત્રિદિવસ તે ઉંડા વિચારોમાં નિમગ્ન રહેતો હતો. તેના બહુરૂપીઓ અને ગુમહુતોનો ઘણો ખરો સમય ભટકવામાં જ પસાર થતો હતો. રામગઢ, ગયાજી અને રાજગૃહના સકળ સમાચાર તેના જાણવામાં હતા; કેમ કે એ ત્રણે સ્થળેથી સઘળી હકીકત જાણી શકાય એવો તેણે પૂરું

બંદોબસ્ત કર્યો હતો. આજે કનકસિંહના જાણવામાં જ્યારે એવા સમાચાર આવ્યા કે, ગયાનું રાજ્ય રાણા વીરસિંહે સ્વાધીન કર્યું છે, માધવી રાજમહાલયનો ત્યાગ કરી પલાયન કરી ગઈ છે, અને માયાસુંદરી દુષ્ટ દીવાન અગ્નિદત્તના પંઝામાં ફસાઈ પડી છે ત્યારે કનકસિંહ અસ્થિર બની ગયો. તેના વિચારોનો પ્રવાહ એટલી બધી પ્રબળતાથી પ્રવાહિત થવા લાગ્યો કે તેને તેના તનબદનની પણ શુદ્ધિ રહી નહિ. માયાપર તો તેને એટલો બધો ક્રોધ ઉપજ્યો કે, હમણાં જો એ તેની પાસે હોત તો તે તેના જીવનનો નાશ કર્યા સિવાય શાન્ત થાત નહિ. આ સમયે પણ તે એવાં વચનો ઉચ્ચારતો આસનપરથી ઉઠી ઉભો થયો કે, "જ્યાં સુધી હું કિશોરીના મૃત્યુના સમાચાર નહિ સાંભળું ત્યાં સુધી હું સ્વસ્થ થવાનો નથી." આમ બોલી તે મહેલમાં ચાલ્યો ગયો, તથા ભીમસિંહને પોતાની પાસે મોકલવાનો હુકમ કરતો ગયો.

રાણો કનકસિંહ મહેલમાં જઈને તેની રાણી કળાવતી પાસે બેઠો. પતિની ઉદાસિનતા અને ચિંતા જાણવાનો કળાવતીએ ઘણો પ્રયત્ન કર્યો; પરંતુ જ્યાં સુધી ભીમસિંહ ન આવ્યો ત્યાં સુધી કનકસિંહે કળાવતીના એક પણ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. માતા પિતા પાસે આવી પહોંચીને ભીમસિંહે તેમને પ્રણામ કરી પૂછ્યું:—"મ્હને શી આજ્ઞા છે?"

"માયા સંબંધી જે સમાચાર સાંભળવામાં આવ્યા છે તે ત્હારા જાણવામાં પણ આવ્યા હશે." કનકસિંહ બોલ્યો.

"જી હા."

"અફસોસ! આટલું છતાં પણ તને મ્હોં બતાવતાં શરમ નથી આવતી?! ત્હારી બહાદુરી ક્યારે કામ આવશે તેની કલ્પના હું કરી

શકતો નથી. તું મ્હારા પુત્ર તરીકેની યોગ્યતા ક્યારે મેળવી શકીશ ?" કનકસિંહે પુત્રને ઠપકો આપ્યો.

"પિતાજી, આપ કહો તેમ કરવાને હું પ્રતિ પળે તૈયાર છું."

"મ્હારી વાર્ત્તા તું માન્ય કરે એમ મ્હને લાગતું નથી." કનકસિંહે શંકાસૂચન કર્યું.

"હું મ્હારી યજ્ઞોપવીત હાથમાં લઇને એવી પ્રતિજ્ઞા કરું છું કે, જ્યાં સુધી મ્હારા જીવમાં જીવ છે ત્યાં સુધી આપની આજ્ઞા પાળવાનો પ્રયત્ન કરીશ. પિતૃવચન પાળવા માટે હું મ્હારો પ્રાણ આપવાને પણ તૈયાર છું. હું વચનભંગ કદાપિ નહિ થાઉં:—

એક વચનને કાજ, બળિ પાતાળે પેઠો,
એક વચનને કાજ, રંક રાવણ થઇ બેઠો,
એક વચનને કાજ, વેચી હરિશ્ચંદ્રે નારી;
એક વચનને કાજ, પાંડવ હાર્યા પ્યારી,
વળી એક વચનને કાજ, ભડ પાંચે વનમાં ભમ્યા,
કહે શામળ વચન જ કારણે, સો કીચક સાથે શમ્યા;
વચન કાજ હરિશ્ચંદ્ર, નીચ ઘર ભરીયું પાણી;
વચન એકને કાજ, કૃષ્ણે કુબ્જા ઘર આણી;
વચન એકને કાજ, હરે હળાહળ પીધું;
વચન એકને કાજ, દેવ વેર દૈત્યે લીધું;
શુભ ધર્મ કર્મને શર્મ સૌ, વચન જ જતાં તે વહી ગયું;
કવી શામળભટ સાચું ગયું વચન ગયું તો શું રહ્યું !

માટે મ્હારા વચનમાં વિશ્વાસ રાખી આપના અમૂલક સંશયને દૂર કરો." વચનમાહાત્મ્ય દર્શાવીને ભીમસિંહે કહ્યું.

"ત્યારે મ્હારી પહેલી આજ્ઞા એ છે કે, તું સત્વર માયાનું મસ્તક કાપી નાખી મ્હારી પાસે લાવ." કનકસિંહે આજ્ઞા કરી.

ભીમસિંહે પોતાના મન સાથે વિચાર કરી એક નિશ્વાસ મૂકીને કહ્યું:—"બહુ સારું, એમજ થશે; હવે બીજો શો હુકમ છે?"

"બીજી આજ્ઞા એ છે કે, જ્યાં સુધી વીરસિંહ અથવા તેના કુમારોમાંથી કોઇને તું મારી ન શકે ત્યાં સુધી હું અહીં આવીશ નહિ. તું એમ ન સમજીશ કે, આ કાર્ય હું તને એકલાનેજ સોંપું છું. હું પોતે પણ આજે આ કનકગઢનો ત્યાગ કરીશ, તથા મ્હારું સળગતું અંતર શાન્ત કરવાનો પૂર્ણ પ્રયત્ન કરીશ."

> છે ખૂન મ્હારો ધર્મ ને બસ ખૂન મ્હારું કર્મ છે;
> કરું દૂર કંટક સર્વ એ મ્હારા જીવનનો મર્મ છે.

જ્યાં સુધી શત્રુઓ જીવતા હશે ત્યાં સુધી સંસારમાં હું શાન્તિ ધારણ કરી શકું તેમ નથી. આજકાલ વીરસિંહની ભાગ્યદેવી તેનાપર પૂર્ણ પ્રસન્ન હોવાથી યુદ્ધ કરીને આપણે વિજયી થઇ શકીએ તેમ નથી. આજથી હું એની સાથે યુદ્ધ કરવાના વિચારને છોડી દઉં છું, અને જેવી રીતે ચોર, ઠગ, લૂંટારાઓ વગેરે પોતાનો હેતુ સફળ કરે છે તેવી જ રીતે મ્હારો હેતુ સફળ કરવાનો દૃઢ નિશ્ચય કરું છું."

"આપ આપની ઇચ્છા હોય એમ કરો. હવે જો મ્હને આજ્ઞા હોય તો હું મ્હારું કાર્ય પૂર્ણ કરવા ચાલ્યો જાઉં?"

"ભલે જા; પરંતુ તું કહે જોઇએ કે, ત્હારી સાથે તું કોને કોને લઇ જાય છે?" કનકસિંહે રજા આપીને પૂછ્યું.

"કોઇને લઇ જતો નથી—હું એકલો જ જાઉં છું." ભીમસિંહે ઉત્તર આપ્યો.

"ત્યારે તો તું કાંઇ કરી શકવાનો નથી. બે ત્રણ બહુરૂપીઓ તથા દશબાર બહાદુર યોદ્ધાઓને તું ત્હારી સાથે લઈ જા."

"વીરસિંહજીના બહુરૂપીઓને પહોંચી વળે એવો કયો બહુરૂપી આપણે ત્યાં છે ? વળી એ લોકો સ્હામે સમશેર ઉઠાવે એવો બહાદુર પણ અહીં કોણ છે ?" ભીમસિંહે પૂછ્યું.

"ત્હારું કહેવું ઠીક છે; પરંતુ જ્યાં સુધી તમારા આગમનના સમાચાર શત્રુઓના જાણવામાં નહિ આવે ત્યાં સુધી તમે સહેલાઈથી તમારું કાર્ય કરી શકશો. હું જાલિમસિંહને ત્હારી સાથે મોકલું છું. એનો મુકાબલો કરી શકે એવો એક પણ માણસ શત્રુઓના પક્ષમાં નથી." કનકસિંહે કહ્યું.

"આપનો આ વિચાર બરાબર નથી. જો કે જાલિમસિંહ બહાદુર છે એ ખરું છે; પરંતુ મુશ્કેલી એ છે કે, તે જેટલો બહાદુર છે તેટલો જ તેના વચનમાં સત્ય છે. તેણે પોતાના મન સાથે એવી પ્રતિજ્ઞા કરી રાખેલી છે કે, જે કોઈ દ્વંદ્વ યુદ્ધમાં તેના પર વિજય મેળવશે તેનો તે હમ્મેશાંનો દાસ થશે. ન કરે નારાયણ ને જો શત્રુપક્ષનો કોઈ માણસ દ્વંદ્વ યુદ્ધમાં તેનો પરાજય કરે તો પછી પોતાનું વચન પાળવા તે શત્રુને મળી ગયા સિવાય રહે જ નહિ." ભીમસિંહે અડચણ દર્શાવી.

"આ સઘળી ત્હારી અમૂલક કલ્પના છે. દ્વંદ્વ યુદ્ધમાં તેનાપર વિજય મેળવી શકે એવો એક પણ વીર ત્યાં નથી." કનકસિંહે કહ્યું.

"ઠીક ત્યારે આપ આપની ઇચ્છા હોય એમ કરો."

"ચાલો, હમણાં જ હું તમારા પ્રવાસનો બંદોબસ્ત કરી આપું છું. આમ કહી ભીમસિંહની સાથે કનકસિંહ બ્હાર નીકળી પડ્યો.

આ સમયે રાણી કળાવતીએ એક ગાઢ નિશ્વાસ મૂકી સ્વગત કહ્યું:—
" અરેરે! હવે આ શું થવા બેઠું છે? ગરીબ બિચારી માયાનો શો અપરાધ છે? તે કાંઇ પોતાની ઇચ્છાથી અહીંથી ચાલી ગઇ નથી. વળી પોતાના ચારિત્ર્યને કલંક લાગે એવું કોઈ પણ કાર્ય તેણે કર્યું નથી. અરેરે! શું મ્હારો ભીમસિંહ પાષાણ જેવું હૃદય કરીને તેની બ્હેનનો જીવ લેશે? હવે મ્હારે શા સુખે આ દુ:ખમય જીવન ધારણ કરી રાખવું? નિરપરાધિની પુત્રીનું મૃત્યુ થયેલું આ જીવનમાં હું જોઈ શકુ તેમ નથી. ભીમસિંહ પણ વીરસિંહની દુશ્મનાવટ કરીને વિશેષ દિવસ સુધી બચી શકનાર નથી—તેના ભયંકર ભાવિને કોઇ અટકાવી શકનાર નથી. અરેરે! મ્હારા પતિ હવે સાક્ષાત પિશાચ કિંવા શયતાનનું સ્વરૂપ ધારણ કરવાને ઇચ્છે છે; મ્હારો એકનો એક પુત્ર નિષ્ઠુરતાથી તેની ભગિનીનું મૃત્યુ નિપજાવવાને તૈયાર થયો છે. આ પ્રકારોનો વિચાર ઉપજતાં જ હું અસ્થિર બની જાઉં છું. વીરસિંહજીએ મ્હારાપર જે દયાભાવ દર્શાવ્યો છે તેનું વિસ્મરણ આ જીવનમાં હું કરી શકું તેમ નથી. પેલા સોદાગરના પંઝામાંથી જો વીરસિંહજીના માણસોએ મ્હારી મુક્તિ ન કરી હોત તો મ્હારી કેવી દુર્દશા થાત તેની કશી કલ્પના હું કરી શકતી નથી. વળી તેમણે જ મ્હારી વિનંતિ સ્વીકારી, મ્હને મ્હારા પતિ પાસે પેલી ગુફામાં મોકલી હતી. એ મહાનુભાવ ઉદારચરિત પુરુષે અમારા સઘળા ગંભીર ગુન્હાઓની અમને ક્ષમા આપીને રામગઢનું રાજસિંહાસન પુનઃ અમને સ્વાધીન કરવાની ઉદારતા દર્શાવી હતી; આમ છતાં તેમના સઘળા ઉપકારો ભૂલી જઈ મ્હારા પતિ હજી સુધી તેમનાથી દુશ્મનાવટ કરે છે તેથી મ્હારે, કોને દોષ દેવો? મ્હારા પતિને હું દોષ દઇ શકું તેમ નથી; કેમ કે તેઓ મ્હારા સ્વામી છે. સતી સ્ત્રી પતિના દોષો કદાપિ જોતી નથી; હું મ્હારા

ભાગ્યને જ દોષ દઉં છું. હું મ્હારા દુર્ભાગી અને દુ:ખી જીવનો હવે અંત લાવવાને જ ઇચ્છું છું." ઘણા સમય સુધી રાણી કળાવતીએ સ્વગત આવા વિચારો કર્યા. વિચારોની વિશેષતાથી તે ઘણી ઉત્તેજિતા બની ગઈ. અંતે સ્વગત કશો નિશ્ચય કરી એક પેટી ઉઘાડી તેમાંથી કોઇ વસ્તુ બ્હાર કાઢીને તેણે પોતાના મ્હોંમાં મૂકી દીધી; પછીથી થોડું જળપાન કરી, લેખનસામગ્રી લઈ તે એક પત્ર લખવા બેઠી. પત્ર-લેખનનું કાર્ય પૂર્ણ થયું હશે એવામાં તેની કેટલીક દાસીઓ ત્યાં આવી પહોચી. લખેલા પત્રને પરબીડીઆમાં નાખી એ પરબીડીઉં એક દાસીના હાથમાં આપીને તેણે કહ્યું:—"જો મહારાણાજી મ્હારા સંબંધી કાંઈ પૂછે તો આ પત્ર તું તેમને આપજે. હવે તમે સર્વે તમારા કામે ચાલી જાઓ. હું એકાન્તમાં રહેવાને ઇચ્છું છું. હવે તમે કોઇ મ્હને વિરક્ત કરવા આવશો નહિ."

આવી આજ્ઞા થવાથી સઘળી દાસીઓ ત્યાંથી ચાલી ગઇ. પછીથી કળાવતી મ્હોં ઢાંકી પલંગમાં સુઇ ગઇ.

સંધ્યાકાળે જ્યારે રાણો કનકસિંહ અંતઃપુરમાં આવ્યો ત્યારે પેલી દાસીએ રાણીનો પત્ર તેના હાથમાં મૂક્યો. એ પત્ર વાંચી અધીર બની જઇ જે સ્થળે કળાવતી સૂઈ રહી હતી ત્યાં કનકસિંહ ત્વરાથી ગયો. રાણીએ ઓઢેલી ચાદર ખસેડી, તેના દેહનું દર્શન કરી અત્યંત વ્યાકુળ બની જઈ તે બ્હાર ગયો. હવે જ સઘળા રાજસેવકો અને સેવિકાઓના જાણવામાં આવ્યું કે, રાણી કળાવતીએ આત્મહત્યા કરી પોતાના જીવનનો અંત આણ્યો હતો; છતાં તેણે શા હેતુથી આત્મ-હત્યા કરી હશે એ પ્રકાર કોઇના જાણવામાં આવ્યો નહિ. સઘળી દાસીઓ રાણીના પલંગ પાસે બેસી તેના ગુણનું સ્મરણ કરી નયનો-માંથી અશ્રુજળની વૃષ્ટિ વર્ષાવવા લાગી.

ભીમસિંહ એક પ્રહર પૂર્વે ચાલ્યો ગયેલો હોવાથી તે તેની માતાના મૃત્યુના સમાચાર જાણી શક્યો નહિ; વળી તેને આ સમાચાર જણાવવાથી તે નિરાશ અને દુઃખી થઈ તેને સોંપવામાં આવેલું કાર્ય બજાવી શકશે નહિ એમ વિચારીને નિષ્ઠુર કનકસિંહે પણ આ સમાચાર તેનાથી ગુપ્ત રાખ્યા.

સાધ્વી સતી કળાવતીનો પુણ્યમય આત્મા આ પાપપૂર્ણ અસાર સંસારનો ત્યાગ કરી પરમકૃપાળુ કિરતારના શાન્તિમય ધામમાં—સ્વર્ગમાં ચાલ્યો ગયો ! જા દેવિ ! એ ચિરશાન્તિમય ધામમાં જઇ—જન્મ મરણના ફેરામાંથી મુક્ત થઈ તું અખંડ સુખ ભોગવ—આ સંસારમાં રહેવાને તું લાયક નથી જ ! ત્હારા માટે તો ઇશ્વરે સ્વર્ગીય ધામની યોજના કરી રાખેલી છે.

પ્રકરણ ૮ મું.

અણધારી ઉપાધિ !

" મીઠી મનમોહિની ત્હારું, સ્મરણ મધુરું, ન વિસરાયે;
હૃદય મ્હારું, દિવસ રજની, પ્રીતિ ત્હારાથી ઉભરાયે. "

રાણા વીરસિંહના રામગઢ વિદાય થયા પછી બન્ને રાજકુમારોના અંતરમાં પોતપોતાની ચિંતા ઉત્પન્ન થઇ. રાજકુમાર આનન્દસિંહ બંસરીબાલાની ચિંતામાં પડી ગયો ત્યારે ઇન્દ્રજીતસિંહના અંતરમાં માયાને ચિંતા ઉપજી. અગ્નિદત્તે માયાને એક મહાલયમાં રાખી હતી. એ મહાલયને ઇન્દ્રજીત સહેલાઇથી સ્વાધીન કરી શકે તેમ હતું; પરંતુ તેમ કરવા જતાં દુષ્ટાત્મા અગ્નિદત્ત કદાચ માયાસુંદરીને દુઃખ દેશે એવા વિચારથી એ સ્થાનને સ્વાધીન કરવા જતાં ઇન્દ્રજીત સંકોચાતો હતો. રાણા વીરસિંહના રામગઢ ગયા પછી તે એકલો પડયાથી માયા સંબંધીના અનેકવિધ વિચારો પ્રત્યેક પળે તેના મનમાં ઉપજવા લાગ્યા. ક્રમે ક્રમે તેની ચિંતા પણ ઘણી વધી ગઇ.

એક દિવસે મધ્યાન્હકાળે ઇન્દ્રજીત પોતાના મિત્રતુલ્ય બહુરૂપી તેજસિંહ સાથે વાતચિત કરતો બેઠો હતો. એ સમયે માયાસુંદરીના વિયોગની વ્યથા વૃદ્ધિંગત થવાથી તેણે તેજસિંહને કહ્યું:—" હવે તો આપણે કોઇ પણ રીતે દુષ્ટ અગ્નિદત્તપર હુમલો કરવો જોઇએ. જ્યાં સુધી માયાસુંદરીને તેના પંઝામાંથી હું મુક્ત નહિ કરી શકું ત્યાં સુધી મ્હારો જીવ શાન્ત થનાર નથી. "

" પરંતુ ત્યાં આપ એકલા જાઓ તો આપના શિરપર પણ સંકટ આવી પડવાની સંભાવના છે. ત્યાંની વસતિનો પ્રથમ આપણે વિચાર કરવો જોઇએ. " તેજસિંહે દીર્ઘદૃષ્ટિ દર્શાવતાં કહ્યું.

" ત્યાંની પ્રજા તેનો કેટલો પક્ષ કરશે એ અહીં મેળવેલા વિજય ઉપરથી આપણે સમજી શકીએ તેમ છીએ; આમ હોવા છતાં આપણે થોડું સૈન્ય આપણી સાથે લઈ જઈશું. " ઇન્દ્રજીતે કહ્યું.

" ના—તે પૂર્વે મ્હને ત્યાં જઈ સઘળી પરિસ્થિતિનું દર્શન કરી આવવા દો. " તેજસિંહે કહ્યું.

" ના ના–હવે એક ક્ષણનો પણ વિલંબ મ્હારાથી કરી શકાય તેમ નથી. " આવો રાજકુમારનો દૃઢ નિશ્ચય જોઇ તેજસિંહ કાંઇ બોલ્યો નહિ.

તે દિવસે બન્ને રાજકુમારો પોતાના બહુરૂપીઓ અને કેટલાક અનુચરોને સાથે લઇને ફરવા નીકળી પડયા. કુમારોના અશ્વ પાછળ થોડા અંતરે સઘળા સરદારો પોતાના દરજ્જા પ્રમાણે આગળ પાછળ ચાલતા હતા. તેજસિંહ અને તારાસિંહ ઘોડેસવાર થઈ રાજકુમારોની સાથે જ માર્ગક્રમણ કરતા હતા. ફરતા બન્ને રાજકુમારો જ્યારે નગરની બ્હાર જઈ પહોંચ્યા ત્યારે ઇન્દ્રજીતે આનન્દસિંહને કહ્યું:— " અમુક કાર્યાર્થે હું તેજસિંહને સાથે લઇ રાજગૃહ તરફ જાઉં છું; આજથી આઠમા દિવસે કોઇ સરદારની સાથે ત્યાં તમે થોડું સૈન્ય મોકલજો. "

" જેવી વડિલ બંધુની આજ્ઞા. " વિચારમગ્ન વદને આનન્દસિંહે કહ્યું.

" તમે અમારી કશી ચિંતા કરશો નહિ; કેમકે અહીં મેળવેલા વિજયપરથી આપણી ખાત્રી થઇ ચુકી છે કે ત્યાંની પ્રજા આપણાથી વિરુદ્ધતા કરશે નહિ. " ઇન્દ્રજીતે કહ્યું.

" ઇશ્વર આપની ધારણાને સત્ય ઠરાવો; પરંતુ—"

આનન્દસિંહનું આ વાક્ય પૂર્ણ થાય તે પૂર્વે જ ઇન્દ્રજીત બોલી

ઉઠયો:—" આપણું સૈન્ય ત્યાં આવી પહોંચે તે પહેલાં જ અમે સઘળું કાર્ય પૂર્ણ કરી નાખીશું; વારું, હવે તમારે જે કહેવું હોય તે કહો."

" વડિલ ભ્રાતા ! આપ એકલા ત્યાં પધારો છો એ મ્હારી નમ્ર માન્યતાનુસાર ઉચિત થતું નથી. શત્રુના નિવાસસ્થાનમાં જતાં પૂર્વે સર્વ પ્રકારે સાવધાન રહેવાની જરૂર છે. આપ માત્ર તેજસિંહજી સાથે જ ત્યાં જતા હોવાથી અત્રે મ્હારો જીવ ઘણો ચિંતાતુર રહે તેમ છે." આનન્દસિંહે ગંભીરતાસૂચક સ્વરે કહ્યું.

જો કે ઇન્દ્રજીતે રાજગૃહ તરફ જવાનો પોતાનો દૃઢ નિશ્ચય કર્યો હતો; પરંતુ કનિષ્ટ ભ્રાતાનાં વચનો સાંભળી શું કરવું તેના ગંભીર વિચારમાં તે પડી ગયો. આ સમયે તેજસિંહે કહ્યું:—" હું તો પ્રથમથી જ આપને કહેતો હતો કે, મ્હને ત્યાં જઇ સઘળી પરિસ્થિતિનું દર્શન કરી આવવા દ્યો. આજથી ચોથે દિવસે હું અવશ્ય અત્રે પાછો આવીશ. જો મ્હને આજ્ઞા હોય તો હું આ ક્ષણે જ રાજગૃહ તરફ વિદાય થાઉં. ?"

આનન્દસિંહે તેજસિંહનાં આ વચનોપર સંમતિ દર્શાવી તેથી ઇન્દ્રજીતે તેને રાજગૃહ જવાની રજા આપી. વિના વિલંબે તે એ તરફ ચાલ્યો ગયો, અને બન્ને રાજકુમારો નગરમાં પાછા ફર્યા.

રાજગૃહ તરફ ગયાને તેજસિંહને ત્રણ દિવસ થયા હતા; છતાં તેના કશા સમાચાર મળેલા નહિ હોવાથી, મધ્યરાત્રિ થયેલી હોવા છતાં ઇન્દ્રજીત તેના શયનગૃહમાં ચિંતાતુર ચિત્તે પલંગમાં આળોટતો હતો વિચારોની વિશેષતાના લીધે તેનાપર નિદ્રાદેવીની કૃપા થતી નહોતી. વારંવાર કલ્પનાની સહાયતાથી તે માયાસુંદરીની મૂર્ત્તિ પોતાના હૃદય-મંદિરમાં હાજર કરતો હતો. વારંવાર તે ગાઢ નિશ્વાસ મૂકતો હતો. અગ્નિદત્ત પોતાની પ્રિયતમાને કેટલી બધી દુઃખી કરતો હશે એ વિચાર

તેના હૃદયમાં હજારો વૃશ્ચિકદંશ જેટલી વેદના કરતો હતો. થોડા સમય સૂધી આવી સ્થિતિમાં આળોટયા પછી તે ઉઠયો અને શયનગૃહમાં આંટા મારવા લાગ્યો. આ સમયે એક પહેરેગીરે નમીને તેના શયનગૃહમાં નજર કરી. રાજકુમારને અંદર ફરતો જોઈ તે પાછો હઠી ગયો. તેના પગના અવાજે ઇન્દ્રજીતનું લક્ષ્ય તેના તરફ આકર્ષ્યું. શા કારણથી તેણે શયનગૃહમાં દષ્ટિ કરી એમ તેણે તેને હસ્તસંકેતથી પૂછ્યું એટલે તેણે પોતાના બન્ને હાથ જોડીને નમ્રતાસૂચક સ્વરે કહ્યું:—" મહારાજ ! દ્વારપર એક બહુરૂપી આવીને ઉભો રહ્યો છે, તથા તે હમણાં જ આપને મળવાની ઇચ્છા રાખે છે ! "

તેને પોતાની પાસે લઈ આવવાની ઈન્દ્રજીતે પહેરેગીરને આજ્ઞા આપી એટલે પહેરેગીર ચાલ્યો ગયો અને થોડા સમયમાં જ પેલા બહુરૂપીને ઈન્દ્રજીત પાસે લઈ આવ્યો. એ બહુરૂપી એક સૌન્દર્યવાન્ નવયુવક દેખાતો હતો. પોતાના અંગપર તેણે મખમલનો ચુસ્ત પોષાક પહેરેલો હતો. કમ્મરપટ્ટામાં કટાર ખોસેલી હોઇ તેના હાથમાં એક મ્હોટું દોરડું હતું. ઈન્દ્રજીતે તીક્ષ્ણદષ્ટિથી તેના તરફ જોયું, એટલે તરત જ તેના મ્હોંપરનો ભાવ બદલાઇ ગયો. રાજકુમાર ઈન્દ્રજીતની ઉદાસિનતા તરતજ અદશ્ય થઈ ગઇ અને પ્રસન્ન બની જઈ હર્ષોત્કુલ્લ કંઠે તેણે કહ્યું:—" મ્હેં તમને ઓળખ્યાં છે ! "

" રાજકુમાર ! આપ શા માટે મ્હને ન ઓળખી શકો ? ! આપના દરબારમાં એક એકથી ઉસ્તાદ બહુરૂપીઓ છે, તથા આપ નિરંતર તેમના સહવાસમાં જ રહો છો તેથી મ્હને જોતાંની સાથે જ આપ ઓળખી કાઢો એમાં નવાઈ જેવું કાંઈ છે જ નહિ. " આગંતુક વ્યક્તિએ કહ્યું.

" નારંગિ ! પ્રથમ મ્હને કહો જોઇએ કે, માયાસુંદરી હમણાં ક્યાં કેવી સ્થિતિમાં છે ? તેમની દુષ્ટ અગ્નિદત્તના પંઝામાંથી મુક્તિ થઈ છે કે નહિ ? " ઇન્દ્રજીતે યુવકના વેષમાં આવેલી માયાસુંદરીની સખી નારંગીને પૂછ્યું.

"અગ્નિદત્તના પંઝામાંથી તેમની મુક્તિ થઈ ગઈ છે, તથા તેઓ હમણાં ક્યાં છે તેની એ દુષ્ટને કશી ખબર નથી." નારંગીએ ઉત્તર આપ્યો.

" ત્યારે સત્વર કહો કે, હાલ તેઓ ક્યાં છે ? " ઇન્દ્રજીતે પ્રશ્ન કર્યો.

" તેઓ આ શહેરમાં જ છે; પરંતુ હમણાં આપને મળવાની તેમની ઇચ્છા નથી. " નારંગીએ ઉત્તર આપ્યો.

" કેમ, મ્હારા કોઇ વ્યવહારથી તેઓ નારાજ થયાં હશે ! " ચિંતાતુર બની જઇને ઇન્દ્રજીતે કહ્યું.

" ના ના, કુમારશ્રી, આપ સ્વપ્નમાં સુદ્ધાં આવા અનુચિત સંશયને આપના સ્નેહમય અંતરમાં સ્થાન આપશો નહિ. એમના ઉદ્ધારાર્થે આપે અનેક પ્રયત્નો કર્યા છે. " નારંગીએ કહ્યું.

" ત્યારે શા માટે મ્હને મળવાની તેમની ઇચ્છા નથી. ? તેમનો એક ક્ષણનો વિયોગ મ્હને એક યુગ જેટલો જણાય છે—પ્રતિપળે તેમને મળવાની ઉત્કટ ઇચ્છા મ્હારા અંતરમાં ઉત્પન્ન થાય છે. જો મ્હારા અંતરમાં થતી અપાર વ્યથાનો તમને થોડો પણ અનુભવ હોત તો તમે કદાપિ આવાં વચનો ઉચ્ચારત નહિ. તમે એમ જણાવો છો કે, માયાસુંદરી સર્વે પ્રકારે સ્વતંત્ર છે, તથા તેઓ આ નગરમાં જ છે; છતાં તેમની મ્હને મળવાની ઇચ્છા નથી તેનું શું

કારણ છે તે જણાવો અને સત્વર મ્હારા અંતરની અધીરતાનો અંત લાવો." વ્યાકુળતાથી ઇન્દ્રજીતે કહ્યું.

"મહારાજ ! આટલી બધી અધીરતા ન રાખો. આવો, હું હમણાં જ આપને માયાસુંદરી પાસે લઇ જાઉં છું. જેમ બનવાનું હશે તેમ બનશે; છતાં આપ આપની સાથે એક બહુરૂપીને લઈ લેજો. તેજસિંહ તો અહીં હાજર નથી. તેઓ ગત્ર કાલે મ્હને રાજગૃહમાં મળ્યા હતા. માયાસુંદરીનો અગ્નિદત્તના પંઝામાંથી ઉદ્ધાર થયાના સમાચાર મ્હેં તેમને પણ કહી સંભળાવ્યા છે." નારંગીએ કહ્યું.

"તમે તેમને એટલું કહ્યું છે એટલે તેઓ ત્યાં જબરદસ્ત રમખાણ મચાવશે." આમ કહી તારાસિંહને બોલાવી લાવવાની ઇન્દ્રજીતે પહેરેગીરને આજ્ઞા કરી. થોડા સમયમાં જ તારાસિંહ ત્યાં આવી પહોંચ્યો. નારંગીએ કહેલી હકીકત જણાવી ઇન્દ્રજીતે તેને પોતાની સાથે આવવા માટે જણાવ્યું. પછી ત્વરાથી પોષાક પહેરી ત્રણે જણાં ત્યાંથી સાથે જ નીકળ્યાં.

કેટલીક ગલી કુંચીઓ ઓળંગી ત્રણે જણાં, ગયાજીમાંના વિષ્ણુપાદુકા મંદિર પાસે આવેલા એક મકાન પાસે જઈ ઉભાં રહ્યાં. આ સમયે નારંગીએ કહ્યું:—"આપણે આ મકાનમાં જવાનું છે; પરંતુ આ મકાનના દરવાજાની સ્હામે જ એક મ્હોટા જમીનદારની બેઠક છે, ત્યાં રાત્રિ દિવસ પહેરો હોય છે. આપણે અહીંથી જઇએ તો આ મકાનમાં બે નવીન માણસોએ પ્રવેશ કર્યો છે એમ તેમને માલૂમ પડે; પણ તેમ કરવું મ્હને ઉચિત લાગતું નથી."

"ત્યારે આપણે શું કરીશું ?" તારાસિંહે પ્રશ્ન કર્યો.

"હું દરવાજાને રસ્તેથી જાઉંછું. આપ પાછળથી આ દોરડું ફેંકીને ઉપર ચઢી આવજો." નારંગીએ ઉપાય બતાવ્યો.

" ભલે અમે એમ કરીશું." ઇન્દ્રજીતે સંમતિ દર્શાવી.

" બીજી પણ એક વાર્તા પ્રથમથી સાંભળી લ્યો. જ્યારે હું આ મકાનમાં જઇને છતપરથી આપના તરફ જોઉં ત્યારે જ આપ દોરડું ફેંકજો. તે પહેલાં ફેંકશો તો આપની મહેનત વ્યર્થ થશે." આવી સૂચના કરીને નારંગી ચાલી ગઇ. ઇન્દ્રજીત અને તારાસિંહ મકાનની પાછળ જઈ અંધકારમાં ઉભા રહ્યા.

વાંચકબંધુઓ! ઇન્દ્રજીત અને તારાસિંહ એ મકાનમાં પ્રવેશ કરે તે પૂર્વે જ ચાલો આપણે તેનું દર્શન કરી આવીએ.

એ વિસ્તૃત તેમજ ઉચ્ચ મકાનમાં અસંખ્ય ન્હાની ન્હાની ઓરડીઓ હતી. એ ગણવા બેસતાં તેનોપાર આવે તેમ નથી તેથી ચાલો આપણે પેલા ખુલ્લા ચોકમાં જઇને ઉભા રહીએ. એ ચોકની બન્ને બાજૂએ બે ખુલ્લા ઓરડાઓ અને સ્હામે ખુલ્લી અગાસી હતી. આ ચોકમાં માત્ર એક શેતરંજી બિછાવેલી હતી. ત્યાંની દિવાલમાં જડેલી ખીંટીઓપર કેટલાંક વસ્ત્રો લટકતાં હતાં. આ ચોક છેક ઉપરના મજલે આવેલો હોવાથી સ્હામેની ખુલ્લી આગાસીમાંથી ચંદ્રદેવનો ઉજ્વળ પ્રકાશ તેમાં આવીને પડતો હતો. એ ચોકમાં પડેલી પ્રત્યેક વસ્તુ ચાંદનીના પ્રકાશમાં સ્પષ્ટ જોઈ શકાતી હતી. ચોકમાંની એક તરફની ઓરડી હમણાં બંધ હતી; પરંતુ બીજી બાજૂની ઓરડીનાં દ્વાર ઉઘાડાં હતાં. એ ઓરડી બહુ મ્હોટી નહોતી તેમ બહુ ન્હાની પણ નહોતી. એ ઓરડીમાં ત્રણ બાજૂએ ત્રણ નાજુક પલંગો બિછાવેલા પડયા હતા. વચ્ચેની ખાલી જગ્યામાં હમણાં બે નવયુવતીઓ બેઠેલી હતી. તેઓમાંની એક માયાસુંદરી અને બીજી બંસરીબાલા હતી. બંસરીબાલા અને આનન્દસિંહ થોડા સમયથી એક બીજાને એક બીજાનું અંતર

અર્પણ કરી ચુક્યા હતાં. અત્યારે એ બન્ને જણીઓ એક બીજીની સાથે નીચે દર્શાવ્યા પ્રમાણે વાતચિત કરતી હતી.

" બ્હેન ! તમારી ભલાઇને આ જીવનમાં હું કદાપિ ભૂલી શકું તેમ નથી. તેથી જ તમને આવી સ્થિતિમાં રાખી હું યુવરાજ ઇન્દ્રજીતસિંહને મળી શકું તેમ નથી. " માયાએ બંસરીના ખભાપર હાથ મૂકી સ્નેહસૂચક સ્વરે કહ્યું.

" ત્યારે આપણે શું કરીશું ? વળી રાજકુમાર આનન્દસિંહના અંતરમાં આ અભાગિની માટે અનુરાગ ઉપજશે કે કેમ એ પણ હજી અનિશ્ચિત છે. " ગંભીરતા ધારણ કરીને બંસરીએ કહ્યું.

" બ્હેન! આટલાં બધાં અધીરાં ન બની જાઓ. નારંગીએ મ્હારા સમક્ષ પ્રતિજ્ઞા કરીને એમ કહેલું છે કે, આનન્દસિંહના અંતરમા તમારા માટે ઘણો પ્રેમભાવ ઉપજ્યો છે. વળી તમે પણ તેમનાપર કાંઇ સામાન્ય ઉપકાર કર્યો નથી. ગયા રાજ્યની પ્રજાને દુઃખી કરનાર શયતાન હરામખોરોનો સંહાર તમારા સિવાય બીજું કોણ કરી શકત ? સખિ ! આજે પુષ્કળ ગરમી લાગે છે તેથી ચાલો આપણે બ્હાર અગાસીમાં જઇને બેસીએ." માયાસુંદરીએ પૂર્વવત્ સ્વરે કહ્યું.

માયા અને બંસરી અગાસીમાં જઇને ફરવા લાગી. પછીથી સહજ શ્રમનો અનુભવ થતાં તે બન્ને જણીઓ ચૉકમાં આવી, ત્યાં બિછાવવામાં આવેલી શેતરંજીપર બેઠી.

આ મકાનની હમણાં જરા જીર્ણ સ્થિતિ જણાતી હતી; છતાં ભૂતકાળમાં તે કોઇ ભવ્ય ઇમારત હોય એવો ભાસ થતો હતો. આ ઇમારતની પાછળ એક સુંદર પુષ્પોદ્યાન આવેલો હતો પરંતુ કાળક્રમે એ પુષ્પોદ્યાનની સુંદરતા પણ અદ્રશ્ય થઇ ગઇ હતી. ઇમારતમાંથી

બાગમાં જવાનો માત્ર એક જ માર્ગ હતો; પરંતુ તેની ચોતરફ કિલ્લાના જેવી પાષાણનિર્મિત ઉંચી દિવાલ આવેલી હતી; તેથી અંદર રહેતા માણસની સહાયતા સિવાય ઇમારતપર દોરડું ફેંકીને કોઇ અંદર આવી શકે તેમ નહોતું. જો કે કોઇ પ્રયત્ન કરે તો ચંદન ઘો ફેંકીને ઉદ્યાનમાં આવી શકે; પરંતુ ઉદ્યાનમાંની ઇમારતમાં પ્રવેશ કરવાનું કાર્ય ઘણું મુશ્કિલ હતું.

થોડા સમય સુધી બંસરી અને માયાએ એક બીજીની સાથે વાતચિત કરી એવામાં નીચે દ્વારનો ખડખડાટ થતો સાંભળવામાં આવ્યાથી માયા બોલીઃ—" સખિ ! નારંગી આવી પહોંચી ખરી !"

" છતાં પ્રથમ આપણે બારીમાંથી સમસ્યા પૂછી એ નારંગી છે એવી નિત્ય નિયમાનુસાર ખાત્રી કરવી જોઇએ." આમ કહીને બંસરી ઉઠી બારી પાસે જવા લાગી એટલો તેનો હાથ પકડીને માયાએ કહ્યું:— " બ્હેન ! તમે શા માટે તકલીફ ઉઠાવો છો ? હું જ એને સમસ્યા પૂછી જોઉં છું. " આમ કહી દરવાજા પાસેની બારીમાં નમીને માયાએ પૂછ્યું:—" કેમ ગણત્રી પૂર્ણ થઈ ? "

" હા—બરાબર પચીસ." ઉત્તર મળ્યો.

" ઠીક ત્યારે, હું નીચે આવી દ્વાર ઉઘાડું છું."

આમ કહીને દ્વાર ઉઘાડવા માટે માયા નીચે ઉતરી; પરંતુ દ્વાર પાસેના ચૉક પાસે જતાં, અંધકારમાં એક કદાવર તેમજ ભયંકર દેખાવના માણસને માર્ગમાં ઉભો રહેલો જોઇ તે ગભરાઇ ગઈ, તથા ભયની ભાવનાથી એક કારમી બૂમ મારી ને બેશુદ્ધ બની જઇ જમીન પર ઢળી પડી. એવામાં એ ભયંકર આકૃતિવાળો પિશાચ પુરુષ આગળ આવ્યો અને તેણે બેહોશ બની ગયેલી માયાને ક્ષણ માત્રમાં જ ઉંચકી

લીધી. બીજી તરફથી જ્યારે માયાની કારમી ચીસ બંસરીના સાંભળવામાં આવી ત્યારે તે અસ્થિર બની જઇ નગ્ન તલ્વાર હાથમાં લઇ ત્વરાથી નીચે ઉતરી; પરંતુ ચોતરફ દૃષ્ટિ ફેરવતાં કોઇ નજરે નહિ પડયાથી વ્યાકુળ બની જઈ તે આજુબાજુમાં માયાની શોધ કરવા લાગી. ભયાનક ભયની ભાવનાથી તે દ્વાર ઉઘાડી નારંગીને અંદર લાવવી પણ ભૂલી ગઈ. તેણે એ જીર્ણ ઇમારતમાં માયાની ઘણી શોધ કરી; પરંતુ તેનો પત્તો ન જ લાગ્યો.

બિચારી માયા એક કારમી ચીસ પાડી બેહોશ બની ગઇ હતી. જ્યારે તે શુદ્ધિમાં આવી ત્યારે તેને માલૂમ પડયું કે તે યમદૂતના પંઝામાં ફસાઇ પડી હતી. એક ભયાનક ઝાડીમાં તે જમીનપર પડેલી હોઈ તેના હૃદયપર પગ મૂકી એક બુરખાવાળો નિષ્ઠુર પુરુષ હાથમાં તીક્ષ્ણ ધારવાળું તેજોમય ખંજર લઇ તેનું લોહી પીવાને ઉભો રહ્યો હતો ! આવો ભયાનક દેખાવ જોઇ માયા કંપી ઉઠી !

પ્રકરણ ૯ મું.

દ્વંદ્વયુદ્ધ.

રાણા કનકસિંહની આજ્ઞાથી તેનો પુત્ર ભીમસિંહ થોડા બહુરૂપીઓ, યોદ્ધાઓ અને જાલિમસિંહને સાથે લઈ રાજગૃહ તરફ રવાના થયો. જાલિમસિંહ લઢવામાં ઘણો બહાદુર હતો. તેના અંતરમાં એવો દૃઢ વિશ્વાસ હતો કે દ્વંદ્વ યુદ્ધમાં કોઇ પણ માણસ તેનો પરાજય કરી શકે નહિ. પહેલાં ભીમસિંહ પણ પોતાને અજીત લઢવૈયો સમજતો હતો; પરંતુ જ્યારે જાલિમસિંહે કનકસિંહનો આશ્રય સ્વીકાર્યો, તથા તેણે અને ભીમસિંહે બેચાર વખત ઉભયની શક્તિની પરીક્ષા કરી જોવાને કૃત્રિમ દ્વંદ્વ યુદ્ધ કર્યા ત્યારથી ભીમસિંહની એવી ખાત્રી થઇ ગઇ કે, જાલિમસિંહ પાસે તે એક બાળક જેવો જ હતો. જાલિમસિંહ લઢવામાં જેવો ઉસ્તાદ હતો તેવો જ પ્રામાણિક અને ઇમાનદાર હતો. તેણે પોતાના મનમાં ઘણા કાળથી એવી પ્રતિજ્ઞા કરેલી હતી કે, દ્વંદ્વ યુદ્ધમાં કોઈ પણ સમયે જો કોઈ માણસ તેને જીતશે તો તે તેની આધીનતા સ્વીકરશે.

એ લોકો પ્રથમ રાજગૃહમાં જઈ પહોંચ્યા, અને એક ગુપ્ત ગુફામાં મુકામ કર્યો પછી તેમણે બહુરૂપીઓને ત્યાંની પરિસ્થિતિ તપાસવાનું કાર્ય સોંપ્યું. બે દિવસમાં જ બહુરૂપીઓએ ત્યાંની સઘળી પરિસ્થિતિ જાણી લઈ ભીમસિંહ અને જાલિમસિંહને જણાવી. ભીમસિંહે જ્યારે એમ જાણ્યું કે, માયા અને માધવી ત્યાં હાજર નથી ત્યારે ત્યાં કાંઇ નવાજુની કર્યાં સિવાય તેમણે ગયા તરફ કૂચ કરી.

આ સમયે જો ભીમસિંહે ધાર્યું હોત તો તે રાજગૃહને સહેલાઇથી સ્વાધીન કરી શકત; પરંતુ ગયા રાજ્ય રાણા વીરસિંહે સ્વાધીન કરેલું હોવાથી પોતે જો રાજગૃહ સ્વાધીન કરવાનો પ્રયત્ન કરશે તો પોતાને વીરસિંહ વિરુદ્ધ યુદ્ધ કરવું પડશે, અને એ યુદ્ધમાં પોતાનાથી વિજય નહિ જ મેળવી શકાય' એમ તે સારી રીતે જાણતો હોવાથી જ એ વિષયમાં તેણે હાથ નાખ્યો કર્યો નહોતો. વળી પ્રથમ છુપી રીતે તેને માયાની મુલાકાત કરવાની હતી તેથી પણ ઉપરોક્ત વિષય તરફ તેણે લક્ષ્ય આપ્યું નહોતું.

ગયાની પાસે જઇ પહોંચીને એક ગુપ્ત તથા ભયાનક ગુફામાં તેમણે મુકામ કર્યો, તથા ત્યાંના સમાચાર જાણવા માટે બહુરૂપીઓ મોકલવામાં આવ્યા. જેવી રીતે ભીમસિંહના બહુરૂપીઓ ભટકી ભટકીને સમાચાર સંગ્રહ કરતા હતા તેવી જ રીતે માધવીની સખી તિલોત્તમા પણ પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે વેષ બદલી ચોતરફ ફર્યા કરતી હતી. આકસ્મિક રીતે જ ભીમસિંહના બહુરૂપીઓ સાથે તિલોત્તમાની મુલાકાત થઈ ગઇ, અને ઘણી ત્વરાથી માધવીની ખબર ભીમસિંહને તથા ભીમસિંહની ખબર માધવીને મળી ગઈ.

ભીમસિંહની સાથે જેટલા યોદ્ધાઓ હતા એમને સર્વેને ગુફામાં રાખી ભીમસિંહ અને જાલિમસિંહને માધવીએ પોતાની પાસે બોલાવી લીધા. પછીથી તેઓ ત્રણે જણાં મળી માયાનો જીવ લેવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. હવે વાંચકો સમજી ગયા હશે કે, ઉપર વર્ણવેલા જીર્ણ મકાનમાંથી એકાએક માયાને ઉપાડી જનાર ભીમસિંહ અને જાલિમસિંહ હતા. ભીમસિંહે પોતાના બહુરૂપીઓની મદદથી બાજૂના ખંડેરની દિવાલમાં બાકોરૂં પડાવી તેમાંથી તેણે જાલિમસિંહને માયા તેમજ બંસરી જે ઇમારતમાં રહેતાં હતાં એ ઇમારતમાં મોકલ્યો હતો.

પોતાને જોઈ બૂમ પાડનાર માયાને ઉંચકી લઈ જાલિમસિંહ પેલા બાકોરામાંથી એ ઈમારતની બ્હાર નીકળી પડયો, તથા ખંડેરમાં એ અનાથિની બાળિકાને જમીનપર પટકી તે તેનો જીવ લેવાને તૈયાર થયો; છતાં એ બાળિકા નિર્દોષ હોવાથી જાલિમસિંહના અંતરમાં તેના માટે દયાભાવ ઉપજ્યો. તે માયાને જમીનપર પડી રહેવા દઇ, ભીમસિંહ પાસે જઇને બોલ્યો:—" રાજકુમાર! આટલી સેવા મ્હેં બજાવી છે; પરંતુ સ્ત્રીહત્યાના મહાપાપનો સંચય હું કરી શકું તેમ નથી."

આ સમયે ક્રોધાધીન બનેલો ભીમસિંહ હાથમાં ચળકતું તીક્ષ્ણ ધારવાળું ખંજર લઈ બેહોશ માયાની છાતીપર ચઢી બેઠો. થોડા સમયમાં જ માયા શુદ્ધિમાં આવી, તથા તેણે પોતાને યમદૂતના પંઝા-માં સપડાયલી જોઇ. તેનાથી એક પણ અક્ષર ઉચ્ચારી શકાયો નહિ. ભીમસિંહે માયાનું હૃદય વીંધી નાંખવાને જેવી પોતાના હાથમાંની કટાર ઉંચકી કે તરત જ પાછળથી કોઇએ તેનું કાંડું બળપૂર્વક પકડી લીધું. તેણે પાછળ દૃષ્ટિ ફેરવી તો એક સાધુ તેની નજરે પડયો. હવે ક્રોધની જ્વાળાથી ભીમસિંહ વિશેષ અસ્થિર બની ગયો. તે માયાનો ત્યાગ કરી સાધુના અંગપર ધસ્યો.

વાંચકબંધુઓ! રામશિલાના ટેકરાની સ્હામેના ફલ્ગુનદીના પટની વચ્ચે આવેલા પહાડ ઉપર જે સાધુને આપણે જોયો હતો તથા જેની પાસે માધવી અને તિલોત્તમા સહાયતા મેળવવા ગઈ હતી તેજ આ સાધુ હતો. આ સમયે તે દુષ્ટોના જુલ્મમાં સપડાયલી માયાસુંદરીનો ઉદ્ધાર કરવાના શુભ ઉદ્દેશથી અત્રે ઉપસ્થિત થયો હતો. પોતાના કમર-પટ્ટામાંથી ખંજર ખેંચી કાઢી તે પણ ભીમસિંહની સ્હામે થયો. બન્ને વચ્ચે ઝપાઝપી ચાલૂ થઈ. જાલિમસિંહ દૂર ઉભો રહીને એ ઝપાઝપી જોઈ રહ્યો. સાધુ કરતાં ભીમસિંહને તે વિશેષ શક્તિશાળી સમજતો

હોવાથી તેમની ઝપાઝપીમાં વચ્ચે પડવું તેણે વ્યાજબી વિચાર્યું નહિ. ભીમસિંહ સાથે લઢતાં લઢતાં થોડા સમય પછી સાધુએ તેનો ઘા ચુકાવી તેના પગમાં પોતાના એક પગની એવી આંટ મારી કે તે તરત જ જમીનદોસ્ત થઈ ગયો. આ સમયે સાધુએ તેને ઉદ્દેશીને ક્રોધ-કર્કશસ્વરે કહ્યું:—"ચાલ, પુનઃ યુદ્ધ કરવાને તૈયાર થઈ જા."

આ સમયે ભીમસિંહે ઉઠી ઉભા થઇ પોતાનું ખંજર દૂર ફેંકી દીધું અને તે સાધુને વળગી પડયો; કેમ કે કુસ્તી ખેલવામાં તે પોતાને અદ્વિતીય વીર સમજતો હતો; છતાં સાધુ સમક્ષ તેનો એક પણ દાવ ચાલ્યો નહિ. થોડા સમયમાં જ સાધુએ તેને હંફાવી પુનઃ જમીનદોસ્ત બનાવીને કહ્યું:—"જા, હું તને એક બાળક સમજીને છોડી દઉં છું. જો ત્હારે ત્હારા જીવનનું રક્ષણ કરવું હોય તો તું હમણાં જ અહીંથી ચાલ્યો જા."

આ વચનો સાંભળી નિરાશ બની ગયેલો ભીમસિંહ દિઙ્મૂઢ બની જઇ સાધુના પ્રભાવશાળી મુખમંડળ તરફ જોઇ રહ્યો. એક બાજૂએ ધરાશાયિની થએલી માયાસુંદરી અત્યાર સૂધી ભયચકિત દૃષ્ટિથી આ ભયાનક દેખાવનું દર્શન કરી રહી હતી. ભયની ભાવનાથી તે ઉઠી શકતી નહોતી તેમજ એક પણ શબ્દનો ઉચ્ચાર સુદ્ધાં કરી શકતી નહોતી.

ભીમસિંહને પરાજિત થયેલો જોઇ જાલિમસિંહથી સ્વસ્થ રહી શકાયું નહિ. તે ક્રોધાધીન બની જઇ એક કુદકો મારી સાધુ પાસે આવીને ઉભો રહ્યો, તથા બોલી ઉઠયોઃ—"સાધુ વેષધારી શયતાન! હું ચોક્કસ સમજી ગયો છું કે, તું સાધુ નથી. તને ત્હારા બળનું જો બહુ અભિમાન હોય તો થઈ જા આ વીરપુરુષની વિરુદ્ધ યુદ્ધ કરવાને

તૈયાર. ત્હારા આસમાન સુધી પહોંચેલા ગર્વનું ખંડન કરવાને હું તૈયાર છું."

આ વાક્યોનો કશો ઉત્તર નહિ આપતાં સાધુ જાલિમસિંહ સાથે પણ યુદ્ધ કરવાને તૈયાર થઈ ગયો. બન્ને વચ્ચે ઝપાઝપી થવાની તૈયારી હતી એવામાં એક એવો બનાવ બન્યો કે જેથી સાધુ યુદ્ધ કરવું બંધ કરી ત્યાંથી અદ્રશ્ય થઇ ગયો. એ બનાવ જાણતાં પૂર્વે નીચેની હકીકત જાણવાની જરૂર છે.

એ જીર્ણ મકાનમાં બંસરીબાલા માયાસુંદરીને શોધી શોધીને થાકી ગઇ; પરંતુ તેનો કશો પત્તો લાગ્યો નહિ. છેવટે નારંગી બ્હાર ઉભી રહી છે એ વાર્તા તેને યાદ આવ્યાથી અધીર ચિત્તે દ્વાર પાસે જઈ દ્વાર ઉઘાડી તેણે નારંગીને અંદર લીધી. નારંગીએ મકાનમાં પ્રવેશ કરતાંની સાથે જ પૂછ્યું:—" કેમ શું થયું છે ? દ્વાર ઉઘાડતાં આટલો બધો વિલંબ કેમ થયો છે ? "

આ પ્રશ્નના ઉત્તરમાં ગભરાઇ ગયેલી બંસરીબાલાએ કહ્યું:— " બ્હેન ! સર્વસ્વનો વિનાશ થયો છે. આકસ્મિક ભયંકર સંકટ ઉપસ્થિત થયું છે. તમને અંદર લેવા માટે બારણાં ઉઘાડવા માયાસુંદરી નીચે આવ્યાં હતાં, તેઓ એક ચીસ પાડી ક્યાં અદ્રશ્ય થઈ ગયાં છે કે તેમનો પત્તો જ મળતો નથી ! તેમની ચીસ સાંભળી અહીં આવી મ્હેં ઘણી શોધ કરી છે; પરંતુ શું બન્યું છે એ માલૂમ પડતું નથી ! "

આ ઉત્તર સાંભળી નારંગી ત્વરાથી ઉપર ચઢી ગઈ તથા અગાસીમાં જઇ તેણે ઇન્દ્રજીત અને તારાસિંહને દોરડું પકડી ઉપર લીધા. તેઓ બન્ને ઉપર આવ્યા એટલે નારંગીએ તેમને માયાસુંદરીના અદ્રશ્ય થયાના હૃદયવિદારક વર્તમાન કહી સંભળાવ્યા. ચારે જણાં તરત જ નીચે ઉતરી વ્યાકુળતાથી માયાની શોધ કરવા લાગ્યાં. આખા

મકાનમાં એક પણ દીપક નહિ હોવાથી સર્વત્ર ભીષણ અંધકારનો વિસ્તાર થયેલો હતો; છતાં નારંગી નીચે આવેલી સઘળી ઓરડીઓ-માં માયાને શોધી વળી. ઇન્દ્રજીત પણ અત્યંત અધીરતાથી પ્રિયતમાની શોધ કર્યા કરતો હતો. આવી રીતે શોધ કરતાં કરતાં તેઓ એ જીર્ણ મકાનની છેવટની દિવાલે જે ઓરડીને સંલગ્ન થયેલી હતી તે ઓરડીમાં જઇ પહોંચ્યાં તો તેમણે એક મ્હોટું બાકોરું જોયું. હવે જ સર્વની ખાત્રી થઈ કે, બ્હારથી કોઇ માણસ આવીને આ સઘળો જુલ્મ ગુજારી ગયેલો હોવો જોઇએ. ઇન્દ્રજીતસિંહ અને તારાસિંહ વિના વિલંબે એ બાકોરામાં થઇને બ્હારની પડતર જમીનમાં જઇ પહોંચ્યા. ઇન્દ્ર-જીતને પોતાની પાસે આવેલો જોઇ સાધુ, જાલિમસિંહ સાથે યુદ્ધ કરવું બંધ કરી જોતજોતાંમાં ખંડેરની દિવાલ છલંગ મારીને ઓળંગી ગયો. જાલિમસિંહ એક વૃક્ષ સાથે રાખેલો પોતાનો ભાલો લઇ ઇન્દ્રજીત સ્હામે લઢવાને આવ્યો. તારાસિંહે એક કૂદકો મારી ભીમસિંહને એવા જોરથી લાત લગાવી દીધી કે તે શરીરનો ભાર સંભાળી નહિ શકાયાથી પૃથિવીપર પટકાઈ પડયો. તારાસિંહે તેની છાતીપર ચઢી બેસી પોતાની પાસેના દોરડાથી તેના અંગને મજબુતાઈથી બાંધી દીધું. પછીથી તે દૂર ઉભો રહી ઇન્દ્રજીત અને જાલિમસિંહનું યુદ્ધ જોવા લાગ્યો. બન્ને જણા લઢવામાં કળાબાજ, હોશિયાર અને બહાદુર હોવાથી ચતુરાઇથી એકબીજાના ઘા ચુકાવી આત્મરક્ષણ કરતા હતા. આવી રીતે અડધા કલાક સૂધી તેમની બન્નેની વચ્ચે ભીષણ યુદ્ધ ચાલ્યું; એવામાં ઇન્દ્રજીતની તલ્વારના સખ્ત આઘાતથી જાલિમસિંહના ભાલાના બે કડકા થઈ ગયા, તથા જાલિમની ઢાલપર ઇન્દ્રજીતની તલ્વારનો ઘા લાગવાથી તે મુઠમાંથી ભાંગી ગઇ; તેથી આ રસાકસીપર આવેલી લઢાઇ થોડા સમય માટે

બંધ પડી ગઈ. ઇન્દ્રજીતસિંહ એક નવયુવક હતો; છતાં હથિયાર ફેરવવાની તેની ચતુરાઇ તથા તેનું અપૂર્વ બાહુબળ જોઈ જાલિમસિંહ અત્યંત પ્રસન્ન થઇને બોલ્યો;—" યુવરાજ ! આજ સુધીમાં મ્હેં આપના જેવા બહાદુર વીરપુરુષ એક પણ જોયા નથી. "

" ઇશ્વરની આ સૃષ્ટિમાં એક કરતાં ચઢીઆતા અનેક બહાદુર પુરુષો પડેલા છે ! " ઇન્દ્રજીતે હસીને કહ્યું.

" આપનું કહેવું વ્યાજબી છે; પરંતુ મ્હારી એવી પ્રતિજ્ઞા છે કે, દ્વંદ્વ યુદ્ધમાં જે કોઇ મ્હારાપર વિજય મેળવે તેનું દાસત્વ મ્હારે સ્વીકારવું. જો કે પ્રથમ આપને એક શક્તિહીન બાળક સમજી મ્હેં આપનું જે અપમાન કર્યું છે એ માટે હવે મ્હને ઘણો પશ્ચાત્તાપ થાય છે; પરંતુ અફસોસ કે મ્હારાથી જે ગંભીર ભૂલ થઇ છે તે હવે ન થઈ થનાર નથી ! " જાલિમસિંહે પોતાની ભૂલ કબૂલ કરતાં ઇન્દ્રજીતને પોતાની પ્રતિજ્ઞા જણાવી.

" તમારા જેવા બહાદુર પુરુષ આવી પ્રતિજ્ઞા કરે એમાં નવાઇ જેવું કાંઇ છે જ નહિ. ચાલો, પુનઃ આપણે દ્વંદ્વ યુદ્ધ કરી આપણી બન્નેની શક્તિની કસોટી કરીએ.

પુનઃ બન્ને જણા દ્વંદ્વ યુધ્ધ કરવા લાગ્યા; પરંતુ એ યુદ્ધ વિશેષ સમય સુધી ચાલ્યું નહિ. જાલિમસિંહ ઉમ્મરે જો કે ઇન્દ્રજીતસિંહથી મ્હોટો હતો; પરંતુ ઇન્દ્રજીતસિંહે જોતજોતાંમાં તેને જમીનદોસ્ત બનાવી દીધો, તથા તેણે તેની છાતીપર ચઢી બેસીને પૂછ્યું:—" કેમ, હવે તમારી શી ઇચ્છા છે ? હજી પણ પુનઃ તમારો યુદ્ધ કરવાનો વિચાર હોય તો હું તૈયાર છું. "

" ના ના-હવે હું આપની તાબેદારી સ્વીકારું છું. " જાલિમસિંહે ઉત્તર આપ્યો. તેનો આ ઉત્તર સાંભળી ઇન્દ્રજીત હસતે મુખે ઉઠી ઉભો

થયો અને તે પોતાનાં સાથીદારોને જોવા લાગ્યો; કિન્તુ માયાસુંદરી, બંસરીબાલા કે નારંગી ત્યાં દેખાઇ નહિ. ભીમસિંહ તથા તારાસિંહ તેની નજરે પડયા નહિ. આવો પ્રકાર નજરે પડયાથી તે બોલી ઉઠયો:— " આટલા સમયમાં સઘળાં માણસો ક્યાં અદ્રસ્ય થઈ ગયાં ? "

" આ બનાવ ઘણો આશ્ચર્યજનક છે. થોડા સમય ઉપર તો અહીં ઘણાં માણસો હતાં. એમનામાંથી કોઇ પણ માણસ હમણાં અત્રે જણાતું નથી ! " જાલિમસિંહે પણ આશ્ચર્ય દર્શાવ્યું.

" વારું, તમે કોણ છો ? તમારી સાથે આવેલો યુવક કોણ હતો ? " ઇન્દ્રજીતે જાલિમને ઉદ્દેશીને પૂછ્યું.

" આ સેવકની સાથેના યુવક રાણા કનકસિંહના કુમાર ભીમસિંહજી હતા. હું તેમની જ આધીનતામાં હતો. હવે હું આપનું વીર નામ તથા ધામ જાણવાની ઉત્કટ ઇચ્છા રાખું છું." જાલિમસિંહે કહ્યું.

" હું મહારાણા વીરસિંહજીનો યુવરાજ ઇન્દ્રજીતસિંહ છું." ઉત્તર મળ્યો.

આ સમયે અત્યંત આનંદિત બની જઈ જાલિમસિંહ બોલ્યો:— " શું આપ રાણા વીરસિંહજીના યુવરાજ ઇન્દ્રજીતસિંહજી છો? પરમ-કૃપાળુ પરમાત્માએ મ્હને આપની સેવા કરવાનો જે અલભ્ય સુયોગ આપ્યો છે, એ માટે હું મ્હને મહાસૌભાગ્યશાળી સમજું છું. આજથી મ્હારો ભાગ્યોદય થયો છે એમજ હું માનું છું ! "

આવી રીતે જાલિમસિંહે ઇન્દ્રજીતનું દાસત્વ સ્વીકાર્યું. પછીથી એ બન્ને બહાદુરો આજૂબાજૂમાં માયા, બંસરી, નારંગી અને તારાસિંહ વગેરેને શોધવા લાગ્યા; પરંતુ કોઇનો પત્તો લાગ્યો નહિ. શોધ કરતાં કરતાં તેમણે એક વૃક્ષ નીચે ભીમસિંહને પડી રહેલો જોયો.

તેના હાથપગ મજબૂત દોરડાથી બાંધી લેવામાં આવ્યા હતા. તે સહજ પણ હાલી ચાલી શકવાને સર્વથા અશક્ત હતો. ભીમસિંહે, ઇન્દ્રજીતસિંહ અને જાલિમસિંહને પોતાની પાસે ઉપસ્થિત થયેલા જોઇને કહ્યું:—
"કેમ જાલિમસિંહ! હવે તમે અમને મદદ નહિ કરો?"

"રાજકુમાર! હવે હું આપનો તાબેદાર નથી તેથી લાચાર છું. મ્હારે મ્હારી પ્રતિજ્ઞા પાળવી જ જોઇએ." જાલિમસિંહે ઉત્તર આપ્યો.

"તમારા હાથપગ કોણે બાંધ્યા છે?" ઇન્દ્રજીતસિંહે પ્રશ્ન કર્યો.

"આપના સાથીદારે જ બાંધ્યા છે." ભીમસિંહે નમ્રતાસૂચક ઉત્તર આપ્યો.

"ઠીક, પેલા સાધુજી ક્યાં જતા રહ્યા?" ઇન્દ્રજીતે બીજો પ્રશ્ન કર્યો.

"એ સંબંધી હું કાંઈ જાણતો નથી!" ભીમસિંહે ઉત્તર આપ્યો.

બરાબર આ સમયે ખંડેરની દિવાલ ઓળંગીને તારાસિંહને પોતાના તરફ આવતો ઇન્દ્રજીતે જોયો. જ્યારે તે તદ્દન પાસે આવી પહોંચ્યો ત્યારે અધીરતાથી ઇન્દ્રજીતે તેને પૂછ્યું:—"તમે ક્યાં ગયા હતા?"

"યુવરાજ! જ્યારે આપણે અહીં આવ્યા ત્યારે એક સાધુ પણ અહીં હતા. તેઓ આપણને જોતાંની સાથે જ અદ્રશ્ય થઈ ગયા હતા. હું એક જણને દોરડાથી બાંધી રહ્યો હતો એવામાં સ્હામેની પેલી ઘીચ ઝાડીમાં છુપાઇ રહેલા કેટલાક માણસો બહાર આવી માયાસુંદરીને ઉપાડી આ તરફ નાશી ગયા. તેમને જોતાં જ બંસરીમાલા અને નારંગી પણ તેમની પાછળ દોડ્યાં હતાં." આમ કહી ત્યાં પડેલા ભીમસિંહને જોઇને તારાસિંહે કહ્યું:—"આપ દ્વંદ્વ યુદ્ધ કરતા હતા?

એ સમયે આ પુરુષ કદાચ પાછળથી આપના ઉપર હુમલો કરશે એવી અંતરમાં શંકા ઉપજવાથી મ્હેં ઉતાવળથી તેને દોરડાથી બાંધી દીધો. ત્યાર પછી પેલા લોકો માયાસુંદરીને ઉપાડી જે તરફ ચાલ્યા ગયા હતા તે તરફ હું પણ ગયો. પેલી તરફ ખંડેરના ખુણામાંની દિવાલમાં મ્હેં એક બારી ઉઘાડી જોઈ; તેથી એ લોકો એ બારીના રસ્તે ગયા હશે એમ વિચારી હું પણ એ રસ્તે ગયો."

"ઠીક, કાંઈ પત્તો લાગ્યો કે ?" ઇન્દ્રજીતે વિહ્વળ ચિત્તે પ્રશ્ન કર્યો.

"ના, કશો પત્તો લાગ્યો નથી. યુવરાજ ! એ લોકોની મ્હેં ઘણી શોધ કરી છે; પરંતુ એ સઘળા ક્યાં અદૃશ્ય થઇ ગયા એ મ્હને માલૂમ પડયું નથી. આપને લઢતા રાખીને હું ગયો હતો તેથી જ સત્વર અત્રે પાછો આવ્યો છું. આપ હવે રાજમહાલયમાં પધારો એટલે પછી હું એમની શોધમાં જાઉં !" આમ કહી જાલિમસિંહ તરફ હાથ લંબાવીને તેણે કહ્યું:—"આમની સાથેના યુદ્ધનું શું પરિણામ આવ્યું છે ?"

"દ્વંદ્વ યુદ્ધમાં એમનો પરાજય થયેલો હોવાથી એમણે આપણું દાસત્વ સ્વીકારેલું છે." ઇન્દ્રજીતે ઉત્તર આપ્યો.

"એ સત્ય છે; પરંતુ શત્રુપર વિશ્વાસ રાખવો—"

તારાસિંહનું આ વાક્ય પૂર્ણ થતાં પૂર્વે જ તેનો મર્મ સમજી જઇને જાલિમસિંહ બોલ્યો:—"આપ મ્હારા માટે આપના અંતરમાં યત્કિંચિત્ પણ સંશય રાખશો નહિ. હું આપની સેવા બજાવીને મ્હારી વફાદારીની ટૂંક સમયમાં જ ખાત્રી કરી આપીશ. માલિકને માટે—અન્નદાતાના કલ્યાણ માટે હું મ્હારું તુચ્છ જીવન સમર્પણ કરવામાં કદાપિ પાછી પ્હાની કરનાર નથી.

સમશેર કે ખંજર તણા આઘાતથી ડરતો નથી;
વીર જે છે તે વફાદારી વિના મરતો નથી."

તારાસિંહ આ વચનો સાંભળી સંતુષ્ટ થયો. હવે પ્રભાતકાળ થયેલો હોવાથી ભીમસિંહ, તારાસિંહ અને જાલિમસિંહસહ ઇન્દ્રજીત રાજમહાલય તરફ વિદાય થયો. ત્યાં ગયા પછી આનન્દસિંહ જ્યારે તેને મળવા આવ્યો ત્યારે રાત્રે બનેલી તમામ બિના તેણે તેને કહી સંભળાવી. માયાસુંદરી અને બંસરીબાલા પુનઃ ગૂમ થઇ જવાથી બન્ને રાજકુમારોની ચિંતા વધી ગઇ. હવે શું કરવું અને તેમની ક્યાં શોધ કરવી તેનો જ તેઓ વિચાર કરવા લાગ્યા. તેમનો એક સંકટમાંથી ઉદ્ધાર થતો કે તરત જ બીજું સંકટ તેમના સમક્ષ ઉપસ્થિત થતું હતું!

પ્રકરણ ૧૦ મું.

વીરની વફાદારી.

" મુસિબત કે ડર, રંજ કો હૌલસે,
બહાદર બદલતે નહીં કૌલસે !
ખુદા લે કે તું લે યહ જાન એક હય;
મગર બાત એક ઓર જબાન એક હય.

મધ્ય રાત્રિનો સમય હતો. વાયુદેવતા જોશથી ફુંકાતા હતા. ગગનમંડળમાં સામાન્ય તારકો પ્રકાશેલા હોવાથી વસુંધરાપર વિશેષ પ્રકાશનો વિસ્તાર થયેલો જણાતો નહોતો. આવા સમયે એક પહાડપર એક માણસ પોતાના સર્વાંગને કૃષ્ણવસ્ત્રમાં છુપાવી, મ્હોંપર બુરખો નાખી આમ તેમ ફર્યા કરતો હતો. ચોતરફ ગંભીર નિસ્તબ્ધતાનું સામ્રાજ્ય સ્થાપિત થયેલું હતું. એ માણસને ઓળખે એવું ત્યાં કોઇ હાજર નહોતું. થોડા સમય પછી એ માણસે પોતાના મ્હોંપરનો બુરખો કાઢી નાખ્યો અને તે પહાડ ઉપર ઉભો રહી અધીરદૃષ્ટિથી મયદાન તરફ જોઈ રહ્યો.

આ પહાડની જોડે એક બીજો પહાડ આવેલો હતો. એની તળેટી આ પહાડની તળેટી સાથે એવી રીતે સંલગ્ન થઇ ગઇ હતી, કે, જાણે કે એક જ પહાડ બે ભાગમાં ભિન્ન થઇ ગયો હોય એવો ભાસ થતો હતો. એ જોડાણવાળી જગ્યાએથી નીચે ઉતરવાનો અસ્વચ્છ તેમજ ખાડાટેકરાવાળો માર્ગ આવેલો હતો. ઉપરોક્ત મનુષ્ય એ રસ્તેથી કોઈ આવનાર હોય એવી રીતે એ માર્ગ તરફ ઘણે દૂર સુધી જોઇ રહ્યો હતો.

ધીમે ધીમે રાત્રિ વીતી જવા આવી અને ઉષાની રંગબેરંગી

જ્યોતિનો પૂર્વાકાશમાં વિસ્તાર થવા લાગ્યો. આવો દેખાવ જોઈ પ્રત્યેક વ્યક્તિનું મન રંજન થાય તેમ હતું; પરંતુ આ માણસના અંતરમાં કોઈ પ્રબળ ચિંતાનો સંચાર થયેલો હોવાથી તેનું મન અસ્વસ્થ કિંવા વ્યાકુળ હોય એમ લાગતું હતું. થોડા સમય પછી એ રસ્તા તરફથી જ્યારે કેટલાક માણસોને આવતા તેણે જોયા ત્યારે સ્વાભાવિક રીતે જ તેનાથી બોલી જવાયું કે, " આવી પહોંચ્યા ખરા ! " આમ બોલી તેણે એક સીટી વગાડી. આ સમયે એ પહાડી પ્રદેશમાં આસપાસ છુપાઈ રહેલા દશબાર હથિયારબંધ સિપાહીઓ એ માણસ પાસે, તેની સીટીનો અવાજ સાંભળીને આવી પહોંચ્યા. તેમને ઉદ્દેશીને એ માણસે કહ્યું: " જુઓ, એ લોકો આવી પહોંચ્યા છે ! હવે આપણે સત્વર નીચે ઉતરવું જોઈએ ! "

પછીથી મ્હોંપર પાછો બુરખો નાખી એ માણસ પોતાના સાથી-દારોસહ નીચે ઉતરવા લાગ્યો. થોડા સમયમાં જ કપડામાં વીંટાળેલી એક વસ્તુને ઉપાડી તેની ચારે તરફ ચાલતા કેટલાક હથિયાબંધ માણસો એ બન્ને પહાડોની વચ્ચેના માર્ગેથી ઉપર ચઢવા લાગ્યા. આ રસ્તો ખીણ જેવો જ હતો. તેઓ ખીણનો લગભગ અડધો ભાગ ગયા હશે એવામાં ઓતરફ સંતાઈ રહેલા કેટલાક માણસો પાછળથી એકાએક તેમનાપર તૂટી પડ્યા. કપડામાં વીંટાળેલી વસ્તુ ઉંચકીને જનારા માણસો જો કે હથિયારબંધ હતા; પરંતુ આકસ્મિક હુમલો થવાથી ગભરાટમાં પડી, કપડામાં વીંટાળેલી જે વસ્તુ તેમણે ઉપાડેલી હતી તેને ત્યાં જ નાખી દઈ, જીવ બચાવવાના વિચારથી તેઓ પલા-યન કરી ગયા. આ સંકટ પ્રસંગે તેમના બે ત્રણ સાથીદારો હુમલા-ખોરોના હાથે માર્યા પણ ગયા. તેમના પલાયન કરી ગયા પછી પેલા

સરદારે પોતાના માણસોને ઉદ્દેશીને કહ્યું;—"થયું, હવે આપણે એમની પાછળ જવાની જરૂર નથી; કેમ કે આપણું કાર્ય સહેલાઇથી પૂર્ણ થયું છે. માત્ર આપણે એટલું જોવાની જરૂર છે કે, આ ગાંસડીમાં માયાસુંદરી છે કે નહિ ?"

એક માણસે ગાંસડી છોડી જોઈ તો અંદર તેણે બેશુદ્ધ માયાને જોઈ. માયાસુંદરીની નાડી તપાસી વ્યાકુળ બની જઇને તે બોલ્યો:–સરદાર સાહેબ ! આ માયાસુંદરી જ છે; પરંતુ એને બેશુદ્ધિનું ઔષધ પ્રમાણ કરતાં વિશેષ સુંઘાડવામાં આવેલું હોવાથી તેનું જીવન ભયમાં છે. તેની બેશુદ્ધિ ઓછી કરવાની ઘણી જરૂર છે."

આમ કહીને પોતાની પાસેથી એક પ્રકારનું ઔષધ બ્હાર કાઢી એ તેણે માયાને સુંઘાડયું, તથા તેની નાડી પુનઃ તપાસીને તેણે કહ્યું:–" હવે ભય પામવાનું પ્રયોજન નથી. હમણાં મ્હેં એને જે ઔષધ સુંઘાડયું છે તેના પ્રભાવથી એ શુદ્ધિમાં આવી જશે. હવે એને ઉપાડી ચાલો. વિશેષ સમય સુધી અત્રે રોકાવામાં કલ્યાણ નથી."

પછીથી માયાસુંદરીને ઉપાડી પેલી ખીણના માર્ગે તેઓ પહાડની બીજી બાજૂએ નીકળી પડયા. તેમના ગયા પછી જે સ્થળે ઝપાઝપી થઇ હતી ત્યાંથી એક ખડક નીચેથી એક સાધુ બ્હાર નીકળ્યો અને ચોતરફ નિસ્તબ્ધતા જોઈ સ્વગત બોલ્યો:—" પહેલાંથી હું અહીં આવ્યો એ એક રીતે ઠીક જ થયું. અહીંથી બિચારી માયાસુંદરીને ઉપાડી જનાર બદમાશોને હું બરાબર ઓળખું છું. એ લોકો મ્હારા પંજામાંથી કેવી રીતે છટકી જાય છે એ હું હવે જોઇશ ! હવે હું બાવાજીને શોધવા જાઉં. તેમણે મ્હને આ સ્થળે જ મળવાનું કહ્યું છે !" આમ બોલીને તે ચોતરફ જોવા લાગ્યો. આ સમયે જો માધવીએ આ

સાધુને જોયો હોત તો તે સમજી શકત કે, ફલ્ગુ નદી વચ્ચે આવેલા પહાડોપર રહેતો સાધુ જ આ હતો. આ સાધુએ જ ભીમસિંહના પંઝામાંથી માયાસુંદરીનું સંરક્ષણ કર્યું હતું. જો એ સમયે સાધુ ત્યાં ઉપસ્થિત ન થયો હોત તો ભીમસિંહે તીક્ષ્ણ ધારવાળા ખંજરથી માયાની છાતી અવશ્ય ચીરી નાખી હોત.

હવે સૂર્યોદય થયો હતો. સર્વત્ર પ્રભાકરની ઉજ્વળ જ્યોતિનો વિસ્તાર થયેલો હતો. ક્યાં જવું અને શું કરવું તેના વિચારમાં જ સાધુ ઉભો રહ્યો હતો. એવામાં સ્હામેથી પોતાના જેવા જ એક બીજા સાધુને તેણે પોતાના તરફ આવતો જોયો. એ સાધુ પાસે આવ્યો એટલે તેણે કહ્યું:—" અંતે વાયદા પ્રમાણે આવ્યા ખરા!"

" હા વેષ તો ઘણો ઉત્તમ લીધો છે! આ સમયે જો કોઈ આપણને જુએ તો આશ્ચર્યચકિત જ બની જાય કે એક જ પ્રકારના આ બે સાધુઓ ક્યાંથી ?! ઠીક, હવે ચાલો મ્હારી સાથે." નવા આવેલા સાધુએ કહ્યું.

પછી બન્ને સાધુઓ એ પહાડી ખીણમાં અદૃશ્ય થઈ ગયા.

વાંચકબંધુઓ! હવે આપણે ઇન્દ્રજીત અને આનન્દસિંહ તરફ દૃષ્ટિ ફેરવીએ. માયાસુંદરી, બંસરીબાલા અને નારંગી ગૂમ થઈ જવાથી તેમની શોધ ક્યાં કેવી રીતે કરવી તેની જ બન્ને રાજકુમારોને ચિંતા થયા કરતી હતી. એકલા તારાસિંહને તેમની શોધમાં મોકલાય તેમ નહોતું તથા તેજસિંહ હજી સુધી રાજગૃહથી પાછો ફર્યો નહોતો.

મધ્યાન્હકાળ પછી તેજસિંહ, બદ્રીનાથ અને જગન્નાથ જ્યોતિષીજી આવી પહોંચ્યા; એટલે બન્ને રાજકુમારોના અંતરમાં આશા ઉપજી. તેમની સાથે એકાન્તમાં વાતચિત કરવાનો વિચાર કરી તેઓ

સર્વ બગીચામાં આવેલા લતામંડપમાં જઇને બેઠા. પછીથી ઇન્દ્રજીત-સિંહે અધીરતાથી તેજસિંહને પૂછ્યું:—અહીંથી ગયા પછી તમે શું કર્યું તે હવે સત્વર મ્હને કહી સંભળાવો.”

“ યુવરાજ! નારંગીએ મ્હને માર્ગમાં જ એવા સમાચાર કહી સંભળાવ્યા કે, માયાસુંદરી રાજગૃહમાં નથી. આમ છતાં હું ત્યાંનો રંગ જોવા ગયો તો ત્યાં બદ્રીનાથજી અને જ્યોતિષીજી સાથે મ્હારી મુલાકાત થઈ. તેઓ બન્ને બસો માણસોથી ત્યાં પોતાનું કર્ત્તવ્ય બજાવતા હતા. અંતે અમારા શ્રમનું પરિણામ એ આવ્યું કે, દુષ્ટ અગ્નિદત્ત તથા તેના ત્રણ સોબતીઓને કેદ કરીને અમે તેમને રામગઢ મોકલી દીધા. માધવી ત્યાં અમારી નજરે પડી નહિ. ત્યાંની પ્રજા પણ અગ્નિદત્તના અમાનુષિક જુલ્મથી ત્રાહ ત્રાહ પોકારી રહી હતી; તેથી ઘણી સહેલાઇથી અમે રાજગૃહ સ્વાધીન કર્યું. હમણાં આપણા બસો માણસો સાથે ભૈરવનાથ કાકા પણ રાજગૃહમાં જ છે.” તેજસિંહે સઘળી હકીકત કહી સંભળાવી.

“ રાજકુમાર! અહીં પણ ઘણા અવનવા બનાવો બન્યા હોય એમ લાગે છે, માટે જે કાંઇ બન્યું હોય તે અમને કહો?” બદ્રીનાથે કહ્યું.

“ અહીંની ઘણી ખરી હકીકત તેજસિંહના મુખે આપે સાંભળી હશે. વિશેષમાં માત્ર બીજો એક અત્યંત અગત્યનો બનાવ બન્યો છે. તેની હકીકત તારાસિંહ આપને કહી સંભળાવે છે.” ઇન્દ્રજીતે કહ્યું.

તરત જ તારાસિંહે રાત્રે બનેલી સઘળી હકીકત કહી સંભળાવી એ હકીકત સાંભળી સર્વે આશ્ચર્યચકિત, વિસ્મિત તેમજ ચિંતાતુર બની ગયા. એ સંબંધી હવે શું કરવું તેનો તેઓ વિચાર કરવા લાગ્યા.

આ સમયે એક પહેરેગીરે આવીને કહ્યું:—"મહારાજ ! બ્હાર કોઇ અખંડાનંદ નામના સાધુ આવેલા છે; તેઓ આપની હુજૂરમાં આવવાની ઇચ્છા રાખે છે."

એ સાધુ કયાંથી આવ્યો હશે એવો સર્વના અંતરમાં પ્રશ્ન ઉપજ્યો. અંતે ઇન્દ્રજીતની આજ્ઞાથી પહેરેગીર એ સાધુને બોલાવી લાવ્યો. કુમાર તેને જોતાંની સાથે જ ઓળખી ગયો; કેમ કે ગઈ રાત્રે જ ઇન્દ્રજીત અને તારાસિંહ માયાને શોધતા પેલા ખંડેરમાં ગયા હતા ત્યારે તેમણે આ સાધુને જાલિમસિંહ સાથે યુદ્ધ કરવાને તૈયાર થયેલો જોયો હતો. ઇન્દ્રજીતકુમાર તથા બીજા સર્વેએ એ સાધુને નમન કરી, બેસવા માટે આસન આપ્યું. પછીથી પોતાના બહુરૂપીઓને સાધુની ઓળખાણ આપવા ઇન્દ્રજીતે કહ્યું:—"આ મહાત્માશ્રીએ જ ગઇ રાત્રે ખંડેરમાં, ભીમસિંહના પંઝામાંથી માયાસુંદરીને બચાવ્યાં હતાં; જેની હકીકત અમે જાણીએ છે."

"યુવરાજ ! મ્હેં માત્ર મ્હારું મનુષ્યકર્ત્તવ્ય બજાવ્યું છે; રક્ષણ કરનાર તો પરમકૃપાળુ કિરતાર છે. તેની પ્રેરણાથી જ મનુષ્ય સ્વકર્ત્તવ્ય બજાવી શકે છે. ઠીક, મ્હારા ગયા પછી એ ખંડેરમાં શું બન્યું હતું તે મ્હને કહેશો ?" સાધુએ નિરભિમાનતા દર્શાવી પ્રશ્ન કર્યો.

"ના મહારાજ—અમે એ સંબંધીનો જ હમણાં વિચાર કરીએ છીએ. અમારી ચિંતાનો પાર રહેલ નથી—શું કરવું તે અમને સૂઝતું નથી." ઇન્દ્રજીતે કહ્યું.

"ત્યારે હું હમણાં જ આપની ચિંતા દૂર કરું છું." સાધુએ ગંભીર સ્વરે કહ્યું. સર્વ સાધુની પ્રશાન્ત સૌમ્ય મુખમુદ્રા તરફ આશ્ચર્ય યુક્ત દૃષ્ટિથી જોઈ રહ્યા. સાધુએ સબળા રહસ્યમય ભેદનો સ્ફોટ કરતાં

કહ્યું:—" ખંડેરમાં જે બે સુંદરીઓ હતી તેઓ બન્ને માયાસુંદરીની શોધમાં ક્યાં ચાલી ગઇ તત્સંબંધી હું કાંઇ જાણુતો નથી; પરંતુ જાલિમસિંહ સાથે યુવરાજ ઇન્દ્રજીતસિંહ દ્વંદ્વયુદ્ધ કરતા હતા ત્યારે એ સ્થળે છુપાઇ રહેલા ભીમસિંહના સાથીઓને સુયોગ મળવાથી તેઓ માયાને ઉપાડી કનકગઢ તરફ જવા લાગ્યા; કિન્તુ તેઓ તેને લઇ જઈ શક્યા નહિ. રસ્તામાં જ શ્યામગઢના રાજાના બહુરૂપીઓ તેમની રાહ જોઈ છુપાઇ રહેલા હતા. તેઓ તેમની સાથે લઢી માયાસુંદરીને શ્યામગઢ લઇ ગયા છે. માયાસુંદરીના અલૌકિક રૂપસૌન્દર્યની પ્રશંસા સાંભળી એ રાજાએ તેનો પોતાના પુત્ર સાથે વિવાહ કરવાનો નિશ્ચય કરેલો છે; તેથી ઘણા કાળથી તેના બહુરૂપીઓ માયાસુંદરીને ઉપાડી જવાનો પ્રયત્ન કર્યા કરતા હતા. અંતે તેઓ તેમના પૈશાચિક પ્રયત્નમાં ફતેહમંદ થયા છે. તમારે માયાસુંદરીનો ઉદ્ધાર કરવામાં એક ક્ષણનો પણ વિલંબ કરવો જોઇએ નહિ; નહિ તો તેનો જીવ જોખમમાં છે એટલું અવશ્ય સ્મરણમાં રાખજો. "

" ત્યારે આવતી કાલે જ અમે શ્યામગઢ તરફ કૂચ કરી ત્યાંના સ્વેચ્છાચારી મદાંધ રાજા સાથે યુદ્ધ કરીશું. " ઇન્દ્રજીતે ઉશ્કેરાઇ જઇને કહ્યું.

" યુવરાજ, યુદ્ધ કરીને શ્યામગઢનો સુદૃઢ દુર્ગ સ્વાધીન કરવાનું કાર્ય આપ ધારો છો એવું સામાન્ય નથી. જો કે આપની પાસે પુષ્કળ સૈન્ય છે; પરંતુ પહાડપર આવેલા એ કિલ્લામાં સહેલાઇથી પ્રવેશ કરી શકાય તેમ નથી; છતાં આપ ધૈર્યનો ત્યાગ કરશો નહિ. હું આપને વિજય મળે એવો પ્રયત્ન કરવામાં પાછી પ્હાની કરીશ નહિ. " સાધુએ કહ્યું.

વાંચકબંધુઓ, શ્યામગઢનો કિલ્લો પ્રાચીનકાળમાં અત્યંત પ્રખ્યાત હતો. એની લંબાઈ પહોળાઈ લગભગ દશ ગાઉની હતી. એ કિલ્લો એટલો બધો મજબુત હતો કે મ્હોટા મ્હોટા પ્રબળ શક્તિશાળી રાણા મહારાણાઓ પણ તેને જીતવાની હિમ્મત કરી શકતા નહિ. સાધુના મુખે સઘળી હકીકત સાંભળી ઇન્દ્રજીત ઘણો ઉશ્કેરાયો. માયાસુંદરીનો ઉદ્ધાર કરી એ વિશાળ અજીત કિલ્લો, ત્યાંના રાજાનો પરાજય કરી સ્વાધીન કરવાથી પોતાના વીરત્વની કીર્ત્તિનો સમસ્ત દેશમાં વિસ્તાર થશે એમ વિચારી સાધુને સંબોધીને તેણે કહ્યું:—"શ્યામગઢની ખ્યાતિ મ્હારાથી અજ્ઞાત નથી; છતાં આજ સુધી ત્યાંના રાણાએ અમારી વિરુદ્ધતા નહિ કરેલી હોવાથી અમે તેની વિરુદ્ધ યુદ્ધ કરવા જવું વ્યાજબી ધાર્યું નહોતું. હવે અમને સબળ કારણ મળ્યું છે—અમને અમારા શૌર્યનો સર્વને પરિચય કરાવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે."

"વારું, ઇશ્વર આપની મહત્વાકાંક્ષા સફળ કરો. હવે એક પાત્રમાં સ્વચ્છ જળ મંગાવી આપશો ?" સાધુજીએ કહ્યું. તરત જ તારાસિંહ ઉઠીને સુશીતળ જળથી ભરેલું એક પાત્ર લઇ આવ્યો એટલે સાધુએ પોતાનું મ્હોં ધોઇ નાખ્યું. આ સમયે તેની કૃત્રિમ દાઢી ઉખડી જવાથી સર્વેએ આનંદ પામીને લક્ષ્મણસિંહ તરીકે તેને ઓળખી કાઢયો.

વાંચકબંધુઓ ! ફલ્ગુ નદી વચ્ચે આવેલા પહાડપર જે સાધુ રહેતો હતો તેને લક્ષ્મસિંહ મળ્યો હતો એ પ્રકાર તમારાથી અજ્ઞાત નથી. એ પ્રસગે સાધુએ બાજે જ દિવસે પોતાના મકાનનો ત્યાગ કરી જવાની વાર્ત્તા લક્ષ્મણસિંહને કહી હતી. પછીથી બીજે દિવસે સાધુએ એ મકાનનો ત્યાગ કર્યો એટલે લક્ષ્મણસિંહે તેનો વેષ ધારણ કરી એ મકાનમાં નિવાસ કર્યો. ભીમસિંહ પોતાની મદદે આવ્યો છે અને

તે તેની ભગિનીના પ્રાણનો સંહાર કરી નાખવાનો છે એવા સમાચાર માધવીએ સાધુવેષધારી લક્ષ્મણસિંહને જ કહ્યા હતા. તેથી જ માયાસુંદરીનું રક્ષણ કરવા યથા સમયે તે ખંડેરમાં જઇ પહોંચ્યો હતો. એજ વેશમાં તેણે પેલા પહાડોની ખીણમાં ખરા સાધુને મળી, માયાસુંદરીને શ્યામગઢના માણસો ઉપાડી ગયાના સમાચાર જાણ્યા હતા. લક્ષ્મણસિંહની સઘળી હકીકત સાંભળી રહ્યા પછી ઇન્દ્રજીતે તેને જાલિમસિંહ સાથેના દ્વંદ્વયુદ્ધની, તેનો પરાજય થયાની તથા તેણે પોતાનું દાસત્વ સ્વીકાર્યાની હકીકત કહી સંભળાવી. પછી શું કરવું એ માટે તેણે લક્ષ્મણસિંહનો મત પૂછ્યો; જેથી તેણે થોડા સમય સુધી કાંઇ વિચાર કરીને કહ્યું:—" એવા બહાદુર પુરુષપર તો કૃપા કરવી જ જોઇએ; છતાં આજે હું તેની પરીક્ષા કરી જોઇશ. એ સારી રીતે રહી શકે એવું એક અલગ મકાન તમે તેને આપો."

તરત જ જાલિમસિંહને પોતાની પાસે બોલાવી તે એક અલગ મકાનમાં રહી શકે એવી વ્યવસ્થા ઇન્દ્રજીતે કરી, તથા ઉદારતાપૂર્વક તેણે તેને સેનાપતિની પદવી સમર્પણ કરી. ભીમસિંહને કારાગૃહમાં જ રાખવાની તેણે આજ્ઞા કરી. જાલિમસિંહે યુવરાજ ઇન્દ્રજીતની પોતાના પરની કૃપા જોઈ મુક્તકંઠે તેનો આભાર માન્યો, તથા નિમકહલાલીથી સ્વકર્ત્તવ્ય બજાવવાની પ્રતિજ્ઞા કરી. ઇન્દ્રજીત પાસેથી વિદાય લઇ તે ચાલ્યો ગયો. પછીથી ઇન્દ્રજીત અને અન્ય સર્વ જનો પણ યથાસ્થાને ચાલ્યા ગયા.

મધ્યરાત્રિનો સમય થયો. સર્વત્ર શાન્તિદેવીનું સામ્રાજ્ય સ્થાપિત થઇ ગયું; છતાં ચોકીવાળાઓનો ગુરુગંભીર કંઠસ્વર ક્વચિત્ એ ગંભીર શાન્તિનો ભંગ કરતો હતો. સેનાપતિ જાલિમસિંહ તેને આપવામ

આવેલા સુસજ્જિત સુંદર મકાનના શયનમંદિરમાં એક પલંગપર સૂઈ રહેલો હતો. ઉશિકા પાછળ એક આસનપર દીપક ગોઠવીને સૂતો સૂતો તે એક ગ્રંથ વાંચતો હતો. આ પુસ્તક શ્રુતિ સ્મૃતિ કે પુરાણ વિષયક નહોતું એ એક રાજાઓ અને વીર પુરુષોનાં યુધ્ધોની ચિત્રાવલિ હોઇ યુદ્ધ સંબંધીનું વર્ણન તેમાં આપેલું હતું. પુસ્તકનાં ચિત્રો જોતાં અને તેમાં ની હકીકત વાંચતાં જાલિમસિંહ ઉત્તેજિત બની જતો હતો, અને તેનું સ્વાભાવિક શૌર્ય ઉછળતું હતું. એવા જ કોઈ મહાન્ યુદ્ધમાં પોતાને પોતાની શક્તિનો પરિચય કરાવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો પોતાનું મહદ્ સૌભાગ્ય ગણાય એમ તે વિચારતો હતો. અંતે નિદ્રાદેવીનું હવે અલ્પકાળમાં જ આગમન થશે એમ વિચારી પુસ્તક બંધ કરીને તેણે એક બાજૂએ મૂકી દીધું, તથા થોડા સમયમાં જ તે નિદ્રાધીન થઇ ગયો. આ શયનગૃહમાં એક માણસ ઘણા સમયથી છુપાઈ રહેલો હતો. જાલિમસિંહને નિદ્રાધીન થઈ ગયેલો જોઇ સાહસિકતાથી તે તેની પાસે જઇ તેના તેજોમય મ્હોં તરફ એકાગ્ર દ્રષ્ટિથી જોઈ રહ્યો. આ માણસે બુરખામાં પોતાનું મ્હોં છુપાવેલું હોવાથી તે કોણ હતો એ કળી શકવાનો ઉપાય નહોતો. થોડા સમય સુધી જાલિમસિંહની મુખમુદ્રાનું દર્શન કર્યા પછી પોતાના ખીસ્સામાંથી એક પડીકું તેણે બ્હાર કાઢ્યું અને તેમાંની વસ્તુ તેણે જાલિમસિંહની નાસિકા પાસે ધરી. એ વસ્તુનો નાસિકામાં પ્રવેશ થતાં જ એક છીંક ખાઇને તે સંપૂર્ણ બેહોશ બની ગયો. તરત જ એ માણસે પોતાની કમરપર બાંધેલું દોરડું છોડી તેનાથી જાલિમસિંહના હાથપગ મજબૂતાઈથી બાંધી દીધા. તત્પશ્ચાત્ તેને બીજું ઔષધ સુંઘાડી શુદ્ધિમાં લાવી, પોતાની તલ્વાર મિયાનમાંથી બ્હાર ખેંચી કાઢી, તેના સ્હામે ધરીને એ માણસ ઉભો રહ્યો. આ

સમયે તેણે પોતાના મ્હોંપરનો બુરખો પણ કાઢી નાખ્યો. જાલિમસિંહે શુદ્ધિમાં આવતાં જ જોયું કે તેના હૃદયપર તલ્વાર ધરી શૈણો કનકસિંહ ઉભો હતો! ક્ષણકાળ માટે તે આશ્ચર્યચકિત અને ભયભીત બની ગયો.

" જાલિમસિંહ ! આવા ગંભીર પ્રસંગે મ્હારા કુમારની સોબત છોડી, તેને શત્રુને સ્વાધીન કરી તું શત્રુઓનો સેવક થયો છે એ ત્હેં વ્યાજબી કર્યું છે કે ? " કનકસિંહે ક્રોધાવેશમાં જ કહ્યું.

" હા હા—મ્હેં જે કાંઇ કર્યું છે તે વ્યાજબી જ કર્યું છે. જ્યાં સુધી શૂરવીરશિરોમણિ રાજકુમાર ઇન્દ્રજીતસિંહે મ્હારાપર વિજય મેળવ્યો નહોતો ત્યાં સુધી હું આપનો અનુચર હતો; પરંતુ જ્યારે દ્વંદ્વયુદ્ધમાં બહાદુરીથી તેમણે મ્હારાપર વિજય મેળવ્યો ત્યારે મ્હારે મ્હારી પ્રતિજ્ઞા પ્રમાણે તેમનું દાસત્વ સ્વીકારવું પડયું. " નમ્રતાયુક્ત સ્વરે જાલિમસિંહે કહ્યું.

" ત્હેં મ્હારો જે ભયંકર વિશ્વાસઘાત કર્યો છે તેનું પ્રતિફળ આપવાને હું ત્હારી પાસે આવ્યો છું. આજે મ્હારી આ રૂધિરપિપાસુ તલ્વાર ત્હારું લોહી પીવાને તલસી રહી છે—મ્હારા તનબદનમાંથી કિન્નાની આગ વર્ષી રહી છે. " કનકસિંહે પ્રથમના જેવા જ સ્વરે કહ્યું.

" મૃત્યુ કરતાં વફાદારીનું મૂલ્ય હું વિશેષ સમજું છું. આપ આપની ઇચ્છામાં આવે તેમ કરો. વફાદારી એજ મનુષ્ય જાતિનું તેજ છે ! " વફાદાર જાલિમસિંહે દઢતાસૂચક સ્વરે કહ્યું.

" હજી પણ જીવ બચાવવાની ત્હારી મરજી હોય તો એક માર્ગ છે. તું પુનઃ મ્હારી આધીનતા સ્વીકારવાને જો કબૂલ થાય તો હું તને

ક્ષમા આપવા તૈયાર છું; નહિ તો હું ત્હારા મૃત્યુનો જ તલબગાર છું. ” કનકસિંહે કહ્યું.

“ ના ના–આપ દર્શાવો છો એ માર્ગ આ જીવનમાં હવે હું સ્વીકારી શકું તેમ નથી. હું કાળથી ડરતો નથી.

વીર પુરુષો કાળથી ના કોઈ દિન ગભરાય છે,
આવવું નૈ જવું એ તો આ જગતનો ન્યાય છે;
નિજ ધર્મને ભૂલી સદા જે જીવ બચાવા ચ્હાય છે,
ભોગવી દુઃખ જગતમાં તે નરકગામી થાય છે.

માટે હવે કૃપા કરી મ્હને આવો માર્ગ બતાવશો નહિ. ” જાલિમસિંહે કનકસિંહનાં વચનોનો યથોચિત ઉત્તર આપ્યો.

“ કાળની વાત કરવી સહેલી છે; પરંતુ તેનું કષ્ટ ભોગવવું મુશ્કિલ છે.

હો દેવ કે માનવ ભલે, સૌ કાળથી કંપી ઉઠે;
ઉડી જાય છે જીવ પલકમાં, યમરાજનું અંતર રૂઠયે.

માટે અમૂલ્ય જીવનનો નાશ કરવામાં સાર નથી—મ્હારો દર્શાવેલો માર્ગ સ્વીકારવાથી ત્હારું કાંઈ અનિષ્ટ થનાર નથી. ” કનકસિંહ બોલ્યો.

“ હજી પણ આપ આપની હઠ મૂકતા નથી. દુનિયામાં ખરો માર્ગ નેકીનો છે. એ રસ્તો કબ્રના દરવાજામાંથી નીકળી કયામતના મયદાનમાં થઇને સ્વર્ગના દરબારમાં પહોંચે છે. બીજા બધા માર્ગો ઠોકરો ખવડાવે છે, કાંટાઓમાં ફસાવે છે અને અંતે ભીષણ નરકના અંધકારમય સ્થાનમાં પહોંચાડી દે છે.

ઉલટી જમાનો જાય તો પરવાહ નથી મ્હને,
દુઃખ કે સંકટ તણી ચિંતા નથી મ્હને;
માર્ગ પ્યારો નેકીનો રહેશે સદાય નિગાહમાં,
જો ખાક થાઉં તો ભલે નેકીની રાહમાં.

વફાદારી ઇશ્વિરે બનાવેલો કિલ્લો છે. એ કિલ્લામાં ધર્મી મનુષ્ય બેસીને અધર્મી કિંવા શયતાન શત્રુની સાથે યુદ્ધ કરી શકે છે. ઇન્દ્રજીતસિંહ જેવા સત્યપ્રિય, ન્યાયપરાયણ વીરશિરોમણિની સેવાનો ત્યાગ કરી હવે હું આપના જેવા બેવચની વિશ્વાસઘાતક માલિકની સેવા સ્વીકારનાર નથી—મ્હારો નિશ્ચય કાળાંતરે પણ ફરનાર નથી."

"શું તું મ્હારું અપમાન કરે છે? મ્હારા સપાટામાં સપડાયલો હોવા છતાં તું ત્હારી જીભને કાબૂમાં રાખી શકતો નથી? જાલિમસિંહ! યાદ રાખજે કે, આવો દુરાગ્રહ કરી તું સાર કાઢી શકનાર નથી—સાક્ષાત કિરતાર પણ ત્હારું મૃત્યુ અટકાવવાને સમર્થ થનાર નથી." રોષાવેશમાં જ કનકસિંહ બોલ્યો.

"દુરાગ્રહ તો આપ કરો છો. શા માટે મ્હને આટલો બધો વિરક્ત કરો છો. મ્હેં મ્હારી ગરદન આપની તલ્વાર નીચે ઝુકાવી છે. સત્વર આપ આપનું કાર્ય સંપૂર્ણ કરો." અવિચળિત સ્વરે જાલિમસિંહે કહ્યું.

આ સમયે હાથમાંની તલ્વાર દૂર ફેંકી દઇ બનાવટી વેષ બદલી નાખી કનકસિંહે મૂળ લક્ષ્મણસિંહના સ્વરૂપમાં જાલિમસિંહને પોતાનો પરિચય આપ્યો. પછીથી તેના હાથ પગ છોડી નાખી તેની પાસે બેસીને લક્ષ્મણસિંહે કહ્યું:—"બહાદુર નર! તમારી દક્ષતા અને વફાદારી માટે હું અંતઃકરણપૂર્વક તમને ધન્યવાદ આપું છું. યુવરાજ

ઇન્દ્રજીતસિંહે તમને સેનાપતિનું જોખમદારી ભરેલું પદ આપ્યાથી તમારી નિમકહલાલીની પરીક્ષા કરી જોવાની મ્હને આવશ્યકતા જણાઈ હતી. હું આશા રાખું છું કે, આજના મ્હારા વ્યવહારથી તમે માઠું નહિ જ લગાડો. ”

“ ના ના—આપની પરીક્ષામાં હું પસાર નિવડ્યો છું તેથી મ્હને આનંદ જ થાય છે. ” જાલિમસિંહે પ્રસન્નતાપૂર્વક ઉત્તર આપ્યો. પછીથી લક્ષ્મણસિંહ તેની પાસેથી વિદાય લઈ ચાલ્યો ગયો. જ્યારે આ બનાવની હકીકત બન્ને રાજકુમારોના જાણવામાં આવી ત્યારે તેઓ પણ અતિ આનંદિત થયા. આ બનાવ બન્યો તેના બીજે જ દિવસે શ્યામગઢપર ચઢાઈ લઇ જવાનો નિશ્ચય થઇ ગયો.

પ્રકરણ ૧૧ મું.

ચોબાજીની ચાલાકી !

બીજે દિવસે લક્ષ્મણસિંહે બન્ને રાજકુમારોને એમ કહીને રામગઢ તરફ ચાલ્યો ગયો કે, શ્યામગઢપર ચઢાઇ લઇ જવાની સઘળી વ્યવસ્થા કરીને ત્યાંથી તે સત્વર પાછો આવશે.

માયાસુંદરીને શ્યામગઢના લોકો ઉપાડી ગયા છે એવું જાણવામાં આવ્યું ત્યારથી યુવરાજ ઇન્દ્રજીતની બેચેની ઘણી વધી ગઇ હતી. તે એક ક્ષણ માટે પણ આરામ મેળવી શકતો નહિ. તેનો જીવ અસ્વસ્થ અને મન વિરક્ત બની ગયું. કોઈની સાથે વાતચિત કરવી પણ તેને ગમતી નહોતી. એની આવી સ્થિતિ જોઇ તેજસિંહથી સ્વસ્થ રહી શકાયું નહિ. એકાન્તમાં બેસીને તે ઇન્દ્રજીતને સમજાવવા લાગ્યો.

" ભાઈ ! તમે ગમે એટલું સમજાવશો તો પણ મ્હારી આંતસ્થિતિમાં કશો ફેરફાર થનાર નથી. તમે જાણો છો કે મ્હારી માયાનો જીવ હમણાં પ્રત્યેક પળે જોખમમાં છે; આમ હોવાથી હું મ્હારા અંતરનું સમાધાન કોઇ પણ રીતે કરી શકું તેમ નથી." ઇન્દ્રજીતે આમ કહીને એક ગાઢ નિશ્વાસ મૂકયો.

" ના ના—આપની આ સ્થળે સમજફેર થાય છે. જો માયાસુંદરીને કનકગઢના માણસો ઉપાડી ગયા હોત તો ત્યાં તેમનો જીવ જોખમમાં હતો; કેમ કે કનકસિંહ તેમના પ્રાણનો સંહાર કર્યા સિવાય પોતાના ક્રોધને શાન્ત કરી શકત નહિ; પરંતુ હવે માયાસુંદરી શ્યામગઢના રાજાના કબ્જામાં છે, તથા પોતાના પુત્ર સાથે એ તેમનો વિવાહ

સંબંધ સાંધવાની ઇચ્છા રાખે છે. આવી પરિસ્થિતિ હોવાથી માયાસુંદરીના જીવપર ત્યાં જોખમ આવી પડે એમ હું ધારતો નથી.” તેજસિંહે કહ્યું.

“અને જો બળાત્કારપૂર્વક એ રાજા પોતાના પુત્ર સાથે માયાસુંદરીનો વિવાહ કરી નાખશે તો ?” વિષણ્ણવદને ઇન્દ્રજીતે શંકા દર્શાવી.

“હા, આપની આ શંકા અમૂલક નથી; પરંતુ હવે માત્ર પાંચ સાત દિવસમાં જ આપણે શ્યામગઢપર ચઢાઈ કરીશું અને ત્યાંથી માયાસુંદરીનો ઉદ્ધાર કરીશું.” તેજસિંહે કહ્યું.

“ત્યારે તમે જરૂર આ કાર્ય કરી શકશો ?” ઇન્દ્રજીતે અધીરતા દર્શાવી.

“શ્યામગઢના કિલ્લામાં પ્રવેશ કરી માયાસુંદરીને લઇ આવવાં એ કાર્ય કાંઇ પાંચ સાત દિવસમાં થઇ શકે તેમ નથી; કેમ કે ત્યાં પણ ઘણા બહુરૂપીઓ હશે; છતાં હું કોઈ એવી યુક્તિ અજમાવીશ કે જેથી વિવાહકાર્ય રોકાઈ જશે.” તેજસિંહે કહ્યું.

“એવી શી યુક્તિ અજમાવશો ?” ઇન્દ્રજીતે ઉત્સુકતાથી પૂછ્યું.

“ગમે તે પ્રકારે હું ત્યાંના રાજકુમાર કલ્યાણસિંહને પકડી લાવીશ. જ્યારે આપણું કાર્ય પૂર્ણ થશે ત્યારે જ આપણે તેને આપણા પંઝામાંથી છુટો કરીશું. આપ કોઇ પણ પ્રકારની ચિંતા કરશો નહિ. હું હમણાં જ અહીંથી રવાના થાઉં છું; પરંતુ કોઇને પણ આપ ‘હું અહીંથી શ્યામગઢ ગયો છું’ એવી વાર્ત્તા કહેશો નહિ.” તેજસિંહે કહ્યું.

“ત્યારે અહીંથી તમે એકલા જ જશો ? એમ કરવું મ્હને ઉચિત લાગતું નથી. ન કરે નારાયણ અને તમે ત્યાં કદાચ શત્રુના સપાટામાં સપડાઈ જાઓ તો એ સંબંધીના સમાચાર પણ મ્હને કોણ કહે ?” ઇન્દ્રજીતે કહ્યું.

" આપ સ્વપ્નમાં પણ આવી કલ્પના કરશો નહિ. " તેજસિંહે નિર્ભયતા દર્શાવી.

પછીથી ઇન્દ્રજીત પાસેથી વિદાય લઈ તેજસિંહ શ્યામગઢ તરફ વિદાય થયો. તે એકલો શ્યામગઢ ગયો એ પ્રકાર ઇન્દ્રજીતને ઉચિત લાગ્યો નહિ. એ સમયે તો તેજસિંહના આગ્રહ વિરૂદ્ધ વર્તવું તેણે વ્યાજબી વિચાર્યું નહોતું; પરંતુ તેના વિદાય થઇ ગયા પછી પંડિત બદ્રીનાથને બોલાવી, સઘળી હકીકત તેને સમજાવી ઇન્દ્રજીતે તેને મિત્રની મદદે જવાની આજ્ઞા કરી. આજ્ઞા મળતાં જ બદ્રીનાથ આવશ્યકીય સરસામાન લઈ શ્યામગઢ તરફ રવાના થયો, અને માર્ગમાં જ તે તેજસિંહને મળી ગયો.

બે દિવસ સુધી માર્ગક્રમણ કરીને તેજસિંહ અને બદ્રીનાથ શ્યામગઢ જઈ પહોંચ્યા. શ્યામગઢનો કિલ્લો એક હજાર ફીટની ઉંચાઇના પહાડપર આવેલો હતો, તથા કિલ્લામાં જ નગર વસેલું હતું. આ કિલ્લામાં જવાનો, ઉંચા ચઢાણવાળો સાંકડો બે ગાઉનો માર્ગ આવેલો હતો. એ સિવાય બીજો કોઇ કિલ્લામાં જવાનો રસ્તો નહોતો. બીજી સઘળી બાજૂએ પહાડો, જંગલો, નદી નાળાંઓ વગેરે આવેલું હતું. આ શ્યામગઢના કિલ્લામાં એક બીજો ન્હાનો કિલ્લો આવેલો હતો. તેમાં રાણા દિગ્વિજયસિંહનો રાજમહાલય, બાગબગીચા અને મ્હોટા અધિકારીઓના કેટલાક વિશાળ મહાલયો આવેલા હતા. એ ન્હાનો કિલ્લો રજવાડા તરીકે ઓળખાતો હતો.

શ્યામગઢના પહાડની તળેટીમાં જઈ પહોંચતાં જ બદ્રીનાથ અને તેજસિંહ મથુરાંના ચોબાનો વેષ ધારણ કરી પહાડપર ચઢવા લાગ્યા. હવે તેઓ સમજી શક્યા કે આવા વિકટ માર્ગેથી કિલ્લાપર ચઢાઈ લઇ જવાનું કાર્ય ઘણું મુશ્કેલીભર્યું હતું. પાંચ માણસો પણ સાથે ન ચાલી

શકે એવો સાંકડો એ માર્ગ હતો, તથા એ માર્ગની આજૂબાજૂ ઘીચ જંગલ આવેલું હતું જેથી જો કોઇ માર્ગ ભૂલી આડેઅવળે રસ્તે ચઢી જાય તો ખરો રસ્તો તેને સુઝે જ નહિ! એક પ્રહર દિવસ ચઢતાં આપણા પરિચિત ચોબાઓ પહાડ ચઢી કિલ્લામાં દાખલ થઈ ગયા, અને 'યમુનામૈયાકી જય' બોલતા નગરના પ્રત્યેક સ્થળે ફરી ત્યાંની સઘળી પરિસ્થિતિનું સૂક્ષ્મદૃષ્ટિથી દર્શન કરવા લાગ્યા.

મધ્યાન્હકાળના અરસ્સામાં બદ્રીનાથ અને તેજસિંહ એક શિવાલય પાસે જઈ પહોંચ્યા. આ શિવાલય ઘણું સુશોભિત અને વિશાળ હોઇ તેનું શોભાસૌન્દર્ય પ્રેક્ષકની દૃષ્ટિને મુગ્ધ બનાવી દે એવું આકર્ષણીય તથા મનોરંજક હતું. શિવાલયની આગળના ભાગમાં એક વિસ્તૃત સભામંડપ હતો, તથા તેની ચોતરફ ખુલ્લું ચોગાન આવેલું હતું. એ સ્થળે ઘણા સાધુ સંન્યાસીઓ બેઠેલા જોવામાં આવતા હતા. એ સાધુમંડળમાં જઇ આપણા બન્ને ચોબાજી 'જય યમુનામૈયાકી' કહીને ઉભા રહ્યા; જેથી ત્યાં બેઠેલા સાધુઓએ તેમનો સત્કાર કરીને તેમને પોતાની પાસે બેસાડ્યા. આ સમયે એક પૂજારીએ કહ્યું:— "કેમ ચોબાજી, ક્યારથી તમારું શુભાગમન આ નગરમાં થયું છે?"

"અમે હમણાં જ આ નગરમાં પ્રવેશ કર્યો છે. આ નગરનો પહાડ ઘણો ખરાબ છે. એને ચઢી અહીં આવતાં અત્યંત શ્રમનો અનુભવ થાય છે. વળી સખ્ત ગરમીથી જળ સિવાય અમારો કંઠ સુકાઇ ગયો છે; તેથી જો કૃપા કરી ખલ અને દસ્તો આપો તો થોડી ભાંગ વાટીએ અને ગટગટાવીએ કે જેથી તપી ગયેલો જીવ સહજ શાન્ત થાય–બેચેન જીવને રાહતની પ્રાપ્તિ થઈ જાય." બદ્રીનાથે ચોબાઓની વ્રજભાષામાં કહ્યું.

"ચોબાજી, આપને જે કાંઇ જોઇએ તે અહીં હાજર છે. ભાંગ

અને મશાલાની જરૂર હોય તો તે પણ મળી શકશે ? સાકર, ગુલાબનાં ફુલ વગેરે વાટીને એવી ભાંગ બનાવો કે મગજ તર થઈ જાય." પૂજારીએ કહ્યું.

"ના મહારાજ, ભાંગ આદિ વસ્તુઓ અમારી પાસે છે. આવા ગરમીના દિવસોમાં અમે હમ્મેશાં ભાંગ પીએ છીએ. કોઇ પણ વસ્તુ માટે આપને તકલીફ આપવી એ અમને ઉચિત લાગતું નથી." તેજસિંહે કહ્યું.

"ના ના-એવો સંકોચ રાખશો નહિ. અમારા ઉદાર મહારાણાશ્રીની કૃપાથી અમને સઘળી વસ્તુઓ મળી રહે છે. વળી આ શિવાલયમાં જે કોઇ સાધુ સંન્યાસી કિંવા અતિથિ આવે તેનો યથોચિત સત્કાર રાજ્યના ખરચે કરવાની અમને મહારાણાશ્રીએ આજ્ઞા કરેલી છે." પૂજારીએ ઉત્તરમાં કહ્યું.

"ધન્ય છે આપના મહારાણાજીની ઉદારતાને ! જ્યારે આપની એવીજ ઇચ્છા છે તો ભલે આપ જ સઘળી આવશ્યકીય વસ્તુઓ લાવો. ઉદારતાનું દાન સ્વીકારવામાં અમને કશી અડચણ નથી !" બદ્રીનાથે પ્રસન્ન મુખે કહ્યું. તરત જ પૂજારી સઘળી સામગ્રી લઇ આવ્યો. પછી ભાંગ વાટીને બદ્રીનાથ તથા તેજસિંહે પીધી, અને ત્યાં બેઠેલા પૂજારીઓ વગેરેને પણ પુષ્કળ ભાંગ પીવડાવી; પછીથી બન્ને બહુરૂપીઓ વાતોના ગપાટા હાંકવા લાગ્યા, તથા પોતાના શબ્દચાતુર્યથી [illegible] ત્યાંના સઘળા પૂજારીઓનાં મન રંજન કરી સર્વેના અંતરનું પોતાના તરફ આકર્ષણ કરી નાખ્યું. સર્વથી મુખ્ય પૂજારીએ તો તેમના પર અત્યંત પ્રસન્ન થઈ જઇને કહ્યું:—"ચોબાજી મહારાજ ! આજે આ ના મુલાકાતથી અમને અવર્ણનીય આનંદ થયો છે. આપ એચાર દિવસ જરૂર અહીં રહેજો. અમે રાજકુમાર સાથે પણ આપની

મુલાકાત કરાવીશું, તથા તેમની પાસેથી આપ યોગ્ય સંમાનસહ દક્ષિણા સુદ્ધાં મેળવી શકશો. અમારા રાજકુમાર હસમુખા સ્વભાવના હોઇ તેઓ દયાળુ તેમજ વિદ્વાન્ છે; તેમની મુલાકાતથી આપને પણ ઘણો આનંદ થશે."

"જેવી યમુનામૈયાંકી ઇચ્છા. મહારાજશ્રી ! જ્યારે આપની અમારાપર આટલી બધી કૃપા છે ત્યારે અમે રાજકુમારનાં દર્શન કરવાના ઉદ્દેશથી અત્રે બેચાર દિવસ રોકાઇશું; વારૂ, રાજકુમાર અહીં ક્યારે પધારે છે?" બદ્રીનાથે પૂછ્યું.

"પ્રભાતકાળે અને સંધ્યાકાળે દરરોજ બે વખત અત્રે જ સંધ્યા પૂજન કરવા આવે છે." પૂજારીએ ઉત્તર આપ્યો.

"ત્યારે તો આજે સ્હાંજે જ તેમની મુલાકાત કરવાને અમે ભાગ્યશાળી થઇશું, કેમ?" તેજસિંહ બોલ્યો.

"હા." ઉત્તર મળ્યો.

આ શિવાલય કિલ્લાની દિવાલ પાસે જ આવેલું હતું; તેનો પાછલો ભાગ કિલ્લાની દિવાલ સાથે લાગેલો હતો. એ સ્થળે લોખંડનો એક દરવાજો આવેલો હતો. એ માર્ગે કિલ્લાની બ્હાર આ શિવાલયના લોકો મળવિસર્જન કરવાને જતા હતા. ભાંગ પીધા પછી આપણા બન્ને ચોબાજીઓ એ માર્ગેથી બીજા કેટલાક સાધુઓની સાથે જઇ મળવિસર્જન કરી આવ્યા.

નિત્ય નિયમાનુસાર શ્યામગઢનો રાજકુમાર સંધ્યાકાળે શિવાલયમાં આવ્યો, તથા એક કલાક કરતાં પણ વિશેષ સમય તેણે સંધ્યાદિ કરવામાં વીતાડ્યો. આ સમયે મંદિરમાં રાજકુમાર પાસે માત્ર મુખ્ય પૂજારી જ રહ્યો. બન્ને બહુરૂપીઓએ રાજકુમારને બરાબર જોઇ લીધો;

પરંતુ આજે રાજકુમાર સાથે તેમની મુલાકાત થઇ નહિ; કેમ કે આજે પોતાના સંબંધીની કશી હકીક્ત રાજકુમાર પાસે નહિ કહાડવાની તેમણે મુખ્ય પૂજારીએ ભલામણ કરેલી હતી. એ રાત્રિ તેમણે મંદિરમાં જ પસાર કરી, તથા એ સમય દરમ્યાન તેમણે પોતાના વિનોદી સ્વભાવથી મુખ્ય પૂજારીને ખુશી કરી નાખીને કહ્યું:—"આ પહાડની તળેટીમાં એક મ્હોટા પ્રતાપી મહાત્મા આવીને રહેલા છે. અમે તેમની સાથે આપની મુલાકાત કરાવીશું; કેમ કે મહાત્માશ્રીની અમારાપર ઘણી કૃપા છે!"

પ્રભાતકાળે ઉઠી તેજસિંહ અને લક્ષ્મણસિંહ ભાંગ પીને પેલા ન્હાની બારીવાળા માર્ગે જ મળવિસર્જન કરવા ગયા. હવે તેઓ પોતાનો હેતુ પાર પાડવાના જ વિચારો ર્ક્યા કરતા હતા. રાજકુમારને એ ન્હાના દ્વારમાંથી જ ઉપાડી જવાનો તેમણે નિશ્ચય કર્યો હતો; તેથી મળવિસર્જનના નિમિત્તે તેઓ એ ન્હાના દ્વારવાળો માર્ગ ક્યાંથી ક્યાં જાય છે તેની તપાસ કરી આવ્યા. આ તપાસમાં તેમણે આખો દિવસ પસાર કર્યો. સંધ્યાકાળે તેઓ શિવાલયમાં પાછા ફર્યા એટલે મુખ્ય પૂજારીએ તેમને પૂછ્યું:—"કેમ ચોબાજી મહારાજ! આજે આખો દિવસ ક્યાં જઈ આવ્યા?"

જાણે પોતે અત્યંત શ્રમિત થઈ ગયા હોય એવો ભાવ દર્શાવીને બદ્રીનાથે કહ્યું:—"મહારાજ! તમારા જંગલથી તો કંટાળી ગયા! સહજ રસ્તો ભૂલ્યા એટલે જાણે કે ભવસાગરના ફેરામાં જ પડયા! ચોખ્ખું નવ્વાણું ટકાનું જોખમ! આજે તો એટલી બધી રખડામણ થઇ છે કે ન પૂછો વાત!"

"અત્યારે પણ અમે અહીં પાછા આવી શક્યા છીએ એ યમુનાં-

બેયાની કૃપા જ સમજવાની છે; નહિ તો એ અરણ્યમાંથી અહીં પાછા આવી શકાશે એવી અમને આશા જ નહોતી !" તેજસિંહે ટાપસી પૂરી.

"શિવ શિવ! આજે આપને આટલું બધું કષ્ટ વેઠવું પડયું ? યોગીજી મહારાજ! આપનું કહેવું તદ્દન ખરું છે. ભોગજોગે જો કદાચ અમે એ જંગલમાં ભૂલા પડીએ છીએ તો અમારે પણ બબ્બે દિવસ સૂધી ભટકવું પડે છે. મહારાજ! આપ ઘણા થાકી ગયા હશો માટે જળપાન કરી થોડા સમય સૂધી વિશ્રાન્તિ લ્યો." મુખ્ય પૂજારીએ કહ્યું.

"હમણાં આપ કશી વાત કૃપા કરીને કરશો નહિ. અત્યંત શ્રમથી અમે લોથપોથ થઇ ગયા છીએ. હવે તો ભાંગ ચડાવીને અમે લાંબી તાણીશું (નિદ્રા લઇશું) ત્યારે જ અમારો જીવ સ્વસ્થ થશે. રખડી રઝળીને અમારાં હાડકાં શક્તિહીન બની ગયાં છે. કૃપા કરી આજે પણ આપ રાજકુમાર સમક્ષ અમારા સંબંધી કશી વાત કાઢશો નહિ." તેજસિંહે કહ્યું.

"ઠીક, જેવી આપની ઇચ્છા. હમણાં જ હું આપના માટે ભાંગ તૈયાર કરાવું છું." આમ કહી મુખ્ય પૂજારીએ એક શિષ્ય પાસે સઘળી આવશ્યકીય વસ્તુઓ મંગાવી. તેજસિંહે ભાંગ લસોટી તૈયાર કરી. સર્વ જણ ભાંગ પી તૃપ્ત થયા. ત્યાર પછી બન્ને બહુરૂપીઓ મસ્તાન બની જઇ સભામંડપમાં જ આરામ લેવાને પડયા. રાત્રે સૂતી વખતે પુનઃ પેલા અરણ્યવાસી મહાત્માની વાર્તા તેમણે મુખ્ય પૂજારી પાસે કાઢી, તથા તેની તેમણે એટલી બધી પ્રશંસા કરી કે, પૂજારીની જીજ્ઞાસા અત્યંત બળવતી થઇ ગઈ. તેણે અધીરતાથી કહ્યું:—"ત્યારે હવે આવતી કાલે જ આપ અમને એ મહાત્માનાં દર્શન કરાવશો કે ?"

"અવશ્ય કરાવીશું." બદીનાથ બોલ્યો, "રાજકુમાર પ્રભાતકાળે

સંધ્યા પૂજનાદિથી નિવૃત્ત થઇ વિદાય થાય એટલે આપણે અહીંથી નીકળી પડીશું; પરંતુ પૂજારી મહારાજ ! આપ એકલા જ અમારી સાથે પધારો તો સારું. એ ત્રિકાળજ્ઞાની મહાત્માને એકાન્તવાસ એટલો બધો પસંદ છે કે, વિશેષ માણસો સાથે મુલાકાત કરી તેઓ પોતાની યોગસાધનાનો ભંગ કરતા નથી. ”

“ આપની સાથે હું એકલો જ આવીશ. બીજાની આપણને શી જરૂર છે ?” બદ્રીનાથના પ્રસ્તાવને પૂજારી સંમત થયો.

પછીથી બીજે દિવસે યથા સમયે રાજકુમાર સંધ્યા પૂજન કરી વિદાય થયો એટલે મુખ્ય પૂજારી, બદ્રીનાથ અને તેજસિંહ અરણ્યવાસી મહાત્માનાં દર્શન કરનાને નીકળી પડયા. થોડે દૂર ગયા પછી એક ઘટાદાર વૃક્ષની છાયા નીચે તેઓ વિશ્રામ લેવા બેઠા. આ સમયે બદ્રીનાથે કહ્યું:—“ પૂજારી મહારાજ ! હવે થોડા સમયમાં જ સખ્ત તાપ પડવા માંડશે; માટે આપણે ભાંગ લસોટી ભેજાને ટંડું કરી નાંખીએ તો ઠીક. ”

“ પરંતુ સઘળાં સાધનો જોઇશે તે આપણે ક્યાંથી લાવીશું ?” પૂજારીએ અડચણ દર્શાવી.

“ સઘળાં સાધનો મ્હારી પાસે તૈયાર છે ! ” આમ કહીને બદ્રીનાથે પોતાના ખભાપર ભરવેલી ઝોળીમાંથી સઘળાં સાધનો બ્હાર કાઢયાં, અને તેજસિંહના હાથમાં દોરી લોટો આપી, થોડા અંતરે આવેલા કૂવામાંથી પાણી કાઢી લાવવાની તેણે આજ્ઞા કરી. વિના વિલંબે તે પાણી લઇ આવ્યો એટલે ભાંગ લસોટવાની તૈયારી કરતાં બદ્રીનાથે પૂજારીને પૂછ્યું:—“ મહારાજશ્રી, આપ પણ ભાંગભવાનીનો સત્કાર કરશોને ? ”

"ના ભાઇ! મ્હને કાંઈ હમ્મેશાં ભાંગ પીવાનો અભ્યાસ નથી. તમારા સહવાસમાં આવ્યા પછી જ આટલી બધી ભાંગ મ્હેં પીવા માંડી છે." પૂજારીએ કહ્યું.

"એથી નુકસાન શું છે? વધારે નહિ તો થોડી પીજો." તેજસિંહે આગ્રહ કર્યો.

"ભલે ત્યારે જેવી આપની મરજી." પૂજારીએ સંમતિ દર્શાવી.

આપણા બહાદુર બહુરૂપીઓએ એ પત્થરની શિલાપર ભાંગ ઘુંટીને પીધી તથા છુપી રીતે તેમાં થોડી બેશુદ્ધિની દવા મેળવી એ ભાંગ તેમણે પૂજારીને આપી. એ ભાંગ પીવામાં આવતાં થોડા સમયમાં જ પૂજારી બેશુદ્ધ બની ગયો. આપણા બન્ને બહુરૂપીઓ પૂજારીને ઉંચકી એક ધીચ ઝાડીમાં મૂકી આવ્યા.

"હવે આપણે શું કરીશું?" બદ્રીનાથે પૂછ્યું.

"આપ અહીં જ રહો; હું યુક્તિથી રાજકુમારને અહીં લઈ આવું છું." તેજસિંહે બીડું ઝડપ્યું.

"ઠીક ત્યારે હું મ્હારા હાથે જ તને પૂજારીના જેવો બનાવી દઉં છું. બદ્રીનાથે કહ્યું.

"ભલે બનાવો."

પછીથી પૂજારીનો વેશ ધારણ કરી, બદ્રીનાથને એ સ્થળે જ રાખી તેજસિંહ પાછો ફર્યો અને સંધ્યાકાળ થતાં પૂર્વે જ મંદિરમાં ઉપસ્થિત થયો. મંદિરમાંના માણસોએ તેને પૂછ્યું:—"પૂજારી મહાત્મા! અરણ્યવાસી દેવી મહાત્માની મુલાકાત આપ કરી આવ્યા કે? વળી આપ એકલા જ પાછા કેમ આવ્યા? બાબાજી ક્યાં ગયા?"

તેજસિંહે કહ્યું:—" હા, એ દેવી મહાત્મા સાથે મુલાકાત થઇ છે. વાહ ! એ મહાત્માશ્રીની શી વાત કરવી ?! તેઓ પૂરા સિદ્ધ છે. પેલા બન્ને ચોબાજીપર તેમની ઘણી કૃપા છે તેમણે તેમને મ્હારી સાથે આવવા દીધા નહિ તેથી હું એકલો જ ચાલ્યો આવ્યો. હવે ચોબાજી કાલે અત્રે આવશે. "

યથા સમયે રાજકુમાર પણ શિવાલયમાં આવી પહોંચ્યો, તથા સંધ્યા કરવા માટે તેણે મંદિરમાં પ્રવેશ કર્યો. નકલી પૂજારી પ્રથમથી જ મંદિરમાં રહ્યો હતો. રાજકુમાર પૂજા કરવા બેઠો એટલે તેણે મંદિરનાં દ્વાર અંદરથી બંધ કરી દીધાં. જ્યારે રાજકુમાર પૂજા કરતો ત્યારે મુખ્ય પૂજારી શું શું કરતો હતો એ પ્રથમથી જ આપણા બન્ને સુચતુર બહુરૂપીઓએ જોઇ લીધું હતું. પૂજારી મંદિરમાં બેસીને વિશેષ કાંઇ કામકાજ કરતો નહોતો. માત્ર પૂજાનો સરસામાન તે વ્યવસ્થિત કરી આપતો હતો, અને પછીથી એક બાજૂએ બેસી રહેતો હતો. વિદાય થતી વખતે પ્રસાદીમાં તે રાજકુમારના હાથમાં એક પુષ્પમાળા આપતો હતો. રાજકુમાર એ માળાની સુગંધ લઇ તેને આંખોએ લગાડી એ જગ્યાએ જ મૂકીને તે ચાલ્યો જતો હતો. આજે આ સઘળાં કાર્યો બનાવટી પૂજારી તેજસિંહે કર્યાં.

આ મંદિરમાં ચારે તરફ ચાર દરવાજા આવેલા હતા. આગળના દરવાજાપર કેટલાક માણસો અને પહેરેગીરો હાજર રહેતા હતા. જમણી બાજૂના દરવાજા તરફ હોમ કરવાનો કુણ્ડ હતો. ડાબી બાજૂના દરવાજા પાસે કેટલાંક પુષ્પોનાં કુંડાઓ ગોઠવેલાં હતાં, તથા પાછલી બાજૂના દરવાજા તરફ કશું નહોતું, અને એ તરફ કોઇનો પગરવ પણ નહોતો. રાજકુમાર જ્યારે પ્રાણાયામ કરવા લાગ્યો ત્યારે તેજસિંહે

સાવધાનતાથી પેલી પુષ્પમાળામાં બેશુદ્ધિની ભુકી છાંટી દીધી. પ્રાણાયામાદિ ક્રિયા કર્યા પછી રાજકુમાર જ્યારે ચાલ્યો જવા લાગ્યો ત્યારે તેજસિંહે તેના હાથમાં પુષ્પમાળા આપી. એ પુષ્પમાળા સુંઘીને તેણે જમીનપર મૂકી દીધી; પરંતુ તે સાથે જ તેનું મસ્તક ભમવા લાગ્યું, અને બેશુદ્ધ બની જઇ તે ત્યાં જ પડી ગયો. તેજસિંહે પોતાના અંગપર ઓઢેલી ધાબળીમાં બેશુદ્ધ બનેલા રાજકુમારને બાંધી દીધો, તથા એ ગાંસડી ઉંચકી પાછલી બાજૂના ન્હાના દરવાજામાંથી બ્હાર નીકળી પડી, કિલ્લાના પેલા ન્હાના દ્વારમાંથી કિલ્લાની બ્હાર જઈ ત્વરાથી જંગલમાં માર્ગ કાપવા લાગ્યો. થોડા સમયમાં જ તે બદ્રીનાથ પાસે ઉપસ્થિત થયો. બદ્રીનાથ પેલી ઝાડીમાં જઈ મુખ્ય પૂજારીને બેશુદ્ધિનું વિશેષ ઔષધ સુંઘાડી આવ્યો. ત્યાર પછી રાજકુમારની ગાંસડી ઉપાડી તેઓ ગયાજી તરફ વિદાય થયા.

પ્રકરણ ૧૨ મું.

લાલી અને કુંદન.

હવે આપણે દુર્દૈવી માયાસુંદરી તરફ દૃષ્ટિ ફેરવીએ. જ્યારે તે શુદ્ધિમાં આવી ત્યારે તેણે પોતાને એક મૂલ્યવાન્ પલંગપર પડી રહેલી જોઈ. તેના પલંગની આજૂબાજૂ સુંદર વસ્ત્રાલંકારોથી સુસજ્જિતા થયેલી કેટલીક યુવતીઓ ઉભી રહી હતી. તેમને જોતાંની સાથે જ તેઓ મ્હોટા મ્હોટા સરદારો અને અમીરોની કન્યા હશે એમ તેને લાગ્યું; પરંતુ થોડા સમય પછી તેમની વાતચિત અને રીતભાતપરથી એમ માલૂમ પડી ગયું કે, એ સઘળી દાસીઓ હતી. પોતાના દુર્ભાગ્યથી પુનઃ સંકટમાં સપડાયલી માયાના અંતરમાં એવી ઉત્કંઠા થઇ કે, પોતે કયા મહારાજાધિરાજના મકાનમાં આવીને ફસાઇ પડી છે, કે જેની દાસીઓ પણ આવી સુંદરીઓ અને ઉત્તમ વસ્ત્રાલંકારોથી વિભૂષિતા દેખાય છે ?!

માયાસુંદરીને શુદ્ધિમાં આવેલી જોઇને એ દાસીઓમાંની બે ત્રણ જણીઓ ત્યાંથી કોણ જાણે કે કયા સ્થળે ચાલી ગઈ! છતાં માયા સમજી ગઇ કે, પોતાના શુદ્ધિમાં આવ્યાના સમાચાર કોઇને જણાવવા માટે તેઓ ગઈ છે.

આશ્ચર્યયુક્ત દૃષ્ટિથી માયા ચારે દિશાએ જોવા લાગી. એ શયનગૃહની શોભા અવર્ણનીય હતી. ચો તરફની દિવાલપર શિલ્પકાર્ય કરવામાં આવ્યું હતું. છતમાંની સોનેરી વેલ અને તેની વચ્ચેનાં જડાઉ પુષ્પ જોતાં તેને ઘણા સમય સુધી જોઈ રહેવાનું મન થતું હતું. એ સઘળું તૈયાર કરાવવામાં કેટલું બધું દ્રવ્ય ખરચવું પડયું હશે તેની

કલ્પના થઇ શકતી નહોતી. નિપુણ કારીગરોએ જે મનોમુગ્ધકર કાર્ય કર્યું હતું તેનું દર્શન થતાં સ્વાભાવિક રીતે તેમના માટે મુખમાંથી પ્રશંસા વચનો બ્હાર નીકળી પડતાં હતાં. આ શયનગૃહનું શોભાસૌન્દર્ય જોઇ માયા દિઙ્મૂઢ બની ગઇ. તે આવી સ્થિતિમાં હતી એવામાં પ્રથમ ગયેલી દાસીઓએ આવીને એવા સમાચાર સંભળાવ્યા કે, “ મહારાણાજી રાણીજીની સાથે અત્રે પધારે છે!”

તરત જ મહારાણો અને મહારાણી એ શયનગૃહમાં આવી પહોંચ્યાં-બિચારી માયા તેઓ કોણ છે અને ક્યાંનાં રાજા રાણી છે એ સંબંધી કાંઇ જાણતી નહોતી. તે તેની પાસે આવેલાં રાજા રાણી તરફ આશ્ચર્યયુક્ત વિહ્વળ દૃષ્ટિથી જોઇ રહી. મહારાણાની ઉમ્મર લગભગ પચાસેક વર્ષની હતી. શરીર હૃષ્ટપુષ્ટ, નેત્રો વિશાળ, છાતી ભરાવદાર અને મુછો વાંકડી હતી. તેના તેજોમય કપાળપરથી તે લક્ષ્મીદેવીનો વરપુત્ર હોય એવો તત્કાળ ભાસ થતો હતો. રાણીની ઉમ્મર પાંત્રીસેક વર્ષની હોવા છતાં તેનું નૈસર્ગિક સૌન્દર્ય અદ્યાપિ અદૃશ્ય થયું નહોતું. ઉમ્મર વધવાની સાથે તેના યુવાવસ્થાના મનમોહક સૌન્દર્યમાં કશી ઓછપ થઈ નહોતી. હમણાં તેણે પોતાના ગૌર બદનપર એક રત્નજડિત સાડી પહેરેલી હતી. કેટલાક મૂલ્યવાન્ અલંકારોએ રાણીના પ્રાકૃત સૌન્દર્યને વિશેષ આકર્ષક અને મનોમુગ્ધકર બનાવી દીધું હતું. તેનાં હરિણીનાં જેવાં નયનયુગલ પ્રતિપળે પલકારો મારતાં હતાં. તેના ઓષ્ઠ રક્ત પ્રવાળના જેવા જણાતા હતા. મોતીના જેવી દંતપંક્તિ હતી. તેનું આવું સૌન્દર્ય જોવામાં આવતાં નિમ્નલિખિત ઉદ્ગાર સ્વાભાવિક રીતે જ મુખમાંથી ઉચ્ચારાઇ જવાય તેમ હતા.

અમૃત ભર્યું આ અધરમાં, વચને રહ્યું અમૃત ઝરી;
અમૃત ભર્યું સ્તન અંતરે, વળી દૃષ્ટિ પણ અમૃત ભરી.

આલિંગશે જે ભુજ ભરી, આ અનુપ અમૃત વેલડી;
તે માનવી વર અમરને, પછી મરણ ચિંતા શી પડી!

*　　*　　*　　*

પળમાં ભ્રમર ધનુષ્યે કરી, નિજ દૃષ્ટિશર સંધાનને,
વીંધી હૃદય સંહારતી, વિરહી જનોના પ્રાણને.
પળમાં લલિતા લાજતી, દૃષ્ટિ રહી નીચી ધરી;
જાણે લજ્જામણી વલ્લિકા, પર પુરુષ સ્પર્શે લાજતી.

એક આસનપર રાજા અને રાણી બેઠાં એટલે રાણીએ પૂછ્યું:— "રાજકુમારિ, તમે શા માટે બેઠાં થયાં? તમારું શરીર અત્યંત અસ્વસ્થ જણાય છે; માટે તમે વિશ્રાન્તિ લ્યો."

"આપ કોણ છો?" માયાએ સંકોચ પામતાં પૂછ્યું.

"અમે તમારાં શુભેચ્છક છીએ. અમારા માટે તમે તમારા અંતરમાં સહજ પણ સંશય રાખશો નહિ. અહીં તમને કોઈ પણ પ્રકારનું કષ્ટ પડનાર નથી." રાજાએ નમ્રતાયુક્ત સ્વરે નિર્ભયતા દર્શાવી.

માયાને બેસવા માટે એક આસન મૂકવાની રાણીએ એક દાસીને આજ્ઞા કરી; પછી આસનપરથી ઉઠી માયાના ખભાપર એક હાથ મૂકી રાજા તરફ જોઇને પ્રસન્નતાસૂચક સ્વરે તેણે કહ્યું:—"ખરેખર! આ સુંદરી રત્ન આપણા રાજકુમારને જ લાયક છે. ઈશ્વરે આપણા સ્હામું જોઇ આપણા એક માત્ર અપૂર્ણ રહેલા સુખસૌભાગ્યને પરિપૂર્ણ કર્યું છે!"

થયેલા ઘાપર મીઠું દાબવાથી, રસ્તે જતાં એકાએક મસ્તકપર વીજળી પડવાથી જેવી વેદના થાય તેવી જ વેદના માયાને, રાણીનાં વચનો સાંભળવામાં આવ્યાથી થઇ. આ સમયે એક કારમી ચીસ પાડી બેશુદ્ધ થઇ જઇને તે પલંગમાં જ ઢળી પડી.

પાઠક! પ્રેમની પીડા કેવી અસહ્ય હોય છે? જેના અંતરમાં

ઇશ્કનું દર્દ ઉત્પન્ન થાય છે તેને ક્ષણ માત્ર માટે પણ શાન્તિ મળી શકતી નથી. દુનિયાની પ્રત્યેક વસ્તુપર તેને વિરક્તભાવ ઉપજે છે. શીતળ ચંદ્રકિરણો તેને અગ્નિકણો જેવાં અસહ્ય જણાય છે. શીતળ મલય વાયુ તેને ઉન્હાળાની લુ જેવો ઉષ્ણ લાગે છે. સુંદર પુષ્પો તેને સૌન્દર્યશૂન્ય જણાય છે. સુખશય્યાઓમાં સૂઈ રહેતાં તેને કાંટા ભોકાતા હોય એવી વેદના થાય છે. જે મનુષ્ય પ્રેમના પ્રબળ પંઝામાં સપડાય છે તેની આહાર નિદ્રા ઉપરથી રૂચિ ઉઠી જાય છે. સ્વર્ગસ્થ પ્રેમિક કલાપીએ પણ લખ્યું છે કેઃ—

“ હરિ હરિ અરે ! છુપા ઘા આ ઘટે કરવા તને ?
પ્રણયી દિલને વિના દોષે હણવાં તને ?
કદિ કંઈ હશે દોષો તોયે ક્ષમા નવ શું ઘટે ?
તું જ સખત આ શિક્ષાથી રે વિધિ ! શુભ શું થશે ?

પ્રણયી મનુષ્ય અશ્રુજળની વૃષ્ટિ વર્ષાવી પોતાની તૃષા શાન્ત કરે છે. દોસ્તોની શિખામણો તેમને વિશેષ દુઃખી બનાવે છે. જુદાઇની આગથી તેમનું હૃદય બળી જાય છે. શરીરના લોહીનું પાણી થઇ જાય છે; તેથી તેની ભૂખ તરસ દૂર થાય છે. જેની મોહિની પ્રતિમા તેમના મનમંદિરમાં વસી રહેલી હોય છે તેને તેઓ સંસારની પ્રત્યેક વસ્તુમાં નિહાળે છે. તેનાં મધુર પ્રેમવચનોનું રાત્રિ દિવસ સ્મરણ થયા કરે છે. હાસ્ય સમયે દેખાતી દંતપક્તિ કંઠમાં મોતીની માળા પહેરી હોય તેમ એક ક્ષણ માટે પણ વિસરાતી નથી. તેના ચિત્તવેધક કટાક્ષોનું સ્મરણ થતાં ચિત્ત વ્યાકુળ બની જાય છે. કંઠમાં હાથ નાખી કરવામાં આવેલા સ્નેહાલિંગનનું સ્મરણ હૃદયને જોરથી ઉછાળે છે. પ્રેમિક મનુષ્ય નેત્રો મીંચી મોહના બાગમાં રાત્રિ દિવસ ભમ્યા કરે છે. તેના હૃદયમાંથી નીકળતા નિશ્વાસનો ધ્વનિ વાયુની ગરજ સારે છે. પ્રેમગુરુ

હાથમાં ચાબુક લઇ નિરંતર તેની પાછળ હાજર રહે છે. તે પ્રણયી મનુષ્યના મુખમાંથી તેના પ્રણયપાત્ર સિવાય અન્યનો નામોચ્ચાર થવા દેતો નથી. અરેરે! પ્રેમિક મનુષ્યની સ્થિતિ કેવી અનુકંપાજનક છે?! તેની સ્થિતિની માણસો તો શું પરંતુ વાયુ સુદ્ધાં મશ્કરી કરે છે. વાયુ બારણાં ખખડાવી પ્રણયપાત્રના આગમનનું સ્મરણ કરાવી પ્રેમિકના અંતરને ઉત્તેજિત બનાવી દે છે.

વાંચકબંધુઓ! રાજકુમાર ઇન્દ્રજીતની આવી જ સ્થિતિ હતી. માયા પણ તેનો વિયોગે અપાર વ્યથા અનુભવતી હતી. આ સમયે તેઓ બન્ને એક બીજાંથી છૂટાં પડી ગયેલાં હતાં. જો કે શ્યામગઢના રાજમહાલયમાં માયાને બીજું કોઇ પણ પ્રકારનું દુઃખ વેઠવું પડતું નહિ; પરંતુ રાણી પોતાને પુત્રવધૂ બનાવવાની ઇચ્છા રાખે છે એવી વાત જ્યારથી તેના જાણવામાં આવી હતી ત્યારથી તે ઘણી ચિંતાતુર રહેતી હતી. તેની સેવામાં રહેતી દાસીઓ જ્યારે અત્યંત આગ્રહ કરતી ત્યારે લાચારીથી તે તેમની સાથે બગીચામાં ફરવા જતી હતી; પરંતુ ત્યાંની કોઇ પણ વસ્તુના દર્શનથી તેની ચિંતા ઓછી થતી નહિ. ખીલેલાં ગુલાબી પુષ્પપર નજરે પડતાં જ તે દુઃખિતા થતી હતી. ચંપકકળીઓ તરફ નજર કરતાં તેનાં લજ્જાયુક્ત લોચન પાંપણોમાં છુપાઈ જતાં હતાં. પુષ્પોના ભારથી નમી પડેલી લતાઓ જોવામાં આવતાં તેને ઇન્દ્રજીતના સુંવાળા કેશનું સ્મરણ થતું હતું. નિર્મળ અને સ્વચ્છ જળથી ભરેલા ઝરાઓ તથા નહેરો પાસે જતાં તેનું મન પુનઃ દુઃખસાગરમાં વિશેષ ડૂબી જતું હતું. ફુવ્વારાઓમાંથી ઉડતું જળ જોઈ તેનાં નયનયુગલમાંથી અશ્રુ જળની વૃષ્ટિ થતી હતી.

નમ્ર વાયુથી હાલતાં રંગબેરંગી પર્ણ જોઈ તે કંપી ઉઠતી હતી. જે સેવિકાઓ માયાની તહેનાતમાં રહેતી હતી તેઓ તેની સ્થિતિ માટે

અફસોસ કરતી હતી. રાત્રે માયાસુંદરીને જ્યારે એકાન્તની પ્રાપ્તિ થતી ત્યારે તે પોતાના મન સાથે ઘણા વિચારો કર્યા કરતી હતી. ક્વચિત્ શત્રુપુરીમાંથી પલાયન કરી જવાના તો ક્વચિત્ ઈન્દ્રજીત સંબંધીના વિચારો તે કરતી હતી. કેટલીક વખતે તે સ્વગત કહેતી કેઃ—"શું ઇન્દ્રજીત મ્હને મદદ નહિ કરે? તેઓ મ્હારો આ સ્થાનમાંથી ઉદ્ધાર નહિ કરે? તેઓ મ્હને અહીંથી ક્યારે મુક્ત કરશે? હું કયા સ્થળે કેદમાં પડેલી છું એ પણ તેઓ કદાચ નહિ જાણતા હોય; નહિ તો અત્યાર સૂધી તેઓ મ્હને મુક્ત કરવાનો પ્રયત્ન કર્યા સિવાય સ્વસ્થતાથી બેસી રહે નહિ. વળી અહીંની રાણીએ મ્હારા સમક્ષ જે વિચાર દર્શાવ્યો છે તે પ્રમાણે તેઓ વર્તવા જશે તો મ્હારે મ્હારા આ જીવનનો ત્યાગ કરવો પડશે. જ્યાં સૂધી મ્હારા જીવમાં જીવ છે, મ્હારી નસોમાં ઉષ્ણ રૂધિર વહે છે ત્યાં સૂધી હું રાજકુમાર ઈન્દ્રજીત સિવાય અન્ય કોઈ પણ પુરુષને મ્હારો પ્રેમ અર્પણ કરી શકીશ નહિ.

પ્રિયતમ પ્રતિમા હૃદયમાં હમ્મેશ રહે બિરાજતી;
એ પ્રાણ પ્રભુની બંસરી, બસ મધુર સુરથી વાજતી.
આધાર એ મમ પ્રાણની, જ્યોતી હૃદયમાં જાગતી;
સંભાળું હું એ સ્યામને ને રાત્રિ દિવસો કાપતી.
દિલજાન મ્હારા પ્રાણ પ્યારા, એ જીવન આધાર છે;
આલોક કે પરલોકના, આ દિલ તણા દિલદાર છે.

યુવરાજ ઈન્દ્રજીતસિંહને જ મ્હેં મ્હારા આજીવનનું સર્વસ્ત્ર સમર્પણ કર્યું છે. હે પરમાત્મા! હવે તો આ દુઃખિનીનો સત્વર ઉદ્ધાર કરો."

એક રાત્રિ ઉપર દર્શાવ્યા પ્રમાણે વિચારમાં વ્યતીત કર્યા પછી સ્હવારે પોતાના શયનગૃહની બ્હારથી એક એવો અવાજ માયાસુંદરીના

સાંભળવામાં આવ્યો કે, જેથી તે ચમકી ઉઠી. તે સાથે તેના મુખપર પ્રસન્નતાએ દર્શન દીધું. તેણે માત્ર એટલું જ સાંભળ્યું કે, "આ કામ વીરસિંહજીના બહુરૂપીઓનું જ હોવું જોઇએ."

માયા ઉઠી શયનગૃહની બ્હાર નીકળી. થોડા સમયમાં જ તેને માલૂમ પડયું કે, રાજકુમાર કલ્યાણસિંહને વીરસિંહના બહુરૂપીઓ ઉપાડી ગયા છે. હવે થોડા કાળમાં જ પોતાની આ સ્થળેથી મુક્તિ થશે એવી માયાના અંતરમાં આશા ઉપજી.

આવી રીતે બીજા કેટલાક દિવસ વીતી ગયા; એવામાં એક દિવસે મધ્યરાત્રે માયા પોતાના પલંગમાં વિવિધ વિચારો કરતી જાગતી પડી રહી હતી. આ સમયે એકાએક શયનગૃહની બ્હાર કોઇ નિશાસા મૂકીને રૂદન કરતું હોય એવો અવાજ સાંભળવામાં આવ્યાથી ગભરાઈ જઇને માયા શયનગૃહની બ્હાર નીકળી. શયનગૃહની બ્હાર આઠ સ્થંભ વાળો એક વિસ્તૃત ચોક આવેલો હતો. એ ચોકમાં એક સ્થંભને અઢેલી એક સ્ત્રી રૂદન કરતી ઉભી રહી હતી. એ સ્ત્રીના મ્હોંપર ચંદ્રનો પ્રકાશ પડતો હતો. તરત જ માયાએ તેની પાસે જઇ સ્નેહસૂચક સ્વરે પૂછ્યું:—"બ્હેન! ત્હારાપર એવું શું સંકટ આવી પડયું છે કે જેથી તું આવું હૃદયવિદારક રૂદન કરે છે?"

"રાજકુમારિ! હું મ્હારા દુઃખની શી હકીકત તમને કહું? અરેરે! મ્હારા શિરપર જે મહાન્ સંકટ આવી પડેલું છે તે કોઈ પણ પ્રકારે દૂર થાય તેમ નથી જ." એ સુંદરીએ ઉત્તરમાં એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું.

એ સુંદરીની ઉમ્મર લગભગ સત્તર અઢાર વર્ષની હતી. તેના શરીરનો બાંધો કોમળ હોઇ તે ઘણી સ્વરૂપવતી હતી. તેણે મૂલ્યવાન્ વસ્ત્રાલંકારો પહેરેલાં હોવાથી તે કોઇ સામાન્ય અબળા નહોતી એમ

લાગતું હતું. માયાસુંદરી સમવેદના દર્શાવી તેને પોતાના શયનગૃહમાં લઇ ગઈ, તથા તેણે તેને તેના સંકટની સઘળી હકીકત પોતાને જણાવવાનો આગ્રહ કર્યો. આ સમયે એ નવયૌવનાએ નેત્રોમાંના અશ્રુજળને સ્વચ્છ કરીને કહ્યું:—"બ્હેન! મ્હારા સંકટની હકીકત તમને જણાવવામાં મ્હને કશી હરકત નથી. જેવા સંકટમાં તમે સપડાયલાં છે તેવા જ સંકટમાં હું સપડાયલી છું!"

"ત્યારે શું મ્હારી માફક તમને પણ બળાત્કારથી અહીં ઉપાડી લાંવવામાં આવ્યાં છે?" માયાએ વિસ્મિત બની જઇને પૂછ્યું.

"હા, સખિ! પરંતુ દિલગીર છું કે, હમણાં હું વિશેષ સમય સૂધી તમારી પાસે રોકાઇશ નહિ."

"કેમ, તમને કોઇનો ભય લાગે છે?" અધીરતાથી માયાએ પૂછ્યું.

"ના; પરંતુ આ સમયે કોઇની સહાયતાથી અહીંથી પલાયન કરી જવાની આશા મ્હારા અંતરમાં ઉપજી છે." સુંદરીએ ઉત્તર આપ્યો.

"અહીંથી પલાયન કરી જવાની ચોક્કસ વ્યવસ્થા તમે પ્રથમથી જ કરી છે કે શું?" માયાએ પૂછ્યું.

"હા—જો તમારી ઇચ્છા હોય તો તમે પણ અહીંથી મ્હારી સાથે આવી શકો તેમ છો. આ રાજ્યનો એક બળવાન્ પુરુષ મ્હને મદદ કરવા આવનાર છે." આ ઉત્તર સાંભળી માયા અત્યંત પ્રસન્ન થઇ ગઇ, તથા હર્ષાવેશમાં તે એ સુંદરીને તેનો પરિચય પૂછવો પણ ભૂલી ગઈ. તેણે તેનો હાથ પકડી હર્ષાતિશયથી પૂછ્યું:—"ત્યારે તમારી સાથે તમે મ્હને પણ મુક્ત કરવાની કૃપા કરશો કે?"

"હા—અવશ્ય કરીશ; પરંતુ હવે આપણે વિલંબ કરીએ છીએ એ વ્યાજબી થતું નથી." સુંદરીએ કહ્યું.

બરાબર આ સમયે જ એ શયનગૃહનું દ્વાર ઉઘાડી વીસેક વર્ષની બીજી એક સુંદરી અંદર આવી. આ સુંદરીનું શરીર ગૌર હોઇ તેનો પ્રત્યેક અવયવ ઘાટદાર હતો. તેનો પોષાક અને અલંકારો વિશેષ મૂલ્યવાન્ નહોતા; છતાં તેની સૌન્દર્યચ્છટાથી તે એક પરીજાન જેવી દેખાતી હતી. આ સમયે માયા સાથે બેઠેલી સુંદરી, આવનારી સુંદરીને જોઇ ચમકી ઉઠી; પરંતુ અલ્પકાળમાં જ આત્મસંવરણ કરીને તેણે કહ્યું:—"લાલી, આ સમયે તને એકાએક અત્રે આવેલી જોઇ હું આશ્ચર્યમાં પડી ગઈ છું!"

"વળી એ સાંભળીને તને વિશેષ આશ્ચર્ય લાગશે કે ત્હારા પંઝામાંથી ભોળી માયાસુંદરીનો જીવ બચાવવા માટે જ હું અહીં આવી છું." લાલીએ ભાર દઇને કહ્યું.

આ ઉત્તર સાંભળવામાં આવતાં પેલી સુંદરીનું મ્હોં લેવાઈ ગયું. તેના મુખમંડળપર ભયંકર ક્રોધની છાયા છવાઈ ગઇ. તેણે લાલીના મ્હોં તરફ થોડા સમય સુધી તીક્ષ્ણ દૃષ્ટિથી જોઈ રહ્યા પછી કહ્યું:—"લાલી, આજે ત્હારાં વચનો સાંભળી, તું ઉન્માદિની બની ગઈ હોય એમજ મ્હને લાગે છે.!"

"તું એવી તે કોણ છે કે, હું ત્હારી આજ્ઞાનુસાર વર્તું?" લાલીએ તિરસ્કારયુક્ત સ્વરે કહ્યું.

પેલી સુંદરીએ ઉઠી ઉભી થઇને કહ્યું:—"તું જાણતી નથી કે હું કોણ છું?"

"કુંદન! હું સારી રીતે જાણું છું કે, તું કોણ છે? પરંતુ તને ખબર નથી કે તું મ્હને કશું નુકસાન કરી શકે તેમ નથી. હવે તું ત્હારી પ્રપંચજાળમાં માયાસુંદરીને ફસાવી શકે તેમ નથી જ." લાલીએ કહ્યું.

આ વચનો સાંભળવામાં આવતાં કુંદનના ક્રોધનો પાર રહ્યો નહિ. તે નખથી શિખા સુધી સળગી ઉઠી. તે આત્મસંવરણ કરી શકી નહિ. પોતાની કમરે તેણે જે કટાર છુપાવી રાખી હતી તે બ્હાર ખેંચી કાઢીને લાલીનું ખૂન કરવા તેના અંગપર ધસી. લાલીએ તરત જ પોતાની બગલમાંથી એક નારંગી કાઢી તે કુંદનને બતાવીને પૂછ્યું:—"આમાં કેટલી ચીરીઓ છે એ તું ભૂલી ગઇ કે ?"

નારંગી નજરે પડતાં તથા લાલીના મુખમાંથી નીકળેલું છેવટનું વાક્ય સાંભળતાં જ કુંદનનું જોશ જતું રહ્યું. ચિંતા અને ગભરાટથી તેનું મ્હોં મલિન બની ગયું. તે એક ચીસ પાડી ધરાપર ઢળી પડી.

બીજી તરફ શ્યામગઢના કિલ્લાની સ્હામે પહાડથી થોડા અંતરે એક નીચા પણ લાંબા ખડકપર રાણા વીરસિંહજીના સૈન્યે આવી પહોંચીને મુકામ કર્યો હતો. આજુબાજુમાં સિપાહીઓ જૂદા જૂદા વ્યવસાયમાં પ્રવૃત્ત થયેલા જોવામાં આવતા હતા. હજી બીજું સૈન્ય આવવાનું હોવાથી વધારે તંબૂઓ નાખવાની વ્યવસ્થા થતી હતી. છાવણીના મધ્યભાગમાં રાણા વીરસિંહનો સુંદર તંબૂ હતો. તેની બન્ને બાજૂએ રાજકુમાર ઇન્દ્રજીત અને આનન્દસિંહના તંબૂઓ ઠોકેલા હતા. એ ત્રણે તંબૂઓની આગળ પાછળ મ્હોટા મ્હોટા સરદારો અને બહાદુર લડવૈયાઓના તંબૂઓ ઠોકેલા હતા. છાવણી નાખવાનું કાર્ય થઇ ગયું એટલે બીજે દિવસે યુવરાજ ઇન્દ્રજીતસિંહ, આનન્દસિંહ, જ્યોતિસિંહ, લક્ષ્મણસિંહ પંડિત બદ્રીનાથ, તેજસિંહ, તારાસિંહ, જગન્નાથ જ્યોતિષી તથા જુનો સેનાપતિ શૂરસિંહ અને જાલિમસિંહ વગેરેની સાથે વીરસિંહ પણ આવી પહોંચ્યો, અને તેમણે સર્વેએ પોતપોતાના તંબૂમાં મુકામ કર્યો. ભૈરવનાથને ગયાજીમાં તથા અઘોરનાથ અને કપટશંકરને રામગઢમાં રાખવામાં આવ્યા. આ યુદ્ધમાં

સેનાપતિનું જોખમદારી ભરેલું પદ જાલિમસિંહને આપવામાં આવ્યું હતું. ત્રીજે દિવસે બીજું સૈન્ય આવી પહોંચ્યું એટલે એકંદરે પચાસ હજાર સિપાહીઓનું લશ્કર છાવણીમાં થયું. પછીથી પાંચ ઝુંડા–નિશાન ઉભાં કરવામાં આવ્યાં. બહાદુર પુરુષો રણસંગ્રામમાં પોતાનું શૌર્ય પ્રદર્શિત કરવાને ઉત્તેજિત બની ગયા. રાણા વીરસિંહની છાવણીમાં યુદ્ધનો ઝુંડો ઉભો કરવામાં આવ્યો તેના બીજા જ દિવસે રાણા દિગ્વિજયસિંહ તરફથી એક પત્ર લઈ તેનો એક બહુરૂપી વીરસિંહની છાવણીમાં આવી પહોંચ્યો. એ પત્ર વાંચી સંભળાવવાની વીરસિંહે તેના કારભારીને આજ્ઞા કરી. કારભારી પત્ર વાંચવા લાગ્યોઃ—

"મહારાણા વીરસિંહજી,

અમે કદાપિ આપની સાથે શત્રુતાચરણ આચર્યું નથી; છતાં વિના પ્રયોજન આપણા ઉભયના સૈનિકોનું લોહી રેડાવવાનો અનુચિત માર્ગ આપે કેમ સ્વીકાર્યો છે એ સંબંધી હું કશી કલ્પના કિંવા નિર્ણય કરી શકતો નથી. વળી આપ એટલું ચોક્કસ સ્મરણમાં રાખજો કે, પચાસ વર્ષ સુધી યુદ્ધ કરીને પણ આપ આ અજીત દુર્ગ જીતી શકો તેમ નથી. અમે યુદ્ધ કર્યા સિવાય ચુપકીદીથી બેસી રહીશું તો પણ આપ અમને કાંઈ કરી શકો તેમ નથી; છતાં અમે નામર્દની માફક કિલ્લામાં ભરાઈ બેસવાને ઇચ્છતા નથી. અમે મયદાનમાં આવી યુદ્ધ કરી, અમારી બહાદુરી બતાવીશું. વળી જો આપને આપની બહાદુરી અને જવાંમર્દીનું અભિમાન હોય તો સૈનિકોનો જીવ શા માટે લ્યો છો? એકની સાથે એક યુદ્ધ કરી પોતાની શક્તિ દર્શાવો. અંતે આપણે બન્ને જણા પણ એક બીજાની સાથે દ્વંદ્વ યુદ્ધ કરીશું. જો આપ અમારાપર વિજય મેળવશો તો આ રાજ્ય અમે આપને

સ્વાધીન કરી દઇશું; નહિ તો આપને અમારી આધીનતા સ્વીકારવી પડશે. અફસોસ કે, આ સમયે મ્હારો પુત્ર હાજર નથી; જો તે હાજર હોત તો આપના બન્ને રાજકુમારો સાથે એ એકલો જ યુદ્ધ કરીને પોતાની બહાદુરી બતાવી આપત. પત્રવાહક સાથે જ આપનો ઉત્તર મોકલાવશો."

આ પત્રના ઉત્તરમાં વીરસિંહે નીચે પ્રમાણે ઉત્તર લખી આપ્યો:- "આપના માણસો અમારા રાજ્યમાં આવી માયાસુંદરીને ઉપાડી ગયા છે એ શું શત્રુતાચરણ આચરેલું ન ગણી શકાય કે? આ યુદ્ધના કારણ સ્વરૂપ આપ જ છો. હજી પણ માયાસુંદરીને ઇજ્જત સાથે આપ અમારી પાસે મોકલી આપો તો અમે યુદ્ધ કર્યા સિવાય અમારા રાજ્ય તરફ પાછા ચાલ્યા જઇશું, અને આ પ્રસ્તાવ આપ નહિ સ્વીકારો તો જે કિલ્લામાં રહીને આપ આપને સર્વાંશે સુરક્ષિત સમજો છો તેનો એકે એક પત્થર અમે તોડી નાખીશું. દ્વંદ્વ યુદ્ધ કરી અમારી શક્તિનો પરિચય આપવાને પણ અમે તૈયાર છીએ. આપના રાજકુમાર અમારી કેદમાં છે. જો આપ માયાસુંદરીને અમારી પાસે મોકલી આપો તો અમે આપના રાજકુમારને મુક્ત કરવાને તૈયાર છીએ."

આ પત્રના ઉત્તરમાં શ્યામગઢના કિલ્લા તરફથી તોપનો એક ભયંકર અવાજ આવ્યો. હવે યુદ્ધ થશે એ વિષયમાં લેશ પણ સંદેહ રહ્યો નહિ. બન્ને પક્ષના બહુરૂપીઓ પોતાની ચતુરાઇનો ઉપયોગ કરવા તૈયાર થઈ ગયા, તથા એ લોકોએ જે કાંઇ કર્યું તેની હકીકત પાછળથી આપણા જાણવામાં આવશે.

શ્યામગઢના કિલ્લામાં રાજમહાલયની અટારીઓપર ઘણી સુંદરીઓ ઉભી રહીને વીરસિંહના સૈન્યની છાવણી તરફ જોઇ રહી હતી.

રાજકુમાર કલ્યાણસિંહજીને વીરસિંહના માણસોએ કેદ પકડેલો હોવાથી માયાસુંદરી એક રીતે નિશ્ચિંત થઇ હતી; છતાં યુવરાજ ઇન્દ્રજીતસિંહનું તે એક ક્ષણ માટે પણ વિસ્મરણ કરી શકતી નહોતી. તેણે જ્યારે એમ સાંભળ્યું કે, રાણો વીરસિંહ પુષ્કળ સૈન્યસહ શ્યામગઢપર ચઢી આવ્યો છે ત્યારે તે અત્યંત આનંદિતા થઇ. તે આતુરદષ્ટિથી વીરસિંહની છાવણી તરફ જોઈ રહી હતી. માયાસુંદરીની દષ્ટિ એ છાવણીમાં કોઇને શોધતી હતી. આ સમયે માયા પાસે લાલી પણ ઉભી રહી હતી. તેને માયાસુંદરીની તહેનાતમાં રાખેલી હોવાથી નારંગીવાળો ભેદ જાણવાની ઘણી ઉત્કંઠા માયાએ લાલી સમક્ષ દર્શાવી હતી; પરંતુ હજી સુધી એ ભેદ તે જાણી શકી નહોતી. પેલો પ્રકાર બન્યા પછી માયા કુંદનને પણ કેટલીક વખત મળી હતી અને પેલી નારંગીના ભેદ સંબંધી તેણે તેને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા; છતાં કુંદન તરફથી પણ તેને સંતોષજનક ઉત્તર મળ્યો નહોતો. કુંદન અને લાલી એક જ સ્થળે રહેતી હતી; પરંતુ આગળ દર્શાવ્યા જેવો વિરોધ ભાવ પછીથી તેમના વચ્ચે જોવામાં આવ્યો નહોતો. આથી માયાનું આશ્ચર્ય વૃદ્ધિંગત થઈ ગયું હતું.

હમણાં માયા પાસે અટારીમાં લાલી સિવાય બીજી એક પણ સુંદરી હાજર નહોતી. તેઓ બન્ને વીરસિંહના સૈન્યની છાવણી તરફ અધીરતાપૂર્ણ દષ્ટિથી જોઇ રહી હતી; એવામાં પેલી નારંગીની વાતનું સ્મરણ થઈ આવતાં માયાએ લાલીને પૂછ્યું:—“ લાલી, પેલા પ્રસંગનો જ્યારે મ્હારા અંતરમાં વિચાર ઉપજે છે ત્યારે કુંદનનો પ્રપંચ વિશેષ પરિસ્ફુટ થાય છે. જો તેનો ત્હારા પ્રત્યે નૈસર્ગિક સ્નેહભાવ હોત તો તે ત્હારા અંગપર આકસ્મિક હુમલો કરત નહિ. વળી તેના કહેવા પ્રમાણે તે જો એ પ્રસંગે પલાયન કરી જવાની હોત તો તેના

એ કાર્યમાં બાધા નડવાથી તે દુઃખી થઇ હોત; પરંતુ તેના મ્હોંપર શોક કે ચિંતાનું એક પણ ચિહ્ન જોવામાં આવતું નથી!"

" ના ના—એનું કહેતું સર્વથા સત્ય હતું. એનાં વચનોપર બિલ્કુલ અવિશ્વાસ મૂકવો ઉચિત નથી." લાલીએ કહ્યું.

" ત્યારે તેણે ત્હારા સમક્ષ જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે સર્વથા સત્ય હતા ?" માયાએ આશ્ચર્ય પામીને પૂછ્યું.

" હા—તદ્દન સત્ય હતા." લાલીએ ઉત્તર આપ્યો.

" ત્યારે એ સંબંધી તું મ્હને કાંઇ કહેતી કેમ નથી ?"

" જુઓ સાંભળો, જે ઉદ્દેશથી તમને અત્રે ઉપાડી લાવવામાં આવ્યાં છે તે જ ઉદ્દેશથી તેને પણ અત્રે ઉપાડી લાવવામાં આવી હતી." લાલીએ ઉત્તરમાં કહ્યું.

" ઠીક, એનાં વચનોમાં બીજી શી સત્યતા હતી ?" માયાએ પુનઃ પ્રશ્ન કર્યો.

" જુઓ, એ સઘળા ભેદનો સ્ફોટ થવાથી ઘણું નુકસાન થવાનો સંભવ છે." લાલીએ ગંભીરતાસૂચક સ્વરે કહ્યું.

" લાલી, મ્હારાપર અવિશ્વાસ ન રાખ. મ્હારા મુખેથી એ વાત અન્ય એક પણ મનુષ્ય જાણી શકશે નહિ. જ્યારે એ સઘળો ભેદ તું મ્હારી પાસે ખુલ્લો કરીશ ત્યારે જ મ્હારી ખાત્રી થશે કે તું મ્હારાપર અકૃત્રિમ સ્નેહ રાખે છે. સખિ! જો કુંદનની સઘળી સત્ય હકીકત તું મ્હને જણાવે તો હું તેનાથી સાવધાન રહી શકું !" માયાએ આગ્રહ દર્શાવ્યો.

" પરંતુ હવે તે કદાપિ તમારું કશું અનિષ્ટ કરનાર નથી; જેથી એ રહસ્ય તમે ન જાણો તો તેથી તમને કશું નુકસાન નથી." લાલીએ એ રહસ્યનો સ્ફોટ કરવાની અનિચ્છા દર્શાવી; પરંતુ માયાએ

જ્યારે અત્યાગ્રહ કર્યો ત્યારે તેણે કહ્યું:—" જુઓ, જે હકીકત હું તમને જણાવું છું તે તમે બીજા કોઇને પ્રાણાન્તે પણ જણાવશો નહિ. કુંદનનો અહીંથી પલાયન કરી જવાનો બિલ્કુલ વિચાર નથી. તે તો પોતાના અંતઃકરણથી રાજકુમાર કલ્યાણસિંહની વિવાહિતા પત્ની થવાની મહત્વાકાંક્ષા રાખે છે; પરંતુ તમારું અત્રે આગમન થવાથી, તથા તમને જ રાજકુમારનાં સહધર્મિણી બનાવવાની રાજા રાણીની ઇચ્છા હોવાથી કુંદનના હૃદયમાં સ્વાભાવિક ઇર્ષ્યાગ્નિ સળગી ઉઠયો છે; તેથી તેણે તમારા પ્રાણનો સંહાર કરવા માટે જ તે દિવસે એવો અદ્દ્ભુત પ્રપંચ કર્યો હતો. તે તમને છેતરીને જંગલમાં લઇ જાત અને ત્યાં તમારો જીવ લઇ પોતાનો માર્ગ નિષ્કંટક બનાવત; પરંતુ હવે તમે તમારા અંતરમાં એનો લેશ પણ ભય રાખશો નહિ. હવે એ તમારી સાથે કદાપિ દુશ્મનાવટ કરનાર નથી."

" હવે પેલો નારંગીવાળો ભેદ મ્હને કૃપા કરી જણાવીશ કે?" માયાએ પૂછયું.

" દિલગીર છું કે, એ ભેદ હું તમને જણાવી શકું તેમ નથી! એ માટે તમે કુંદનને જ કેમ કાંઇ પૂછી જોતાં નથી? હવે તો તે હમ્મેશાં તમારી પ્રશંસા કરે છે તેથી એ ભેદનો સ્ફોટ તે તમારા સમક્ષ અવશ્ય કરશે જ." લાલીએ કહ્યું.

" એ સંબંધીની હકીકત મ્હેં તેને તો પૂછી જોઈ છે." માયાએ કહ્યું.

" તેણે શું કહ્યું છે?" આ પ્રશ્ન કરતાં માયાના કંઠ સ્વરમાં અધીરતા જોવામાં આવતી હતી.

" કુંદને મ્હને નારંગી બતાવી એવો ઉત્તર આપ્યો છે કે, આ નારંગીમાં ઘણી ચીરીઓ છે; પરંતુ તેઓ એક બીજીની સાથે

રહેવાથી એક બીજીને મળી ગઈ છે. કોઈ કહી શકે તેમ નથી કે એમાં કેટલી ચોરીઓ છે ?! તેજ પ્રમાણે આપણે પણ રહેવું જોઇએ." માયાએ કહ્યું.

"એણે જે કહ્યું છે તે વ્યાજબી છે." લાલીએ માયાનો સંદેહ દૂર કરવા કહ્યું.

"વાહ રે વાહ ! તું પણ તેનો પક્ષ લઈ, મ્હને અજ્ઞાની છોકરી ગણી સમજાવવા માગે છે કે ? જો એમજ હોય તો શા માટે તે એ પ્રસંગે ભય પામી હતી ?" માયાએ પોતાનો સંશય દૂર નહિ થવાથી કહ્યું.

બરાબર આ સમયે દાદરપર કોઈનાં પગલાંનો થતો અવાજ સાંભળવામાં આવ્યાથી બન્ને જણીઓએ ચુપ થઇ જઈ દાદર તરફ જોયું તો તેમણે કુંદનને પોતાની પાસે આવતી જોઇ. તેને જોઈ કુંદને હાસ્યમુખે કહ્યું:—" અરે, એક માણસ તને શોધતો અહીં આવ્યો છે. તે એમ છે કે, ' લાલીએ મ્હારું એક પુસ્તક ચોરી લીધું છે. એ પુસ્તકમાંની હકીકત કોઇના લોહીથી લખવામાં આવી છે ! "

આ વાક્યો સાંભળવામાં આવતાં લાલીનું મ્હોં લેવાઈ ગયું. ભયની ભાવનાથી તે ધ્રુજવા લાગી. તેના શરીરનું સઘળું લોહી જાણે કે ઉડી ગયું. થોડા સમય સુધી તે પાષાણ પ્રતિમાની માફક સ્થિર, ધીર અને ગંભીર બની જઇને ઉભી રહી. ઘણા સમય પછી તે સ્વસ્થ થઈ, તથા પોતાના બન્ને હાથ જોડી કુંદનને ઉદ્દેશીને તેણે કહ્યું:—" કુંદન ! મ્હને ક્ષમા આપ. હું કરગરીને ત્હારી પાસે ક્ષમાયાચના કરું છું. મ્હારાથી ગંભીર ભૂલ થઇ છે. આ જીવનમાં કદાપિ હવે હું ત્હારી ઇચ્છા વિરુદ્ધ વર્તીશ નહિ. હું ત્હારી દાસી થઇને રહીશ."

"ત્યારે મ્હારા વસ્ત્રના પાલવપર તું ગુલામીખત લખી આપીશ કે ?" કુંદને પૂછ્યું.

કુંદનના આ કટાક્ષબાણથી લાલીનું કાળજું વીંધાઇ ગયું. આ સમયે તે કોઈ પણ રીતે આત્મસંવરણ કરી શકી નહિ. તેનું મસ્તક ભમવા લાગ્યું, ત્યારે તથા ચક્કર ખાઇને તે પૃથિવીપર પડી ગઈ. તેની આવી સ્થિતિ જોઈ એક પણ અક્ષરનો ઉચ્ચાર કર્યા સિવાય કુંદન ત્યાંથી ચાલી ગઇ. તેના મ્હોંપર પ્રસન્નતાનાં ચિહ્ન જોવામાં આવતાં હતાં. લાલીપર પોતાનું આધિપત્ય સ્થાપિત થઈ ગયું છે એવા વિચારથી તેના મ્હોંપર ગર્વની છાયા છવાઈ રહેલી નજરે પડતી હતી. હજી પણ તે લાલીને વિશેષ હયરાન કરવાને ઇચ્છતી હતી એમ તેના મુખભાવપરથી સ્પષ્ટ સમજાતું હતું.

આ સઘળો અદ્ભુત દેખાવ જોવામાં આવ્યાથી બિચારી માયા ગંભીર વિચારમાં પડી ગઇ હતી. તે પોતાના મન સાથે કશો નિર્ણય કરી શકતી નહોતી. નારંગીવાળો ભેદ જાણવાને માટે પ્રથમથી જ તે અધીરી બની ગઇ હતી, તેમાં પણ વળી આ નવા ભેદે તેને ગંભીર ચિંતાસાગરમાં ડૂબાવી દીધી. તેણે ઘણી મહેનતે આત્મસંવરણ કર્યું, અને લાલીને એ સ્થળે એવી સ્થિતિમાં જ પડી રહેવા દઇ તે નીચે ઉતરી પડી પોતાના શયનગૃહમાંથી એક જળથી ભરેલું પાત્ર લઈ પુનઃ લાલી પાસે ગઈ તથા તેણે તેના મસ્તકપર જળસિંચન કર્યું. થોડા સમયમાં જ લાલી શુદ્ધિમાં આવી, તથા કશી વાત કર્યા સિવાય રૂદન કરતી કરતી તે પોતાના નિવાસગૃહમાં ચાલી ગઈ. માયા પણ પોતાના શયનગૃહમાં ચાલી ગઈ.

માયા પોતાના શયનગૃહમાં જ રાત્રિ દિવસ રહેતી હતી. એ શયનગૃહ, ખુશનુમા બાગના મધ્યભાગમાં આવેલું હતું. આ બાગના

ચાર ખુણામાં બીજી ન્હાની ન્હાની ચાર ઇમારતો આવેલી હતી. એમાંની એક ઇમારતમાં માયાસુંદરીની સેવા માટે જે સેવિકાઓ નિયુક્ત થયેલી હતી તેઓ સર્વ રહેતી હતી. એ સઘળી સેવિકાઓમાં મુખ્ય સેવિકા લાલી હતી. બીજી એક ઇમારતમાં બે ત્રણ સેવિકાસહ લાલી રહેતી હતી. ત્રીજી ઇમારતમાં કે જ્યાં અમીર ઉમરાવના જેવો ઠાઠમાઠ હતો તેમાં કુંદન રહેતી હતી. ચોથી સર્વથી ન્હાની ઇમારતને તાળું મારી બંધ રાખવામાં આવી હતી; પરંતુ તેની ચોતરફ કેટલીક સશક્ત સ્ત્રીઓ હાથમાં નાગી તલ્વાર લઇ પહેરો ભર્યા કરતી હતી. આ બાગ જનાનામહેલના મધ્યભાગમાં હતો. કોઇ અપરિચિત મનુષ્ય અહીં આવી શકે તેમ નહોતું તેમજ અહીંથી કોઇ મનુષ્ય પલાયન કરી જાય તેમ નહોતું.

પ્રકરણ ૧૩ મું.

મનમોહિની માનિનીની મદદ.

મધ્યરાત્રિનો સમય હતો. ચોતરફ ભીષણ અંધકારનું સામ્રાજ્ય સ્થાપિત થયેલું હતું. પહેરેગીરો સિવાય સઘળા સૈનિકો શાન્તિદાયિની, સંકટનિવારિણી નિદ્રાદેવીના અપૂર્વ સુખનો આસ્વાદ લેતા હતા. સૈન્યમાં જે વિશેષ બહાદુર અને જવાંમર્દ લોકો હતા તેઓ તો હથિયારબંધ સ્થિતિમાં જ સૂઈ રહ્યા હતા. તેઓ નિદ્રાને બદલે તંદ્રાને જ આધીન થયા હતા.

રાણા વીરસિંહના તંબૂની ખબર રાખતો, તંબૂના પ્રવેશદ્વારપર એક આસન નાંખીને સેનાપતિ શૂરસિંહ સાવધાનતાથી બેઠેલો હતો એટલું જ નહિ; પરંતુ બીજા કેટલાક પહેરેગીરો નગ્ન તલ્વાર હાથમાં લઇ એ તંબૂની આજૂબાજૂ પહેરો ભરતા હતા. રાજકુમાર ઇન્દ્રજીત-સિંહના તંબૂપર કંચનસિંહ અને આનન્દસિંહના તંબૂપર જાલિમસિંહ કેટલાક પહેરેગીરો સાથે સંભાળ રાખતો હતો.

મધ્યરાત્રિ પસાર થઈ ગયા પછી એક માણસ યુવરાજ ઇન્દ્રજી-તસિંહના તંબૂ પાસે આવ્યો, તથા કંચનસિંહને સલામ કરી તેની પાસે ઉભો રહ્યો. એ માણસ લાંબા કદનો તેમજ મજબુત લાગતો હતો. માથાપર લાંબો ફેંટો પહેરી, શરીરપર તેણે કાસ્મીરી શાલ ઓઢી હતી. તેને જોતાં જ કંચનસિંહે પૂછ્યું:—" તમે કોણ છો, તથા આવી અંધકારમયી રાત્રે આ છાવણીમાં કેમ આવ્યા છો ?"

" હું શ્યામગઢના કિલ્લામાંથી માયાસુંદરીનો એક સદેશો યુવ-રાજ ઇન્દ્રજીતસિંહને પહોંચાડવા આવેલો છું. " આવનાર પુરુષે ઉત્તર આપ્યો.

" યુવરાજશ્રી નિદ્રાધીન થઇ ગયેલા છે." કંચનસિંહે કહ્યું.

" જો મ્હારું આગમન તમને જરૂરી જણાતું હોય તો તમે યુવરાજને જાગ્રત કરો." આવેલા પુરુષે કહ્યું.

" તમે જે સંદેશો લઇ આવ્યા હો તે મ્હને કહો એટલે યુવરાજ જાગ્રત થશે કે તરત જ હું તેમને કહીશ." કંચનસિંહે કહ્યું.

" યુવરાજ સિવાય અન્ય કોઇને સંદેશો કહેવાની સાફ ના પાડેલી છે." એ માણુસે કહ્યું.

" તમારું નામ શું છે ?"

" મ્હારું નામ હું કહી શકતો નથી. યુવરાજ મ્હને સારી રીતે ઓળખે છે. તમે મ્હને તમારી સાથે તંબૂમાં લઈ ચાલો. આંખ ઉઘડતાં જ યુવરાજ મ્હને ઓળખી જશે; તમારે તેમને કાંઈ કહેવું પડશે નહિ."

કંચનસિંહ એ માણુસને તંબૂમાં લઈ ગયો. જ્યારે તેઓ બન્ને તંબૂના મધ્યભાગમાં જઈ પહોંચ્યા એટલે પેલા માણુસે પોતાની શાલમાં છુપાવી રાખેલી તીક્ષ્ણ ધારવાળી તલ્વાર કંચનસિંહનાપર એવા તો જોરથી મારી કે તેનું મસ્તક એક ક્ષણુમાં જ ધડથી જૂદું થઇ ગયું. પછીથી પોતાની તલ્વારને પુનઃ શાલમાં છુપાવી દઇ, ઇન્દ્રજીત પાસે જઇને એ પુરુષે તેને બેશુદ્ધિની દવા સુંઘાડી દીધી. ત્યાર પછી પોતાની શાલમાં કુમારનો દેહ બાંધી લઇ પહેરવાળા પહેરેગીરો જ્યારે પાછલા ભાગમાં ગયા ત્યારે તે ત્વરાથી તંબૂની બ્હાર નીકળી જોતજોતાંમાં છાવણીમાંથી પસાર થઈ ગયો. છાવણીથી થોડા અંતરે એક રથ ઉભો રહેલો હતો. એ રથને બે બળવાન ઘોડાઓ જોડેલા હતા. રથ પાસે જઈ એ પુરુષે યુવરાજ ઇંદ્રજીતની આંસડી છોડી

નાંખી, બેશુદ્ધ યુવરાજને રથમાં સુવાડી સારથીને તેણે રથ હાંકવાની આજ્ઞા કરી. તે સાથે એ પુરુષ પણ રથમાં બેસી ગયો.

થોડે દૂર રથ ગયો હશે એવામાં પાછળથી કોઈ ઘોડેસવાર આવતો જણાયાથી એ વાર્ત્તા સારથીએ રથમાં બેઠેલા પુરુષને કહી. પુરુષે રથને ઘણી ત્વરાથી હાંકવાની સૂચના કરી. સારથીએ ઘોડાઓને પૂરપાટ દોડાવવા માંડયા; આમ છતાં પાછળથી આવતા સવારે રથની પૂંઠ છોડી નહિ.

પ્રભાતકાળના અરસામાં તો રથ ઘણે દૂર નીકળી જઈ એક ભયાનક અરણ્યમાંથી માર્ગ કાપવા લાગ્યો. આ સમયે પાછળથી આવતા ઘોડેસવારે રથની તદ્દન પાસે આવી પહોંચી, સારથીને ઉદ્દેશીને કહ્યું:—" એકદમ રથ ઉભો રાખ. " છતાં તેના આ વાકય તરફ દુર્લક્ષ્ય કરી ઉલટા સારથીએ ઘોડાઓને વિશેષ ત્વરાથી દોડાવવા માંડયા. આથી ઘોડેસવારે ક્રોધાધીન થઇ પોતાના હાથમાંનો ભાલો સારથીને માર્યો. તરત જ સારથી ઘાયલ થઈ જમીનપર પડયો, તથા રથના ઘોડાઓ ચમકીને ચારે પગે નાસવા લાગ્યા. નીચે પડેલો સારથી રથના પૈડા નીચે કચડાયો. ઘોડેસવારે એક ઘોડાને પોતાનો ભાલો મારી જમીનદોસ્ત બનાવ્યો તેથી બીજો ઘોડો ઉભો રહ્યો. આથી રથમાં બેઠેલો પુરુષ બ્હાર કૂદી પડી હાથમાં તલ્વાર લઇ ઘોડેસવારની સ્હામે થયો; પરંતુ જોત જોતાંમાં ઘોડેસવારે તેને પણ ઘાયલ કરી જમીનદોસ્ત બનાવી દીધો. પછી ઘોડાપરથી ઉતરી, પોતાનો ભાલો જમીનમાં દાટી તે સાથે પોતાના અશ્વને બાંધી તે રથ પાસે ગયો. આ સવારે પોતાનું મ્હોં એક કાળા બુરખામાં છુપાવેલું હતું. એ સવાર રથમાંથી બેહોશ ઇન્દ્રજીતને ઉચકી થોડે દૂર જંગલમાં એક ઘટાદાર વટવૃક્ષ નીચે તેને સુવાડી આવ્યો. પછીથી પોતાના ઘોડાને પણ એ સ્થળે લઈ જઈ તે

ઇન્દ્રજીતને શુદ્ધિમાં લાવવાના પ્રયત્નો કરવા લાગ્યો. પ્રભાતકાળના શીતળ વાયુના સેવનથી થોડા સમયમાં જ ઇન્દ્રજીત શુદ્ધિમાં આવ્યો, અને પોતે ક્યાં આવ્યો છે તે સમજી નહિ શકાયાથી વ્યાકુળતાથી બેઠો થઈ ગયો. આ સમયે પેલો સવાર પોતાના હાથમાં નગ્ન તલ્વાર લઇ તેની સ્હામે થયો તેને જોઇ આશ્ચર્યવત્ સ્થિતિમાં ઉભા થઈ જઇને ઇન્દ્રજીતે કહ્યું:—" તમે જ મ્હને અત્રે લઈ આવ્યા છો કે શું ? "

" ના—બીજો એક માણસ રથમાં બેસાડી આપને લઇ જતો હતો; તેના પંઝામાંથી મ્હેં આપને છોડાવ્યા છે. " સવારે ઉત્તર આપ્યો.

" જ્યારે એમજ છે ત્યારે પછી નગ્ન તલ્વાર હાથમાં લઇ મ્હારી સ્હામા તમે કેમ ઉભા રહ્યા છો ? " વિચારમાં પડી જઇને ઇન્દ્રજીતે પ્રશ્ન કર્યો

" આપની બહાદુરીની ઘણી પ્રશંસા મ્હારા સાંભળવામાં આવેલી હોવાથી આપની સાથે યુદ્ધ કરવાની ઉત્કટ ઇચ્છા મ્હારા અંતરમાં ઉત્પન્ન થઇ છે. " સવારે ઉત્તર આપ્યો.

" ઠીક, મ્હારી પાસે જો કે એકકે હથિયાર નથી; તો પણ હું તમારી સાથે યુદ્ધ કરવાને તૈયાર છું. ચાલો, પ્રથમ તમે જ મ્હને ઘા કરો. " ઇન્દ્રજીતે યુદ્ધ કરવાની તત્પરતા દર્શાવી.

" હું આપને હથિયાર આપું છું. જે માણસ આપને બેશુદ્ધ બનાવી રથમાં સુવાડીને લઇ જતો હતો—તેની ઢાલ તથા તલ્વાર હું લઇ આવ્યો છું. " આમ કહી તેણે એક ઢાલ તથા તલ્વાર યુવરાજ ઇન્દ્રજીતસિંહના હાથમાં આપી.

બન્ને જણા વચ્ચે તરત જ તુમુલ યુદ્ધનો આરંભ થઈ ગયો. થોડા સમય સુધી યુદ્ધ ચાલતાં યુવરાજને એમ લાગ્યું કે, પેલો સવાર

તેની સાથે શત્રુની માફક નહિ; પરંતુ મિત્રની માફક લડે છે; એથી તેણે વિરક્ત બની જઇને કહ્યું:—" તમે મ્હારી સાથે યુદ્ધ કરો છો કે રમત કરો છો ? "

" રાજકુમાર ! હું કાંઇ આપનો દુશ્મન નથી. ઘણા સમય સુધી બેશુદ્ધ સ્થિતિમાં રહેવાથી આપનામાં જે સુસ્તી જોવામાં આવતી હતી તે દૂર થઈ આપ હોશિયાર બની જાઓ એવા હેતુથી જ આપની સાથે હું યુદ્ધ કરું છું ! " સવારે હાસ્યમુખે ઉત્તર આપ્યો.

" ત્યારે તમે અમારા સ્નેહી છો કે શું ? " ઇન્દ્રજીતે વિસ્મિત બની જઇ પ્રશ્ન કર્યો.

" દિલગીર છું કે આપના આ પ્રશ્નનો યથાર્થ ઉતર હું હમણાં આપી શકું તેમ નથી. "

" જો શત્રુના પંઝામાંથી તમે મ્હારું રક્ષણ કર્યું હોય તો તમે અમારા સ્નેહી જ હોવા જોઇએ. "

" ત્યારે આપનું મ્હેં શત્રુના પંઝામાંથી રક્ષણ કર્યું છે એ માટે હજી સુધી આપના અંતરમાં શંકા રહે છે ? " ગંભીરતાસૂચક સ્વરે સવારે પ્રશ્ન કર્યો.

" હા, શંકા તો રહેજને ?! તમે મ્હને અત્રે લઈ આવ્યા છો કે બીજું કોઇ તેની ખાત્રી શી ? " ઇન્દ્રજીતે સંદિગ્ધભાવથી કહ્યું.

" યુવરાજ ! આપના અંતરમાં ઉત્પન્ન થયેલી અમૂલક શંકા હું અલ્પકાળમાં જ દૂર કરીશ. જો હું આપનો શત્રુ હોત તો બેશુદ્ધ સ્થિતિમાં જ મ્હેં સહેલાઇથી આપના જીવનનો નાશ કરી નાંખ્યો હોત; છતાં આપ થોડા સમય સુધી અહીં ઉભા રહો એટલે મ્હારી મિત્રતાની સંપૂર્ણ ખાત્રી હું કરી આપું છું. " આમ કહી એ સવારે પોતાના અશ્વપર સવાર થઈ પેલા રથ પાસે જઈ, નીચે ઉતરી પડી

તપાસ કરી જોઈ તો સારથી અને પેલો પુરુષ મૃત્યુ પામેલા તેને જણાયા. રથને જોડવામાં આવેલો એક ઘોડો પણ પોતાની જીવન-લીલાને પૂર્ણ કરી ગયો હતો. સવારે પેલા રથનું મ્હોં ફેરવી નાંખ્યું અને સારથીના મૃતદેહને રથની આગળ નાંખી સ્વગત તેણે કહ્યું:- " હવે પોતાની છાવણી કયી તરફ છે એ યુવરાજ સમજી શકશે નહિ. તેમને કયી તરફ લઈ આવવામાં આવ્યા છે એ પણ તેઓ જાણી શકશે નહિ. આવી રીતે તેમને ભ્રમમાં નાંખી મ્હારે મ્હારા તેમજ તેમના ભાગ્યની પરીક્ષા કરવી જોઇએ ! " આ પ્રમાણે સ્વગત બોલી પુનઃ પોતાના ઘોડાપર સવાર થઈ તે યુવરાજ પાસે ગયો તથા તેણે કહ્યું:-" યુવરાજ! આપ જો મ્હારી સાથે આવો તો હું મ્હારી મિત્રત્તાની ખાત્રી આપને કરી આપું ! " આમ કહીને અશ્વપરથી નીચે ઉતરી પડી તેણે યુવરાજને અશ્વારોહણ કરવાને કહ્યું; પરંતુ ઇન્દ્રજીતે પગે ચાલવાની જ ઇચ્છા દર્શાવી. બન્ને જણા ત્યાંથી પુનઃ પેલા રથ પાસે જઇ પહોંચ્યા. રથ પાસે જઇ એ ભેદી સવારે યુવરાજને સઘળી હકીકત કહી સંભળાવી અને વિશેષમાં જણાવ્યું કેઃ—" આ રથનો એક અશ્વ હજી જીવતો છે; તેના પર સવાર થઈ આપ છાવણી તરફ પધારો. "

" ખરેખર, તમે મ્હારા જીવનનું રક્ષણ કર્યું છે એ માટે અંતઃકરણપૂર્વક હું તમારો ઉપકાર માનું છું. " ઇન્દ્રજીતે આભાર દર્શાવ્યો.

" યુવરાજ! આપના જેવા ભાગ્યશાળી મહાન્ પુરુષ માત્ર શબ્દો ઉચ્ચારીને આભાર માને એ વ્યાજબી નથી. મ્હારા ઉપકારની આપ યોગ્ય કદર કરશો એવી મ્હારા મનમાં દૃઢ ખાત્રી હતી. " સવારે કહ્યું.

" તમે કહો તે આપવાને હું તૈયાર છું; કહો જોઇએ કે, તમારે શું જોઇએ છીએ ? " ઇન્દ્રજીતે પ્રશ્ન કર્યો.

"હમણાં તો આપની પાસેથી કાંઈ મેળવવાની મ્હારી ઇચ્છા નથી; પરંતુ હું જ્યારે જે વસ્તુ માગું તે આપવાનું આપ મ્હને વચન આપો. પ્રસંગાનુસાર હું જોઇતી વસ્તુ માગી લઇશ." સવારે ઉત્તરમાં પોતાનો વિચાર દર્શાવ્યો.

યુવરાજે એ સવારને વચન આપીને કહ્યું:—"હવે આપણી વચ્ચે આટલો બધો સ્નેહસંબંધ થયો છે તેથી તમારે મ્હને તમારી ઓળખાણ આપવી જોઇએ. તમે તમારા મ્હોંપરનો બુરખો ખેંચી લ્યો."

તરત જ ઇન્દ્રજીતના પ્રસ્તાવાનુસાર એ સવારે પોતાના મ્હોંપરનો બુરખો ખેંચી લીધો. આ સમયે ઇન્દ્રજીતે જે દેખાવ જોયો તેથી તે આશ્ચર્યચકિત તેમજ વિસ્મિત બની ગયો. તેણે સવારના બદલે એક કુસુમ કોમળાંગી નવયૌવનાનું ચંદ્ર સમાન મનોહર મુખમંડળ જોયું. આજ સુધીમાં માયાસુંદરી સિવાય આવી રૂપલાવણ્યસંપન્ના એક પણ નવયૌવનાનું ઇન્દ્રજીતે દર્શન કર્યું નહોતું. તેણે કટાક્ષબાણથી ઇન્દ્રજીતના કોમળ અંતઃકરણને વીંધી નાખ્યું. તે એકાગ્રદૃષ્ટિથી વિમુગ્ધ મને એ લાવણ્યમયી લલનાના અતુલનીય મુખમંડળ તરફ જોઇ રહ્યો. તેને આવી સ્થિતિમાં જ રાખી એકાએક એ અપૂર્વ રૂપવતી સુંદરી જંગલમાં આડા માર્ગે ચાલી ગઈ. આ સમયે ઇન્દ્રજીતના મુખમાંથી સ્વાભાવિક જ એવા ઉદ્દગાર નીકળી પડયા કે:—

"ચિત ચોરી એ ચાલી ચાલી એ;
ચટક છટકતી ચાલ ચાલતી શરમાતી જાતી મદમાતી,
જરી ગભરાતી ને શંકાતી, પૃથિવી માંહી તે પંકાતી;
ચપળ ચક્ષુથી અમૃત પાતી મદન તણા ગુણ ગાતી ગાતી,
'જતી જ રહી'—ચિત૦"

જ્યાં સુધી એ રૂપસુંદરી અરણ્યમાં અદ્રશ્ય ન થઈ ત્યાં સુધી

વિમુગ્ધદૃષ્ટિથી ઇન્દ્રજીત તેના તરફ જોઈ રહીને જ ઉભો રહ્યો. પછીથી રથના પેલા જીવતા રહેલા એક અશ્વ પાસે જઈ તેની પીઠપરનો સામાન નીચે ફેંકી દઇ માત્ર તેની લગામ રહેવા દઇ તે તેનાપર સ્વાર થઇ ગયો તથા જે તરફ રૂપસુંદરી ગઇ હતી તે તરફ તેણે પોતાનો ઘોડો દોડાવી મુકયો. ક્ષુધા અને તૃષ્ણાની ચિંતા રાખ્યા સિવાય મધ્યાન્હકાળ સુધી યુવરાજ ઇન્દ્રજીતે અશ્વને પૂરપાટ દોડાવ્યો; પરંતુ એ રમણીય રામાનો પત્તો તે મેળવી શક્યો નહિ. હવે તૃષાથી તેનો કંઠ સુકાઇ જવા લાગ્યો; તેથી તે પાણીની શોધ કરવા લાગ્યો. પરંતુ એ અરણ્યમાં એકે નદી નાળું તેની નજરે પડયું નહિ. જળાશયની શોધ કરવામાં એ અરણ્યમાં તે સંધ્યાકાળ સુધી ફર્યો; પરંતુ એકકે જળાશય તેના જોવામાં આવ્યું નહિ. બરાબર સંધ્યાકાળે તે એક વિસ્તૃત મયદાનમાં ઉપસ્થિત થયો. એ મયદાનના મધ્યભાગમાં એક સ્વચ્છ જળથી ભરેલું તળાવ આવેલું હતું. આ તળાવ નજરે પડતાં ઇન્દ્રજીતના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે લક્ષ્યપૂર્વક તળાવનું દર્શન કરવા લાગ્યો.

એ તળાવના મધ્યભાગમાં એક મનોહર મહેલ આવેલો હતો. એની ચોતરફ એક ન્હાનો પરમ રમણીય બાગ આવેલો હતો. ચાર બાજૂના ચાર નાજુક મિનારાપર ચાર સુંદર યુવતીઓ બાણને ધનુષ્યપર ચઢાવી ઉભી રહી હતી. મહાલય ઉપરની અગાસીની વચમાંના સંગેમરમરના એક ચબુતરાપર એક સુંદરી નીચે મસ્તક ટેકાવી પગને આકાશ તરફ અદ્ધર રાખી ઉભેલી નજરે પડી. આ સઘળા વિચિત્ર દેખાવનું ઘણા સમય સુધી એકાગ્રદૃષ્ટિથી દર્શન કર્યા પછી રાજકુમાર ઇન્દ્રજીતને માલૂમ પડયું કે એ સઘળી બનાવટી પુતળીઓ જ હતી; પરંતુ તેમને બનાવવામાં સુચતુર શિલ્પીએ પોતાની અપાર બુદ્ધિમત્તાનો

ઉપયોગ કર્યો હતો. બાગના એક ખુણાના મિનારાના કઠેરા સાથે એક નાજુક હોડીને તળાવમાં તરતી રાખી બાંધવામાં આવી હતી; તેથી એ મહાલયમાં કોઈ રહેતું હોવું જોઇએ એવી કલ્પના થતી હતી. ઇન્દ્રજીતે અશ્વપરથી અવતરણ કરી તેની લગામને એ મજબુત પત્થર સાથે બાંધી, તળાવનાં પગથીઆં ઉતરી, હાથ મ્હોં ધોઇ, પુષ્કળ જળ પીને પોતાની તૃષા શાન્ત કરી. પછી પાછો તે એ મનોહર મહાલયનું દર્શન કરવા લાગ્યો. તળાવમાં તરી એ મહેલમાં જવાની અને ત્યાંની પ્રત્યેક વસ્તુ જોવાની પ્રબળ ઇચ્છા તેના અંતરમાં ઉત્પન્ન થઈ. એવામાં એક યુવતી એ મહાલયની અગાસીમાં આવીને ઉભી રહી, તથા ઇન્દ્રજીત તરફ જોઈ તે તેને ત્યાંથી ચાલ્યા જવાનો હસ્તસંકેત કરવા લાગી. એ યુવતીને જોતાં જ ઇન્દ્રજીતે તેને ઓળખી કાઢી કે, એણે જ આજે તેના જીવનનું શત્રુના સપાટામાંથી જીવના જોખમે રક્ષણ કર્યું હતું ! તેણે મહાલય તરફ આવવાની મના કર્યા છતાં ઇન્દ્રજીત સાહસનો સંચય કરી પોતાનાં વસ્ત્રો કાઢી, તળાવની પાળપર મૂકી તળાવમાં ઉતર્યો. આ ઉપરથી પેલી યુવતીને એમ લાગ્યું કે, ઇન્દ્રજીત પોતાની પાસે આવ્યા સિવાય પાછો ફરનાર નથી તેથી તેણે સંકેત કરી એમ જણાવ્યું કે, તે પોતે જ નૌકામાં બેસી અલ્પ કાળમાં તેની પાસે આવે છે. આમ સંકેત કરી એ નવયુવતી નૌકા પાસે આવી તથા બંધેલી નૌકા છોડી નાંખી, તેમાં બેસી નૌકાને વાંકી ચુંકી ચલાવીને તે તળાવના પાછલા ખુણા તરફ ગઈ. સંકેત કરીને તેણે ઇન્દ્રજીતને પણ તે તરફ બોલાવ્યો. ઇન્દ્રજીત ત્યાં જઇ અત્યંત આનંદમગ્ન બની જઇને તેની સાથે નૌકામાં બેઠો. પછી એ નવયુવતી નૌકાને પુનઃ મહાલય પાસે લઇ ગઈ, તથા બન્ને જણાં ઉતરી એ મહાલયમાં ગયાં.

આ મનોહર મહાલયનું શોભાસૌન્દર્ય જોઇ ઇન્દ્રજીત અત્યંત વિસ્મિત બની ગયો. મહાલયના મધ્યભાગમાં આવેલો સુવિસ્તૃત ઓરડો ઘણી સુંદરતાથી શણગારેલો હતો. કાચની મનહર હાંડીઓ, ઝુમ્મરો તથા આરસપત્થરનાં ન્હાનાં આસનો નજરે પડતાં હતાં. ઓરડાની દિવાલમાં જડેલી ખીંટીઓપર વિવિધરંગી પુષ્પમાળાઓ ઝુલી રહી હતી, તથા તેની સુગંધનો સર્વત્ર વિસ્તાર થઈ રહેલો હતો. એક બાજૂએ વિવિધ વાદ્યયંત્ર યથાસ્થિત, ગોઠવેલાં હતાં. ચોતરફ ગોળાકારમાં વિવિધ પુષ્પલતાઓનાં કુંડાં સુંદર આસનપર ગોઠવેલાં હોવાથી એ ઓરડાની શોભામાં ઘણો વધારો થયેલો હતો. દિવાલપર ચીતરવામાં આવેલાં ચિત્રો સુંદર અને મનોરંજક હોઈ ચિત્રકારની અપૂર્વ વિદ્યાશક્તિનો પરિચય કરાવતાં હતાં. આ સુંદર ઓરડો બેઠકખાના તરીકે ઉપયોગમાં લેવામાં આવતો હતો. તેની પાસે જ એક બીજો ન્હાનો ઓરડો હોઈ તેમાં એક મૂલ્યવાન્ પલંગ પડેલો હતો. એ પલંગમાં મખમલના જેવી સુંવાળી અને દૂધના જેવી સફેદ તેમજ સ્વચ્છ શય્યા બિછાવેલી હતી. તેની પાસે જ એક ન્હાની ઓરડી આવેલી હોઇ સ્નાનાલય તરીકે તેનો ઉપયોગ થતો હતો. એ ઓરડીમાં એક હૉજ બનાવેલો હોઈ તેમાં એક બાજૂએથી તળાવનું સ્વચ્છ જળ આવી બીજી બાજૂએથી વહી જતું હતું. આ સિવાય બીજી ચાર ન્હાની સુંદર ઓરડીઓનો એ મહાલયમાં સમાવેશ થયેલો હતો. એ ઓરડીઓ જૂદાં જૂદાં કાર્યોના ઉપયોગમાં આવતી હતી; આમ છતાં સમસ્ત મહાલયમાં પેલી નવયુવતી સિવાય બીજી એક પણ સ્ત્રી કે સેવક સેવિકામાંનું કોઈ નહોતું. આથી ઇન્દ્રજીતના અંતરમાં અત્યંત આશ્ચર્ય ઉપજ્યું. યુવરાજ ઇન્દ્રજીતને બેઠકખાનામાં લઈ જઈ એક આસનપર બેસાડી તેની સામે બેસીને નવયુવતીએ પોતાના બન્ને હાથ

જોડીને સ્નેહસૂચક સ્વરે પૂછ્યું:—"યુવરાજશ્રી, હવે આ સેવિકાને શી આજ્ઞા છે ?"

"હું શી આજ્ઞા કરું ? હું તો તમારું આતિથ્ય સ્વીકારવાના ઉદ્દેશથી અત્રે આવ્યો છું." ઇન્દ્રજીતે ઉત્તરમાં કહ્યું.

"આ સેવિકા પ્રસન્નતાપૂર્વક આપની સેવામાં તૈયાર છે; છતાં મ્હારા ધર્મનો વિનાશ થાય એવો એક પણ પ્રયત્ન નહિ કરવાની મ્હારી આપને નમ્ર પ્રાર્થના છે. જો મ્હારા આ વાક્યમાં આપને અવિવેક જણાતો હોય તો એ માટે ઉદારતાથી મ્હને ક્ષમા આપજો." પોતાના બન્ને હાથ જોડીને નવયુવતીએ કહ્યું.

"ના ના—એવા ભયને તમે કદાપિ તમારા અંતરમાં સ્થાન આપશો નહિ; છતાં પ્રથમથી જ તમે મ્હને આવી વાત કેમ કહી ?" ઇન્દ્રજીતે નિર્ભયતા દર્શાવી પ્રશ્ન કર્યો.

"આ મહાલયમાં હું એકલી જ છું, અને આપ કદાચ આગ્રહ-પૂર્વક અત્રે વિશેષ સમય સુધી રોકાઓ તો હું કલંકિતા ઠરું તેથી જ મ્હારે પ્રથમથી આપના સમક્ષ એ વાર્તા નિવેદન કરવી પડી છે." નવયુવતીએ લજ્જાથી નમ્ર બનેલા સ્વરે કહ્યું.

ઇન્દ્રજીતે થોડા સમય સુધી કાંઇ વિચાર કરીને કહ્યું:—"સુંદરિ ! ઇશ્વરની સૃષ્ટિમાં તમે સુંદરતાના અદ્વિતીય નમુના સ્વરૂપ છો. તમારા નેત્રનો માત્ર એક કાતિલ કટાક્ષ સુદ્ધાં મ્હને તમારા તરફ આકર્ષે છે;—

ગુલબદન આ છે નવેલી નાર વ્હાલી ફાંકડી,
મૃગલોચની મનમોહિનીની ચાલ કેવી વાંકડી !
પરવાહ નથી ઇશ્વરતણી બસ તુંજ છે મ્હારી મણી,
ભેટવા આવી તને ઇચ્છા હૃદયમાં છે ઘણી.

જ્યારથી તમારી મનમોહન મૂર્ત્તિનું દર્શન થયું છે ત્યારથી મ્હારું દિલ બેચેન બની ગયું છે; પરંતુ મ્હારા સમક્ષ તમે જે વિનંતિ કરી છે તદનુસાર વર્તવું એ હું મ્હારું પરમ કર્ત્તવ્ય સમજું છું. હવે વિના વિલંબે મ્હારે અહીંથી વિદાય થવું જોઇએ. અરેરે! જ્યારે આવી રીતે મ્હને આશાનું દર્શન કરાવી નિરાશ કરવો હતો ત્યારે પછી તમે મ્હને અહીં કેમ લઈ આવ્યાં ?"

"યુવરાજ ! મ્હેં તો પ્રથમથી જ આપને આ સ્થાનેથી ચાલ્યા જવા માટે સંકેત કર્યો હતો; પરંતુ જ્યારે તળાવમાં તરીને અહીં આવવાને આપ તત્પર થયા ત્યારે જ લાચારીથી મ્હારે આપને અત્રે લઇ આવવા પડયા. જેમનો જીવ મ્હેં એક જાલિમ બહુરૂપીના હાથમાંથી બચાવ્યો છે તેમને હું જાણી જોઇને કેવી રીતે પુનઃ સંકટમાં ફસાવા દઉં ? આપ એમ ન સમજશો કે, કોઈ પણ માણસ તળાવમાં તરીને આ મહાલયમાં આવી શકે છે. આ તળાવમાં ચોતરફ જાળ નાખેલી છે, તેથી જો કોઇ મનુષ્ય તળાવમાં પડી અહીં આવવાનો પ્રયત્ન કરે છે તો તરત જ તે એ પ્રાણહારક જાળમાં સપડાય છે—અકાળે જ તે આલોકનો ત્યાગ કરી પરલોકમાં પહોંચી જાય છે. આટલા માટે જ મ્હારે નૌકા લઇ આપની પાસે આવવું પડયું હતું." નવયુવતીએ ઉત્તર આપ્યો.

"એટલા માટે હું તમને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. હું અહીં આવીશ તો તમને નુકસાન થશે એમ હું જાણતો નહોતો તે માટે ઉદારતાથી મ્હને ક્ષમા આપજો; છતાં તમે કૃપા કરીને મ્હને તમારું નામ તો કહો કે જેથી એક ઉપકારકારિણી તરીકે હું તમારું નામ નિરંતર સ્મરણમાં રાખી શકું." ઇન્દ્રજીતે નમ્રતાયુક્ત સ્વરે કહ્યું.

નવયુવતીએ આ સમયે હસીને કહ્યું:—"હમણાં હું આપને મ્હારું નામ કહી શકતી નથી. વળી આપ અત્યંત શ્રમિત થઇ ગયેલા હોવાથી હાલ તરત આપને અહીંથી જવા દેવા હું ઉચિત ધારતી નથી. મ્હારી રંક સેવાનો સ્વીકાર કરવાની હું આપને નમ્રતાપૂર્વક વિનંતિ કરું છું!"

"વાહ વાહ! તમે તો ઘણાં વિચિત્ર જણાઓ છો! ઘડીમાં અહીંથી ચાલ્યા જવાની આજ્ઞા કરો છો તો વળી પાછાં ઘડીમાં સેવા સ્વીકારવાની વિનંતિ કરો છો! હશે, તમે તમારી ઇચ્છા હોય એમ કરો." ઇન્દ્રજીતે વિસ્મિત બની જઇને કહ્યું.

નવયુવતીએ હાસ્યમુખે કહ્યું:—"એ બધી વાત પછીથી થશે. પ્રથમ આપ અહીંથી ઉઠીને થોડું ભોજન કરી લ્યો; કેમ કે મ્હારા જાણવા પ્રમાણે આજે આખા દિવસમાં આપે કાંઇ ખાધું નથી!"

"હજી સુધી મ્હેં સ્નાન સંધ્યા વગેરે કાંઇ કર્યું નથી. તમારા મહાલયમાં એક પણ સેવિકા જોવામાં આવતી નથી તેથી મ્હને ઘણું આશ્ચર્ય ઉપજે છે!" ઇન્દ્રજીતે કહ્યું.

"એ માટે આપ ચિંતા કરશો નહિ. આપની સેવામાં હું હાજર છું. આપ થોડા સમય સુધી અત્રે બેસો એ દરમ્યાન હું સઘળી વ્યવસ્થા કરી આવું છું." આમ કહી ઇન્દ્રજીતના ઉત્તરની રાહ નહિ જોતાં એ નવયુવતી ત્યાંથી ઉઠી પાસેના એક ઓરડામાં ચાલી ગઇ. તેના ગયા પછી ઇન્દ્રજીત એ બેઠકખાનામાં ફરવા લાગ્યો, અને પ્રત્યેક વસ્તુનું લક્ષ્યપૂર્વક દર્શન કરવા લાગ્યો. એકાએક એક પુષ્પગુચ્છ નીચે દબાઇ રહેલા પત્રપર તેની નજર પડી. એ પત્ર ઇન્દ્રજીત વાંચત નહિ;

પરંતુ કેટલાક અક્ષર કે જે ઇન્દ્રજીતના વાંચવામાં આવ્યા તેનાથી તેવી ઉત્કંઠા વધી ગઈ. એ અક્ષર આ હતાઃ—

" માયાસુંદરી. "

ઉત્કંઠા વધી જવાથી એ પત્ર ઉંચકી લઇ ઇન્દ્રજીત વાંચવા લાગ્યો. તેમાં લખેલું હતું કેઃ—" આપના ફરમાન પ્રમાણે સઘળી કાર્ય વ્યવસ્થા ચાલૂ છે. લાલી અને કુંદન વચ્ચે ઘણી ખટપટ ચાલી રહી છે. માયાસુંદરીના આશક અહીં જ છે; જેમને માયાસુંદરી તરફની ઘણી આશા છે. મ્હેં પણ ઇનામ મેળવવા જેવું કાર્ય કર્યું છે. હવે લાલી કાંઈ નવી ખટપટ કરવાની તૈયારીમાં છે. બે ત્રણ દિવસમાં વિશેષ હકીકત લખી જણાવીશ.

લિ. આપની સેવિકા રતિસુંદરી."

આ પત્ર ત્વરાથી વાંચી લઈ ઇન્દ્રજીતે તેને પાછો યથાસ્થિત મૂકી દીધો, તથા પોતાના આસંનપર બેસી તે અનેકવિધ વિચારો કરવા લાગ્યો. તેના અંતરનો ભાવ સર્વાંશે બદલાઈ ગયો. આ સમયે તેની મુખમુદ્રા ઉપરથી તેના અંતરનો ભાવ જાણી શકાય તેમ નહોતો. થોડા સમય સુધી વિચારમગ્ન રહ્યા પછી તેણે સ્વગત કર્યું:—" ચિંતા નહિ, હવે તે ક્યાં છટકી જનાર છે? કાર્યોદ્ધાર કર્યા સિવાય હું અહીંથી પાછો ફરનાર નથી ! "

એવામાં પેલી નવયુવતીએ તેની પાસે આવી નમ્રતાયુક્ત સ્વરે કહ્યુંઃ—" યુવરાજ ! પધારો, સઘળી સામગ્રી તૈયાર છે. "

તરત જ ઇન્દ્રજીત ઉઠી એ નવયુવતી સાથે હૉજવાળી સ્નાન કરવાની ઓરડીમાં ગયો; ત્યાં પહેરવાનાં વસ્ત્રો અને સંધ્યાદિની સામગ્રી તૈયાર હતી. યુવરાજ સ્નાન સંધ્યા કરી પાસેની બીજી ઓરડીમાં ગયો

તો ત્યાં ભોજનની સઘળી વસ્તુઓ પણ તૈયાર હતી. રાજકુમાર પાટલાપર જમવા બેઠો એટલે તેના સ્હામે સ્વાદિષ્ટ ખાદ્યસામગ્રીથી ભરેલો થાળ મૂકી નવયુવતી ત્યાંથી ચાલી ગઈ.

થોડા સમય પછી ઇન્દ્રજીતે પોતાની પાસેની ઓરડીમાં બે સ્ત્રીઓની વાતચિતનો અવાજ સાંભળ્યો. એ બીજી સ્ત્રી અહીં ક્યાંથી આવી હશે એ માટે તેના મનમાં અતિ આશ્ચર્ય ઉપજ્યું. તે ત્વરાથી ભોજન કરી લઇ ભોજનગૃહમાંથી બ્હાર નીકળતો હતો એવામાં સ્હામેની ઓરડીનાં દ્વાર ઉઘડ્યાં, અને તેમાંથી બે યુવતીઓને બ્હાર નીકળતી તેણે જોઈ. તેમને જોઇ ચમકી ઉઠીને ઇન્દ્રજીત બોલી ઉઠ્યો:— " અરે, આ બન્ને જણીઓ અહીં ક્યાંથી આવી પહોંચી ?! "

પ્રકરણ ૧૪ મું.

રાજમહાલયમાંથી ભેદી ભોંયરામાં.

થોડી ઘણી રાત્રિ વીતી ગઈ હતી. શ્યામગઢના કિલ્લામાં પોતાના મકાનમાં બેસીને માયાસુંદરી વિવિધ પ્રકારની ચિંતા કરી રહી હતી. બીજી કોઈ પણ સ્ત્રી હમણાં તેની પાસે હાજર નહોતી. અંતે કોઈના પગનો અવાજ સાંભળી ચિંતામગ્ન બની ગયેલી માયાએ દ્વાર તરફ દૃષ્ટિ કરી. આ સમયે લાલીએ તેની પાસે આવીને નમન કરી કહ્યું:– "આજ્ઞા મેળવ્યા સિવાય હું આપની પાસે આવી છું એ માટે મ્હને ક્ષમા આપજો."

"મ્હેં દાસીઓને એવી આજ્ઞા કરી રાખી છે કે, મ્હારી રજા સિવાય કોઈ પણ મનુષ્યને તેમણે મ્હારી પાસે આવવા દેવું નહિ; પરંતુ તે સાથે તેમને એવી સૂચના પણ કરી છે કે, લાલી આવે તો તેને રોકવી નહિ." માયાએ કહ્યું.

"હું જાણું છું કે, આપે મ્હારાપર ઘણી કૃપા કરી છે." લાલીએ કહ્યું.

"છતાં હું સમજી શકતી નથી કે, તું શા માટે મ્હારાપર દયા કરતી નથી ? આવ, મ્હારી પાસે બેસ." લાલીને પોતાની પાસે બેસાડતાં માયાએ કહ્યું.

"આપ આમ ન કહો. હું અંતઃકરણપૂર્વક આપને ઉપયોગી થઈ પડવાને તૈયાર છું." લાલીએ કહ્યું.

"આ સઘળી વાતો માત્ર કહેવા પૂરતી જ છે. તું ત્હારો અને કુંદનનો ભેદ શા માટે મ્હારાથી છુપાવે છે ? નારંગીના ભેદથી હું

આશ્ચર્યમગ્ન બની ગઈ હતી; પરંતુ તે દિવસની પુસ્તકની વાતચિતથી કુંદને હારા પર જે પ્રભાવ બેસાડયો છે તે વાતનું રહસ્ય હું સમજી શકતી નથી. ત્યારથી મ્હારું આશ્ચર્ય ઘણું વધી ગયું છે." માયાએ કહ્યું.

"આપને આશ્ચર્ય લાગે એમાં કાંઇ નવાઇ નથી. હું સોગન ખાઇને કહું છું કે, એ સમયે મ્હને કુંદને જે કાંઇ કહ્યું હતું તથા તેનાં જે વચનો સાંભળી હું ડરી ગઇ હતી તે હકીકત તેને પ્રથમથી માલૂમ નહોતી. જો માલૂમ હોત તો જે સમયે નારંગી બતાવીને મ્હેં તેને ધમકાવી હતી એ સમયે તે બદલો લીધા સિવાય રહેત નહિ. હવે મ્હારી એવી દૃઢ ખાત્રી થઇ ગઈ છે કે, આ મકાનમાં બ્હારનું કોઇ માણસ જરૂર આવેલું હોવું જોઇએ. તેણે જ મ્હારો ભેદ કુંદનને જણાવી દીધેલો હોવો જોઇએ. અરેરે! હવે મ્હારો જીવ વિના કારણ ચાલ્યો જશે; કેમ કે કુંદન નિષ્ઠુર હૃદયની રાક્ષસી નારી છે."

"લાલી, ત્હારાં વચનો સાંભળતાં મ્હારી વ્યાકુળતા વધી જાય છે. તું કૃપા કરીને મ્હને કહે તો ખરી કે આ સઘળો શો ભેદ છે?" અધીરતાથી માયાએ પૂછ્યું.

"હું સઘળી હકીકત આપને કહીને આપની ચિંતા દૂર કરી દઇશ; પરંતુ આજની રાત્રિ માટે આપ મ્હને માફી આપો. આ સમયે એક કાર્યમાં કૃપાભાવે આપ મ્હને સહાયતા કરો." લાલીએ નમ્રસ્વરે કહ્યું.

"શી બાબતમાં ત્હારે મ્હારી સહાયતા જોઇએ છીએ?" માયાએ પૂછ્યું.

"હવે મ્હારી ખાત્રી થઈ ગઇ છે કે, મ્હારો જીવ કોઇ પણ પ્રકારે બચનાર નથી; છતાં મ્હારું રક્ષણ થઇ શકે એવો કોઈ પ્રયત્ન તો હું જરૂર કરીશ. મ્હારું મૃત્યુ થાય તે પૂર્વે જ હું કુંદનને પરલોક-

માં પહોંચેલી જોવાને ઈચ્છું છું; છતાં હું એક એવા સંકટમાં સપડાયલી છું કે, મ્હારાથી એમ બની શકતું નથી. હું કુંદનની વિશેષ હકીકત જાણવાને ઈચ્છું છું, અને ત્યાર પછી બાગના પેલા ખુણાવાળા મકાનમાં પ્રવેશ કરવાને ઇચ્છું છું. એ મકાનને રાત્રિ દિવસ તાળું મારેલું રહે છે, તથા આસપાસ નગ્ન તલ્વાર હાથમાં લઈ બે સ્ત્રીઓ પહેરો ભર્યા કરે છે. એ બન્ને કાર્યો પાર ઉતારવામાં મ્હને આપની સહાયતાની જરૂર છે." લાલીએ કહ્યું.

"એ મકાનમાં શું છે તે તું જાણે છે?" ઉત્સુકતાથી માયાએ પ્રશ્ન કર્યો.

"હા, થોડું ઘણું જાણું છું અને તેનો સંપૂર્ણ ભેદ જાણવાની પ્રબળ ઇચ્છા રાખું છું. મ્હને એવો વિશ્વાસ છે કે, જો આપ પણ મ્હારી સાથે એ મકાનમાં આવશો તો આપણે બન્ને જણાં કોઇ પણ રીતે પલાયન કરી જવાને સમર્થ થઈશું. એમ કરવાથી આપ પણ મુક્ત થઈ શકશો; છતાં એ મકાનમાં જઇ, બચીને પાછા આવવાનું કાર્ય ઘણું મુસ્કિલ છે." લાલીએ કહ્યું.

"આ વળી ત્હેં વિશેષ આશ્ચર્યજનક વાત કહી છે. અરેરે! આવા જીવન કરતાં તો હું મૃત્યુને જ વિશેષ પસંદ કરું છું. ત્હારે જે કાંઇ કરવું હોય તે બેલાશક કર. હું મ્હારાથી બની શકતી મદદ કરવાને તૈયાર છું."

લાલીએ એક ન્હાની તસ્વીર કમરેથી કાઢી માયાના હાથમાં આપીને કહ્યું. "થોડા સમય પછી સ્વાભાવિક રીતે જ કુંદન આપની પાસે આવશે. તેને આ તસ્વીર એવી રીતે બતાવજો કે, જાણે કે તમારા બતાવ્યા સિવાય આપોઆપ તે જોઈ શકે. પછીથી એના

મુખના ભાવમાં કેવો ફેરફાર થાય છે એ આપ મ્હને કહેજો. હાલ તરત તો આપે આ એક જ કામ કરવાનું છે."

"આ કાર્ય હું ઘણી સારી રીતે કરી શકીશ." માયાએ ઉત્તરમાં કહ્યું.

માયાએ લાલીના હાથમાંથી એ તસ્વીર લઇને બરાબર જોઇ. આ તસ્વીરમાં એક ગુફા દર્શાવેલી હોઇ તેમાં એક પુરુષ ઉંધો લટકી રહ્યો હતો. એક સુંદરી હાથમાં છરો લઈ એ પુરુષના શરીરમાં ઘા કરતી હતી. પાસે જ બીજી એક ખૂબસૂરત સુંદરી ઉભી રહી હતી, તથા ખુણામાં મ્હોટો ખાડો ખોદવામાં આવતો હતો.

પાઠક! આ તસ્વીરના વર્ણન ઉપરથી તે ક્યાંનો દેખાવ હશે તેની કલ્પના આપ કરી શક્યા હશો. આ નવલકથાના ત્રીજા ભાગના અઢારમાં પ્રકરણમાં આપે એ દેખાવ જોયલો છે. એ હકીકત હજી સુધી માયા જાણતી નહોતી. એ તસ્વીર જોઈ માયા અત્યંત વિસ્મિત બની ગઈ. તસ્વીર સંબંધી લાલીને કશી હકીકત પૂછવાની તેણે ઇચ્છા કરી; પરંતુ લાલી તેને તસ્વીર આપ્યા પછી વિશેષ સમય સુધી ત્યાં નહિ રોકાતાં ત્યાંથી ચાલી ગઇ.

લાલીના વિદાય થઇ ગયા પછી થોડા સમયના અંતરે કુંદન માયા પાસે આવી પહોંચી; પરંતુ એ સમયે માયા એ તસ્વીર જોવામાં એટલું બધું આત્મભાન ભૂલી ગઈ હતી કે જ્યારે કુંદને તેની પાસે આવીને એમ પૂછ્યું કે, "કેમ બ્હેન! શું જોઈ રહ્યાં છો?" ત્યારે જ તે શુદ્ધિમાં આવી.

"તું અહીં ક્યારની આવી પહોંચી છે?!" માયાએ ચમકીને પ્રશ્ન કર્યો.

"થોડા સમયથી જ આવી છું. આ તસ્વીરમાં એવું શું છે કે

જે તમે આટલા બધા ધ્યાનથી જુઓ છો ?" ઉત્તર આપીને કુંદને પૂછ્યું.

"શું ત્હેં આ તસ્વીર જોઈ છે ?" માયાએ પ્રશ્ન કર્યો.

"એક વખત નહિ; પરંતુ સેંકડો વખત જોઇ છે. હું જાણું છું કે, આ તસ્વીર લાલીએ જ તમને આપી છે, અને તે પણ ખાસ મ્હને બતાવવા માટે જ ! તમે લાલીને એમ કહી દેજો કે, આ તસ્વીર જોતાં મ્હને બિલ્કુલ ભય ઉપજતો નથી. હું બદલો લીધા સિવાય એને છોડવાની નથી; કેમ કે જે દિવસે પહેલ વહેલી રાત્રે તમારી અને મ્હારી મુલાકાત થઇ હતી એ દિવસે હું અહીંથી ચાલી જઈ શકું તેમ હતી; પરંતુ લાલીએ જ મ્હારા એ કાર્યમાં અડચણ કરી છે, તથા મ્હારા મદદગારોને પણ ફસાવ્યા છે. હશે, જોઇ લેવાશે. તમારી મુલાકાતથી હું પ્રસન્ન હતી; પરંતુ તમને તેણે મ્હારા સંબંધી ઘણી સાચી ખોટી વાતો સમજાવી દીધી છે તેથી મ્હારા તરફ તમે વહેમથી જુઓ છો. આમ છતાં હું તમારી સાથે બુરાઇ કરીશ નહિ. મ્હારાથી બનશે ત્યાં સુધી લાલીની પ્રપંચજાળમાંથી હું તમને બચાવીશ. મ્હારાં વચનો માનવાં ન માનવાં એ તમારી મરજીપર આધાર રાખે છે."

"શું થાય છે એ સંબંધી હું કાંઇ સમજી શકતી નથી. હે ઇશ્વર ! મ્હેં એવો તે શો ગંભીર ગુન્હો કર્યો હતો કે, ચોતરફથી સંકટોએ આવી મ્હને ઘેરી લીધી છે. અરેરે ! અહીં મ્હારું હિતાકાંક્ષી કોણ છે અને શત્રુ કોણ છે એ પણ હું સમજી શકતી નથી !" આમ કહીને માયા રૂદન કરવા લાગી. તેણે આત્મસંવરણ કરવાનો ઘણો યત્ન કર્યો; પરંતુ એ આત્મસંવરણ કરી શકી નહિ. આ સમયે કુંદન માયાની પાસે બેસી જઈ તેનો હાથ પોતાના બન્ને હાથમાં દબાવીને બોલી:—"માયાસુંદરી ! અંતઃકરણપૂર્વક હું તમને ચ્હાઉં છું.

લાલી તમારી દુશ્મન છે એમ થોડા કાળમાં જ હું તમને સાબિત કરી બતાવીશ. લાલીએ તમને એમ જણાવ્યું છે કે, તેને પણ રાજકુમાર સાથે પરણાવવા માટે બળાત્કારથી તમારી માફક ઉપાડી લાવવામાં આવી છે; પરંતુ એ વાર્તા તદ્દન અસત્ય છે. ખરી વાત તો એ છે કે, લાલી મ્હને બિલકુલ ઓળખતી નથી, અને હું લાલીને બિલકુલ ઓળખતી નથી; પરંતુ આજકાલ લાલી જે ફિકરમાં પડી છે તે પરથી હું એટલું સમજું છું કે, એ તમારી સાથે દુશ્મનાવટ કરી રહી છે. જે મકાનનું તાળું હમ્મેશાં બંધ રહે છે એ મકાનમાં જો તે તમને લઇ જાય તો એમાં પણ કાંઇ નવાઇ જેવું નથી; કેમ કે એ મકાનપર જે સ્ત્રીઓ પહેરો ભરે છે તેમની સાથે તેણે વિશેષ સંબંધ કરવા માંડયો છે. વળી એ મકાનનું તાળું ખોલવાનો ઉપાય પણ તે અજમાવી રહી છે. એ જ્યારે તમને એ મકાનમાં લઇ જશે ત્યારે જ તમારી સાથેની તેની દુશ્મનાવટનો અંત આવશે. પછીથી કોઈ પણ પ્રકારે તમે તમારા જીવનનું રક્ષણ કરી શકશો નહિ. એમ કરવાથી એના બે ઉદ્દેશ સફળ થાય તેમ છે; કેમ કે આ પ્રકારથી અહીંના રાજા રાણી સાથે પણ તે શત્રુતા કરી શકે તેમ છે. લાલી તમને એ મકાનમાં લઇ ગયા સિવાય રહેવાની નથી; માટે તમે સાવધાનતા રાખજો!"

કુંદનનાં આ વચનો સાંભળી માયા વિશેષ વિસ્મિત બની ગઈ. તેણે પૂછ્યું:—"એ મહેલમાં શું છે તે તું જાણે છે?"

"ના–એ સંબંધી હું કાંઇ જાણતી નથી." કુંદને ઉત્તર આપ્યો.

"અત્રેનું બીજું કોઇ પણ માણસ એ મકાનના ભેદથી માહિતગાર છે?" માયાએ પ્રશ્ન કર્યો.

"ના—મ્હારી માન્યતા પ્રમાણે અહીંનાં રાજારાણી પણ એ ભેદ જાણતાં હોય એમ લાગતું નથી." કુંદન તરફથી ઉત્તર મળ્યો.

" ત્યારે પછી એ મકાનમાં જે માણુસ જાય છે તેનું રક્ષણ થઇ શકતું નથી એમ તું શા ઉપરથી કહે છે ? " માયાએ ગંભીર-મુખે પ્રશ્ન કર્યો.

" એ જાણવામાં કાંઇ વિશેષ મુસ્કેલી નથી. પ્રથમ તો એટલું જ વિચારી જુઓ કે, એનું તાળું હમ્મેશાં બંધ રહે છે, જેથી જો કોઇ છુપી રીતે એ મકાનમાં જાય તો તે ભાગ્યે જ બ્હાર નીકળી શકે. વળી એ મહેલના દરવાજાપર એમ લખ્યું છે કે, 'જે કોઇ આ મકાન-માં જશે તેનું મસ્તક આપોઆપ કપાઇ જશે. આ વાક્ય તમે વાંચ્યું હશે. હું ચોક્કસ ધારું છું કે, લાલી તમને એ મકાનમાં લઇ ગયા સિવાય રહેશે નહિ. " કુંદને કહ્યું.

" એ બધું તો હું સમજી; પણ કુંદન ! આ તસ્વીર સંબંધીની જે હકીકત તું જાણતી હોય તે સત્વર મ્હને કહી સંભળાવ ? " માયાએ અધીરતાથી પૂછ્યું.

" જુઓ સાંભળો, યુવરાજ ઇન્દ્રજીતને છેતરીને માધવી તેમને ફસાવી ગઇ ત્યારે તેમના ન્હાના ભાઇ આનન્દસિંહ તેમની શોધ કરવા નીકળી પડયા હતા. તેમને એક શ્રમત રમણીએ કપટથી કેદ કર્યા હતા, અને પોતાને પ્રિયતમા બનાવવાની તેણે તેમને પ્રાર્થના કરી હતી. આનન્દસિંહે તેની એ પ્રાર્થના અમાન્ય કરી, તેની કેદમાં રહી ત્રણ દિવસ સુધી ક્ષુધા તૃષ્ણાની અપાર વ્યથા વેઠી હતી; પછીથી તેમના જ બહુરૂપી લક્ષ્મણુસિંહે તેમને એ રાક્ષસી સ્ત્રીની કેદમાંથી છોડાવ્યા હતા; છતાં તેઓ હજી સુધી જાણુતા નથી કે એ પ્રસંગે લક્ષ્મણુસિંહે તેમને છોડાવ્યા હતા. " આટલું કહીને આનન્દસિંહે જે કાંઇ જોયું સાંભળ્યું હતું એ સઘળી હકીકત વિસ્તારથી કુંદને માયાને કહી સંભળાવી.

આનન્દસિંહને બેહોશ બનાવી એ ગુફાની બ્હાર કાઢી ઘેર પહોંચાડવામાં આવ્યો ત્યાં સુધીની હકીકત તેણે માયાને કહી સંભળાવી.

"આ સઘળી હકીકત તું કેવી રીતે જાણી શકી ?" માયાએ પ્રશ્ન કર્યો.

"મ્હને લક્ષ્મણસિંહે કહી હતી.' ઉત્તર મળ્યો.

"લક્ષ્મણસિંહજી સાથે ત્હારો શો સંબંધ છે ?"

"તેઓ મ્હને સારી રીતે ઓળખે છે. ઠીક, આ તસ્વીર સંબંધી લાલીએ તમને કશી હકીકત કહી છે કે નહિ ?"

"ના, કાંઈ કહ્યું નથી."

"તમે પૂછી તો જોજો કે તે શું કહે છે ? લ્યો હવે હું વિદાય થાઉં છું. પછીથી હું તમને મળીશ."

"જરા થોભ જોઇએ."

"ના, હવે મ્હને રોકવામાં કલ્યાણ નથી—હું સત્વર તમને પાછી મળીશ."

કુંદન ચાલી ગઈ; પરંતુ માયા પ્રથમ કરતાં પણ વિશેષ ચિંતાતુર બની ગઈ. ક્વચિત્ તેનું મન લાલી તરફ ઝુકતું હતું અને તે તેને પોતાના સુખદુઃખની સાથી સમજતી તો કવચિત્ લાલીનાં વચનોપર સંશય ઉપજતાં કુંદનને તે સત્યવાદિની સમજતી હતી. બન્ને બાજૂના ખેંચાણથી તેનું અંતર અસ્થિર બની ગયું હતું. લાલીનાં વચનોપર વિશ્વાસ રાખવો કે કુંદનને સત્યવાદિની સમજવી તેનો કશો નિર્ણય એ કરી શકી નહિ; કેમ કે એ બન્ને જણીઓ પોતાનો ખરો ભેદ હજી સૂધી તેનાથી છુપાવતી હતી એમ તેને લાગ્યું.

થોડા સમય પછી લાલી માયા પાસે આવી એટલે માયાએ તેને કહ્યું—"અરે, કુંદને તો આ તસ્વીર તરફ બિલકુલ લક્ષ્ય આપ્યું

નથી. તે તો એમજ જણાવે છે કે, આ તસ્વીર સંબંધીની ખરી હકીકત એ જાણતી નથી!'

આ શબ્દો સાંભળી લાલી ઉદાસ બની ગઇ તથા માયા પાસેથી ઉઠીને તે ચાલી ગઇ. તે જતી હતી એ સમયે એ તસ્વીરની હકીકત પોતાને જણાવવા માટે માયાએ તેને કહ્યું; પરંતુ માયાની વાત જાણે સાંભળી જ ન હોય એવી રીતે તે તેની પાસેથી ચાલી ગઇ.

આ બનાવ બન્યાને કેટલાક દિવસ વીતી ગયા. છાવણીમાંથી યુવરાજ ઇન્દ્રજીતસિંહના ગૂમ થયાના શોકજનક સમાચાર સર્વત્ર ફેલાઇ ગયા. આ સમાચાર સાંભળવામાં આવતાં માયા વિશેષ ચિંતાતુર બની ગઇ. એક દિવસે રાત્રે પલંગમાં સૂઇ રહીને તે ઘણા વિષયોની ચિંતા કર્યા કરતી હતી. લાલી અને કુંદનના વ્યવહાર વિષે પણ તે વિચારો કરતી હતી એવામાં એકાએક બેઠી થઇને તે બોલી:—" હવે મ્હારે પોતે જ કાંઇ કરવું જોઇએ. આવી રીતે નિશ્ચિંત પડી રહેવામાં કલ્યાણ નથી. અફસોસની વાત એ છે કે મ્હારી પાસે એક પણ હથિયાર નથી. "

આમ બોલી માયા પલંગપરથી નીચે ઉતરી તથા ત્યાં આમ તેમ આંટા મારવા લાગી. અંતે તે શયનગૃહની બ્હાર નીકળી. આ સમયે પહેરાપરની સ્ત્રીઓને ગાઢ નિદ્રાને આધીન થઇ ગયેલી તેણે જોઇ. મધ્યરાત્રિ વીતી ગઇ હતી. ચોતરફ ભીષણ અંધકારનું સામ્રાજ્ય સ્થાપિત થયેલું હતું. આ સમયે ધીમે પગલે માયા સાવધાનતાથી કુંદનના મકાન તરફ જવા લાગી. એ મકાન પાસે જતાં એક માણસને કાળા ઝભ્ભામાં પોતાનું શરીર છુપાવીને એ તરફ જતો તેણે જોયો. કુંદનના મકાનના પગથીઆ સુધી એ માણસ જઇ પહોંચ્યો હતો. માયા એક ઘટાદાર વૃક્ષના થડ પાછળ છુપાઇ રહી. થોડા સમય પછી

કુંદન પણ પોતાના મકાનમાંથી બ્હાર નીકળી; એ માણુસ પાસે આવી, તથા તેઓ બન્ને બગીચામાં જે તરફ ઘીચ ઝાડી થઈ રહી હતી તે તરફ જવા લાગ્યાં. ચાલતાં ચાલતાં તેઓ બન્ને, જે વૃક્ષના થડ પાછળ માયા ઘુપાઇ રહી હતી એ વૃક્ષ પાસે આવી પહોંચ્યાં. આ સમયે કુંદન સાથે જે માણુસ હતો તેણે ઉભા રહીને કહ્યું:—" તમે હવે ચાલ્યાં જાઓ. હવે મ્હને મૂકવા આવવાની કશી જરૂર નથી."

" પરંતુ મ્હેં જે કાંઈ કહ્યું છે તે સ્મરણમાં રાખજો. પાંચ સાત દિવસ સૂધી નારંગીની કશી જરૂર નથી ! " કુંદને કહ્યું.

" વારું, પણ જાઓ, માયાસુંદરીપર સદૈવ દયાભાવ રાખજો. વારંવાર આ વિષયની તમને ભલામણ કરવી હું ઉચિત ધારતો નથી." એ માણુસે કહ્યું. પછીથી તે કુંદનથી છુટો પડી વૃક્ષોની ઘીચ ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો, તથા કુંદન પોતાના મકાનમાં પાછી ચાલી ગઇ. માયાસુંદરી પણ એ સ્થળે ઉભી નહિ રહેતાં પોતાના શયનગૃહમાં જઇ પલંગમાં આડી પડી. કુંદન તથા પેલા અજાણ્યા માણુસની વાતચિત સાંભળી તે અત્યંત વિસ્મિત થઇ ગઈ હતી. અનેકવિધ વિચારો પ્રત્યેક ક્ષણે તેના અંતરમાં ઉપજતા હતા અને પાછા વિરામી જતા હતા. અત્યાર સૂધી તો કુંદન કરતાં લાલીપર તેને વિશેષ વિશ્વાસ હતો; પરંતુ આજનો પ્રકાર જોવામાં આવતાં તેનો પૂર્વનો એવિશ્વાસ બદલાઇ ગયો. કેમ કે, ' માયાસુંદરીપર સદૈવ દયાભાવ રાખજો. ' એ પેલા માણુસના મુખમાંથી સાંભળવામાં આવેલા વાક્યનું તે પ્રતિ ક્ષણે સ્મરણ કર્યા કરતી હતી. તેણે સ્વગત વિચાર્યું:—" એ માણુસ કોણુ હશે ? આ બાગમાં પ્રવેશ કરવાનું કામ ઘણું મુશ્કિલ હોવા છતાં તે અહીં કેવી રીતે આવી શક્યો હશે ? એ માણુસનો કંઠસ્વર પરિચિત હોય એમ લાગે છે; છતાં તે કોણુ હશી તેનો કશો નિર્ણય હું

કરી શકતી નથી. " પુનઃ તે બીજા વિચારો કરવા લાગીઃ—" કુંદને એ માણસને એમ કહ્યું છે કે, " ચાર પાંચ દિવસ સુધી નારંગીની કશી જરૂર નથી." તેથી નારંગીના ભેદનો એ માણસ સાથે સંબંધ હોય એમ લાગે છે. ધીમે ધીમે હું પ્રયત્ન કરીશ તો થોડો ઘણો પણ ભેદ જાણી શકીશ એવી હવે મ્હારા અંતરમાં આશા ઉપજી છે. વળી કુંદન મ્હારી શુભેચ્છક છે એ માટે પણ હવે કશો સંશય રહ્યો નથી."

આવા વિચારો કરી માયા પલંગપરથી ઉઠી પુનઃ શયનગૃહની બ્હાર નીકળી. હજી સુધી પહેરાપરની સ્ત્રીઓ નિદ્રામાંથી જાગ્રત નહિ થયેલી હોવાથી તે, લાલી જે મકાનમાં રહેતી હતી એ મકાન તરફ જવા લાગી ત્યાં જતાં કોઇ વાતચિત કરતું હોય એવો ભાસ થવાથી તે દ્રાક્ષના માંડવાની ઘટામાં છુપાઇ જઇને એ વાતચિત સાંભળવા લાગી. એણે માત્ર એટલું જ સાંભળ્યું કે, " તમે કશી ચિંતા કરશો નહિ. જ્યાં સુધી હું જીવતી છું ત્યાં સુધી કુંદન માયાસુંદરીનું કશું અનિષ્ટ કરી શકનાર નથી. માયાસુંદરી યુવરાજ ઇન્દ્રજીતસિંહનાં પ્રિયતમા છે એટલે તેમને સહિસલામત પહોંચાડવામાં આવશે જ. !" આ વચનો ઉચ્ચારનાર લાલી હતી એમ સાંભળવામાં આવેલા કંઠસ્વરપરથી માયા સમજી શકી; પરંતુ લાલીની સાથે કોણ વાતચિત કરતું હતું એ તે જાણી શકી નહિ.

ઉપર પ્રમાણે કહી લાલી પોતાના મકાનમાં ચાલી ગઈ, તથા એ સ્થળેથી એક માણસ નીકળીને વૃક્ષલતાઓની પાછળ છુપાતો છુપાતો બાગની પાછળનો ભાગ કે જ્યાં હમ્મેશાં બંધ રહેતો મહેલ હતો એ તરફ ચાલ્યો ગયો. તે વિશેષ દૂર નહિ ગયો હોય એવામાં ' ચોર—ચોર એવો મ્હોટો અવાજ સાંભળવામાં આવ્યો. આ અવાજ પેલા માણસને સપડાવવા માટે કુંદને જ કર્યો, એમ તેના કંઠસ્વરપરથી માયા

સમજી શકી. આ અવાજનું પરિણામ કેવું આવે છે તે જોવા માટે નહિ રોકાતાં માયા પોતાના શયનગૃહમાં ચાલી ગઈ. ત્યાં પણ 'ચોર ચોર' એવો અવાજ તેના સાંભળવામાં આવતો હતો. ઓરડામાં આવીને પાછી તે પલંગમાં સૂતી, તથા પોતાના જોવામાં આવેલા અત્રનવા બનાવોના વિચારો તે કરવા લાગી.

માયાએ પોતાના મનમાં વિચાર્યું કે:—" કુંદનને મળવા આવનાર માણસના મુખદ્વારા જે હકીકત સાંભળવામાં આવી છે તે પરથી કુંદન મ્હારી શત્રુ નથી એમ માલૂમ પડે છે; પરંતુ પછીથી લાલીની હિલચાલની તપાસ કરતાં તે અંતઃકરણથી મ્હને ચ્હાતી હોય એમ લાગે છે. કુંદન કદાચ મ્હારી સાથે કપટ રમતી હોય તો તે સંભવિત છે. ખરેખર, એમજ હોવું જોઇએ. કુંદનનાં વચનોપર મ્હારે બિલકુલ વિશ્વાસ રાખવો જોઇએ નહિ. હવે શું થાય છે તે હું જોઇશ. તેણે અણીના સમયે 'ચોર–ચોર' કહીને બૂમ પાડી છે તેથી કદાચ બિચારી લાલીના શિરપર સંકટ આવશે એવો મ્હારાં અંતરમાં ભય રહે છે." આવા આવા વિચારોમાં જ માયાએ રાત્રિનો બાકી રહેલો સમય પસાર કરી નાખ્યો, તથા પ્રભાતકાળના પ્રકાશનો વસુંધરાપર વિસ્તાર થયો એટલે તે બ્હાર નીકળી; કેમ કે રાત્રિના બનાવની હકીકત જાણવાને તે અધીરી બની ગઈ હતી.

માયા બ્હાર નીકળી એટલે કુંદનને તેણે પોતાના તરફ આવતી જોઇ. કુંદને પાસે આવી પહોંચીને કહ્યું:—" રાતની કશી હકીકત તમે જાણો છો કે નહિ ?"

" બધી હકીકત માલૂમ છે—તમે જ 'ચોર–ચોર' કહીને બૂમ મારી હતી ને ?"

કુંદને વિસ્મિત બની જઇને પૂછ્યું:—" શા ઉપરથી તમે આમ કહો છો ?"

" તમારો કંઠસ્વર સ્પષ્ટ સાંભળી શકાતો હતો. " માયાએ ઉત્તર આપ્યો.

" હું તો ' ચોર–ચોર ' નો અવાજ સાંભળીને ત્યાં ગઈ હતી અને ત્યાર પછીથી જ એ લોકોની માફક મ્હેં એવી રીતે બૂમો મારી હતી. " કુંદને કહ્યું.

" એમ પણ હોઇ શકવું સંભવિત છે !" માયાએ હસીને કહ્યું.

" શું મ્હારાં વચનોમાં તમને અવિશ્વાસ રહે છે ? " કુંદને પ્રશ્ન કર્યો.

" બેશક. લ્યો લાલી પણ આ તરફ આવે છે. " લાલીને જોઈ માયાએ કહ્યું.

" જે કાંઈ કર્યું છે તે એણે જ કર્યું છે. " કુંદને ગભરાઈ જઇને કહ્યું.

આ સમયે લાલીએ ત્યાં આવી પહોંચી કુંદનના મ્હોં તરફ તીક્ષ્ણદૃષ્ટિથી જોઈ રહીને કહ્યું:—" ત્હારો દાવ તો ખાલી ગયો. "

" કેમ, મ્હેં શું કર્યું છે ? " કુંદને પ્રશ્ન કર્યો.

" બસ રહેવા દે; ત્હેં મ્હારી હિલચાલ થોડી જોઇ હશે; પરંતુ બે કલાક પહેલાં મ્હેં ત્હારી સઘળી હિલચાલ જાણી લીધી હતી. " લાલીએ કહ્યું.

" ત્હેં તો સોગન ખા........... "

કુંદનનું આ વાક્ય પૂર્ણ થાય તે પહેલાં જ લાલી બોલી ઉઠી:— " હા હા, એ મ્હને બરાબર યાદ છે. હું ભૂલી જાઉં તેમ નથી. "

આ સમયે માયાએ કહ્યું:—" ગમે એમ હોય, મ્હને તો હવે પાંચ સાત દિવસ સુધી નારંગીની કશી જરૂર નથી !"

માયાનું આ વાક્ય સાંભળી લાલી અને કુંદન તરત જ ચમકી ઉઠી. લાલીના ચહેરાપર સહજ હાસ્ય હતું; પરંતુ કુંદનના ચહેરાનો રંગ તદ્દન ઉડી ગયો હતો; કેમ કે તેના અંતરમાં એવો સંશય ઉપજ્યો હતો કે, માયાએ રાત્રિની સઘળી વાતચિત યુક્તિ પ્રયુક્તિથી સાંભળી લીધી છે. કુંદનની વ્યાકુળતા અને ગભરામણ એટલી બધી વધી ગઇ કે, તે કોઈ પણ રીતે પોતાને સંભાળી શકી નહિ. તે કાંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય પોતાના મકાન તરફ ચાલી ગઇ. હવે લાલી અને માયા વચ્ચે વાતચિત ચાલવા લાગી.

" રાત્રે પણ કાંઈ ભેદ જાણવાનો પ્રયત્ન કર્યો હોય એમ લાગે છે !" લાલીએ કહ્યું.

" હા, હું છુપી રીતે કુંદનના મકાન તરફ ગઇ હતી." માયાએ ઉત્તર આપ્યો.

" ત્યારે આપ જાણી ગયાં હશો કે કુદન આપને છેતરવાને ઇચ્છે છે."

" પ્રથમ તો હું એમ જાણી શકી નહોતી; પરંતુ જ્યારે હું ત્હારા મકાન તરફ આવી અને તને કોઇની સાથે વાતચિત કરતાં સાંભળી ત્યારે મ્હારી ખાત્રી થઇ ગઇ કે, આ શત્રુપુરીમાં જો કોઇ મ્હારૂં કલ્યાણ ઇચ્છનાર હોય તો તે તું એકલી જ છે."

" કુંદનની સઘળી વાત તમે નથી સાંભળી કે ? હશે, જવા દો એ વાત—હવે આપણે બન્ને જણાં અહીંથી પલાયન કરી શકીએ એવો સમય ઉપસ્થિત થયો છે. શું તમે મ્હારાપર વિશ્વાસ રાખી શકો છો ?" લાલીએ કહ્યું.

" હા-હું ધારું છું કે તું જે કાંઈ કરીશ એમાં મ્હારું કલ્યાણ સમાયલું હશે; પરંતુ કુંદન ર્‌હને બહુ ખરાબ સ્ત્રી હોય એમ લાગે છે." માયાએ ઉત્તર આપ્યો.

" તે મ્હને કાંઈ કરી શકે એમ નથી."

" જો કદાચ એ ત્હારી હકીકત કોઇને કહી દે તો ?"

" અમે બન્ને એકબીજીના પંઝામાં ફસાયલી છીએ. તેથી મ્હારી હકીકત કોઇને પણ કહેવાનું સાહસ એ કરી શકે તેમ નથી."

" અફસોસ, આટલો બધો સ્નેહ હોવા છતાં એ ભેદ તું મ્હને જણાવતી નથી !"

" આપ વિશેષ અધીરાં ન બની જાઓ. યથા સમયે એ સઘળો ભેદ આપ જાણી શકશો."

ત્યાર પછી લાલીએ ધીમેથી માયાને કશી હકીકત સમજાવી, તથા બે કલાકમાં પુનઃ મળવાનો વાયદો કરી તે ત્યાંથી વિદાય થઇગઈ.

અમે ઘણી વખત લખી ચુકયા છીએ કે, માયાસુંદરી રહેતી હતી એ બાગમાં એક ખુણામાં એક મકાન આવેલું હતું જે હમ્મેશાં બંધ રહેતું હતું. એ મકાનની આજૂબાજૂ બે સ્ત્રીઓ હાથમાં નગ્ન તલ્વાર લઇને પહેરો ભર્યા કરતી હતી.

મધ્યરાત્રિનો સમય થયો હતો. ચોતરફ પુષ્કળ અંધકારનું સામ્રાજ્ય સ્થાપિત થયેલું હતું. વાયુ સ્વચ્છંદતાથી વિહરતો હોવાથી વૃક્ષોનાં પાંદડાંનો ખડખડાટ થતો સંભળાતો હતો. આવા સમયે હાથમાં એક લાંબુ દોરડું લઇને લાલી છુપાતી છુપાતી અને આસપાસ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતી જોતી એ હમ્મેશાં બંધ રહેતા મકાનના પાછલા ભાગ તરફ જતી હતી. દિવાલ પાસે જઇ, ચંદનઘો નાખીને તે છાપરાપર ચઢી ગઇ. છાપરાપર ચોતરફ લગભગ ત્રણેક હાથ જેટલી ઉંચી દિવાલ

આવેલી હતી. લાલીએ એક હથિયારથી છાપરું ફાડી એક માણસ સહેલાઇથી અંદર ઉતરી શકે એટલું મ્હોટું બાકોરું પાડ્યું, તથા દોરડાના આધારથી તે એ મકાનમાં ઉતરી પડી. લગભગ દોઢેક કલાક પછી એક ન્હાની પેટી હાથમાં લઇને તે બ્હાર નીકળી, તથા મકાનની નીચે ઉતરી પૂર્વ તરફ જવા લાગી. ત્યાંથી રાજમહાલયમાં જવાનો માર્ગ હતો. આ દરવાજામાં પ્રવેશ કરીને તે રાજમહાલયમાં ગઈ. આ મહેલ વિશાળ અને ભપકાદાર હતો. એમાં મહારાણી એની બસો દાસીઓ સાથે રહેતી હતી. આ રંગમહાલયના ઘણા ચોક અને ઓરડાઓમાંથી પસાર થઇ લાલી એક બંધ ઓરડા પાસે જઈ પહોંચી, તથા તેણે ધીમેથી તેનું બારણું ઠોક્યું. આ સમયે એક ડોશીએ બારણું ઉઘાડી લાલીને અંદર લઇ બારણું પાછું બંધ કરી દીધું. આ ડોશીની ઉમ્મર આશરે એંશી વર્ષની હતી. દયા અને ભલાઇનો ભાવ તેના મ્હોંપર સ્પષ્ટતાથી જોઇ શકાતો હતો. થોડી આવશ્યકીય વસ્તુઓ અને એક ન્હાનો ખાટલો આ ઓરડામાં પડેલાં હતાં; તે ઉપરથી આ ડોશી ઘણું સાદું જીવન ગુજારતી હોય એમ લાગતું હતું. લાલીએ ડોશીને પ્રણામ કર્યા. ડોશીએ પ્રેમપૂર્વક તેના મસ્તકપર હાથ ફેરવી તેને પોતાની પાસે બેસવાને કહ્યું. લાલીએ તેની પાસે બેસીને કહ્યું:—“ લ્યો, પેલી પેટી હું લઇ આવી છું !”

ડોશીએ પેટી જોઇને કહ્યું:—“ બરાબર એજ પેટી છે; પરંતુ હવે જે કાંઈ કરો તે ઘણી સંભાળથી કરજો. જો જો, એવું ના બને કે જેથી મ્હારી આ વૃદ્ધાવસ્થામાં મ્હારું નામ બદનામ થાય.”

“ ઘણું સારું; હું સઘળું કાર્ય અત્યંત સાવધાનતાથી કરીશ. માતાજી, આપ શુભાશીર્વાદ આપો કે જેથી મ્હારા શ્રમની સાર્થકતા થાય.” લાલીએ પૂજ્યભાવ દર્શાવીને કહ્યું.

" ઇશ્વર તને ત્હારી ભલાઇનો બદલો અવશ્ય આપશે જ. ઠીક, પણ કહે જોઇએ કે, આ પેટી લાવવા જતાં તને ભય લાગ્યો નહોતો?" ડોશીએ આશીર્વાદ આપીને પૂછ્યું.

" માતાજી, ગમે એમ તો પણ હું એક અબળા છું. મહામહેનતે સાહસ એકત્ર કરીને હું પેટી લઈ આવીછું; બાકી એ મકાનમાં મ્હેં જે ભયાવહ દેખાવ જોયો છે તેને હું જીવનમાં કદાપિ ભૂલી શકું તેમ નથી. હજી પણ પુનઃ એ દેખાવ એક વખત જોવાનું મ્હારા ભાગ્યમાં લખાયલું છે. હજી પણ ત્યાંનો સઘળો દેખાવ મ્હારી દૃષ્ટિ સમક્ષ તરવરે છે અને હૃદય ધ્રુજે છે. " લાલીએ ઉત્તર આપ્યો.

" ખરું છે; ત્યાં સઘળી ભયંકર વસ્તુઓનો જ સમાવેશ થયેલો છે; છતાં ત્હારે ભય પામવાનું પ્રયોજન નથી. પુત્રી, જા; પરમકૃપાળુ કિરતાર સદૈવ ત્હારા સહાયકાર છે. " આમ કહી લાલી પાછી પેલી પેટી ઉપાડી ડોશી પાસેથી વિદાય લઈ છુપાતી છુપાતી તેના મકાનમાં ગઇ. ત્યાં પેટીને છુપાવી દઈ તે શય્યાવશ થઇ.

પ્રભાતકાળે લાલી માયા પાસે ગઇ એટલે માયાએ કહ્યું:-"બ્હેન! રાત્રે મ્હને બરાબર નિદ્રા આવી નહોતી. ત્હારા વિચારો ઉપજતાં વારંવાર હું તંદ્રામાંથી જાગી ઉઠતી હતી, અને બ્હાર નીકળી ખુલ્લા વાયુમાં ફરી અસ્વસ્થ જીવને સ્વસ્થ કરતી હતી. "

" ઇશ્વરકૃપાથી હું મ્હારું કાર્ય નિર્વિઘ્ને પાર ઉતારી આવી છું. " લાલીએ કહ્યું.

" ત્યારે આપણો જીવ બચશે એવી આશા ત્હારા મનમાં ઉપજી છે કે? આપણે અહીંથી છુટી શકીશું કે? પેલી પેટી તને મળી કે?" માયાએ એક સાથે પ્રશ્ન પૂછ્યા.

" હા, રાત્રે એ પેટી મેળવી તે હું ડોશીમાને પણ બતાવી

આવી છું. તેમણે ઓળખીને કહ્યું હતું કે, બરાબર એજ પેટી મ્હેં મેળવી છે. ત્યાં એવી બીજી ઘણી પેટીઓ હતી; પરંતુ ડોશીમાએ મ્હને નિશાની આપેલી હોવાથી એ કાર્યમાં મ્હારાથી ભૂલ થઇ નથી.” લાલીએ ઉત્તર આપ્યો.

“ એ પેટી હમણાં ક્યાં છે?” માયાએ અધીરતા દર્શાવીને પૂછ્યું.

“ એ તો આપ મ્હારા મકાનમાં આવો તો આપને હું બતાવું; પરંતુ જો કુંદન આપને મ્હારા મકાનમાં આવતાં જોશે તો તેના અંતરમાં સંશય ઉપજશે. વળી એ પેટીમાં ખાસ જોવા જેવું કાંઇ નથી. એક દાબડા જેવી જ પેટી છે. એને તાળું મારવાની જગ્યાજ નથી; પરંતુ એ દાબડો ઘણો મજબૂત હોવાથી તેને ભાંગી શકાય તેમ નથી.” લાલીએ કહ્યું.

“ ત્યારે આપણે તેને કેવી રીતે ઉઘાડી શકીશું? તેમાંથી કુંચી કેવી રીતે નીકળી શકશે?” માયાએ વિચારમાં પડી જઇને પૂછ્યું.

“ હથિયારથી આપણે તેમાં કાણું પાડીશું.” લાલીએ ઉત્તરઆપ્યો.

આવી રીતે થોડા સમય સુધી વાતચિત કરી લાલી પોતાના મકાનમાં જઈ આવશ્યકીય કાર્ય કરવા લાગી. બે દિવસ સુધી રાત્રે એકાન્તમાં બેસીને તેણે પોતાનું કાર્ય પૂર્ણ કર્યું.

બરાબર ત્રીજે દિવસે મધ્યરાત્રિના સમયે લાલી પોતાના મકાનમાંથી બ્હાર નીકળી તથા માયાના મકાનમાં આવી. માયાના મકાન પાસે જે સ્ત્રીઓ પહેરો ભરવાનું કામકાજ કરતી હતી તેઓ સર્વે નિદ્રાધીન થઇ ગઈ હતી. માયા જાગ્રત સ્થિતિમાં જ હતી. તે પલંગમાં સુઇ રહીને દ્વાર તરફ જોઇ રહી હતી. આ સમયે હાથમાં એક ન્હાની પોટલી લઇને લાલીએ શયનગૃહમાં પ્રવેશ કર્યો એટલે માયા ઉઠી બેઠી થઇ તથા ઘણા પ્રેમથી તેણે લાલીનો હાથ પકડીને તેણે તેને પોતાની પાસે બેસાડી.

" આ બે દિવસ ઘણી કઠિનતામાં વીત્યા છે. રાત્રિ દિવસ મનમાં ભય રહેતો હતો. " માયાએ કહ્યું.

" કેમ, શા માટે ભય રહેતો હતો ? " લાલીએ પૂછ્યું.

" કોઇ પેલા છાપરાપર જઇ ચઢીને ત્યાં પાડેલું બાકોરું જુએ તો કેવી દુર્દશા થાય એજ ભય રહેતો હતો." માયાએ ઉત્તર આપ્યો.

" ત્યાં જવાનું કોઇ સાહસ કરી શકે તેમ નથી. લ્યો, હવે વિલંબ કરવાની જરૂર નથી. " લાલીએ કહ્યું.

" હું તૈયાર છું. સાથે કોઈ વસ્તુ લેવાની જરૂર નથી ને ? " માયાએ કહ્યું.

" જરૂરની સઘળી વસ્તુઓ મ્હારી પાસે છે. આપ મ્હારી સાથે ચાલ્યાં આવો. "

લાલીનું આ વાક્ય સાંભળી માયાસુંદરી શયનગૃહમાંથી બ્હાર નીકળી તેની સાથે જવા લાગી. તેઓ બન્ને છુપાતી છુપાતી પેલા બંધ રહેતા મકાન, કે જેના છાપરાપર લાલીએ બાકોરું પાડ્યું હતું તેની પાછળ જઇ પહોંચી. ચંદનઘો ફેંકીને બન્ને જણીઓ ઉપર ચઢી અને પછી દોરડાની સહાયતાથી તેઓ બન્ને પેલા બાકોરામાંથી મકાનની અંદર ઉતરી. ત્યાંનો આશ્ચર્યજનક દેખાવ નજરે પડતાં માયાની અજબ સ્થિતિ થઇ ગઈ; પરંતુ તરત જ તેનું ધ્યાન બીજી તરફ આકર્ષાયું. માયા અને લાલી જેવી એ મકાનમાં ઉતરી કે તરત જ બ્હાર થતો કોલાહલ તેમના સાંભળવામાં આવ્યો. દશ પંદર માણસો જોતજોતામાં એ મકાનના છાપરાપર ચઢી આવ્યા તથા 'પકડો પકડો-પલાયન ન કરી જાય' એવી બૂમો ઉચ્ચ સ્વરે પાડવા લાગ્યા.

પ્રકરણ ૧૫ મું.

નારંગી અને બંસરીબાલા.

મધ્યરાત્રિના સમયે એક એકાન્ત વિસ્તૃત મયદાનમાં બે ખૂબ-સૂરત સુંદરીઓ એક બીજીની સાથે વાતચિત કરતી ચાલી જતી હતી. જે માર્ગે તેઓ જતી હતી એ માર્ગમાં ઘણા ટેકરાઓ તથા ખાડાઓ આવેલા હોવાથી તેમને માર્ગમાં ઘણી અડચણ વેઠવી પડતી હતી. એ બન્ને સુંદરીઓ ત્વરાથી કોઇ સ્થળે જઇ પહોંચીને કોઇને મળવાની ઇચ્છા રાખતી હોય એમ લાગતું હતું. વાંચકબંધુઓથી આ બન્ને સુંદરીઓ અજાણી નથી; તેથી તેમના સંબંધી વિશેષ વર્ણન કરવાની જરૂર રહેતી નથી; તેઓમાંની એક નારંગી અને બીજી બંસરીબાલા હતી

બંસરીબાલાએ કહ્યું:—" નારંગી બ્હેન ! જુઓ ! કિસમતની કમનસીબી આને જ કહે છે. ' જ્યાં જાય ત્યાં નસીબ ચાર ડગલાં આગળનું આગળ ' એ વચન કાંઇ ખોટું નથી. એક હિસાબે અયામાં આપણે આપણું કાર્ય સંપૂર્ણ કરી નાખ્યું હતું; પરંતુ અફસોસ !"

" તમારાથી બની શકે ત્યાં સૂધી માયાસુંદરીને તમે ઘણી સહાયતા કરી છે. તમારા ઉપકારો જીવનપર્યંત સ્મરણમાં રાખી તે તમને પોતાની બ્હેન બરાબર સમજશે. ગમે તેમ હોય; પરંતુ આપણે હિમ્મત હારવી જોઇએ નહિ, તથા કોઇ પણ સમયે પરમકૃપાળુ પરમાત્માને ભૂલી જવા જોઇએ નહિ. વારંવાર હું રાજકુમાર આનન્દસિંહને યાદ કરૂંછું. તમારાપર તેમનો આકૃત્રિમ અનુરાગ છે; પરંતુ તમારી યથાર્થ હકીકત જાણવામાં નહિ આવ્યાથી તેઓ પોતાના અંતરમાં

કેવા તર્કવિતર્ક કરતા હશે તેનો કશો નિર્ણય થઈ શકે તેમ નથી. જો તેઓ તમારી સઘળી હકીકત જાણી શક્યા હોત તો તેમનું અંતર તમારા તરફ વિશેષ આકર્ષાત, અને તેઓ અત્યંત પ્રસન્ન થાત." નારંગીએ કહ્યું.

"જેવી પરમકૃપાળુ કિરતારની ઇચ્છા !" એક ગાઢ નિશ્વાસ મૂકીને બંસરીબાલાએ કહ્યું:

"જુઓ—પેલા પુરાણા મકાનની દિવાલ નજરે પડે છે!" એક દિશા તરફ અંગુલિનિર્દેશ કરીને નારંગીએ કહ્યું.

"હા; હવે આપણે આવી પહોંચ્યાં છીએ." બંસરીએ કહ્યું.

એવામાં તેઓ બન્ને એક એવા જરા જીર્ણ ખંડેર પાસે જઇ પહોંચી કે જેની પહોળી દિવાલો અને લાંબા દરવાજાપરથી એમ માલૂમ પડતું હતું કે, પ્રાચીનકાળમાં એ ખંડેર અતિ પ્રખ્યાત હોવું જોઇએ. આ સમયે એ ઇમારત ઘણી પ્રાચીન થઇ ગયેલી હોવા છતાં તેને જોતાં જ તેની ભૂતકાળની કીર્ત્તિની તત્કાળ અંતરમાં કલ્પના ઉપજતી હતી.

નારંગી અને બંસરીએ એ ખંડેરમાંની જીર્ણ ઇમારતમાં પ્રવેશ કર્યો. વચ્ચે વચ્ચે ઇંટો, પત્થરો અને માટીના ઢગલા થઇ ગયેલા હતા. અંતે એ ઢગલાઓ ઓળંગી બન્ને જણીઓ એક ચોકમાં જઇ પહોંચી. આ ચોકની એક બાજૂએ કેટલીક ઓરડીઓ આવેલી હતી. આ ઓરડીઓમાંની વચ્ચેની ઓરડીમાં એ બન્ને જણીઓએ પ્રવેશ કર્યો. પછી નારંગીએ જરૂરી સાધનો કાઢી બત્તી સળગાવી. ત્યાં પ્રકાશનો વિસ્તાર થયો એટલે તે ચોતરફ જોવા લાગી. એક બાજૂએ દિવાલના ખુણા પાસે એક આલમારી આવેલી તેની નજરે પડી. તેનું દ્વાર ઉઘાડવા માટે તેની એક બાજૂએ ઝીણો ખીલો જઈ શકે એવડું કાણું હતું. નાર-

ગીએ પોતાના સામાનમાંથી એક સગીઓ બ્હાર કાઢી એ કાણામાં નાખી જોરથી ફેરવવા માંડયો. સગીઆથી તેણે લગભગ પંદરેક આંટા ફેરવ્યા હશે એવામાં એ આલમારીનું દ્વાર ઉઘડી ગયું, તથા અંદરના ભાગમાં એક ઓરડી આવેલી તેમની નજરે પડી. નારંગી અને બંસરીએ અંદર પ્રવેશ કરી, આલમારીના દ્વારને પાછું પોતાની પાસેના સળીઆથી બંધ કરી દીધું. આ ઓરડીમાંથી તેઓ એક સુરંગમાં જવા લાગી. પછી તેઓ એક ભોંયરાના મ્હોં પાસે જઇ પહોંચી. એ ભોંયરામાં ઉતરવાને માટે ન્હાનાં પગથીઆં હતાં. પગથીઆં ઘણાં સ્વચ્છ હોવાથી અંદર કોઇ રહેતું હોય એવી કલ્પના ઉપજતી હતી. કોઈ પણ પ્રકારનો ભય રાખ્યા સિવાય નારંગી અને બંસરી ભોંયરામાં ઉતરી એક ઓરડીમાં જઈ પહોંચી એ ઓરડીમાં સાઠેક વર્ષની ઉમ્મરનો એક વયોવૃદ્ધ પુરુષ બેઠેલો હતો. તેના મસ્તકના અને મુછોના ઘણા ખરા વાળ સફેદ થઇ ગયા હતા. આમ છતાં તેનું શરીર દૃઢ તેમજ બળવાન્ જણાતું હતું. તેની વિશાળ છાતી જ તેના બળની ઘણા ખરા અંશે કલ્પના કરાવતી હતી. તેનાં નેત્રો અદ્યાપિ તેજોમય જણાતાં હતાં. કપાળ વિસ્તૃત હોઇ તે તેની પ્રખર કલ્પના શક્તિનો પરિચય કરાવતું હતું. એ વૃદ્ધ પુરુષની સ્હામે એક દીપક સળગતો હોઈ તેના પ્રકાશમાં એ પુરુષ કાંઇ લખતો બેઠો હતો. એક બાજૂએ ધુપદાનીમાં ધુપ બળતો હોવાથી તેની સુગંધ એ સ્થળે ફેલાઇ રહી હતી. નારંગી અને બંસરીનાં પગલાંનો અવાજ સાંભળી એ પુરુષ દ્વાર તરફ જોઈ રહ્યો હતો. જ્યારે તેમણે બન્નેએ ઓરડીમાં પ્રવેશ કર્યો ત્યારે તેમને જોઇને એ પુરુષે પૂછ્યું:—'કેમ, તમે બન્ને આવી પહોંચી કે?'

"હા કાકાજી." નારંગીએ હાસ્યમુખે ઉત્તર આપ્યો.

"ભલે, આવો બેસો." આમ કહીને એ પુરુષે એક પાથરેલી ચાદરપર તેમને બેસાડીને કહ્યું:—"નારંગી, તું કહેતી હતી તે બંસરીબાલા આજ છે કે?"

"હા જી." નારંગીએ હકારમાં ઉત્તર આપ્યો.

વાંચકબંધુઓ, દીવાન અગ્નિદત્તને એક પુત્રી હતી એમ અમે પાછળ જણાવી ચુક્યા છીએ. આ બંસરીબાલા જ તેની પુત્રી થતી હતી. નારંગીના મુખમાંથી હકારદર્શક ઉત્તર સાંભળી, બંસરીને પોતાની પાસે બેસાડી એ પુરુષે તેના મસ્તકપર હાથ ફેરવતાં કહ્યું:— "બેટાં! તું બિલકુલ ગભરાઇશ નહિ. હું તને મ્હારી નારંગી બરાબર જ સમજીશ."

"હું પણ નારંગીની માફક આપને મ્હારા સગા કાકા સમજું છું." પ્રત્યુત્તરમાં બંસરીએ કહ્યું.

"તું કોઇ પણ પ્રકારની ચિંતા કરીશ નહિ. મ્હારાથી બનશે ત્યાં સુધી હું તને મદદ કરીશ." આમ કહીને નારંગીના મ્હોં તરફ જોઇને એ પુરુષે પૂછ્યું:—"શ્યામગઢના કશા સમાચાર તું જાણે છે કે?"

"કાલે જ હું ત્યાં ગઇ હતી; પરંતુ કશા સમાચાર મ્હારા જાણવામાં આવ્યા નથી. આપને અહીં મળવાનો વાયદો કર્યો હતો તેથી ત્યાં વિશેષ સમય સુધી નહિ રોકાતાં હું અત્રે ચાલી આવી છું." નારંગીએ ઉત્તર આપ્યો.

"શ્યામગઢથી મ્હને અત્રે આવ્યાને માત્ર એક જ પ્રહર થયો છે." એ પુરુષે કહ્યું.

"ત્યારે તો ત્યાંની સઘળી હકીકત આપના જાણવામાં આવી હશે?!" નારંગી અધીરતાથી બોલી.

"ત્યાંની હકીકત મ્હારાથી વિશેષ, કોઇ જાણી શકે તેમ નથી; કેમ કે પચીસ વર્ષ સુધી પ્રમાણિકતાથી મ્હેં ત્યાંના રાણાની નોકરી કરી છે. જો કે દિગ્વિજયસિંહજી હમણાં મ્હારા દુશ્મન થઇ ગયા છે; છતાં એ રાજ્યને નુકસાન થાય એવું કોઇ પણ કાર્ય હું કરીશ નહિ. માત્ર ત્હારા લીધે જ હું માયાસુંદરીને જરૂર મદદ કરીશ." નારંગીના કાકાએ કહ્યું.

"વિના કારણ દિગ્વિજયસિંહ આપનાપર નારાજ થયા છે." નારંગી બોલી.

"ના ના—એમણે કશું ખોટું કર્યું નથી. તેઓ માયાસુંદરીને જબરદસ્તીથી પોતાને ત્યાં રાખવાને ઇચ્છે છે, અને તે સાથે એમ જાણે છે કે, શેરસિંહ બહુરૂપીની ભત્રિજી નારંગી, માયાસુંદરીની સેવિકા છે, તથા તે પણ બહુરૂપીની વિદ્યામાં હોશિયાર છે તેથી તે જો માયાસુંદરીને મુ[illegible] કરવાનો પ્રયત્ન કરશે તો પોતાનાથી તેને કેદ કરી શકાશે નહિ. આમ હોવાથી તેમણે મ્હને કેદ કરવાનો વિચાર કર્યો. હું તેમનો ગમે એટલો માનીતો હતો તથા ગમે એટલી પ્રમાણિકતાથી તેમની નોકરી બજાવતો હતો; છતાં મ્હને કેદ કરવાનો વિચાર કરવામાં તેમણે અન્યાય કર્યો છે એમ હું કદાપિ કહી શકીશ નહિ; કેમ કે, મ્હારી સહાયતાથી જ તું માયાસુંદરીને છોડાવી જઇશ એવો રાણાજીના અંતરમાં સંશય રહે એ સર્વથા સ્વાભાવિક છે. વળી એમ કરવાને હું તૈયાર થયો છું તેથી રાણાજીનો સંશય અસ્થાને હતો એમ કેવી રીતે કહી શકાય ? અરેરે ! સઘળી સમયની બલિહારી છે! પહેલાં એક સમય એવો હતો કે, માયાસુંદરીના મામા રણધીરસિંહ અને દિગ્વિજયસિંહજી વચ્ચે ઘણો ગાઢ સ્નેહસંબંધ હતો. હું દિગ્વિજયસિંહની નોકરીમાં હતો અને મ્હારા ન્હાના ભાઇ—ત્હારા પિતા રણધીરસિંહની નોકરીમાં હતા. એમના આત્માને પરમાત્મા સ્વર્ગમાં શાન્તિ આપો. બેટા નારંગી,

પૂર્વેનો એ સમય હવે બદલાઇ ગયો છે. વિધાતા વિશ્વમાં આવા વિચિત્ર રંગ જ બતાવે છે! હું બિનગુન્હેગાર હોવા છતાં મ્હને કેદ કરવાનો તેમનો વિચાર હોવાથી હું નાસી આવ્યો છું; છતાં લોકો તો એમજ કહેશે કે, શેરસિંહે લુચ્ચાઈ કરી છે!"

"આપે જ્યારે અંતઃકરણથી શ્યામગઢના રાણાજીની વિરુદ્ધતા કરી નથી ત્યારે પછી લોકવાયકાનો ભય રાખવાની શી જરૂર છે?" નારંગીએ કહ્યું.

"હશે, હવે આપણે એ વાતને પડતી મૂકો. વળી બિચારી કુંદનને લાલીએ ઘણા ભયમાં નાખી દીધી છે. જો લાલીનો એક ભેદ મ્હેં કુંદનને ન જણાવ્યો હોત તો તે લાલીનું શું કરત તેની કલ્પના સુદ્ધાં હું કરી શકતો નથી. વળી કુંદને પણ ભૂલ કરી છે. જો તેણે પોતાની સઘળી ખરી હકીકત લાલીને કહી દીધી હોત તો તેમનો બન્નેનો સ્નેહસંબંધ સંધાઇ જાત." શેરસિંહે કહ્યું.

"યુવરાજ ઇન્દ્રજીતસિંહ સંબંધીના કશા સમાચાર આપના જાણવામાં આવ્યા છે કે?" નારંગીએ પૂછ્યું.

"હા, એમને પેલી ચુડેલે ફસાવી રાખ્યા છે કે જે અજાયબઘરમાં રહે છે!" શેરસિંહે ઉત્તર આપ્યો.

"કયું અજાયબઘર?" ચિંતાતુર બની જઇ નારંગીએ પ્રશ્ન કર્યો.

"પેલા તળાવની વચ્ચે છે તે. એ સ્થાન અહીંથી કાંઈ બહુ દૂર નથી. એ મહેલનો નાશ કરી નાખવાનો મ્હેં મ્હારા મનમાં દૃઢ નિશ્ચય કરેલો છે." શેરસિંહે કહ્યું.

"હા હા—એ મહેલ સંબંધી તો ઘણી વાતો સાંભળવામાં આવે છે." નારંગી બોલી.

"એ મહેલની પ્રત્યેક વસ્તુ એક બીજીથી વિશેષ આશ્ચર્યજનક

છે. એ બ્હારથી મોહક જણાતા અજાયબઘરમાં એ ચુડેલે કેટલા નવયુવકોના જીવ અકાળે લીધા છે તેની ગણના થઇ શકે તેમ નથી." શૂરસિંહે કહ્યું.

આ સમયે નારંગી કાંઇ બોલવા જતી હતી; પરંતુ એવામાં પગથીઆંપરથી કોઈનાં પગલાંનો અવાજ સાંભળવામાં આવ્યાથી તે તરફ તેમનું સર્વેનું લક્ષ્ય ખેંચાયું, તથા સ્વાભાવિક રીતે જ નારંગીથી બોલી જવાયું:—"અહીં કોઈ આવે છે!"

"મ્હને મળવા માટે અહીં કોઈ આવે એવો બિલકુલ સંભવ નથી; તેથી આપણે બરાબર સાવધાન રહેવાની જરૂર છે." શૂરસિંહે કહ્યું.

"અમે સાવધાન જ છીએ." આમ કહી પોતાની કટારની મુઠપર હાથ નાખી નારંગી એકાગ્રદષ્ટિથી દ્વાર તરફ જોઇને બેસી રહી. એવામાં એક લાંબો માણસ શૂરસિંહ પાસે આવીને ઉભો રહ્યો. આ માણસનું શરીર એટલું બધું નિર્બળ હતું કે તેની ઉમ્મરની કલ્પના કરી શકવાનું કામ ઘણું મુશ્કિલ હતું; છતાં તે પચાસેક વર્ષની ઉમ્મરનો હોય એમ લાગતું હતું. તેના મ્હોંપર દુઃખની છાયા છવાઈ રહેલી હતી. તેનાં નેત્રો ઉંડા ઉતરી ગયાં હતાં. ચિંતા પિશાચિનીએ એ માણસના અંગમાં પ્રવેશ કરી તેને હાડપિંજર જેવો બનાવી દીધો હતો તેણે પહેરેલાં વસ્ત્રો પણ ફાટેલાં તુટેલાં તથા ઘણાં મલિન હતાં; આમ હોવા છતાં તેના મુખભાવપરથી તે ભલો માણસ હોય એવો ભાસ થતો હતો. આવી પરિસ્થિતિ હોવા છતાં શૂરસિંહ એ માણસને જોઈ ચમકી ઉઠયો. ભય તેમજ વિસ્મયથી તેનો કંઠ દબાઇ ગયો. શૂરસિંની આ સમયની સ્થિતિ ઘણી દયાજનક થઇ. ઘણા સમય પછી સહજ આત્મસંવરણ

ફરી, આવનાર માણસ તરફ જોઇને ત્રુટકસ્વરે તેણે કહ્યું:—"પધારો-પધારો !"

આ સમયે આવનાર માણસે નારંગી તરફ જોઇને પૂછ્યું:—"આ બાળિકા એજ છે કે ?"

અવરુદ્ધ સ્વરે શરસિંહે 'હા.' કહ્યું. પછીથી તેણે નારંગી તથા બંસરીને સંબોધીને કહ્યું:—"પુત્રીઓ, હમણાં તમે બન્ને ઉપરની ઓરડીમાં જઇ થોડા સમય સુધી બેસો. આ ભલા માણસ સાથે મ્હારે કેટલીક ગુપ્ત વાતચિત કરવાની છે."

આ વાક્ય સાંભળી નારંગી અને બંસરી ઉપરની ઓરડીમાં જઇને બેઠી. નવા માણસના આગમનથી પોતાનો કાકો કેટલો બધો ગભરાઈ ગયો હતો એ પ્રકાર ચાલાક નારંગીથી ગુપ્ત રહ્યો નહોતો. એ પ્રકારના દર્શનથી તે ચિંતાતુર બની ગઇ હતી. તેના મનમાં ક્ષણે ક્ષણે અનેકવિધ વિચારો ઉપજતા હતા. આવા એક નિર્બળ, દીનહીન તેમજ કંગાલ દેખાતા માણસના દર્શનથી પોતાના સિંહ જેવા બહાદુર કાકા કેમ ગભરાઇ ગયા હશે તેનો કશો નિર્ણય તે કરી શકતી નહોતી. બિચારી બંસરીબાલા પણ આ પ્રકાર બનવાથી ભયભીત અને વિસ્મિત બની ગઇ હતી. થોડા સમય પછી પેલા માણસે ઉપરની ઓરડીમાં નારંગી અને બંસરી પાસે જઇને કહ્યું:—"હું અહીંથી જાઉંછું; તેથી તમારે હવે નીચે જવું હોય તો બેલાશક જાઓ." આમ કહી તે એ જીર્ણ મકાનમાંથી ચાલ્યો ગયો.

નારંગી અને બંસરી અનેક શંકાઓ કરતી નીચે ઉતરી, અને શરસિંહ પાસે જઇને બેઠી. શરસિંહના મુખપરથી ભય તેમજ વ્યાકુળતાની છાયા હજી સુધી અદૃશ્ય થઇ નહોતી; છતાં મહા મુશ્કેલે હૃદયનો

ભાવ છુપાવી તે સ્વસ્થ થયો તથા નારંગી તરફ જોઇને તેણે પૂછ્યું:–
" હવે આપણે શું કરીશું ?"

" આપની આજ્ઞાનુસાર વર્તવાને અમે પ્રતિ પળે તૈયાર છીએ; પરંતુ કાકાજી, જે માણસ અહીં આવી ગયો તે કોણ હતો ?" નારંગીએ કહ્યું.

" બ્હેન ! એ માણસની હકીકત જાણવાની ઇચ્છા તું કરીશ નહિ. તું એ માણસને ભૂલી જવાનો જ પ્રયત્ન કરજે." શૂરસિંહે ઉત્તરમાં કહ્યું.

એ માણસ સંબંધી શૂરસિંહને ઘણા પ્રશ્ન પૂછવાની નારંગીની ઇચ્છા હતી; પરંતુ શૂરસિંહના આવા શબ્દો સાંભળી તેને તે વિશેષ હકીકત પૂછવાનું સાહસ કરી શકી નહિ. તેણે કાંઇક ખિન્ન સ્વરે કહ્યું:–
" જેવી આજ્ઞા."

" નારંગી, તું હવે શ્યામગઢમાં જા તથા ત્યાંના બની શકે એટલા સમાચાર મેળવી એ ત્રણ દિવસમાં જ અત્રે પાછી આવી, એ સમાચાર મ્હને જણાવજે. માયાસુંદરીને મળી તું તેને હિમ્મત આપજે, વથા તે ગભરાય નહિ એમ તેને કહેજે. પેલા તને દર્શાવેલા માર્ગેથી જ તું કિલ્લામાં જજે. એ રસ્તેથી તું આવજા કરીશ તો તને કોઇ પકડી શકશે નહિ." શૂરસિંહે કહ્યું.

" બહુ સારું; પરંતુ હવે બંસરીબાલા માટે શી આજ્ઞા છે ?" નારંગીએ પ્રશ્ન કર્યો.

" હું એને મ્હારા એક સ્નેહીને ત્યાં લઇ જઈ તેને સોંપી આવું છું. ત્યાં એ નિશ્ચિંતતાથી રહી શકશે. પછીથી જ્યારે સઘળી સુવ્યવસ્થા થઇ જશે ત્યારે હું એને પાછી લઇ આવીશ. એ સમયે એની આકાંક્ષા પણ સફળ થશે." શૂરસિંહે પોતાનો વિચાર દર્શાવ્યો.

" જેવી ઇચ્છા. " નારંગીએ સંમતિ દર્શાવી.

પછીથી એ ત્રણે જણાં ભોંયરામાંથી બ્હાર નીકળી પેલી આલમારીના રસ્તેથી એ ખંડેર જેવા મકાનની બ્હાર નીકળ્યાં. બ્હાર નીકળીને શૂરસિંહે કહ્યું:—" નારંગી, તું હરે જા. બંસરીની બિલકુલ ચિંતા તું રાખીશ નહિ. હું તને આજ ઠેકાણે મળી શકીશ. "

" ઠીક, હું જાઉં છું; પરંતુ મ્હને કહો તો ખરા કે, જે માણસ આપને મળવાને આવ્યો હતો તેનાથી મ્હારે વિશેષ સાવધાન રહેવું કે નહિ ?" નારંગીએ વિદાય થતાં પૂછ્યું.

આ પ્રશ્ન સાંભળી સહજ વિરક્ત બની જઇને શૂરસિંહે કહ્યું:—" એક વખત હું તને જણાવી ચુક્યો છું કે, તું એ માણસને ભૂલી જવાનો પ્રયત્ન કરજે. એ ત્હારી નજરે પડવાનો નથી તેથી તું જે પ્રશ્ન પૂછે છે તેનો ખુલાસો કરવાની જરૂર રહેતી નથી. "

આટલી વાતચિત થયા પછી નારંગી ત્વરિતગતિથી શ્યામગઢ તરફ રવાના થઈ અને શૂરસિંહ બંસરીબાલા સાથે બીજી તરફ વિદાય થયો.

પ્રકરણ ૧૬ મું.

ભેદી ભોંયરામાં ભયંકર દૃશ્ય.

શ્યામગઢના કિલ્લાની ચોતરફ ઘનઘોર જંગલ આવ્યું હતું એ વાંચકબંધુઓ જાણે છે જ. એ જંગલમાં, સીસમ, આંબા, રાયણ આદિ અનેકવિધ વૃક્ષો આવેલાં હોઈ એ વૃક્ષોની ઉંચી ડાળીઓ એક બીજાની સાથે એવી રીતે જોડાઇ ગયેલી હતી કે, પ્રખર સૂર્યકિરણો પણ એનો ભેદ કરી એ જંગલમાં પ્રકાશનો વિસ્તાર કરી શકતાં નહોતાં. આ જંગલમાં ચાંદનીનો પ્રકાશ પણ પ્રવેશ કરી શકતો નહોતો; અર્થાત્ પૂર્ણિમાની રાત્રે અને અમાવાસ્યાની રાત્રે આ જંગલમાં સમાન અંધકારનો જ વિસ્તાર થઇ રહેતો હતો. આ અરણ્યમાં ભૂલો પડેલો માણસ ભાગ્યે જ સીધા રસ્તાને શોધી શકતો હતો.

કિલ્લાની ડાબી બાજૂએ આવેલા અરણ્યમાં મધ્યરાત્રિના સમયે ત્રણ પુરુષો કાળા વસ્ત્રમાં પોતાનું શરીર છુપાવી, તથા બુરખાઓમાં મ્હોં છુપાવી ફરતા હતા. તેઓમાંનો એક રાજકુમાર આનન્દસિંહ, બીજો તેજસિંહ અને ત્રીજો તારાસિંહ હતો. એ ત્રણે જણા ઘણા સમય સુધી આ જંગલમાં ભટકયા પછી કિલ્લાની પાસેના એક ન્હાના ચૉકની ભીંત પાસે જઈ પહોંચ્યા. એ દિવાલ પાંચેક હાથ જેટલી ઉંચી હતી. વળી ત્યાં ઘીચ ઝાડી પણ નહોતી; તેથી સામાન્ય ચંદ્રપ્રકાશ ત્યાં ફેલાયલો હતો. એ સ્થળે જઈ પહોંચતાં જ આનન્દસિંહ બોલ્યો:—" કદાચ આ ચૉક જ હશે ! "

" અવશ્ય આજ છે. ચાલો આપણે એના દ્વાર પાસે જઇને જોઇએ કે ત્યાં હાડકાંઓ પડેલાં છે કે નહિ ? " તેજસિંહે કહ્યું.

"હા, અંદર ચાલો. પછીથી જોઇ લેવાશે." તારાસિંહ બોલ્યો.

"થોડો સમય ઉભા રહો. પત્તાંના ખડખડાટપરથી આ તરફ કોઇ મનુષ્ય આવતું હોય એમ લાગે છે!" તેજસિંહે સંશયાધીન થઇને કહ્યું.

આનન્દસિંહે કાન દઇને કહ્યું:—"બરાબર છે. આપણે છુપાઇ રહીને જોવું જોઇએ કે, આવનાર મનુષ્ય કોણ છે તથા તે આ તરફ શા માટે આવે છે?"

વિના વિલંબે એ ત્રણે જણા વૃક્ષોનાં થડ પાછળ અંધકારમાં છુપાઇ જઇ જે તરફથી પદધ્વનિ સાંભળવામાં આવતો હતો તે તરફ જોવા લાગ્યા. થોડા સમયમાં જ તેમણે સફેદ કપડાં પહેરેલી એક સ્ત્રીને આવતી જોઇ. એ સ્ત્રી દ્વાર પાસે આવીને રોકાઈ તથા ચોતરફ દૃષ્ટિ ફેરવી, કાન માંડી કોઇ એટલામાં નથી એવી પોતાની ખાત્રી કરી અંદર જતી રહી. આ સમયે તેજસિંહે મૃદુસ્વરે આનન્દસિંહને કહ્યું:—"રાજકુમાર! આપ બન્ને અહીં રોકાજો. હું એ સ્ત્રીની પાછળ જઇને જોઉં છું કે, તે ક્યાં જાય છે?"

આ વાતને આનન્દસિંહ તથા તારાસિંહ સંમત થયા એટલે તેજસિંહ છુપાતો છુપાતો એ સ્ત્રીની પાછળ જવા લાગ્યો. આવા ભીષ અરણ્યમાં આવેલા એ ચૉકમાં તદ્દન સ્વચ્છતા હતી એ પ્રકાર ઘણો આશ્ચર્ય ઉપજાવે એવો હતો. આ ઠેકાણે મરી ગયેલાં જાનવરોનાં હાડપિંજરો, ખોપરીઓ તથા હાડકાંઓ પડી રહેલાં હોવાથી આ ઠેકાણું ઘણું ભયંકર લાગતું હતું. વળી આ ઠેકાણે ઘણી કબરો જોવામાં આવતી હતી. એમાંની કેટલીક માટીથી, કેટલીક ઇંટ ચુનાથી અને કેટલીક પત્થરથી ચણી લીધેલી હતી. સઘળી કબરોની વચ્ચે આરસ પત્થરની એક કબર આવેલી હતી. તેજસિંહે દ્વારમાં પગ મૂક્યો એ સમયે જ પેલી સ્ત્રી

આરસ પત્થરની કબરપર ચઢી જઇ તો ચોતરફ દૃષ્ટિ ફેરવવા લાગી; પરંતુ ત્યાર પછી તરત જ તે અદૃશ્ય થઈ ગઈ. તેજસિંહ એ કબર પાસે જઇને તેને શોધવા લાગ્યો પરંતુ એ સ્ત્રીનો કશો પત્તો લાગ્યો નહિ. અંતે આનન્દસિંહ પાસે પાછા જઇને તેણે કહ્યું:—" આપણે જ્યાં જવાના છીએ ત્યાં જ એ સ્ત્રી ગઈ છે ! "

" ત્યારે હવે આપણે શું કરીશું ? " ચિંતાતુર બની જઈ આનન્દસિંહે પૂછ્યું.

" આપણને ત્યાં જવામાં કશી અડચણ વેઠવી પડે એમ નથી. જો કદાચ એ આપણને માર્ગમાં મળશે તો તે આપણું કશું અનિષ્ટ કરી શકે તેમ નથી. " તેજસિંહે નિર્ભયતા દર્શાવી.

" ચાલો ત્યરે જેમ થવાનું હશે તેમ થશે. " તારાસિંહે તેજસિંહના વિચારને સંમત થઇને કહ્યું.

તરત જ એ ત્રણે જણા ચોકમાં ગયા અને વચ્ચેની પેલી આરસપત્થરની કબર પાસે ઉભા રહ્યા. તેજસિંહે એ કબરના પત્થર ખસેડવાનો પ્રયત્ન કર્યો. થોડા સમયમાં જ એક અવાજ થયો, અને તે સાથે જ પત્થરનો એક ન્હાનો કકડો ઉઘડી ગયો. પછીથી ત્રણે જણા એ કબરમાં ઉતર્યા, તથા પેલા પત્થરના કકડાને યથાસ્થિત ગોઠવી દઇને આગળ વધ્યા. જે ઠેકાણે એ ત્રણે જણા ઉતર્યા એ ઠેકાણે એક સુરંગ હતી. એ સુરંગ ઘણી લાંબી હતી; છતાં તેમાંથી વિશેષ માણસો એક બીજાની સાથે માર્ગ કાપી શકે એટલી તેની પહોળાઇ નહોતી. તેજસિંહે પોતાના વાટવામાંથી એક મીણબત્તી બ્હાર કાઢીને સળગાવી, તથા આગળ પાછળ બરાબર દૃષ્ટિ ફેરવ્યા પછી તેઓ માર્ગ કાપવા લાગ્યા. ધીમે ધીમે એ સુરંગ વટાવીને તેઓ ત્રણે

જણા એક મ્હોટી પડસાળમાં જઇ પહોંચ્યા. આ પડસાળની છત ઘણી ઉંચી હતી તથા તેમાં કડીઓની અંદર કેટલીક સાંકળો લટકતી રાખેલી હતી. આ પડસાળમાં એક ઉઘાડો દરવાજો હતો. એ દરવાજામાંથી તેઓ એક ઓરડીમાં જઇ પહોંચ્યા. એ ઓરડીની નીચે એક ભોંયરું હતું તેમાં ઉતરવા માટે આરસપત્થરનાં પગથીઆં હતાં. તેઓ પગથીઆં ઉતરી નીચે ગયા એટલે એક મ્હોટા ઘંટનો અવાજ થતો તેમના સાંભળવામાં આવ્યો. એ અવાજ સાંભળી થોડા સમય સુધી તેઓ ત્યાં જ ઉભા રહ્યા. તેમને એમ લાગ્યું કે, ભોંયરાના જે ભાગમાં તેઓ જઇ પહોંચ્યા હતા તેની બીજી બાજૂના ભાગમાં ઘંટાનાદ થતો હતો, તથા ત્યાં ઘણાં માણસો હોય એવી કલ્પના થતી હતી. એ સ્થળેથી આગળ જવા માટે એક દ્વાર હતું. એ દ્વાર પાસે જઇને તેજસિંહે પોતાના હાથમાં જે સળગતી મીણબત્તી રાખી હતી તે બુઝાવી નાખી, તથા અવાજ ન થાય એવી રીતે ધીમેથી દ્વાર ઉઘાડી પેલી તરફ શું થાય છે તે જોવાનો તેણે પ્રયત્ન કર્યો. એ તરફ પત્થરની ફરસબંધીવાળો એક મંડપ તેના જોવામાં આવ્યો. એ મંડપના સઘળા સ્થંભ આરસપત્થરના બનેલા હતા બે મશાલો ત્યાં બળતી હોવાથી તેના પ્રકાશમાં સઘળો દેખાવ સ્પષ્ટતાથી જોઇ શકાતો હતો. તેજસિંહે દ્વારમાંથી નમીને જોયું તો ત્યાં લગભગ પંદર માણસો વચ્ચે ત્રણ બંદિની સ્ત્રીઓ તેની નજરે પડી. એ ત્રણ સ્ત્રીઓમાંની એક માયાસુંદરી હતી. તેના બન્ને હાથ તેની પીઠ તરફ મજબુત દોરડાથી બાંધી લેવામાં આવ્યા હતા. માયાસુંદરી નીચે મ્હોડે રૂદન કરતી બેસી રહી હતી. એની સાથે જે બે સ્ત્રીઓ ઉભી રહી હતી તેમની પણ એવી જ સ્થિતિ હતી; પરંતુ તેમને આનન્દસિંહ, તેજસિંહ કે તારાસિંહ પિછાનતા નહોતા. એ ત્રણે સુંદરીઓની પાછળ ત્રણ નિષ્ઠુર પુરુષો હાથમાં

નગ્ન તલ્વાર લઇને ઉભા રહ્યા હતા. તેમનાં મ્હોં તેમજ પોષાકપરથી તેઓ જલ્લાદ હોય એવો તત્કાળ ભાસ થતો હતો.

આ મંડપના મધ્યભાગમાં એક સિંહાસનપર કાળા પત્થરની એક ભયંકર મૂર્ત્તિ હતી. એ મૂર્ત્તિ એટલી મ્હોટી હતી કે એક માણસ ઉભો થઇને પણ તેના મસ્તકપર હાથ મૂકી શકે નહિ.

વાંચકબંધુઓ ! આ ભયાનક દેખાવનું વિશેષ વર્ણન કરતાં પૂર્વે માયાસુંદરી પેલા બંધ રહેતા મકાનમાં લાલી સાથે પ્રવેશ કરી કેવી રીતે ક્યાં જઈ ચઢી એ સઘળી હકીકત હવે જણાવવાની જરૂર રહે છે.

લાલી અને માયાએ જેવો પેલા બંધ મકાનમાં પ્રવેશ કર્યો કે તરત જ કેટલાક માણસો તેમની પાછળ છાપરા પર ચઢી આવ્યા અને ' પકડો પકડો–પલાયન ન કરી જાય ' એમ બોલી ઉઠયા. લાલી તથા માયાના સાંભળવામાં પણ એ શબ્દો આવ્યા. એથી માયા ઘણી ગભરાઇ ગઈ; પરંતુ લાલીએ તેને ધીરજ આપીને કહ્યુંઃ—" આપ ડરશો નહિ–એ લોકો આપણને કાંઇ કરી શકવાના નથી. "

લાલી અને માયા છાપરેથી નીચે ઉતરી એક ઓરડીમાં ગઇ. એ ઓરડી તદ્દન ખાલી હતી. તેની ત્રણ તરફની દિવાલમાં ત્રણ દ્વાર હતાં. એક દ્વાર તો એ ઠેકાણે હતું કે જ્યાં આગળ નીચે પેલી પહેરાવાળી સ્ત્રીઓ પહેરો ભર્યા કરતી હતી. બીજું દ્વાર ખુલ્લું હતું અને એ દ્વારમાંથી કોઇ ઓરડા કે ચૉકમાં જઈ શકાય એમ લાગતું હતું. આ સમયે લાલીએ કહ્યુંઃ—" કુંચી લેવાને માટે આ રસ્તેથી જ હું એક મકાનમાં ગઈ હતી. ત્રીજી તરફ એક ન્હાનો દરવાજો હતો. ત્રીજી તરફના બંધ દ્વારની તાળાની કળ એ દ્વારમાં જ હતી. એમાં લાલીએ પોતાની પાસેની કુંચી નાખી દ્વાર ઉઘાડી માયા સાથે તેણે અંદર

પ્રવેશ કર્યો. પછીથી એ દ્વાર બંધ કરી તેને તાળું વાસી દઇ એક ગાઢ નિશ્વાસ મૂકીને લાલીએ કહ્યું:—"થયું, હવે આપણે નિશ્ચિંત થયાં છીએ. તેઓ બીજા કોઇ રસ્તેથી આવીને આપણને નહિ પકડે તો આપણે સહેલાઇથી ઇચ્છિત સ્થળે જઈ શકીશું. આ મકાનમાંથી હવે તેઓ આપણી પાસે આવી શકે તેમ છે જ નહિ; કેમ કે આ મકાનમાં આ દ્વાર સિવાય બીજો એક પણ માર્ગ નથી."

આ વાક્યો સાંભળી માયા પણ સહજ નિશ્ચિંત થઈ. પછીથી બન્ને જણીઓ એ સ્થળેથી આગળ જવા લાગી. એ ઓરડો વટાવી તેની સ્હામેનું બંધ દ્વાર પોતાની પાસેની કુંચીથી ઉઘાડી એક અંધકારમય સ્થળે તેઓ જઈ પહોંચી. એ ઠેકાણે જઇ લાલીએ પોતાની પોટલીમાંથી કેટલીક વસ્તુઓ બ્હાર કાઢી દીપક સળગાવ્યો. દીપક સળગતાં જ તેઓ એક ઓરડામાં ઉભી હતી એમ તેમને માલૂમ પડ્યું. એ ઓરડાની ચોતરફની દિવાલ આરસ પત્થરોની બનેલી હતી. આ સ્થળેથી આગળ જવા માટે એકે દ્વાર છે કે નહિ તેની દીપકના પ્રકાશમાં લાલી તપાસ કરવા લાગી. તપાસ કરતાં નીચેની જમીનમાં એક દ્વાર જણાયું. એ દ્વારને પણ લાલીએ પોતાની પાસે જે કુંચી હતી તેનાથી ઉઘાડ્યું. પછીથી અંદર ઉતરવાનાં પગથીઆં તેની નજરે પડ્યાં. લાલી કિશોરી સાથે એ સ્થળે ઉતરવા લાગી. પચીસેક પગથીઆં ઉતર્યાં પછી તેઓ એક સુરંગમાં જઇ પહોંચી. એ સુરંગ ઘણી લાંબી હતી. આ સુરંગમાં થોડે દૂર ગયા પછી કશો અવાજ સાંભળવામાં આવતાં તેઓ ઉભી રહી.

"અરેરે! તમે મ્હને આવી રીતે રીબાવી રીબાવીને શા માટે મ્હારો જીવ લ્યો છો? એક જ ઘાથી તમે મ્હારા જીવનનો નાશ શા માટે નથી કરી નાખતા?"

આ વાક્યો સાંભળવામાં આવતાં જ માયા ગભરાઇ ગઇ. લાલીને ઉદ્દેશી ભયસૂચકસ્વરે તેણે કહ્યું:—" બ્હેન ! આ અવાજ કોઈ સંકટમાં સપડાયલી સહાયહીન સુંદરીનો હોય એમ લાગે છે. કોઈ સતી સાધ્વીને પિશાચવૃત્તિનો પાપી પુરુષ દુઃખી કરતો હોય એમજ મ્હને લાગે છે! બ્હેન ! હવે આપણે અંહીંથી આગળ વધીએ એમાં કલ્યાણ નથી; કેમ કે આગળ જતાં જો આપણે પણ એ જાલિમ રાક્ષસના સપાટામા સપડાઈ જઈશું તો આપણી પણ એ અબળાના જેવી દુર્દશા થશે. આપણી પાસે આપણે આપણું રક્ષણ કરી શકીએ એવું એક પણ સાધન નથી. "

" આપ બિલ્કુલ ભય રાખશો નહિ. સંકટ પ્રસંગે ઉપયોગી થઇ પડે એટલા માટે મ્હારી સાથે હું બે કાતિલ કટાર લેતી આવી છું." આમ કહી પોતાની કમરપરથી એક કટાર કાઢી માયાના હાથમાં આપતાં લાલીએ કહ્યું, " બ્હેન ! આપ હિમ્મત હારી જાઓ છો એ વ્યાજબી નથી. અહીં આવતાં પહેલાં આપ કેટલી બધી હિમ્મત દર્શાવતાં હતાં ? માટે ધીરજ રાખો. " આમ કહીને માયાને સાથે લઈ લાલી આગળ ચાલવા લાગી. સુરંગ પસાર કરીને તેઓ બન્ને એક ચોકમાં જઇ પહોંચી. એ સ્થળે એક દીપક સળગતો હતો. એ દીપકના પ્રકાશમાં ત્યાંની પ્રત્યેક વસ્તુ સારી રીતે જોઈ શકાતી હતી. એ ચોક વચ્ચે એક પહોળો સ્થંભ આવેલો હતો. એ સ્થંભ સાથે લગભગ વીસેક વર્ષની એક લાવણ્યમયી સુંદરીને દોરડાથી જકડી બાંધી દેવામાં આવી હતી. તેનાથી થોડા અંતરે એક આસનપર બેસીને એક વૃદ્ધ પુરુષ પોતાના હાથમાંની ચળકતી કટારથી કોઈ વસ્તુ કાપતો હતો. સુરંગના મ્હોં પાસે ઉભી રહી. લાલી અને માયા આ ભયાનક દેખાવ જોઇ રહી હતી. એ વૃદ્ધનું મ્હોં પણ સુરંગના મ્હોં તરફ જ હતું. વૃદ્ધના

મ્હોંપર દીપકનો પ્રકાશ પડતો હોવાથી તે સીત્તેરેક વર્ષની ઉમ્મરનો હોય એમ લાગતું હતું. તેની સફેદ દાઢી નાભિપ્રદેશ સુધી ઝૂલતી હતી. મુછો પણ ભરાવદાર હતી.

આ સ્થળનો ભયંકર દેખાવ જોતાં લાલી તેમજ માયાએ ત્યાંથી પાછાં જવાનો વિચાર કર્યો; પરંતુ એ માર્ગે પાછાં ફરવાથી પેલા છાપરાપર ચઢી આવેલા માણસોના પંઝામાં સપડાઈ જવાય એવો સંભવ હોવાથી ક્યાં જવું અને શું કરવું તેનો કશો નિર્ણય તેઓ કરી શકી નહિ. એવામાં પેલા વૃદ્ધ પુરુષની નજર તેમનાપર પડી. સુરંગના મ્હોં પાસે તેમને બન્નેને ઉભી રહેલી જોઇ તે બોલી ઉઠયો:—"વાહ વાહ ! બહુ સારું થયું ! માયાસુંદરી ને લાલી પણ આવી પહોંચ્યા ! ! આવો આવો, તમારી રાહ જોઇ ઘણા સમયથી હું અહીં બેસી રહ્યો છું ! ! !"

પ્રકરણ ૧૭ મું.

જ્યોતિસિંહનું પ્રશંસનીય પરાક્રમ.

કંચનસિંહનું મૃત્યુ નિપજવાથી અને યુવરાજ ઇન્દ્રજીતસિંહ અદૃશ્ય થઈ જવાથી લશ્કરમાં ઘણો ખળભળાટ થઇ રહ્યો. યુવરાજનો પત્તો મેળવવા માટે ચોતરફ ગુપ્તદૂતો મોકલવામાં આવ્યા; બહુરૂપીઓ પણ આ કાર્ય કરવામાં પ્રવૃત્ત થઈ ગયા. રાણા વીરસિંહજી પાસેથી રજા લઇ જ્યોતિસિંહ પણ રવાના થયો તથા વેષ બદલીને શ્યામગઢના કિલ્લામાં દાખલ થઇ ગયો; કિલ્લાના મુખ્ય દરવાજાપર સખ્ત પહેરો હતો, પરંતુ જ્યોતિસિંહે ફકીરનો વેષ ધારણ કરેલો હોવાથી કોઇના મનમાં તેના માટે સંદેહ ઉપજ્યો નહિ.

સાધુના વેષમાં જ્યોતિસિંહ સાત દિવસ સુધી શ્યામગઢના કિલ્લામાં ફર્યો. આ સમય દરમ્યાન પ્રત્યેક મહોલ્લો, બજાર, ગલી, રસ્તો, દેવળ, ધર્મશાળા વગેરે તેણે બરાબર જોઇ લીધું. કેટલીક વખતે દરબારમાં જઇને દિગ્વિજયસિંહ, તેના દીવાન તથા બહુરૂપીઓની ચાલચલણ અને વાતચિતની રીતપર ધ્યાન આપ્યું તથા તે સાથે એટલી માહિતી પણ મેળવી લીધી કે, રાણો દિગ્વિજયસિંહ કોને કોને ચ્હાય છે, કોને તે માન આપે છે તથા કોને પોતાના વિશ્વાસપાત્ર સમજે છે. આ સાત દિવસમાં જ્યોતિસિંહને કેટલીક વખત ચોપદાર અને સુંદરીનો વેષ પણ ધારણ કરવો પડયો. સારાં સારાં સ્થળોએ જઈ આવીને ત્યાંની પરિસ્થિતિથી તે માહિતગાર થઇ ગયો. જે શિવાલયમાં તેજસિંહ અને લક્ષ્મણસિંહે પોતાની બુદ્ધિ અજમાવી હતી એ શિવાલયમાં પણ એક વખત તે જઈ આવ્યો.

જ્યોતિસિંહે એ શિવાલયમાં રહેતા પૂજારીઓ અને સાધુઓની ઘણી વિચિત્ર સ્થિતિ જોઈ. જ્યારથી રાજકુમાર કલ્યાણસિંહને ઉપાડી જવામાં આવ્યો હતો ત્યારથી એ લોકોના મનમાં એવો ભય પેઠેલો હતો કે, તેઓ વાત વાતમાં ચમકી ઉઠતા હતા. રાત્રે વૃક્ષોનાં પાંદડાંનો ખડખડાટ થતાં કોઈ બહુરૂપી આવતો હશે એવો ભય તેમના અંતરમાં ઉપજતો હતો. જો શિવાલયમાં કોઈ નવો સાધુ સંન્યાસી આવતો તો તેને તેઓ બહુરૂપી સમજી તેનો પુષ્કળ તિરસ્કાર કરીને હાંકી કાઢતા હતા.

જ્યોતિસિંહ પણ સાધુનો વેષ ધારણ કરી શિવાલયમાં ગયો. તેને જોતાં જ પૂજારીઓએ સ્વાભાવિક રીતે જ એવો શોર બકોર કરવા માંડયો કે, 'બહુરૂપી છે—બહુરૂપી છે—એને પકડો—એ પલાયન ન કરી જાય.'' આ સમયે જ્યોતિસિંહ ઘણો ગભરાયો, તથા પોતે બહુરૂપી છે એમ એ લોકોને કેવી રીતે માલૂમ પડયું તેની ગંભીર ચિંતામાં તે પડી ગયો. બિચારો જ્યોતિસિંહ એમ નહોતો જાણતો કે, આ મંદિરના પૂજારીઓ અને સાધુઓ કૂતરાં બિલાડાંને પણ બહુરૂપી સમજવા લાગ્યા હતા! આ સ્થળેથી એકાએક પલાયન કરી જવું વ્યાજબી નહિ લાગ્યાથી તેણે કહ્યું:—"તમે શા ઉપરથી કહોછો કે હું બહુરૂપી છું?"

એક પૂજારીએ કહ્યું:—"અમે સારી રીતે ઓળખીએ છીએ. બહુરૂપી સિવાય બીજું કોઈ પણ અમારી પાસે આવી શકે તેમ નથી. તમે જ અમારા રાજકુમારને ઉપાડી ગયા છો કે બીજું કોઈ? જલદી અહીંથી ચાલ્યા જાઓ; નહિ તો તમારા કાન પકડી અમે તમને ખાઈ જઈશું!"

' જલ્દી અહીંથી ચાલ્યા જાઓ. ' એ શબ્દો સાંભળવામાં આવતાં જ્યોતિસિંહ સમજી ગયો કે, " એ લોકો તદ્દન બેવકૂફ છે. જો હું બહુરૂપી છું એમ તેઓ જાણતા હોત તો મ્હને અહીંથી ચાલ્યા જવાનું કહેત નહિ; પરંતુ તેઓ મ્હને કેદ જ કરત. તેજસિંહ અને બદ્રીનાથ આ લોકોને ડરાવી ગયા છે તેથી જ આ લોકો શિવાલયમાં જે કોઈ આવે છે તેને બહુરૂપી ધારે છે !

જ્યોતિસિંહ ત્યાં ઉભો રહીને આવો વિચાર કરી રહ્યો હતો એવામાં એક લંગડો ભિખારી હાથમાં ચપ્પણીઉં લઇ લાકડીના ટેકાથી ચાલતો ચાલતો ત્યાં આવી પહોંચ્યો. તેને જોતાં જ એક પૂજારી ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો:—" લ્યો જુઓ, આ બીજો બહુરૂપી પણ આવી પહોંચ્યો. એ શયતાન હવે લંગડો બનીને આવ્યો છે; જાણે કે, આપણે તેને ઓળખી શકીશું નહિ ! જા, અહીંથી જલ્દી ચાલ્યો જા; નહિ તો અમે ત્હારું માથું જ ફાડી નાખીશું ! "

આ વચનો સાંભળવામાં આવતાં જ્યોતિસિંહની ખાત્રી થઇ ગઇ કે, એ લોકોને બહુરૂપીનું ભૂત ભરાયું છે ! જે કોઇ અત્રે આવે છે એને એ લોકો બહુરૂપી જ સમજે છે !!

જ્યોતિસિંહ એ શિવાલય પાસેથી પાછો ફર્યો અને ખડકીના રસ્તેથી દિવાલની બ્હાર નીકળી જંગલના માર્ગે ચાલ્યો ગયો. સ્યામગઢના કિલ્લાની ઉંચી દિવાલમાં ચોતરફ ન્હાની ન્હાની ઘણી ખડકીઓ આવેલી હતી. એ ખડકીઓનાં દ્વાર મજબૂત લોઢાથી બનેલાં હતાં. એ સિપાહીઓ ત્યાં અસરમર પહેરો ભર્યા કરતા હતા. ફકીર અને ગરીબ લોકો એ ખડકીઓમાંથી જંગલમાં લાકડાં લેસ અને ફળફળાદિ લેવા જતા હતા; પરંતુ સંધ્યાકાળે એ ખડકીઓનાં દ્વાર બંધ કરી દેવામાં આવતાં હતાં. જ્યોતિસિંહ જંગલમાં જઇને વિચારવા લાગ્યો કે,

હવે સ્યામગઢના બહુરૂપીઓને મળવું જોઇએ તથા તેઓ બહુરૂપીની વિદ્યામાં કેટલા હોશિયાર છે એ પણ જાણી લેવું જોઇએ.

આ કિલ્લામાં ગાંજો પાનારાની કેટલીક દુકાનો હતી. એ દુકાનો ગંજેરીના અડ્ડાઓ તરીકે ઓળખાતી હતી. સંધ્યાકાળ પછી ગંજેરી લોકો ત્યાં એકઠા થતા હતા અને તેમને અડ્ડાનો માલિક ગાંજો તૈયાર કરી આપી પાતો હતો, તથા પૈસા મેળવતો હતો. આ ઠેકાણે ગંજેરીઓ અનેક પ્રકારનાં ગપ્પાં હાંકતા હતા. આખા નગરની સાચી ખોટી વાતોની આવા અડ્ડાઓમાં યથેચ્છ ચર્ચા ચાલતી હતી.

સંધ્યાકાળ થતાં પૂર્વે જ જ્યોતિસિંહ જંગલમાંથી પાછો ફર્યો, અને લાકડાં ઉચકી જનાર માણસોની સાથે સાથે વૈરાગીના વેષમાં તેણે કિલ્લામાં પ્રવેશ કર્યો. પછી તે બારોબાર અડ્ડામાં ચાલ્યો ગયો. ત્યાં ગંજેરી લોકો ગાંજો પી ધુમાડાના ગોટેગોટ કાઢતા હતા. કેટલાક તો એવાં વચનો ઉચ્ચારતા હતા કે,

"જિસને ન પીઆ ગાંજેકી કલી,
વો લડકે સે લડકી ભલી!"

આ અડ્ડામાં જ્યોતિસિંહનો હેતુ ઘણા અંશે સિદ્ધ થયો, તથા તેને માલૂમ પડી ગયું કે, મહારાણા દિગ્વિજયસિંહને ત્યાં માત્ર બે જ બહુરૂપી છે. તેઓમાંના એકનું નામ રામાનન્દ અને બીજાનું નામ ગોવિન્દસિંહ છે. ગોવિન્દસિંહ રાજકુમાર કલ્યાણસિંહને છોડાવવા માટે રામગઢ ગયો હતો. હમણાં એકલો રામાનન્દ સ્યામગઢમાં હાજર હતો.

બીજે દિવસે જ્યોતિસિંહે દરબારમાં જઇને રામાનન્દને બરાબર જોઈ લીધો, તથા એ રાત્રે જ તેની આગળ પોતાની ચાલાકી ચલાવવાનો તેણે પોતાના મન સાથે નિશ્ચય કરી લીધો. રામાનન્દના શરીરનો બાંધો અને મ્હોં વગેરે ઘણા ખરા અંશે જ્યોતિસિંહના શરીરના

બાંધા તથા મ્હોંને મળતું જ હતું. વળી જ્યોતિસિંહ એમ પણ સમજી ગયો કે, રાણા દિગ્વિજયસિંહનો રામાનન્દપર અપાર પ્રેમ હતો. તે દીવાનના માનનીય પદપર હોઈ દિગ્વિજયસિંહ તેનું ઘણું માન રાખતો હતો. પ્રથમથી કરેલા સંકેતાનુસાર જ્યોતિસિંહે મધ્યરાત્રે ચંદનઘો ફેંકીને રામાનન્દના મકાનમાં પ્રવેશ કર્યો. અગાસીમાં જઈ એક ઓરડાના દ્વાર પાસે ઉભા રહી છુપી રીતે તેણે જોયું તો તેને માલૂમ પડયું કે, એક સુંદર છત્રપલંગમાં રામાનન્દ નિદ્રાધીન થયેલો હતો. તેનો નાસિકાધ્વનિ થતો હોવાથી હમણાં તે ગાઢ નિદ્રામાં હતો એવી ખાત્રી થતી હતી. શયનગૃહમાં પ્રવેશ કરવાના દ્વારમાં રેશમની દોરીઓથી ગુંથેલી એક જાળ ઝૂલી રહી હતી. એ જાળ નીચે તેના છેડાઓ સાથે કેટલીક ન્હાની ઘંટડીઓ લટકાવી રાખી હતી. જ્યોતિસિંહ પણ ઘણો ચતુર હોવાથી શયનગૃહમાં એકાએક પ્રવેશ નહિ કરતાં સૂક્ષ્મદષ્ટિથી એ જાળને જોવા લાગ્યો. પેલી ઘંટડીઓ નજરે પડતાં જ તે સમજી ગયો કે, શયનગૃહમાં જો કોઈ પ્રવેશ કરે તો આ ઘંટડીઓનો અવાજ સાંભળી પોતે જાગી ઉઠે એટલા માટે જ રામાનન્દે આવી વ્યવસ્થા કરી રાખેલી છે એ ચોક્કસ છે. રામાનન્દની આવી ચાલાકી જોવામાં આવતાં જ્યોતિસિંહ પોતાના મનમાં ને મનમાં હસ્યો, તથા વિચારવા લાગ્યો કેઃ—" કેવો મૂર્ખમતિ છે! તેના અંતરમાં એટલી પણ કલ્પના નહિ ઉપજી હોય કે, જો કોઈ બહુરૂપી અત્રે આવશે તો તે તેની આ સામાન્ય ચાલાકીને પણ સમજી શકશે. નહિ ?." તરત જ જ્યોતિસિંહે પોતાની ઝોળીમાંથી કાતર બ્હાર કાઢી અવાજ ન થાય એવી સાવધાનતાથી જાળીના છેડાઓ સાથે લટકતી ઘંટડીઓને એકે એકે કાપી નાખી. સઘળી ઘંટડીઓ કાપી નાખીને સાવધાનતાથી તેણે શયનગૃહમાં પ્રવેશ કર્યો. રામાનન્દના

પલંગ પાસે જઈ તેણે તેને બેશુદ્ધિનું ઓષધ સુંઘાડી દીધું, ત્યાર પછી પોતાની ઝોળીમાંથી એક અસ્ત્રો બ્હાર કાઢી જ્યોતિસિંહે ચૈતન્યહીન બની ગયેલા રામાનન્દના શયનગૃહમાં જ તેની દાઢી મુછો મુંડી નાખી, સઘળા વાળ પોતાની ઝોળીમાં મૂકી દઇ તે એવા જ રંગના વાળની જે દાઢી મુછ તૈયાર કરી લાવ્યો હતો તે તેણે તેને ચોંટાડી દીધાં. આટલું કાર્ય કરી તે જેવી રીતે મકાનમાં આવ્યો હતો તેવીજ રીતે નીચે ઉતરી પડયો, તથા પોતાના ઉતારે ચાલ્યો ગયો. તેણે ધર્મશાળાની પાસે આવેલા મકાનમાં એક ઓરડી ભાડે રાખેલી હતી. તેનું દ્વાર રસ્તાપર પડતું હોવાથી રાત્રે કે દિવસે ગમે તે સ્થળે જવાની તેને અડચણ પડતી નહોતી.

પોતાની ઓરડીમાં જઇ તેણે પ્રભાતકાળ થતાં પૂર્વે જ રામાનન્દનું સ્વરૂપ ધારણ કરી લીધું, તથા તેની દાઢી મુછો પોતાની દાઢી મુછોએ લગાડી દઈ પ્રભાતકાળ થતાં પહેલાં તે બ્હાર ફરવા નીકળી પડયો, અને ફરતો ફરતો રાજમહાલય પાસે જઇ પહોંચ્યો. પછી એક ચોપદાર માર્ફત સમાચાર મોકલી તે રાણા દિગ્વિજયસિંહ પાસે ઉપસ્થિત થયો. રામાનન્દના સ્વરૂપમાં જ્યોતિસિંહને પોતાની પાસે હમ્મેશાંના કરતાં ઘણો વ્હેલો આવેલો જોઇ આશ્ચર્ય પામીને રાણાએ પૂછ્યું:—
"દીવાનજી, આજે આટલા બધા વહેલા આવવાનું શું કારણ છે?"

"મહારાજ! ગઇ રાત્રે મ્હારે ત્યાં ત્રણ અતિથિ આવેલા છે." જ્યોતિસિંહે રામાનન્દના જેવા જ સ્વરે કહ્યું, તથા તે એક આસનપર બેઠો અને તેણે ઉધરસ ખાધી.

"એવા તે ક્યા અતિથિ આવેલા છે?" રાણાએ ઉત્સુકતાથી પૂછ્યું.

"એક ઉધરસ, કે જેણે મને ઘણો હયરાન કરવા માંડયો છે;

બીજા કુમાર આનન્દસિંહ તથા ત્રીજા એમના ચાર બહુરૂપીઓ કે જેઓ આજકાલમાં જ માયાસુંદરીનો અહીંથી ઉદ્ધાર કરવાના પ્રયત્નો કરે છે!" ઉત્તરમાં જ્યોતિસિંહે કહ્યું.

રાણાએ હસીને કહ્યું:—"વાહ, મહેમાનો તો ઘણા નાજુક છે. એમના સત્કારની કશી વ્યવસ્થા તમે કરી છે કે નહિ?"

"એટલા માટે જ હું આપશ્રીની સેવામાં હાજર થયો છું. કાલે દરબારમાં એમના બહુરૂપીઓ હાજર હતા. સર્વેથી પ્રથમ આપણે માયાસુંદરીનો બંદોબસ્ત કરવો જોઇએ કે જેથી તેઓ તેને ઉપાડી જાય નહિ." જ્યોતિસિંહે કહ્યું.

"મ્હારા માનવા પ્રમાણે તેઓ માયાસુંદરીને કોઈ પણ રીતે અહીંથી લઈ જઈ શકે તેમ નથી; પરંતુ વીરસિંહના બહુરૂપીઓને સત્વર કેદ કરવાનો પ્રયત્ન આપણે કરવો જોઇએ." દિગ્વિજયસિંહે કહ્યું.

"એ બહુરૂપીઓ તો હવે મ્હારા પંઝામાંથી બચી શકે તેમ નથી જ. એ લોકો વેષ બદલીને દરબારમાં અવશ્ય આવશે જ. જો ભાગ્યદેવી સાનુકૂળ હશે તો આજે જ હું કોઇને કેદ કરી શકીશ; પરંતુ એ લોકો ઘણા ધુર્ત્ત તથા ચાલાક છે. કેદખાનામાંથી પણ તેઓ પલાયન કરી જાય એવો સંભવ છે."

"એમને આપણે આપણા ગુપ્ત ભોંયરામાં કેદ કરી રાખીશું. ત્યાંથી પણ જો તેઓ પલાયન કરી જશે તો હું સમજીશ કે તેઓ ધુર્ત્ત અને ચાલાક છે."

આટલી વાતચિતપરથી જ જ્યોતિસિંહ સમજી ગયો કે, અહીં એવું કોઇ ભોંયરૂં છે કે, જેમાં કેદી લોકોને રાખવામાં આવે છે. હવે ભોંયરાની વિશેષ હકીકત જાણી લેવાનો પોતાના મનમાં જ તેણે વિચાર કર્યો. પછી તેણે પોતાની વાતચિતમાં રાણાને એવો લટ્ટુ બનાવી

દીધો કે, વાતચિતમાં જ રોજના કરતાં અડધો કલાક વિશેષ વીતી ગયો. આમ કરવામાં જ્યોતિસિંહનો એવો ઉદ્દેશ હતો કે, વિલંબ કરવાથી ખરો રામાનન્દ મહારાણા પાસે અવશ્ય આવશે તથા પોતાને જોઈ ચમકશે. એ સમયે જ પોતાનો નિશ્ચય પાર ઉતારવાનો તેનો વિચાર હતો, અને એટલા માટે જ તે તેની દાઢી મુછો મુડી લાવ્યો હતો.

જ્યોતિસિંહ રામાનન્દના વેષમાં જે સમયે મહારાણાને મળવા આવ્યો હતો એ સમયે દેવડીપર જે પહેરેગીરો હતા તેઓ બદલાઈ ગયા; અને તેમની જગ્યાએ બીજા પહેરેગીરો આવી પહેરો ભરવા લાગ્યા. તેઓ જાણતા નહોતા કે, રામાનન્દવેષધારી જ્યોતિસિંહ મહારાણાને મળવા ગયેલો છે.

યથા સમયે દરબાર ભરાઇ ગયો. મ્હોટા મ્હોટા હોદ્દેદારો, નાયબ દીવાન, તહસીલદાર, મુન્સી, મુત્સદ્દી આદિ લોકો દરબારમાં હાજર થયા. અસલ રામાનન્દ પણ આવીને પોતાના દીવાનના આસનપર બેસી ગયા. પોતાની દાઢી મુછોની કેવી સ્થિતિ થઇ હતી એ પ્રકાર તેના જાણવામાં નહોતો. જ્યોતિસિંહની ચતુરાઇ તે જાણી શકયો નહોતો; છતાં પોતાના શયનગૃહના દ્વારની જાળીના છેડાઓ સાથે લટકતી ઘંટડીઓ કોણે કાપી નાખી હશે એ વિચારથી તે વ્યાકુળ બની ગયો હતો. ઘરનાં સઘળાં માણસોને એ સંબંધી તેણે પૂછપરછ કરી હતી; પરંતુ કશો પત્તો લાગ્યો નહોતો; એથી પોતાના મકાનમાં જરૂર કોઇ બહુરૂપી આવેલો હશે એમ તે ધારતો હતો; છતાં બહુરૂપી આવીને શું કરી ગયો છે તેની તેને ખબર નહોતી. તે એમ વિચારતો હતો કે, "આજ સુધી મ્હારી ધારણા એવી હતી કે, એ જાળીના છેડાઓ સાથે ઘંટડીઓ બાંધેલી હોવાથી કોઇ પણ મનુષ્ય છુપી રીતે મ્હારા શયનગૃહમાં આવી શકશે નહિ; પરંતુ મ્હારી એ

માન્યતા કિંવા ધારણા ખોટી ઠરી છે. એ જાળપર આજ સુધી હું વિશ્વાસ રાખી નિશ્ચિંત રહેતો હતો એ મ્હારી ગંભીર ભૂલ હતી.”

આવા વિચારોમાં ને વિચારોમાં જ પોષાક પહેરી રામાનન્દ દરબારમાં આવ્યો હતો. દરબારમાં આવતાં કર્મધર્મસંયોગે આજે તેને થોડો વિલંબ થયો હતો. તે એમ ધારતો હતો કે, મહારાણા પણ દરબારમાં આવી પહોંચ્યા હશે; પરંતુ દરબારમાં જતાં રાજસિંહાસન ખાલી પડેલું નજરે પડયાથી તેમજ આજૂબાજૂના અધિકારીઓને પૂછવાથી તેને માલૂમ પડ્યું કે, મહારાણો હજી દરબારમાં આવ્યો નહોતો. મહારાણાના આગમનમાં વિલંબ થયેલો હોવાથી સઘળા દરબારીઓ આશ્ચર્યમગ્ન બની ગયા હતા.

રામાનન્દ મહારાણાનો ઘણો માનીતો હોવાથી સર્વેએ તેને મહારાણા પાસે મોકલ્યો. રામાનન્દ પોતે પણ ગભરાઈ ગયો હતો તેથી થોડો સમય દરબારમાં બેસી તે મહારાણા તરફ રવાના થયો, તથા દેવડીપર જઈ પહેરેગીર માર્ફત તેણે પોતાના આગમનના સમાચાર મોકલ્યા.

રામાનન્દના વેષમાં જ્યોતિસિંહ મહારાણા પાસે બેસીને વાતચિત કરી રહ્યો હતો. એવામાં પહેરેગીર ત્યાં જઇ બન્ને હાથ જોડીને ઉભો રહ્યો. એની મુખમુદ્રાપરથી તે ગભરાઈ ગયો હોય એમ લાગતું હતું. તે કાંઈ કહેવાનો પ્રયત્ન કરતો હતો; છતાં તેના મુખમાંથી શબ્દોચ્ચાર થતો નહોતો. જ્યોતિસિંહે આ પ્રસંગ સમજી જઇ પહેરેગીરને ઉદ્દેશીને પૂછ્યું:—“કેમ, શું કામ છે ?”

“મ્હારે આશ્ચર્ય પામીને જણાવવું પડે છે કે, દીવાનસાહેબ દેવડીપર આવીને અહીં આવવાની રજા માગે છે ! !” પહેરેગીરે સંકોચાતાં કહ્યું.

"કોણ રામાનન્દજી ?" અત્યંત વિસ્મિત બની જઈ મહારાણાએ કહ્યું.

"જી હા." પહેરેગીરે પૂર્વવત્ સ્વરે ઉત્તર આપ્યો.

"આ શો મામલો છે ?" વિસ્મયતાસૂચક સ્વરે જ્યોતિસિંહ તરફ જોઇને મહારાણાએ પૂછ્યું.

જ્યોતિસિંહે સ્મિતહાસ્ય કરીને કહ્યું:—"મહારાજ ! હવે આપણો હેતુ સત્વર સિદ્ધ થઇ જશે. જે પ્રકાર મ્હેં આપશ્રીને નિવેદન કર્યો છે તે જ આ પ્રકાર હોય એમ મ્હને લાગે છે. શત્રુપક્ષનો કોઇ બહુરૂપી મ્હારો વેષ ધારણ કરીને આપની સાથે પ્રપંચ ચલાવવાને જ આવેલો હશે. એ કમબખ્તના બચ્ચાને હું હમણાં જ કેદ કરું છું; પછીથી જોઈ લેવાશે. આપ એને અહીં આવવાની રજા આપો; પછી શાન્તિથી જુઓ કે, હું કેવો તમાશો કરું છું ! મ્હને જરા છુપાઇ જવા દો. એ આવીને બેસશે એટલે હું સઘળો ભેદ ખુલ્લો કરીશ."

"દીવાનજી, તમારું કહેવું બરાબર છે. એ કોઈ બહુરૂપી જ હશે એમાં કશો શક નથી. તમે છુપાઈ જાઓ; હું એ શયતાનને બોલાવું છું." મહારાણાએ જ્યોતિસિંહનાં અસત્ય વચનોપર વિશ્વાસ મૂકીને કહ્યું.

"બહુ સારું, હું છુપાઈ જાઉં છું; પરંતુ આપ એ શયતાનની દાઢી મુછપર બરાબર ધ્યાન આપજો. હું એકાએક પડદાની બ્હાર નીકળી એની દાઢી મુછ ઉખાડી નાખીશ; કેમ કે બનાવટી દાઢી ઉખેડી નાખતાં બિલકુલ વાર લાગતી નથી." જ્યોતિસિંહે કહ્યું.

આ સમયે હસીને મહારાણાએ હકારમાં ઉત્તર આપ્યો. પછી તેણે પહેરેગીરની તરફ જોઇને કહ્યું:—"જો, તું એના સાથે બિલકુલ વાતચિત કરીશ નહિ. તું માત્ર તેને અહીં આવવાની રજા આપજે."

પહેરેગીર ચાલ્યો ગયો. જ્યોતિસિંહ પાસેના જ એક ઓરડામાં છુપાઈ ગયો. ખરો રામાનન્દ ધીમે ધીમે મહારાણા પાસે આવી પહોંચ્યો. દરબારમાં આવતાં મહારાણાને કેમ વિલંબ થયો છે એ માટે તેને પણું આશ્ચર્ય ઉપજ્યું હતું; તેથી તેનો ચહેરો હમ્મેશાંના કરતાં ઉદાસ જોવામાં આવતો હતો. એ આવ્યો એટલે તેનો ઉદાસ ચહેરો તથા કૃત્રિમ દાઢી મુછો જોઈ મહારાણાના અંતરનો સંશય દૃઢ થઈ ગયો. કાંઇ પણ નહિ બોલતાં તે પોતાના દીવાન તરફ જોઈ રહ્યો. મહારાણાની આવી ચર્યા જોઇ રામાનન્દ વિશેષ ચિંતામગ્ન બની ગયો.

જેમ જેમ રામાનન્દના ચહેરાનો રંગ બદલાતો ગયો તેમ તેમ એ બહુરૂપી છે એવી મહારાણાની દૃઢ ખાત્રી થતી ગઇ. થોડા સમય સુધી બન્નેમાંથી કોઈ એક બીજાને એક પણ પ્રશ્ન પૂછી શકયા નહિ. જ્યોતિસિંહે આ સુયોગને વ્યર્થ નહિ જવા દેતાં સત્વર બ્હાર નીકળી આવી હસતાં હસતાં રામાનન્દને એક સલામ કરી. વિસ્મય તથા ભયથી રામાનન્દના ચહેરાનો રંગ તદ્દન ઉડી ગયો, તથા આશ્ચર્ય અને ભયમિશ્રિત દૃષ્ટિથી તે જ્યોતિસિંહના મ્હોં તરફ જોઇ રહ્યો.

બહુરૂપીઓનું કાર્ય પણ ઘણું કઠિન છે. તેમનામાં સમયસૂચકતા, પ્રસંગાવધાનતા, આત્મસંયમ કરવાની શક્તિ વગેરે ગુણો જો નથી હોતા તો વિરુદ્ધ પક્ષના પંઝામાં તેઓ સત્વર સપડાય છે. જ્યોતિસિંહ ઘણો સાહસિક, સમયસૂચક અને આત્મસંયમી હતો. શત્રુના મકાનમાં ચતુરાઇથી પોતે પ્રવેશ કરેલો હોવા છતાં તેના મુખમંડળપર ભયનું એક પણ ચિન્હ જોવામાં આવતું નહોતું. ધોળા દિવસે તે સત્યવાદીને અસત્યવાદી ઠરાવતો હતો; દિવસને રાત્રિ બનાવતો હતો!

જ્યોતિસિંહે રામાનન્દને વાત કરવાનો સમય પણ આપ્યો નહિ. તેણે તેના તરફ જોઇને કહ્યું:—" કેમ રે બદમાશ! મહારાણા દિગ્વિજય-

સિંહના દરબારને તું સામાન્ય સમજે છે ? અહીં પણ તું હારી ચતુરાઈ ચલાવવાને ઇચ્છે છે ? અહીં હારી સઘળી ચતુરાઈ ચુલ્હામાં જતી રહેવાની છે. તું જોજે કે, હવે હું હારા કેવા હાલહવાલ કરું છું ! ”

આમ કહી સ્ફુર્તિથી જ્યોતિસિંહે રામાનન્દની કૃત્રિમ દાઢીમુછ ખેંચી લીધી. આવો તમાશો જોઇ રામાનન્દ કિંકર્ત્તવ્યવિમૂઢ બની ગયો. તેના અંતરમાં ઘણા વિચારો એક સાથે ઉપજવા લાગ્યા. અંતે તેને એટલો બધો ક્રોધ ઉપજ્યો કે કમરપટ્ટામાંથી ખંજર બ્હાર ખેંચી કાઢી એક પણ અક્ષર નહિ ઉચ્ચારતાં તે જ્યોતિસિંહના અંગપર ધસ્યો. જ્યોતિસિંહે તેનો ઘા સંભાળી લીધો. મહારાણાને પણ હવે રામાનન્દ-પર સંપૂર્ણ સન્દેહ ઉપજ્યો, તથા તેણે ઉઠીને જે હાથમાં રામાનન્દે ખંજર પકડ્યું હતું તે હાથનું કાંડું બળપૂર્વક પકડી લીધું. મહારાણાએ તેનું કાંડું એટલા બધા જોરથી દબાવ્યું કે તે તરત જ નીચે બેસી ગયો. આ સમયે જ્યોતિસિંહે રામાનન્દને બળપૂર્વક બેશુદ્ધિની દવા સુંઘાડી દીધી.

“ એને બેહોશ કેમ બનાવી દીધો ? ” મહારાણાએ પૂછ્યું.

“ મહારાજ ! ક્રોધથી એ ઉન્મત્ત થઇ ગયેલો હોવાથી તે કદાચ કોઇના જીવને જોખમમાં નાખે એવો સંભવ હતો; તેથી આવી બેશુદ્ધ સ્થિતિમાં જ તેને પ્રથમ કેદખાનામાં પૂરવાની જરૂર છે; પછીથી જોઇ લેવાશે. ” જ્યોતિસિંહે કહ્યું.

“ ઠીક છે; તમે જે કર્યું છે તે સારું જ કર્યું છે. આજે તમે ઘણું પ્રશંસાપાત્ર કાર્ય બજાવ્યું છે. મ્હારી પાસેથી કુંચી લઈ એને ભોંયરા-માં લઇ જાઓ તથા કારાધ્યક્ષને સ્વાધીન કરો. ” મહારાણાએ આદેશ કર્યો.

આ વચનો સાંભળી જ્યોતિસિંહ વિચારમાં પડી ગયો. તેણે વિચાર્યું:—“ રાણા પાસેથી ભોંયરાની કુંચી લઈ હું ક્યાં જઇશ ?

ભોંયરું ક્યાં આવેલું છે એ હું જાણતો નથી, તેમજ કારાધ્યક્ષને પણ હું ઓળખતો નથી." અંતે પોતાના મન સાથે કશો વિચાર કરીને તેણે કહ્યું:—"આપ પણ સાથે પધારો તો સારું."

"કેમ ?"

"કારાધ્યક્ષ મ્હને તથા આ બહુરૂપીને જોઇ ગભરાશે, અને એના અંતરમાં સંદેહ ઉપજશે. વળી ત્યાં સુધીમાં આ શયતાન જો શુદ્ધિમાં આવશે તો સંકટમુક્ત થવા માટે જેમ ફાવે તેમ બકશે. જો આપ સાથે હશો તો કારાધ્યક્ષના મનમાં કોઇ પણ પ્રકારનો સંદેહ ઉપજશે નહિ."

"ઠીક ચાલો, હું પણ તમારી સાથે આવું છું." આમ કહી મહારાણો ઉઠયો એટલે બેહોશ બનેલા રામાનન્દના બળવાન્ દેહને જ્યોતિસિંહે ઉપાડી લીધો. તેણે કહ્યું:—"મહારાજ! મ્હારા બરડાપર આ બોજો હોવાથી ભોંયરાનું દ્વાર વગેરે પણ આપને જ ઉઘાડવું પડશે. આ લુચ્ચાના દેહને આપણે કોઇ નોકર પાસે ઉપડાવત; પરંતુ આવા પ્રબળ શત્રુને કેદ પકડી એક નોકરને સોંપવો એ મ્હને ઠીક લાગતું નથી!"

"બરાબર છે." આમ કહીને મહારાણાએ એક નોકર પાસે ફાનસ મંગાવ્યું તથા ફાનસ હાથમાં લઇ તે જ્યોતિસિંહની આગળ ચાલવા લાગ્યો. ચાલતો ચાલતો મહારાણો પોતાના શયનગૃહમાં ગયો, તથા તેણે દિવાલમાં જડી લીધેલી એક આલમારીનું તાળું ઉઘાડયું. આલમારી ઉઘડતાં જ જ્યોતિસિંહે જોયું કે, એ દિવાલ પોલી હોઇ તેમાંથી અંદર ઉતરવાનો રસ્તો હતો. રામાનન્દની ગાંસડી ઉંચકીને મહારાણાની પાછળ પાછળ જ્યોતિસિંહ એ ભોંયરામાં ઉતરવા લાગ્યો. એક મ્હોટા

ચૉકમાં થઇ, એક ઓરડી ઉઘાડી તેમાંથી તેઓ એક બીજા મંડપ જેવા ચૉકમાં જઇ પહોંચ્યા. એ મંડપમાં એક ન્હાની ગાદીપર એક વૃદ્ધ પુરુષ બેસીને કાંઇ લખતો હતો. એ પુરુષ મહારાણાને જોતાંની સાથે જ ઉઠી ઉભો અને હાથ જોડી સ્હામો આવીને ઉભો રહ્યો.

"કારાધ્યક્ષ! જુઓ; દીવાન રામાનન્દજીએ આજે શત્રુપક્ષના એક બહુરૂપીને કેદ પકડયો છે તેને તમે પૂરતી દેખરેખમાં રાખજો." મહારાણાએ કહ્યું.

જ્યોતિસિંહે ગાંસડી ઉતારી, રામાનન્દના બેહોશ દેહને ત્યાં મૂકીને કહ્યું:—"કારાધ્યક્ષ મહાશય! લ્યો સંભાળજો. હવે આપ જાણો."

"શું એ આપનો જ વેષ ધારણ કરીને આવ્યો હતો?" કારાધ્યક્ષે વિસ્મિત બની જઇને પૂછ્યું.

"જી હા. એ મ્હને સામાન્ય માણસ સમજતો હતો." હાસ્ય-મુખે જ્યોતિસિંહે કહ્યુ.

મહારાણાએ પણ જ્યોતિસિંહને ઉદ્દેશીને કહ્યું:—"હશે, હવે આપણે ચાલો. કારાધ્યક્ષ મહાશય એનાપર સંપૂર્ણ દેખરેખ રાખશે."

"મહારાજશ્રી, જો આપ મ્હને રજા આપતા હો તો હું અત્રે જ રોકાઉં, અને આ નાલાયકને શુદ્ધિમાં લાવી આપણી ઉપયોગી વાતોનો પત્તો મેળવું. જો કે આપને પણ હું અહીં રોકાવાને કહેત; પરંતુ આજના દરબારમાં આપ બિલ્કુલ હાજર નથી થયા તેથી રૈયતના મનમાં અનેક પ્રકારના તર્કવિતર્ક થતા હશે. વળી હમણાં એવો વખત છે કે પ્રજાજનોના અંતરમાં આપણે કોઇ પણ પ્રકારની શંકા ઉત્પન્ન થવા દેવી જોઇએ નહિ. જ્યોતિસિંહ નવી યુક્તિ અજમાવી.

"તમારું કહેવું બરાબર છે. હું જાઉં છું. હું કુંચી મ્હારી

સાથે લઇ જે રસ્તેથી આપણે આવ્યા હતા એ રસ્તો બંધ કરતો જાઉં છું. કારાધ્યક્ષ મહાશય સાથે તમે બીજા રસ્તેથી કિલ્લામાં આવજો.' મહારાણાએ કહ્યું. પછીથી તેણે કારાધ્યક્ષને કહ્યું:-" તમે પણ તમારી નિત્યનોંધ લઇને આવજો."

જ્યોતિસિંહને એ સ્થળે રાખીને જ મહારાણો દિગ્વિજયસિંહ ચાલ્યો ગયો. કારાધ્યક્ષ જ્યોતિસિંહને પોતાની ગાદી પાસે લઈ ગયો તથા તેને તેણે પોતાની ગાદી ઉપર બેસાડયો અને તે પોતે નીચે બેઠો. જ્યોતિસિંહે અડધા કલાક સુધી કારાધ્યક્ષની સાથે વાતચિત કરી. પછીથી તે એમ કહીને ઉઠયો કે, " હવે આપણે આ બહુરૂપીને શુદ્ધિમાં લાવી ખાત્રી કરવી જોઇએ કે એ કોણ છે ? " આમ કહી પોતાનાં કપડાં તપાસી ઝંખવાણા પડી જઇને તેણે કહ્યું:—" અરેરે! ગંભીર ભૂલ થઇ ગઈ. એને શુદ્ધિમાં લાવવાનું ઔષધ અત્રે લાવવું હું ભૂલી ગયો છું; હવે શું કરવું ? "

" એને શુદ્ધિમાં લાવી શકાય એવું ઔષધ મ્હારી પાસે છે. જો આજ્ઞા હોય તો હું લઇ આવું ? " કારાધ્યક્ષે કહ્યું.

" ભલે લઇ આવો; પરંતુ આપના ઔષધથી એ શુદ્ધિમાં આવે એવો સંભવ ઘણો થોડો છે. મ્હેં એને તદ્દન નવા પ્રકારની બેશુદ્ધિની દવા સુંઘાડી છે; છતાં આપ આપની પાસેનું ઔષધ લઇ આવો; તેથી જો એ શુદ્ધિમાં આવશે તો ઉપાધિ દૂર થશે. " જ્યોતિસિંહે ગંભીરતાસૂચક સ્વરે કહ્યું.

" બહુ સારું. " કહીને કારાધ્યક્ષ ઔષધ લેવા ચાલ્યો ગયો. આ તરફ એકાંત મળતાં પોતાના ખીસ્સામાંથી બીજી એક ડબ્બી જ્યોતિસિંહે બ્હાર કાઢી. એમાં લાલરંગની ભુકી હતી. એ ભુકીમાંથી એક ચપટી ભરી જ્યોતિસિંહે બેહોશ બનેલા રામાનન્દને સુંઘાડી દીધી,

અને પછીથી તે નિશ્ચિંત થઇને બેઠો. આ ઔષધ સુંઘાડવામાં આવ્યાથી હવે રામાનન્દ બે દિવસ સુધી શુદ્ધિમાં આવી શકે તેમ નહોતો.

થોડા સમય પછી કારાધ્યક્ષ ઔષધ લઇ જ્યોતિસિંહ પાસે આવી પહોંચ્યો, એટલે જ્યોતિસિંહે તેને કહ્યું:-" મહાશય ! આપ જ એને ઔષધ સુંઘાડી જુઓ. "

કારાધ્યક્ષે એને ઔષધ સુંઘાડયા છતાં જ્યારે એ શુદ્ધિમાં આવ્યો નહિ ત્યારે જ્યોતિસિંહે કહ્યું:—" આપ વિના કારણ શા માટે તકલીફ ઉઠાવો છો ? પ્રથમથી જ હું કહી ચુકયો છું કે, મ્હારા ઔષધ સિવાય એ શુદ્ધિમાં આવવાનો નથી. એને અહીં આવી સ્થિતિમાં રહેવા દઈ આપણે મહારાણીજી પાસે ચાલો. મહારાણીશ્રીના બેઠકખાનામાં જ મ્હારી પાસેના ઔષધની ડબ્બી પડી રહેલી છે. "

" જેવી આપની ઇચ્છા. " આમ કહી નિત્યનોંધ બગલમાં મારી એક હાથમાં કુંચીઓનું ઝુમખું અને બીજા હાથમાં ફાનસ લઇ બન્ને જણા ત્યાંથી જવા લાગ્યા. એક ઓરડીમાં પ્રવેશ કરી કારાધ્યક્ષે બીજું દ્વાર ઉઘાડયું તો ઉપર ચઢવાનાં પગથીઆં નજરે પડયાં. બન્ને જણા એ પગથીઆં ચઢી બે ત્રણ ઓરડીઓમાંથી પસાર થઇ એક સુરંગમાં જઇ પહોંચ્યા. તથા સુરંગમાં થોડો માર્ગ કાપ્યા પછી એમનું માથું છત સાથે અડકયું. કારાધ્યક્ષે એ ઠેકાણે ઉંચે કુંચી લગાડી એટલે ઉપરનો એક પત્થર ઉઘડી ગયો તથા બન્ને જણા બ્હાર નીકળ્યા. પછીથી કારાધ્યક્ષે પાછો એ પત્થર બરાબર બંધ કરી દીધો. આ સમયે જ્યોતિસિંહે પોતાને કારાધ્યક્ષ સાથે એક કબરસ્થાનમાં ઉપસ્થિત થયેલો જોયો.

આ કબરસ્થાનમાં પહેલાં આનન્દસિંહ, તેજસિંહ અને તારાસિંહ આવેલા હતા. એ પ્રસંગે ત્યાંનાં દેખાવનું વર્ણન અમે કરી ચુકેલા

હોવાથી પુનઃ તેનો અત્રે ઉલ્લેખ કરવાની જરૂર નથી. હમણાં અમે આ સઘળી જે હકીકત લખીએ છીએ તે આનન્દસિંહ વગેરેના એ કબરસ્થાનમાંથી સુરંગમાં જતાં પહેલાંની છે. પછીથી યુક્તિપ્રયુક્તિથી એ સુરંગને જ્યોતિસિંહે પોતાના કબજામાં લઇ લીધી હતી. ત્યારથી તેને તાળાં વાસવામાં આવતાં નહોતાં. એ સઘળી હકીકત હવે પછી વાંચકબંધુઓ જાણી શકશે.

જ્યોતિસિંહે ચોતરફ દૃષ્ટિ ફેરવીને જોયું તથા તેણે ખાત્રી કરી લીધી કે, પહેલાં તે ફરતો ફરતો કેટલીક વખત આ તરફ આવી ચઢયો હતો; છતાં આ કબરસ્થાનમાં શું છે, તથા તે કેવી રીતે બનેલું છે એ સંબંધીની તેને માહિતી નહોતી. તેણે કારાધ્યક્ષને આ સ્થળે જ ફસાવવાનો નિશ્ચય કરીને કહ્યું:—" કારાધ્યક્ષ મહાશય! તમે પણ ઘણા બદમાશ છો!"

કારાધ્યક્ષે વિસ્મિત બની જઇને પૂછ્યું:—" કેમ શું છે? મ્હેં શું કર્યું છે?" મ્હારાથી શો ગુન્હો થયો છે કે આપ મ્હને ગાળો દ્યો છો?"

"હજી પણ મ્હને સવાલો પૂછવાનું સાહસ કરો છો? તમે કૂતરાની માફક ભસ ભસ કરો છો તેથી હું તમારી જીભ સુદ્ધાં ખેંચી લઇશ." જ્યોતિસિંહે કહ્યું.

" આજ સુધી મહારાણીજીએ પોતે પણ મ્હારું આવું ભયંકર અપમાન કર્યું નથી!" વિરક્ત બની જઇને કારાધ્યક્ષ બોલ્યો.

આ સમયે જ્યોતિસિંહે તેને એવા જોરથી એક લાત મારી કે એ બિચારો વૃદ્ધ પુરુષ પલ માત્રમાં જ પૃથિવીપર પછડાયો. આ સમયે તેની છાતીપર ચઢી બેસીને જ્યોતિસિંહ બળાત્કારે તેને પણ બેશુદ્ધિનું

ઔષધ સુંઘાડી દીધું. જોતજોતાંમાં કારાધ્યક્ષ બેહોશ બની ગયો. પછી જ્યોતિસિંહે પોતાની તેમજ કારાધ્યક્ષની કમરપરની ચાદર છોડી એમાં તેના ચૈતન્યહીન બની ગયેલા દેહને બાંધી દીધો, તથા નિત્યનોંધ અને કુંચીઓનું ઝુમખું પણ એ ગાંસડીમાં રાખીને, ગાંસડી પોતાની પીઠપર નાખી તે વીરસિંહની છાવણી તરફ જવા લાગ્યો. બરાબર મધ્યાન્હ કાળે તે વીરસિંહના તંબૂમાં જઈ પહોંચ્યો. પ્રથમ તો રામાનન્દના વેષમાં જ્યોતિસિંહને જોઇ વીરસિંહ ચમકી ઉઠયો; પરંતુ અગાઉથી ઠરાવેલા સંકેતાનુસાર જ્યોતિસિંહે તેને પોતાની ઓળખાણ આપી ત્યારે તે અત્યંત આનંદિત બની ગયો.

પ્રકરણ ૧૮ મું.

ભોંયરામાં બનેલા અવનવા બનાવ.

જ્યોતિસિંહે કારાધ્યક્ષની ગાંસડી નીચે ઉતારી, બનેલી સઘળી હકીકત વિસ્તારથી વીરસિંહને કહી સંભળાવી. એ હકીકત સાંભળી વીરસિંહે વિશેષ આનંદિત બની જઇ જ્યોતિસિંહને ઘણો ધન્યવાદ આપ્યો. રામાનન્દને ફસાવ્યાની હકીકત જ્યારે તેણે સાંભળી ત્યારે પોતાના ઉચ્ચ હાસ્યને તે અટકાવી શક્યો નહિ; છતાં તેને જ્યારે એમ માલૂમ પડયું કે, યુવરાજ ઇન્દ્રજીતસિંહનો પત્તો શ્યામગઢમાં નથી લાગતો ત્યારે તે પાછો ઉદાસ બની ગયો. જ્યોતિસિંહે તેને હરેક રીતે સમજાવ્યો તથા દિલાસો આપ્યો. પછીથી તેણે પોતાના સઘળા અંતરના વિચારો વીરસિંહને જણાવ્યા. એ વિચારો વીરસિંહને ઘણા પસંદ પડવાથી તેણે કહ્યું:—" મ્હેં તમારા કયા વિચાર તરફ નાપસંદગી દર્શાવી છે ? હવે એટલું કહો જોઇએ કે, તમારી સાથે તમે કયા બહુરૂપીઓને લઈ જવાના છો ?"

" આ વખતે મ્હારે જો કે વિશેષ બહુરૂપીઓની જરૂર હતી; પરંતુ અહીં માત્ર ચાર જ બહુરૂપી હાજર છે, તથા બીજા બધા યુવરાજ ઇન્દ્રજીતસિંહનો પત્તો મેળવવાને ગયા છે; છતાં ચિંતા નહિ. પંડિત બદ્રીનાથને આપ આપની છાવણીમાં જ રહેવા દ્યો. એમને અન્ય કોઈ સ્થળે મોકલવા એ મ્હને ઠીક લાગતું નથી; કેમ કે, છાવણીમાં ઘણા ચાલાક તેમજ અનુભવી બહુરૂપીની હાજરીની જરૂર છે. જ્યોતિષીજી, તેજસિંહ અને તારાસિંહને હું મ્હારી સાથે લઈ જઇશ. " જ્યોતિસિંહે કહ્યું.

" સારી વાત છે; એ ત્રણે જણા તમને ઘણા ઉપયોગી થઇ પડશે. " વીરસિંહે કહ્યું.

" જી ના. એ ત્રણે જણાને હું મ્હારી સાથે રાખવાનો નથી. તેજસિંહ અને તારાસિંહને તો હું ત્યાંનો રસ્તો બતાવીને પાછા મોકલી દઇશ. ત્યાર પછી એ બન્ને જણા થોડા બહાદુરોને મ્હારી પાસે પહોંચાડીને આપને તથા કુમાર આનન્દસિંહજીને લઇને મ્હારી પાસે આવશે. પછીથી મ્હેં આપને મ્હારા જે વિચારો દર્શાવ્યા છે તે પ્રમાણે કાર્ય કરવામાં આવશે. " જ્યોતિસિંહે કહ્યું.

" કારાધ્યક્ષવાળી જે નિત્યનોંધ તમે અહીં લઇ આવ્યા છો તેનું શું કરવાનું છે ?" વીરસિંહે પૂછ્યું.

" એને હું મ્હારી સાથે લઈ જઇશ. યથાવકાશે હું તેને આરંભથી છેવટ સૂધી વાંચી જઇશ. એ તો આપણને એક અતિ ઉપયોગી વસ્તુ મળી આવી છે. "

" એ ઉમદા વસ્તુ છે એમાં કશો શક નથી. એમાંથી શ્યામગઢના કિલ્લાની ઘણીખરી હકીકત જાણી શકાશે. એ ઉપરાંત પણ બીજા ઘણા ભેદ ભરમોનો ઇતિહાસ એમાં હશે. " એ નિત્ય નોંધના પૃષ્ઠ ઉલટાવતાં વીરસિંહે કહ્યું.

" હવે આપણને વિશેષ કષ્ટ નહિ ભોગવવું પડે. " જ્યોતિસિંહ બોલ્યો.

" હા, અને એ ભોંયરામાંનો છુપો ખજાનો પણ આ નિત્યનોંધની સહાયતાથી આપણે મેળવી શકીશું. " વીરસિંહે કહ્યું.

" જરૂર મેળવી શકીશું. હવે મ્હારે સત્વર ત્યાં જઇ પહોંચવાની જરૂર છે; કેમ કે રાણા દિગ્વિજયસિંહે મ્હને અને કારાધ્યક્ષને પોતાની પાસે બોલાવ્યા હતા. જો વિલંબ થશે તો એ ભોંયરામાં જશે અને

ત્યાં કોઈ નજરે નહિ પડે તો સઘળી પ્રપંચબાજી સમજી જશે." જ્યોતિસિંહે ઉઠી ઉભા થઇને કહ્યું.

"ભલે ત્યારે તમે જાઓ. વિલંબ કરવાની જરૂર નથી." વીરસિંહે કહ્યું.

ભોજન કરી, જગન્નાથ જ્યોતિષી, તેજસિંહ, તારાસિંહ વગેરેને સાથે લઇ જ્યોતિસિંહ શ્યામગઢ તરફ રવાના થયો, તથા માત્ર બે કલાકમાં જ તેઓ સર્વે પેલા ભોંયરામાં જઇ પહોંચ્યા. હજી સુધી જ્યોતિસિંહ રામાનન્દના વેષમાં જ હતો. ભોંયરાનો રસ્તો બતાવી તેજસિંહ અને તારાસિંહને તેણે છાવણીમાં પાછા મોકલી દીધા, અને એકલા જગન્નાથ જ્યોતિષીને જ તેણે પોતાની પાસે રાખ્યો. આ વખતે ભોંયરામાંથી બ્હાર નીકળવાના દરવાજાઓપર જ્યોતિસિંહે તાળાં વાસ્યાં નહિ.

કારાધ્યક્ષવાળી નિત્યનોંધ વાંચવાથી ઘણી હકીકત જ્યોતિસિંહના જાણવામાં આવી. એ સઘળી હકીકતનો અત્રે ઉલ્લેખ કરવાની કશી જરૂર નથી. યથા સમયે એ હકીકત આપોઆપ વાંચકબંધુઓના જાણવામાં આવશે; છતાં એમાંની એક વાતનો અત્રે ઉલ્લેખ કરવાની જરૂર છે. જે મંડપમાં કારાધ્યક્ષ રહેતો હતો એ મંડપના એક થાંભલામાં ત્રાંબાનો એક તાર બાંધેલો હતો. એ તારનો એક છેડો દિવાલની અંદરથી સુરંગમાં લઈ જવામાં આવ્યો હતો. એ સંબંધી કારાધ્યક્ષની નિત્યનોંધ વાંચવાથી જ્યોતિસિંહને માલૂમ પડ્યું કે, એ તાર ખેંચવાથી રાજમહાલયમાં ટાંગેલો એક ઘંટ વાગતો હતો. જ્યારે કોઇ પણ પ્રકારની આકસ્મિક મદદની જરૂર પડતી ત્યારે કારાધ્યક્ષ તાર ખેંચી એ ઘંટ વગાડી મહારાણાને ખબર આપતો હતો. વળી એ મંડપની બાજૂમાં આવેલી એક ઓરડીમાં એક ઘંટ લટકતો હતો. એની

સાથે બાંધેલા તારનો છેડો મહારાણાના દિવાનખાના સુધી જતો હતો એ તારની મદદથી મહારાણાને જો કોઇ જરૂરી ખબર કારાધ્યક્ષને આપવી હોય તો તે આપતો હતો. આ ભોંયરાનો સઘળો છુપો ભેદ મહારાણા તથા તેના આઠ દશ અંગત માણસો સિવાય બીજા કોઇના જાણવામાં નહોતો.

રામાનન્દ દીવાનને શત્રુ પક્ષનો બહુરૂપી સમજી તેને ભોયરામાં કારાધ્યક્ષને સ્વાધીન કરી જતી વખતે બનાવટી દીવાન જ્યોતિસિંહને તથા કારાધ્યક્ષને પોતાની પાસે હાજર થવાને દિગ્વિજયસિંહે જણાવ્યું હતું; પરંતુ મહારાણાની એ આજ્ઞાનુસાર વર્તવામાં આવ્યું નહોતું; કેમ કે, કારાધ્યક્ષને બેહોશ બનાવી, તેને ઉંચકી લઇને જ્યોતિસિંહ તો વીરસિંહની છાવણીમાં ગયો હતો. ત્યાં તેને ઘણા સમય સુધી રોકાવું પડયું હતું તથા તે છેક સ્હાંજે જગન્નાથ જ્યોતિષી વગેરે સાથે ભોંયરામાં પાછો આવ્યો હતો. પોતાને વિશેષ વિલંબ થયેલો હોવાથી મહારાણો કદાચ ભોંયરામાં આવશે એમ ધારી જ્યોતિસિંહે જગન્નાથજીને કારાધ્યક્ષનો વેષ ધારણ કરાવી, ભોંયરા સંબંધીની ઘણી બાબતો તેને સમજાવી બરાબર જાણીતો કરી નાખ્યો.

થોડા સમય પછી મંડપની એક બાજૂએ આવેલી ઓરડીમાં કોઇના પગનો અવાજ થતો સાંભળવામાં આવ્યાથી, મહારાણો આવતો હશે એમ વિચારી જ્યોતિસિંહે કારાધ્યક્ષ બનેલા જગન્નાથને ગાદીપર સુઇ જઇ ' હાય ! હાય ! ' કહીને મ્હોટેથી બુમો પાડવા જણાવ્યું. ત્યાર પછી વિના વિલંબે મહારાણો દિગ્વિજયસિંહ ત્યાં આવી પહોંચ્યો, તથા જ્યોતિસિંહને ઉદ્દેશીને તેણે પૂછ્યું:—" દીવાનજી, મ્હેં તમને તથા કારાધ્યક્ષને દરબામાં આવવાની આજ્ઞા કરી હતી; છતાં હજી સુધી તમે કેમ આવ્યા નહિ ?"

આ સમયે કારાધ્યક્ષ વેષધારી જગન્નાથ જ્યોતિષીની હાયપીટ સાંભળવામાં આવ્યાથી વ્યાકુળ બની જઇને મહારાણાએ પૂછ્યું:-"કારાધ્યક્ષને એકાએક શું થયું છે ?"

"મહારાજશ્રી, અમે આપશ્રી પાસે આવવાને તૈયાર થવા એવામાં એકાએક તેમના પેટમાં દુઃખાવો થઇ આવ્યો હતો. ઘણા ઉપાયો કર્યા પછી દુઃખાવો હમણાં જ સહજ નરમ પડયો છે!" જ્યોતસિંહે સર્વથા અસત્ય ઉત્તર આપ્યો.

મહારાણાએ કારાધ્યક્ષનું શરીર તપાસી જ્યોતિસિંહને પૂછ્યું:— "ઠીક, પેલા બહુરૂપી પાસેથી કશા સમાચાર જાણવામાં આવ્યા છે કે?"

"ના મહારાજ ! એ તો કશો ભેદ જણાવતો જ નથી; છતાં ચિંતા કરવાનું પ્રયોજન નથી. ધીમે ધીમે આપણે સઘળી હકીકત જાણી શકીશું." જ્યોતિસિંહે કહ્યું.

થોડા સમય પછી મહારાણો દિગ્વિજયસિંહ ત્યાંથી પાછો ચાલ્યો ગયો. તેના ગયા પછી જ્યોતિસિંહ પણ ભોંયરાની બ્હાર નીકળી મહારાણા પાસે ગયો, તથા પોતાના બન્ને હાથ જોડીને તેણે કહ્યું:- "અલ્પ કાળમાં જ મ્હને અહીં પાછો ફરેલો જોઇ કદાચ આપને આશ્ચર્ય ઉપજશે; પરંતુ એક જરૂરી સમાચાર આપને જણાવવા માટે જ મ્હારે આપની સેવામાં હાજર થવું પડયું છે!"

"એવા શા સમાચાર છે ?" અધીરતાથી મહારાણાએ પૂછ્યું.

"રાજેન્દ્ર ! આ સેવકના જાણવામાં એવા સમાચાર આવ્યા છે કે, મ્હને કેદ પકડવા માટે શત્રુપક્ષના કેટલાક બહુરૂપીઓ આવેલા છે; માટે સાવધાનતા રાખવાની ઘણી જરૂર છે. જો આજે રાત્રે આપનો આ સેવક એમના સપાટામાં સપડાશે નહિ તો આવતી કાલથી હું તેમને કાંઇ નવા જ રંગ બતાવીશ. આજે તેઓ કેવી ચાલાકી ચલાવે

છે એ આપણે જોઇશું !" આવી બીજી કેટલીક નિરુપયોગી વાતચિત કરી જ્યોતિસિંહ મહારાણા પાસેથી વિદાય લઇ પોતાને ઉતારે ગયો તથા વેષ બદલી બીજે દિવસે પ્રભાતકાળે તે રાણા વીરસિંહની છાવણીમાં જઈ પહોંચ્યો; પછીથી સ્હવારે જ્યારે તે દરબારમાં આવ્યો નહિ ત્યારે મહારાણાની એવી ખાત્રી થઇ કે, વીરસિંહના બહુરૂપીઓએ તેને ફસાવેલો હોવો જોઇએ.

બીજી તરફ જ્યોતિસિંહ એમ વિચારવા લાગ્યો કે, હવે ખરા રામાનન્દને ભોંયરામાંથી એવી રીતે કાઢવો જોઇએ કે જેથી મહારાણા દિગ્વિજયસિંહના મનમાં સહજ પણ શક ઉત્પન્ન થાય નહિ, તથા એને એમ પણ માલૂમ પડે નહિ કે, ભોંયરામાં વીરસિંહના બહુરૂપીઓએ પ્રવેશ કરેલો છે. આ કાર્ય કોઈ તાજો મૃતદેહ મળી આવે તો જ પાર ઉતરે તેમ હતું.

શ્યામગઢથી પોતાની છાવણીમાં જઇને જ્યોતિસિંહે સઘળી હકીકત વીરસિંહને કહી સંભળાવી. પછીથી તેમણે બન્ને જણાએ કેટલાક ગુપ્તદૂતોને તાજો મૃતદેહ લઈ આવવા માટે મોકલ્યા.

ગુપ્તદૂતો ચાલતા ચાલતા એક નદી કિનારે જઇ પહોંચ્યા તો ત્યાં એક બિનવારસ ભિખારી તે જ દિવસે મરી ગયો હતો. સંધ્યાકાળના અરસામાં ગુપ્તદુતો એ ભિખારીના મૃતદેહને છાવણી પાસે ઉપાડી લાવ્યા, અને પ્રથમથી થયેલી સૂચના પ્રમાણે એ સંબંધીના સમાચાર તેમણે જ્યોતિસિંહને પહોંચાડયા. જ્યોતિસિંહ તરત જ એ મૃતદેહ પાસે ગયો, તથા પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયો. તેણે એ મૃતદેહને રામાનન્દના દેહ જેવો બનાવી દીધો. પછીથી તેજસિંહની સહાયતાથી એ મૃતદેહને ઉપાડી તેને તેઓ શ્યામગઢના ભેદી ભોંયરામાં લઇ ગયો. ત્યાં જઇ ભોંયરાના કારાધ્યક્ષ (જગન્નાથ જ્યોતિષી)ને એ મૃતદેહ સ્વાધીન

કરી, તત્સંબંધી તેને કેટલીક જરૂરી સૂચનાઓ કરી, ખરા રામાનન્દને તેઓ પોતાની છાવણીમાં ઉપાડી ગયા.

જ્યોતિસિંહના વિદાય થયા પછી આપણા નવીન કારાધ્યક્ષ જગન્નાથે પેલો તાર ખેંચ્યો, કે જે ખેંચવાથી મહારાણા દિગ્વિજયસિંહના રાજમહાલયના દિવાનખાનામાં લટકતો ઘંટ વાગતો હતો. આ સમયે રાત્રિના લગભગ દસેક વાગ્યા હતા. મહારાણો દિગ્વિજયસિંહ પોતાના કેટલાક વિશ્વાસુ નોકરો સાથે દિવાનખાનામાં દુશ્મનોપર કેવી રીતે વિજય મેળવવો એ સંબંધીની ચર્ચા ચલાવી રહ્યા હતો, એવામાં એકાએક દિવાનખાનામાંનો ઘંટ વાગવાથી તે ચમકી ઉઠયો તથા કોઈ પણ કારણને લીધે ભોંયરામાં પોતાની જરૂર પડી છે એમ તે સમજી શકયો. દિગ્વિજયસિંહે આસન ઉપરથી ઉઠી જલ્લાદોને બોલાવવાની એક ચોપદારને આજ્ઞા કરી. એ જલ્લાદો જરૂરના સમયે ભોંયરામાં જતા હતા તથા જીવ જવાના ભયથી ભોંયરાની હકીકત હમ્મેશાં ગુપ્ત રાખતા હતા.

મહારાણો બીજા ઓરડામાં ગયો. તે વસ્ત્રો પહેરીને તૈયાર થયો એવામાં જલ્લાદો પણ આવી પહોંચ્યા. એ જલ્લાદ ઘણા મજબૂત, શક્તિવાન્ અને કદાવર હતા. તેમના શરીરનો રંગ તદ્દન કાળો હતો. પોષાકમાં તેમણે એક જાંઘીઓ, એક બંડી અને કાનટોપી પહેરેલી હતી. તેમના હાથમાં નગ્ન તલ્વાર હતી; તેથી એ લોકો ઘણા ભયંકર લાગતા હતા. મહારાણો માત્ર ચાર જ જલ્લાદોને સાથે લઇને ભોંયરામાં ઉતર્યો, અને પેલા રસ્તેથી અંદર પહોંચી ગયો. તેને આવતો જોઇને કારાધ્યક્ષ સાવધાન બની ગયો તથા સ્હામે જઈ હાથ જોડીને તેણે કહ્યું:—"આજે મ્હારે લાચારીથી જ આપને તકલીફ આપવી પડી છે!"

" કેમ શું છે ? " મહારાણાએ પૂછ્યું.

" જે બહુરૂપીને દીવાન રામાનન્દજીએ કેદ કર્યો હતો એ મરી ગયો છે. " કારાધ્યક્ષે ગંભીરતાસૂચક સ્વરે કહ્યું.

" શું એ મરી ગયો ?!" મહારાણાના મુખમાંથી આશ્ચર્યોદ્‌ગાર બહાર નીકળ્યા.

" હા મહારાજ, મરી ગયો ! કોણ જાણે કે એને બેહોશીની કેવી વિષમય દવા સુંઘાડી હતી કે જેથી તેનો જીવ ગયો. " કારાધ્યક્ષે કહ્યું.

" એ ઘણું ખોટું થયું છે. શત્રુઓ એમ સમજશે કે, આપણે જાણી જોઇને જ એમના બહુરૂપીને મારી નાખ્યો છે. બહુરૂપીને મારી નાખવો એ નિયમ વિરુદ્ધ છે. હવે શત્રુઓ પણ આપણી પાસે ન્યાયનું રક્ષણ કરશે નહિ. કર્મધર્મસંયોગે જો આપણા માણસો તેમના પંઝામાં સપડાશે તો તેઓ પણ તેમને પ્રાણહારક વિષનું સેવન કરાવી મારી નાખશે. એથી આપણને ઘણું નુકસાન થશે તથા ઘણા માણસો જીવથી જશે. " મહારાણાએ વિષણ્ણવદને કહ્યું.

" પરંતુ જે થયું છે તે હવે ન થયું થનાર નથી. આ ભૂલ દીવાનજીની છે. " કારાધ્યક્ષે કહ્યું.

મહારાણાએ કાંઇક ક્રોધવશ થઇને કહ્યું:—" રામાનન્દ તો બરાબર મૂર્ખમતિ જ છે. શું જોઇને એ પોતાને બહુરૂપી તરીકે ઓળખાવવાનું સાહસ કરે છે ? વીરસિંહનો એક સામાન્ય બહુરૂપી આવી એને કેદ પકડી ગયો છે !"

મહારાણાનાં આ વચનો સાંભળી કારાધ્યક્ષવેષધારી જ્યોતિષી મનમાં ને મનમાં હસીને એમ વિચારતો હતો કે, " વાહ, કેવો હોશિયાર છે ?! એ પોતે પૂરેપૂરો બેવકૂફ બન્યો છે એની તેને ક્યાં ખબર છે ? વાહ રે જ્યોતિસિંહ ! તમે ધારો તે કરી શકો તેમ છો ! "

મહારાણાએ પોતે રામાનન્દના મૃતદેહને જોયો; પછીથી તેને એક બાજૂના ખુણામાં દાટી દેવાની તેણે જલ્લાદોને આજ્ઞા કરી. જલ્લાદોએ એ ભોંયરામાં જે ઠેકાણે મૃતદેહો દાટવામાં આવતા હતા ત્યાં એ મૃતદેહ લઈ જઈને દાટી દીધો. મહારાણો અફસોસ કરતો ભોંયરાની બ્હાર નીકળ્યો તથા વિચારવા લાગ્યો કે, આ બનાવનો વીરસિંહના બહુરૂપીઓ હવે કેવો બદલો લે છે એ જોવાનું છે!

ઉપર વર્ણવેલો બનાવ બન્યા પછી ત્રીજા દિવસે કારાધ્યક્ષ પોતાની ગાદીપર બેસી નિત્યનોંધ તપાસી રહ્યો હતો તથા એ ભોંયરાની પ્રાચીન હકીકત વાંચી આશ્ચર્યચકિત બની જતો હતો. એવામાં એકાએક પાછળના ભાગમાં આવેલી ઓરડીમાંથી કશો અવાજ સાંભળવામાં આવ્યો, તે ગભરાઇ ઉઠી ઉભો થયો અને પાછલી બાજૂએ જોવા લાગ્યો, એવામાં પાછો ફરીથી અવાજ સાંભળવામાં આવ્યાથી જગન્નાથ દ્વાર ઉઘાડી એ ઓરડીમાં ગયો. આ સમયે એ ઓરડીના બીજા દરવાજામાંથી કોઈ નાશી જતું હોય એવો તેને ભાસ થયો. ઓરડીમાં પૂર્ણ અંધકાર પ્રસરી રહેલો હતો. જગન્નાથ સહજ આગળ વધ્યો એટલે કોઇનો જમીનપર પડી રહેલો મૃતદેહ તેના પગ સાથે અથડાયો. એ મૃતદેહની ઠોકર વાગતાં જ તે ધરાપર ઢળી પડ્યો. પરંતુ તરત ઉઠીને તે આગળ જવા લાગ્યો. એ મૃતદેહ કોનો હશે એ માટે તેને ઘણું આશ્ચર્ય ઉપજ્યું. તેણે વિચાર્યું કે, જે માણસ પલાયન કરી જાય છે એજ ખૂની હોવો જોઇએ. એ માણસ સુરંગમાં નાસતો આગળ જતો હતો; પરંતુ જગન્નાથ કોઈ પણ રીતે તેને પકડી શક્યો નહિ. એવામાં સુરંગના પ્રવેશદ્વાર પાસે પ્રકાશ જોવામાં આવ્યાથી જગન્નાથજી સમજી ગયો કે તે નાસી ગયો છે. ક્ષણ માત્રમાં તે પણ બ્હાર નીકળી તીક્ષ્ણદૃષ્ટિથી આસપાસ જોવા લાગ્યો. પ્રથમ

તો જગન્નાથજીએ પંડિત બદ્રીનાથને જોયો. દિવસ આથમવાને માત્ર એક જ કલાકની વાર હતી.

" કારાધ્યક્ષ મહાશય! આપને ત્યાં ચોર પેઠો હતો તેની આપને માહિતી પણ નથી કે?" બદ્રીનાથે પૂછ્યું.

" જો ખબર ન હોત તો દોડતો દોડતો આ સમયે હું અહીં સુધી શા માટે આવત?" જગન્નાજીએ કહ્યું.

" છતાં ચોર તો આપને હાથતાલી આપી પલાયન કરી ગયો છે. જો આ સમયે હું અહીં ન આવી પહોંચત તો આપ ભાગ્યે જ એને મેળવી શકત." બદ્રીનાથ બોલ્યો.

" બરાબર છે. આ વાતનો હું અસ્વીકાર કરતો નથી. એ કોણ હતો તે આપ જાણી શક્યા છો કે? એ સ્ત્રી હોય એમ મ્હને લાગે છે તથા એને મ્હેં કોઇ વખતે જોઇ હોય એવો ભાસ થાય છે. જગન્નાથજીએ વિચારમગ્ન સ્થિતિમાં કહ્યું.

" જરૂર જોઇ હશે. હવે એને ભોંયરામાં લઈ ચાલો; પછીથી જોઈ લેવાશે. એ ખાલી હાથે ભોંયરામાંથી નીકળી છે તેથી મ્હને ઘણું આશ્ચર્ય લાગ્યું છે." બદ્રીનાથે કહ્યું.

" ખાલી હાથે નથી નીકળી; એ પોતાનું કામ પાર ઉતારીને જ નીકળી આવી છે. એની પાછળ આવતી વખતે એક મૃતદેહની મ્હને ઠોકર વાગી હતી; પરંતુ એની પાછળ દોડવાની ધૂનમાં, એ મૃતદેહની તપાસ મ્હારાથી થઈ શકી નથી."

પછીથી પંડિત બદ્રીનાથ અને જગન્નાથજીએ સ્ત્રીને ભોંયરામાં લઈ ગયા તથા જે મંડપમાં કારાધ્યક્ષ બેસતો હતો એ મંડપના એક થાંભલા સાથે તેને મુસ્કેટાટ બાંધી દેવામાં આવી. પછીથી તેઓ હાથમાં

ફાનસ લઇ પેલા મૃતદેહની તપાસ કરવા ગયા કે જેની ઠોકર જગન્નાથજીને વાગી હતી. એ મૃતદેહને જોતાંની સાથે જ તેને ઓળખી જઇને બદ્રીનાથ આશ્ચર્ય પામીને બોલ્યો "આ તો માધવીનો મૃતદેહ છે!"

આ સમયે તેના નાકપર હાથ મૂકી જોઇને જગન્નાજીએ કહ્યું:– "હજી એના શ્વાસપ્રશ્વાસની ક્રિયા મૃદુમંદગતિથી ચાલે છે. વળી એના પેટમાં જે જખ્મ થયેલો છે એ પણ વિશેષ ભયંકર નહિ હોવાથી તે બચી શકે એવો સંભવ છે; પરંતુ તે અહીં કેવી રીતે આવી ચઢી એ આશ્ચર્યજનક પ્રકાર છે!"

બદ્રીનાથે તેની નાડી તપાસીને કહ્યું:–"હા–બચી શકે એવો સંભવ છે. એના જખ્મપર પાટો બાંધી એને સૂઇ રહેવા દ્યો. થોડો અર્ક પણ એના મ્હોંમાં રેડવાની જરૂર છે."

તરત જ બદ્રીનાથે માધવીના જખ્મપર પાટો બાંધી દીધો તથા થોડો અર્ક એના મ્હોંમાં નાખી તેઓ તેને એક બીજી ઓરડીમાં લઇ ગયા. આ ભોંયરામાં કેટલાંક સ્થળોએ પ્રકાશ અને વાયુનો સંચાર થઇ શકતો હતો. કારીગરોએ એ માટે ઉત્તમ યુક્તિ અમલમાં મૂકી હતી. જે ઓરડીમાં માધવીને લઇ જઇ સુવાડવામાં આવી એ ઓરડીમાં શીતળ વાયુનો સંચાર થતો હતો. તેને એ ઓરડીમાં રાખી બદ્રીનાથ અને જગન્નાથ, જે સ્ત્રીએ માધવીને ઘાયલ કરી હતી એ સ્ત્રી પાસે ગયા. એને એક થાંભલા સાથે મજબૂતાઇથી બાંધી દીધેલી હોવાથી હવે તે પલાયન કરી શકે તેમ નહોતી.

બદ્રીનાથે ધીમે ધીમે જગન્નાથને કહ્યું:–"આજે રાજકુમાર આનન્દસિંહ તથા તેમની પાછળ થોડા સમયના અંતરે હું પણ કેટલાક બહાદુર સિપાહીઓ સાથે અહીં આવી પહોંચીશ. હવે હું જાઉંછું. જઇને હજી મ્હારે ઘણું કામ કરવાનું છે. તમને આટલા સમાચાર જણાવવા માટે જ હું અહીં આવ્યો હતો. હવે તમે આ સ્ત્રીને પૂછીને તેની પાસેથી બની શકે એટલી બાતમી મેળવી લેજો."

" ઠીક જાઓ." જગન્નાથે રજા આપી.

" છતાં હું તમને એક વાત કહેવી તો ભૂલી જ જાઉંછું આપણો ભેદ ખુલ્લો થઇ જવાનો એક મ્હોટો ભય છે તે તમે દૂર કરજો. જુઓ, આ સ્ત્રી આપણને ઓળખી ગઇ છે; તેથી તમે જ્યારે મહારાણા દિગ્વિજયસિંહને અહીં બોલાવો ત્યારે તમે વીરસિંહજીના બહુરૂપી છો એમ તે જાહિર ન કરી દે એ માટે ઘણી સાવધાનતા રાખજો." આમ કહી કોઈ વાતની યાદ આવતાં પોતાની ઝોળીમાંથી એક ડબ્બી બ્હાર કાઢી તે જગન્નાથજીના હાથમાં આપીને બદ્રીનાથે કહ્યું:—" જુઓ, એક પ્રકારનો મલમ તૈયાર કરી આ ડબ્બીમાં ભરેલો છે. એમાંનો થોડોક એની જીભે લગાડી દેજો; જેથી એની જીભ ટુંકી થઈ જશે અને એનાથી કાંઇ બોલી શકાશે નહિ." આવી કેટલીક સૂચના કરી બદ્રીનાથ ત્યાંથી વિદાય થયો. પછી જગન્નાથજીએ થાંભલા સાથે બાંધેલી પેલી સ્ત્રીને ઘણી ધમકાવી, તથા તેને માર મારી તેની હકીકત જાણવાનો ઘણો પ્રયત્ન કર્યો; પરંતુ તેથી કાંઇ વળ્યું નહિ. અંતે થાકી જઇને હવે શું કરવું એવો વિચાર કરીને તે ગાદીપર બેસવા જતો હતો એવામાં તે સ્ત્રીએ કહ્યું:—"જ્યોતિષીજી, હું તમને સારી રીતે ઓળખું છું. તમે એમ ન સમજશો કે, માધવીને મ્હેં મારી નાખી છે. તેને બીજા કોઇ માણસે જ ઘાયલ કરી હતી. વળી હવે તે તમારા કબજામાં રહી નથી. તમારે ખાત્રી કરવી હોય તો તમે એ ઓરડીમાં જઇને જોઈ આવો!"

આ વચનો સાંભળી જગન્નાથજી વિસ્મિત બની ગયો, તથા માધવીની તપાસ કરવા માટે તે, તેને જે ઓરડીમાં સૂવાડી હતી એ ઓરડીમાં ગયો તો ત્યાં માધવી નહોતી! છતાં પોતાનો ભ્રમ ન થાય એ માટે જગન્નાથજીએ દીપક સળગાવી આજૂબાજૂની ઓરડીઓ તપાસી; પરંતુ માધવીનો કશો પત્તો લાગ્યો નહિ. અંતે તે ચિંતા

મગ્ન બની જઈ મંડપમાં પાછો ફર્યો, તથા પેલી બંદિની સ્ત્રી પાસેથી માધવીનો ભેદ જાણવાનો તેણે ઘણો પ્રયત્ન કર્યો; પરંતુ એ સ્ત્રીએ કશો ખુલાસો કર્યો નહિ.

હવે લાલી અને માયાસુંદરી સુરંગમાંથી જ્યારે આ મંડપ પાસે આવી પહોંચી હતી ત્યારે તેમણે આ સ્ત્રીનો રૂદનસ્વર જ સાંભળ્યો હતો. તેઓ બન્નેને જોતાં જ જ્યોતિષી ઓળખી ગયો. તેણે લાલીને કેવી રીતે ઓળખી કાઢી હતી એ હવે પછી આપણે જાણી શકીશું. માયાસુંદરી અને લાલી બન્ને જણીઓ ગંભીર વિચારમાં પડી ગઈ હતી કે, કારાધ્યક્ષે તેમને કેવી રીતે ઓળખી કાઢી ! જગન્નાથ જ્યોતિષીએ જ કારાધ્યક્ષનો વેષ ધારણ કરેલો છે. એમ તેઓ જાણતી નહોતી.

જ્યોતિષીએ માયા અને લાલીને પોતાની પાસે બોલાવીને તેમની સાથે વાતચિત કરવાની ઇચ્છા કરી; પરંતુ તેની એ ઇચ્છા સફળ થઇ નહિ. એ સમયે જ મંડપમાંનો ઘંટ વાગ્યો. જ્યોતિષી સમજી ગયો કે, હવે અલ્પ કાળમાં જ મહારાણો દિગ્વિજયસિંહ ભોંયરામાં આવશે. તે શા માટે ભોંયરામાં આવતો હશે ! કદાચ લાલી અને માયાના ભોંયરામાં નાસી ગયાના સમાચાર તો તેના જાણવામાં નહિ આવ્યા હોય ? જો એ સમાચાર તેના જાણવામાં આવ્યા હોય તો તે તેમને પકડવા આવે એ બનવા જેવું હતું. જગન્નાથજીએ વિહ્વળ બની જઇ લાલી અને માયાને ઉદ્દેશીને કહ્યું:—" અફસોસ કે તમને અહીંથી અન્ય સ્થળે મૂકી આવવા જેટલો સમય નથી. આ સઘળી મહેનત અમારે તમારા માટે જ કરવી પડે છે ! "

આમ કહીને જ્યોતિષીએ થાંભલા સાથે બાંધવામાં આવેલી સ્ત્રીની જીભ ઉપર બળાત્કારે પેલો મલમ ચોપડી દીધો કે જેથી મહારાણાની [illegible]રીમાં તે કાંઇ બોલી શકે નહિ. માયા અને લાલી પણ ગભરાઇ [illegible] એક ઓરડીમાં છુપાઇ ગઈ. ત્યાર પછી તરત જ

કેટલાક જલ્લાદોને સાથે લઇ મહારાણો દિગ્વિજયસિંહ એ મંડપમાં આવી પહોંચ્યો તથા વ્યાકુળતાથી તેણે પૂછ્યું:—" આ ભોંયરામાં માયાસુંદરી લાલી સાથે નાસી આવી છે; તેમને તમે જોઈ છે કે?"

"મહારાજ! હજી સુધી અહીં કોઇ આવ્યું નથી." ઠાવકે મ્હોડે જગન્નાથજીએ ઉત્તર આપ્યો.

થાંભલા સાથે બાંધવામાં આવેલી આ સ્ત્રી કોણ છે ?" મહારાણાએ ઉત્સુકતાથી પૂછ્યું.

" એ કોણ છે તે માલૂમ નથી. મ્હેં તેને આ ભોંયરામાંથી કેદ કરી છે. હું એને ઘણી હકીકત પૂછું છું; પરંતુ તે મ્હારા એકે પ્રશ્નનો ઉત્તર આપતી નથી." જ્યોતિષીએ ઉત્તર આપ્યો.

" ઠીક છે, માયાસુંદરી અને લાલી સાથે એનું પણ (બળિદાન આપવામાં આવશે;) કેમ કે અહીં એવો કાયદો છે કે, પરવાનગી વગરનું કોઈ પણ મનુષ્ય આ ભોંયરામાં પ્રવેશ કરે એનું તરત બળિદાન આપવું." મહારાણાએ ભયંકર કાયદો સંભળાવ્યો.

પછીથી સર્વ માયાસુંદરી અને લાલીને શોધવા લાગ્યા. વિના વિલંબે તેમને શોધી કાઢી મુસ્કેટાટ બાંધી દેવામાં આવી; પછીથી જે જીભ ઉપર જગન્નાથજીએ પેલી દવા ચોપડી હતી એ સ્ત્રીને મહારાણાએ કેટલાક પ્રશ્ન પૂછ્યા; પરંતુ મહારાણાના એકે પ્રશ્નનો ઉત્તર તે આપી શકી નહિ પછી તેને થાંભલા સાથેથી છોડી, માયા અને લાલીની માફક બાંધવામાં આવી. તથા એ ત્રણે જણીઓને એક દરવાજાના રસ્તેથી બીજા એક સંગીન ચોકમાં લઈ જવામાં આવી. એ મંડપના મધ્યભાગમાં એક સિંહાસનપર એક ભયંકર કાળસ્વરૂપિણી મ્હોટી મૂર્ત્તિ હતી. એ મૂર્ત્તિનું વર્ણન અમે પાછળ કરેલું જ છે. બરાબર આ સમયે જ આનન્દસિંહ, તારાસિંહ અને તેજસિંહ ત્યાં

આવી ચઢયા હતા. તેઓ આ સઘળો ભયાનક દેખાવ જોવા લાગ્યા. હવે ઘંટાનો અવાજ જોરથી વાગતો હતો; પરંતુ એ ઘંટ કયાં હતો તેનો કશો નિર્ણય થઈ શકતો નહોતો.

માયાસુંદરી, લાલી તથા પેલી બોબડી બનેલી સ્ત્રીને છ માણસોએ બળપૂર્વક પકડી, તથા તેઓ એ ત્રણે જણીઓને પેલી પિશાચ-પ્રતિમા પાસે લઈ ગયા. પછીથી તેમને જબરદસ્તીથી ઘુંટણીએ બેસાડી. થોડો સમય વીતી ગયો એટલે રાક્ષસ સ્વરૂપ જલ્લાદોએ પેલી બોબડી સ્ત્રીને પિશાચપ્રતિમા ઉપર એવા જોરથી હડસેલો માર્યો કે તે ત્યાં ગબડી પડી અને તે સાથે જ એક જલ્લાદે તેની ગરદનપર પોતાના હાથમાંની તીક્ષ્ણ તલ્વારનો ઘા કર્યો. ઘા લાગતાં જ એ અબળાનું મસ્તક કપાઇ ગયું, અને તેનો દેહ પૃથિવીપર તરફડવા લાગ્યો. આવો ભયાવહ દેખાવ જોઇ માયાસુંદરીએ એક કારમી ચીસ પાડી અને તે બેશુદ્ધ બની ગઇ.

રાજકુમાર આનન્દસિંહ, તેજસિંહ અને તારાસિંહની પણ વિચિત્ર સ્થિતિ થઈ ગઈ. ક્રોધની અત્યંત ઉત્તેજનાથી તેમનું સર્વાંગ કંપવા લાગ્યું. થોડા સમય પછી જલ્લાદોએ માયાને ઉઠાડી, તથા તેને તેઓ પેલી પિશાચપ્રતિમાપર હડસેલો મારવા લાગ્યા. હવે આનન્દસિંહ તેમજ તેના સાથીદારો ધીરજ ધારણ કરી શકયા નહિ. તેઓ ત્રણે જણા એકાએક એ જાલિમ જલ્લાદોપર કૂદી પડયા.

ત્રણે જણા ખંજર કાઢીને આગળ વધવાનો પ્રયત્ન કરતા હતા એવામાં પાછળથી કેટલાક માણસોએ આવીને એ લોકોને પકડી લીધા, તથા “ આજ છે—આજ છે—એમનું જ પ્રથમ બળિદાન આપવાની જરૂર છે. ” કહીને પોકાર કરવા લાગ્યા !

પ્રકરણ ૧૯ મું.

અંગના કે દેવાંગના?

વાંચકબંધુઓ! આ સઘળા ભેદભરેલા બનાવોનો ત્યાગ કરી ચાલો, એક વખત આપણે આપણા હિન્દુઓના પુણ્યધામ, પાપતાપની નિવૃત્તિ કરનાર કાશીક્ષેત્રમાં જઇએ.

સંધ્યાનો સમય થયો હતો. ગંગાનું જળ વાયુતરંગોથી ઉછાળા મારી રહ્યું હતું. સૂર્ય ભગવાન્ અસ્તાચળમાં ઉતરી પડવાની તૈયારી કરતા હતા. પશ્ચિમાકાશે રંગબેરંગી દેખાવ ધારણ કર્યો હતો. આવા સમયે ગંગાતટપર એક નવયુવતી બેઠેલી હતી.

થોડા સમયમાં જ સૂર્યાસ્ત થયો, અને રાત્રિના અંધકારનો વસુંધરાપર વિસ્તાર થયો. આકાશમાંથી ન્હાના ન્હાના મેઘખંડ પૂર્વ તરફથી પશ્ચિમમાં જઇને એકઠા થઇ જતા હતા. ઉપરોક્ત નવયુવતીની ઉમ્મર લગભગ પંદરેક વર્ષની હતી. લમણે હાથ મૂકી આ સમયે તે ગંભીર વિચારોમાં નિમગ્ન બની ગઇ હતી. આ સુંદરી ઘણી ખૂબસુરત હોઈ તેના અંગનો પ્રત્યેક અવયવ ઘાટદાર હતો. થોડા થોડા સમયના અંતરે એ નવયુવતી માથું ઉંચું કરી ચોતરફ દૃષ્ટિ ફેરવતી હતી અને પાછી લમણે હાથ મૂકી વિચારમગ્ન બની જતી હતી. એની સ્હામે જ ગંગાજીમાં એક ન્હાની નૌકા ઉભી રહી હતી. એ નૌકામાં પાંચ સાત માણસો હતા. તે સિવાય તેમાં પ્રવાસનો સરસામાન પડી રહેલો જોવામાં આવતો હતો.

થોડા સમય પછી વિશેષ અંધકાર થવાથી એ નવયુવતી ઉઠી. તે સાથે જ નૌકામાંથી બે માણસો તટપર આવી તેને સાવધાનતાથી

નોકામાં લઈ ગયા. યુવતી નોકામાં બેસી કોઈના આવવાની જાણે કે આતુરતાથી રાહ જોવા લાગી. એવામાં જ હાથમાં પોટલી ઉંચકીને એક માણસ તટપર આવી પહોંચ્યો. તેને જોતાં જ બે માણસો નોકામાંથી ઉતરી તેની પાસે ગયા તથા એક જણ તેની પોટલી ઉંચકીને લઈ ગયો અને બીજાએ તેને પોતાની સાથે લઇ જઇ પોતાના હાથના ટેકાથી નોકામાં ચઢાવ્યો. આ નોકાની છતપર નવયુવતી બેઠેલી હતી. આવનાર માણસ પણ એ નવયુવતી પાસે ગયો તથા તેણે સંકેતદ્વારા પૂછ્યું કે હવે શી આજ્ઞા છે ? આના ઉત્તરમાં સંકેતદ્વારા જ ગંગાની પેલી પાર જવા માટે નવયુવતીએ જણાવ્યું; તેથી એ માણસે માછીઓને ઉદ્દેશીને કહ્યું:—" નોકાને પેલી પાર લઇ જાઓ. "

પછી એ માણસ અને નવયુવતી વચ્ચે સંકેતદ્વારા જ થોડી વાતચિત થઇ; જેને અમે સમજી શક્યા નથી; છતાં એટલું તો માલૂમ પડયું કે, એ નવયુવતી બહેરી અને બોબડી હતી. તે મુખથી એક પણ અક્ષરનો ઉચ્ચાર કરી શકતી નહોતી, તથા કાને કાંઇ સાંભળી શકતી નહોતી.

નોકાનું લંગર ઉપાડી લેવામાં આવ્યું અને તેને સ્હામે કિનારે લઇ જવા માંડી. ચાર માછીઓ પાણીમાં વાંસ ફેરવવા લાગ્યા. પેલી નવયુવતી આ સમયે છતપરથી નીચે ઉતરી અને તેની સાથે પેલો પુરુષ પણ પોતાની પોટલી લઈ નીચે ઉતર્યો. નોકામાં નીચેના ભાગમાં બે ન્હાની ઓરડીઓ હતી. એક ઓરડીમાં એક શય્યા બિછાવેલી હતી તથા બીજીમાં એક ન્હાનો પલંગ બિછાવેલો હતો. એ સિવાય એ ઓરડીઓમાં બીજો પણ થોડો સરસામાન પડી રહેલો હતો. એ સ્ત્રી હાથથી કાંઇ સંકેત કરીને શય્યામાં બેસી ગઇ. પુરુષે તેની પાસે લેખનસામગ્રી મૂકી. પછીથી બન્ને વચ્ચે વાતચિત ચાલવા લાગી. તેમની વાતચિત

લેખનસામગ્રી દ્વારા જ ચાલતી હતી. એ નવયુવતી બહેરી અને બોબડી હતી એ માટે હવે કશો સંદેહ રહ્યો નહિ. એમની બન્નેની જે વાતચિત થઈ તે અત્રે અમે લખીએ છીએ; પરંતુ પાઠકોએ સ્મરણ રાખવું કે એ સઘળી વાતચિત લખાણથી થઇ હતી.

પ્રથમ તો એ નવયુવતીએ પોટલી છોડીને તેમાં શું છે તે જોયું. તેમાંથી એક પીતળની પેટી નીકળી. એ પેટી ઉઘાડતાં તેમાંથી ચાર પાંચ કાગળના કડકા નીકળ્યા. એ કાગળોપર કાંઈ લખેલું હતું. એ કાગળો વાંચીને તેને પાછા યુવતીએ યથાસ્થિત ગોઠવી દીધા. ત્યાર પછી તે બીજી વસ્તુઓ જોવા લાગી. બે ચાર જાતના રૂમાલો અને કેટલાક પ્રાચીન સીક્કાઓ જોઈ, પોટલીમાંથી નીકળેલો એક પતરાનો ડબ્બો તેણે ઉઘાડ્યો. એ ડબ્બો ઉઘાડી તેમાંની આશ્ચર્યજનક વસ્તુ જોઇ યુવતી રોમાંચિત થઇ. તેનું સર્વાંગ કંપી ઉઠ્યું. તેનું મ્હોં મલિન બની ગયું તથા તેનાં નેત્રો મીંચાઇ ગયાં. આવો પ્રકાર જોઈ પેલા પુરુષે ડબ્બો બંધ કરી દઈ એક બાજૂએ મૂકી દીધો. એટલામાં બ્હારથી માછીઓનો અવાજ સંભળાયો કે, "કૃષ્ણલાલજી!"

આ બૂમ સાંભળી એ પુરુષ કે જેનું નામ કૃષ્ણલાલ હતું તે બ્હાર ગયો. કૃષ્ણલાલનું શરીર ભરાવદાર અને દેખાવડું હતું. તેની ઉપરની દંતપંક્તિના એક બે દાંત સહજ બ્હાર નીકળેલા જણાતા હતા. તે બ્હાર આવ્યો એટલે માછીઓએ વાંસ ફેરવીને નૌકાને આ-ગળ વધતી અટકાવી. નૌકાની ઓરડીના દ્વારપર ત્રણ સીપાહીઓ ખભાપર ભરેલી બંદુક લઈ પહેરો ભર્યા કરતા હતા. તેમને ઉદ્દેશીને વ્યાકુળતાથી કૃષ્ણલાલે પૂછ્યું:—"કેમ શું છે?"

"અહને એમ લાગે છે કે, કિનારાપર ઘણા માણસો છે. જુઓ

જુઓ, તેઓ ત્વરાથી આપણા તરફ જ આવતા હોય એમ લાગે છે.” એક સિપાહીએ કિનારા તરફ હાથ લંબાવીને કહ્યું.

કિનારા તરફ એકાગ્રદષ્ટિથી થોડા સમય સુધી જોઈ રહ્યા પછી કૃષ્ણુલાલે કહ્યું:—“ ખરું છે. તેઓ કદાચ આપણા દુશ્મનો પણ હોય! હવે નૌકાને કિનારા તરફ નહિ લઇ જતાં પ્રવાહમાં જ આગળ વધવા દો. એમ કરવાથી આપણને હરકત વેઠવી પડશે નહિ.”

આવી આજ્ઞા કરી કૃષ્ણુલાલ પુનઃ પેલી નવયૌવના પાસે ગયો. નવયૌવનાએ સંકેત કરીને તેને પૂછ્યું:—“ કેમ શું છે?”

ઉત્તરમાં કૃષ્ણુલાલે જે દેખાવ જોવામાં આવ્યો હતો અને પોતે જે આજ્ઞા કરી હતી તે હકીકત તેને લખી જણાવી. એ હકીકત વાંચી નવયૌવનાએ પણ એમ લખી જણાવ્યું:—“ જો એમજ હોય તો આપણી નૌકાને પ્રવાહમાં જ આગળ વધવા દો. વળી સિપાહીઓને સાવધાન રહેવાની સૂચના કરો તથા જો તરીને નૌકા પાસે આવવાનો કોઈ પ્રયત્ન કરતું જણાય તો ગોળી છોડી તેનો જીવ લેવાની તેમને રજા આપી દો.”

આ વાક્યોનો કૃષ્ણુલાલે હકારમાં ઉત્તર આપ્યો, તથા સિપાહીઓને યુવતીની આજ્ઞા સંભળાવી પાછો અંદર ગયો. એ નવયુવતીએ પોતાના વસ્ત્રના છેડા સાથે બાંધેલી એક કુંચી છોડીને કૃષ્ણુલાલને આપી તથા ઈશારાથી કહ્યું:—“ આ પતરાના ડબ્બાને મ્હારી પેટીમાં મૂકી દ્યો.

કૃષ્ણુલાલે તેના કહેવા પ્રમાણે કર્યું. બીજી જે ઓરડીમાં પલંગ બિછાવી રાખ્યો હતો એ ઓરડીમાં જઇ તેણે એક પેટી ઉઘાડી પેલો ડબ્બો તેમાં મૂકી દીધો. પછીથી પેટીને તાળું વાસી તેની કુંચી તેણે નવયુવતીને પાછી સોંપી. આ સમયે જ બ્હારથી બંદુકનો અવાજ

સાંભળવામાં આવ્યો. કૃષ્ણુલાલે તરત બ્હાર જઇને પૂછ્યું:—
"કેમ શું છે?"

"જુઓ, કેટલાક માણુસો તરીને આ તરફ આવે છે." સિપાહીએ કહ્યું.

"પરંતુ બંદુકની ગોળી છુટવાથી તેઓ પાછા ચાલ્યા જાય છે." બીજો સિપાહી બોલ્યો.

કૃષ્ણુલાલ પાછો ઓરડીમાં ગયો તથા બ્હારની હકીકત લખીને તેણે નવયુવતીને વંચાવી. એ હકીકત વાંચી, ઉઠી ઉભી થઈ યુવતી બ્હાર નીકળી તથા કિનારા તરફ જોઇ રહી. એક કલાક આવી સ્થિતિમાં પસાર થઈ ગયો. હવે જે માણુસો સ્હામે કિનારેથી નદીમાં ઉતરી તરતા તરતા નૌકા પાસે આવતા હતા તેઓ કોઇની નજરે પડયા નહિ. કૃષ્ણુલાલને સાથે આવવાની ઇશારત કરી નવયુવતી પુનઃ ઓરડીમાં ગઈ. પછીથી પેલી પોટલીમાંની બીજી વસ્તુઓ એ યુવતી જોવા લાગી. ત્રણુ ચાર મૂલ્યવાન્ વસ્ત્રો સિવાય એમાં બીજું કાંઈ નહોતું. પુનઃ પોટલી બાંધી દઇને એક બાજૂએ મૂકી દેવામાં આવી, તથા બન્ને જણાં પાછાં લેખનવ્યવસાયથી વાતચિત કરવા લાગ્યાં.

"પેલી પીત્તળની પેટીમાં જે ચીઠ્ઠીઓ છે તે ક્યાંથી મળી?" નવયુવતીએ પૂછ્યું.

"એ ચીઠ્ઠીઓ એમાં જ હતી." કૃષ્ણુલાલે ઉત્તર આપ્યો.

"એ પેટી ક્યાં હતી?"

"એના પલંગ નીચે પડી રહી હતી. ઘરમાં કોઇ હાજર નહોતું; તેથી જે કાંઈ જોવામાં આવ્યું તે તરત જ હું ઉપાડી લાવ્યો."

"હશે, કાંઈ ચિંતા નહિ. આપણુને માત્ર પેલા પતરાના ડબ્બાની જ

ખાસ જરૂર હતી. વળી પીત્તળની પેટીમાંથી જે ચીઠ્ઠીઓ મળી આવી છે તે પણ આપણને ઘણી ઉપયોગી થઇ પડશે. ”

એ સિવાય તેમની બન્નેની વચ્ચે બીજી ઘણી વાતચિત થઈ જેનો અત્રે ઉલ્લેખ કરવાની જરૂર નથી. એક પ્રહર કરતાં વિશેષ રાત્રિ વીતી ગઇ હતી. યુવતી ઉઠી તથા પોતાની ઓરડીમાં જઈ દીપકને બુઝાવી પલંગમાં સૂઇ રહી. કૃષ્ણલાલ પણ એક બાજૂએ બિછાવેલી પથારીમાં સૂઇ ગયો. આ સમયે આસમાની આકાશ તદ્દન સ્વચ્છ હતું. નૌકા કોઈ પણ પ્રકારની બાધા સિવાય માર્ગ કાપતી હતી. રાત્રે બીજો કશો ઉલ્લેખ કરવા જેવો બનાવ બન્યો નહિ.

જ્યારે રાત્રિનો થોડો સમય બાકી રહ્યો ત્યારે એ સ્ત્રી પોતાના પલંગપરથી ઉઠી અને બારીમાંથી બ્હાર જોવા લાગી. આકાશ સ્વચ્છ હતું. ચંદ્રદેવની સાથે જ્યોતિર્મયી ચાંદની પણ પ્રકાશી રહી હતી. જળમાં તેનું મનોહર પ્રતિબિંબ પડેલું હતું નૌકામાં પણ પ્રકાશનો વિસ્તાર થઇ રહેલો હતો. જે પલંગપર નવયુવતી સૂઈ રહી હતી એ પલંગપર પણ ચાંદનીનો સુવિમળ સ્નિગ્ધ પ્રકાશ, બારીમાંથી આવી ફેલાયલો હતો. એ નવયુવતીએ ધીમેથી પેટી પાસે જઇને તેને ઉઘાડી; કે જે પેટીમાં પેલો પતરાનો ડબ્બો તેણે કૃષ્ણલાલ પાસે મૂકાવેલો હતો. પતરાનો ડબ્બો બ્હાર કાઢીને તે તેણે પલંગપર મૂક્યો, અને પેટી બંધ કર્યા પછી, બીજી ન્હાની પેટીમાંથી એક મીણબત્તી બ્હાર કાઢી. તેનું મીણ ડબ્બાની ચોતરફની ખુલ્લી ધારપર લગાવી દીધું કે જેથી તેમાં સહજ પણ હવા જઈ શકે નહિ. આટલું કાર્ય કરીને તે બારી પાસે બ્હાર માથું રાખીને બેઠી, તથા કિનારા તરફ જોવા લાગી. બે માછીઓ ધીમેથી વાંસ ફેરવતા હતા, જ્યારે એ માછી થાકતા ત્યારે બીજા બે ઉઠી તેમને વિશ્રાન્તિ લેવાનો સમય આપતા હતા.

સ્હવારે નૌકા એક એવા સ્થળે જઇ પહોંચી કે જે સ્થળે નદીનો કિનારો સારી હાલતમાં હતો. ત્યાં આગળ તટપર એક ઉંચું શિવાલય પણ આવેલું હતું, તથા શિવાલયમાંથી ગંગામાં ઉતરી સ્નાન કરી શકાય એ માટે પગથીઆં સુદ્ધાં હતાં. યુવતીએ એ સ્થાનને લક્ષ્યપૂર્વક જોયું, તથા નૌકા જ્યારે એ શિવાલયની બરાબર સ્હામે જઈ પહોંચી ત્યારે તેણે પેલો પતરાનો ડબ્બો કે જેમાં કોઇ અદ્દભુત વસ્તુ હતી તે તેણે પાણીમાં ફેંકી દીધો, અને પુનઃ પલંગમાં સુઇ ગઇ. આ પ્રકાર બીજું કોઇ જાણી શક્યું નહિ. થોડા સમયમાં જ નૌકા એ સ્થળનો ત્યાગ કરી આગળ નીકળી ગઈ.

જ્યારે સૂર્યોદય થયો ત્યારે એ નવયુવતીની આજ્ઞાનુસાર નૌકા એક જંગલના કિનારે જઈ પહોંચી. હવે નૌકાને કિનારે કિનારે જ ચલાવવાની નવયુવતીએ માછીઓને આજ્ઞા કરી. નૌકા કિનારે કિનારે આગળ વધવા લાગી અને નવયુવતી આસપાસની પ્રત્યેક વસ્તુનું દર્શન કરવા લાગી. એ જંગલ ઘણું રમણીય હતું. સ્હવારનો સમય હોવાથી અનેક પંખીઓ મધુર કલરવ કરી રહ્યાં હતાં. વાયુની લહરિયો સાથે વિવિધ પુષ્પોની સુવાસ આવતી હતી. એકાએક નવયુવતીની નજર કોઇ વસ્તુપર પડી. એ વસ્તુ જોવામાં આવતાં જ તે ચમકી ઉઠી, તથા બ્હાર નીકળી નૌકા ઉભી રાખી, કિનારે જ લંગર નાખવાની માછીઓને તેણે આજ્ઞા કરી.

એ કિનારે જ લંગર નાખવામાં આવ્યું, તથા એ બહેરી તેમ જ બોબડી સ્ત્રી પોતાના સિપાહીઓને કશો ઇશારો કરી, કૃષ્ણલાલને સાથે લઈ કિનારાપર ઉતરી પડી.

એક કલાક સુધી તે એ જંગલમાં ફરી. એ સમય દરમ્યાન સ્નાનાદિ કાર્યથી પરવારી નૌકામાં આવી તેણે ભોજન કરી લીધું અને પછીથી તે પુરુષવેષ ધારણ કરવા લાગી. તેણે એક ચુસ્ત પાયજામો

પહેરી તેનાપર યથોચિત વસ્ત્ર પહેર્યાં. મસ્તકપર મ્હોટો ફેંટો બાંધી દીધો. ઢાલ, તલ્વાર, કટાર અને એક ન્હાની પિસ્તોલ પણ તેણે સાથે લીધી અને તે નૌકામાંથી ઉતરી પડવાને તૈયાર થઈ. તેનો આવો વેષ જોઈ, આશ્ચર્યચકિત બની જઇ કૃષ્ણલાલે સંકેત કરીને તેને પૂછ્યું:-" હવે હું શું કરું ?"

ઉત્તરમાં યુવતીએ લેખન સામગ્રી મંગાવી. પછીથી બન્ને વચ્ચે લેખી વાતચિત ચાલવા લાગી.

" તમે આ નૌકામાં બેસીને જ તમારા ઠેકાણે ચાલ્યા જાઓ. હું તમને ત્યાં આવીને મળીશ." નવયૌવનાએ જણાવ્યું.

" કોઇ પણ રીતે હું તમને એકલાં મૂકીને અન્યત્ર જઈ શકું તેમ નથી. તમારા માટે મ્હેં કેટલું બધું કષ્ટ ભોગવ્યું છે એ તમે સારી રીતે જાણો છો. વળી હજી પણ તમારા માટે તમે કહો એવું હલકામાં હલકું કાર્ય કરવાને પણ હું તૈયાર છું." કૃષ્ણલાલે ઉત્તરમાં લખી જણાવ્યું.

" તમારૂં કહેવું યથાર્થ છે; પરંતુ મ્હારા જેવી બોબડીના સહવાસથી તમારું જીવન સુખમાં પસાર થઇ શકે એમ મ્હને લાગતું નથી. હા, તમારા મ્હારા પ્રત્યેના અસામાન્ય સ્નેહના બદલામાં હું તમને અમીર બનાવી દઉંછું; જેથી તમે કોઇ ઘણી રૂપાળી સુંદરી શોધી કાઢીને તેની સાથે લગ્ન કરી કરી ચકશો." યુવતીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

" અફસોસની વાત છે કે, આજે તમે મ્હને વાગ્બાણોથી વીંધી નાખો છો. મ્હારા આંતરિક પ્યારની તમારા અંતરમાં કલ્પના સુદ્ધાં ઉપજી શકતી નથી. દ્રવ્યસંપત્તિની મ્હને ચિંતા નથી, તેમજ તમે બોબડાં છો તેની પણ મ્હને ચિંતા નથી. હવે આ વિષય સંબંધી હું

તમારી સાથે વિશેષ વાતચિત કરવાને ઇચ્છતો નથી. તમારી ઇચ્છા હોય તો તમે મ્હને તમારા પ્રિયતમ તરીકે પસંદ કરો, અગર તો સ્પષ્ટ નકારમાં ઉત્તર આપો કે જેથી આ સ્થળે જ હું મ્હારા જીવનનો અંત લાવી, માનસિક યાતનામાંથી શાન્તિ મેળવી લઉં." કૃષ્ણલાલે નિરાશામિશ્રિત વિષણ્ણસ્વરે જણાવ્યું, તથા વિશેષમાં તેણે ઉમેર્યું કે, યશોદા સાથે મ્હારો નહિ જેવો સ્નેહસંબંધ હતો, એવું મ્હારાથી સાંભળી શકાશે નહિ."

એ ભોળી યુવતીનું નામ યશોદા હતું. તેણે ઉપરોક્ત વાક્યોના ઉત્તરમાં જણાવ્યું:—" હજી સુધી હું મ્હારાં કાર્યોથી નિશ્ચિંત થઈ નથી. જ્યારે મનુષ્ય નિશ્ચિંત હોય છે ત્યારે જ તે સંસારસુખ ભોગવી શકે છે. તમારો મ્હારા તરફ આંતરિક અનુરાગ છે એ પ્રકાર મ્હારાથી અજાણ્યો નથી, અને તેથી જ હું તમારી કદર કરું છું."

" જ્યાં સુધી તમે તમારા કાર્યવ્યવસાયમાંથી નિવૃત્ત ન થાઓ ત્યાં સુધી તમે મ્હને તમારી સાથે રાખો. હું પ્રત્યેક કાર્યમાં તમને મદદ કરીશ. તમારા માટે હું મ્હારું આ તુચ્છ જીવન આપવાને પણ તૈયાર છું." કૃષ્ણલાલે કહ્યું.

" ભલે, હું તમારા આ પ્રસ્તાવને માન્ય કરું છું. માછીઓને હવે નૌકા લઇ જવાની આજ્ઞા આપી દો, તથા એમાં જે જે વસ્તુઓ છે તે તેઓ પોતાની સંભાળમાં રાખે; કેમ કે કાલે તમે જે ડબ્બો લાવ્યા હતા તે પણ હું નૌકામાં જ રહેવા દઉં છું."

આ આજ્ઞા જાણી અતિ આનંદિત બની જઇને કૃષ્ણલાલે માછીઓ પાસે જઈ તેમને યશોદાની આજ્ઞા સંભળાવી દીધી, તથા તે પોતે પોષાક પહેરીને તૈયાર થઈ ગયો. પછીથી યશોદા અને કૃષ્ણલાલ કિનારાપર ઉતર્યાં, તથા સંકેત થતાં માછીઓએ નૌકા લઈ જવા માંડી. નૌકા સરિતાના જળપ્રવાહમાં નૃત્ય કરતી કરતી આગળ વધવા લાગી.

કૃષ્ણલાલસહ યશોદાએ એ અરણ્યમાં પ્રવેશ કર્યો. થોડા સમયમાં જ તે એક એવા સ્થળે જઇ પહોંચી કે જ્યાં ઘણા ખગ રસ્તાઓનો સમાવેશ થયેલો હતો. યશોદા એ સ્થળે ઉભી રહી ચોતરફ દૃષ્ટિ ફેરવવા લાગી. એ સ્થળે એક ઉંચું વૃક્ષ આવેલું હોઇ તેનાં ઘણાખરાં પાંદડાં સુકાઇને ખરી પડયાં હતાં. એ વૃક્ષ પાસે જઇ યશોદા જાણે કે કોઈ નિશાની શોધવા લાગી. એ સ્થળની જમીન ખાડા ટેકરાંવાળી હતી. એવામાં થોડે દૂર પત્થરોનો એક ઢગલો જોઇ, ત્યાં જઇ એક પત્થર પર બેસી યશોદા થાક ખાવા લાગી. કૃષ્ણલાલને પણ તેને પોતાની પાસે બેસવાનો સંકેત કર્યો. તેઓ બન્નેને ત્યાં બેઠાને વિશેષ સમય નહિ થયો હોય એવામાં સ્હામેથી એક ઘોડેસવારને તેમણે પોતાના તરફ આવતો જોયો. એ ઘોડેસવારે લાલરંગનો પોષાક પહેરેલો હતો. જ્યારે એ ઘોડેસવાર તદ્દન પાસે આવી પહોંચ્યો ત્યારે તેની મુખમુદ્રા, વક્ષઃસ્થળ વગેરે જોતાં તે કોઇ લાવણ્યમયી લલના છે એવી યશોદા અને કૃષ્ણલાલની ખાત્રી થઇ ગઇ. એ સુંદરીએ વિવિધ પ્રકારનાં અસ્ત્રશસ્ત્રો પોતાની પાસે રાખેલાં હોવાથી તે કોઇ વીરાંગના હોય એવી તત્કાળ અંતરમાં કલ્પના ઉપજતી હતી.

એ સુંદરીએ યશોદા અને કૃષ્ણલાલ જ્યાં બેઠાં હતાં ત્યાં આવી પોતાનો અશ્વ ઉભો રાખી યશોદા તરફ જોઇને તે હસી પડી. આ સમયે યશોદાએ પણ કૃષ્ણલાલ તરફ દૃષ્ટિ ફેરવીને પોતાનું મ્હોં મલકાવ્યું, :તથા તે ઉઠીને આવેલી સુંદરી પાસે ગઇ. એ સુંદરીએ અશ્વપરથી અવતરણ કરી પોતાની થેલીમાંથી એક ચીઠ્ઠી તથા લાલરંગના માણિક્યવાળી એક મુદ્રિકા કાઢી યશોદાના હાથમાં આપી. આથી યશોદાને અત્યંત આનંદ થયો. એક વખત એ મુદ્રિકાનો પોતાના કપાળ સાથે સ્પર્શ કરી, તે તેણે પોતાની આંગળીમાં

પહેરી લીધી, તથા ચીઠ્ઠીને કંચુકીના ખીસ્સામાં મૂકી ક્ષણ માત્રમાં જ આગંતુક સુંદરીના અશ્વપર સવાર થઈ, અશ્વને એડી મારી ત્યાંથી ચાલી ગઇ. આવો આશ્ચર્યજનક પ્રકાર બનેલો જોઇ કૃષ્ણલાલ દિઙ્મૂઢ બની ગયો. ઘણા સમય સુધી તે આવી સ્થિતિમાં બેસી રહ્યો. યશોદાની પાછળ જવાનું ભાન તેને રહ્યું નહોતું. એવામાં નવી આવેલી સુંદરીએ તેની પાસે આવી હાસ્યમુખે કહ્યું:—" તમારી પાસે બેઠેલી સુંદરી મ્હારા ઘોડાપર બેસી જતી રહી તેથી તમે આમ ઉદાસ કેમ બની ગયા છો? શું તમારી બન્નેની વચ્ચે કાંઈ સંબંધ હતો કે?"

" હા—સંબંધ હતો અને તે થોડા કાળમાં જ વિશેષ દૃઢ થવાનો હતો; પરંતુ તમે આવીને એને ક્યાં મોકલી દીધી ? " કૃષ્ણલાલે એક ગાઢ નિશ્વાસ મૂકી કહ્યું.

" એની સાથે લગ્ન કરવાની તમારી મહત્વાકાંક્ષા હતી કે ? " એક કટાક્ષ ફેંકીને સુંદરી પૂછ્યું.

" હા—એના માટે મ્હેં મ્હારી પાયમાલી કરી નાખી છે. મ્હારા પૂર્વજોની જાગીર એના લીધે જ મ્હેં ગૂમાવી છે. મ્હેં એનું દાસત્વ સ્વીકારેલું હોવાથી જ હમણાં મ્હારી આવી શોચનીય સ્થિતિ થઈ પડી છે. " કૃષ્ણલાલ બોલ્યો.

" કોનું દાસત્વ ? "

" કોનું તે એ યશોદાનું; જે તમારા ઘોડાપર સવાર થઇને ચાલી ગઇ છે તેનું. "

સુંદરીએ ચમકી ઉઠીને પૂછ્યું:—" શું નામ કહ્યું ? ફરી કહો જોઇએ ? "

" યશોદા. "

સુંદરીની પ્રશ્નપરંપરાથી વિરક્ત બની જઈ કૃષ્ણલાલે કહ્યું:—" એને હું બાલ્યાવસ્થાથી જ ઓળખું છું; છતાં તમારું અને એનું સખીત્વ ક્યારથી થયું છે એ હું સમજી શકતો નથી."

" તમે અસત્યવાદી, મૂર્ખશિરોમણિ અને કમઅક્કલ છો. મ્હારી સખીને તમે શી રીતે જાણો ? જ્યારે તમે મ્હને નથી પિછાનતા તો પછી એને કેવી રીતે પિછાનો ?" સુંદરીએ કૃષ્ણલાલનો તિરસ્કાર કર્યો. આ તિરસ્કાર સહન નહિ કરી શકાયાથી, ક્રોધાધીન બની જઇ મિયાનમાંથી તલ્વાર બ્હાર ખેંચી કાઢીને કૃષ્ણલાલે કહ્યું:–" કમબખ્ત સુંદરિ! તું મ્હારો આવો અસહનીય તિરસ્કાર કરે છે ? હું હમણાં જ ત્હારું મસ્તક કાપી નાખી ત્હારા અપરાધની તને ઉચિત સજા કરું છું."

" તમારા જેવા જવાંમર્દો એક અબળાના સમક્ષ જ પોતાનું બળ પ્રદર્શિત કરે છે! તમારી બહાદુરી કાંઈ જેવી તેવી નથી!" આમ કહીને એ સુંદરી ખડખડાટ હસી પડી.

કૃષ્ણલાલ હવે પોતાના ક્રોધને શમાવી શક્યો નહિ. તેણે એ સુંદરીના મસ્તકપર તલ્વાર ઉગામી. સુંદરીએ સાવધાનતાથી તેનો ઘા બચાવી લીધો. પછીથી તેણે કૃષ્ણલાલ પાસે જઇ તેના જમણા હાથનું કાંડું એટલા બધા બળપૂર્વક દબાવ્યું કે, તેના હાથમાંની તલ્વાર જમીનપર પડી ગઇ. એ અબળાનું અમાનુષિક બળ જોઈ કૃષ્ણલાલ દિઙ્મૂઢ બની જઇ એકાગ્રદૃષ્ટિથી તેના તરફ જોઇ રહ્યો. સુંદરીએ હાસ્ય કરીને કહ્યું:—" બસ આટલી તાકાત ધરાવો છો કે? જાઓ, હિજડાઓમાં જઇને હવે નાચ્યા કરો!" આમ કહી એ સુંદરી દૂર ખસી, પશ્ચિમ તરફ ચાલી ગઈ. કૃષ્ણલાલનો ક્રોધ હજી સુધી શાન્ત થયો ન્હોતો. તેણે જમીનપર પડેલી પોતાની તલ્વારને ઉચકી લઈ મિયાનમાં સરકાવી દીધી, તથા પોતાના મન સાથે કશો વિચાર કરીને

તે ઉપરોક્ત સુંદરીની પાછળ પાછળ જવા લાગ્યો. કૃષ્ણલાલ પોતાની પાછળ આવી છુપી રીતે પોતાના શરીરપર ઘા કરે નહિ એ માટે સુંદરી પ્રથમથી જ સાવધાન હતી.

થોડા સમય પછી એ સુંદરી એક કૂવા પાસે જઇ પહોંચી. એ કૂવાનો ચબુતરો એક માણસની ઉંચાઇ જેટલો ઉંચો હતો. તેનાપર ચઢવાનાં એક બાજૂએ પગથીઆં પણ હતાં. સુંદરી કૂવાની પાળપર બેસી સુલલિત સ્વરે સંગીત ગાવા લાગી. મધ્યાન્હકાળ હોવાથી સૂર્ય ભગવાન્ આકાશમાંથી વસુંધરાપર અગ્નિકણ વર્ષાવતા હોય એમ લાગતું હતું; છતાં કૂવાની આજૂબાજૂ કેટલાંક વૃક્ષો આવેલાં હોવાથી ત્યાં શાન્તિ જણાતી હતી. સુંદરીના સંગીતે કૃષ્ણલાલના મનપર ભિન્ન પ્રકારની અસર કરી. તેનો સઘળો ક્રોધ એ સંગીત સાંભળવામાં આવતાં અદૃશ્ય થઇ ગયો. સંગીત સાંભળવાની લોલુપતાથી તે એ સુંદરી પાસે જઇને બેઠો. એક ગાનની બે ચાર લીટીઓ લલકારી સુંદરીએ સંગીત ગાવું બંધ કરી કૃષ્ણલાલને ઉદ્દેશીને કહ્યું:-" તમે નિષ્પ્રયોજન મ્હારી પાછળ કેમ આવો છો ? હવે તમે યશોદાને જોઇ શકવાના નથી!"

" મ્હારો ત્યાગ કરી તે અન્યત્ર ચાલી જાય એ સર્વથા અસંભવનીય છે. એની એક એવી વસ્તુ મ્હારી પાસે છે કે, જે લેવા માટે તે અવશ્ય મ્હારી પાસે આવશે." કૃષ્ણલાલે આશાસૂચક મુખમુદ્રાથી કહ્યું.

" મ્હને એમ લાગે છે કે તમે પાગલ છો. તમારાં વચનો સાંભળી મ્હને હસવું આવે છે. હશે, તમે જાણો ને તમારું કામ જાણે! મ્હારે તમારી સાથે શી લેવા દેવા છે?" આમ કહીને એ સુંદરીએ કૂવામાં જોયું તથા તે બોલી:—" હે કૂપદેવ! મ્હને તૃષા લાગી છે; માટે થોડું જળ તો પાઓ."

આ શબ્દો સાંભળી કૃષ્ણુલાલ ગભરાયો, તથા તે વિચારવા લાગ્યો કે, " આ કોઇ અજબ સ્ત્રી છે! કૂવાપર પણ હુકમ ચલાવી પીવાનું પાણી માગે છે! એ મ્હને પાગલ કહે છે; પરંતુ તે પોતે જ પાગલ હોય એમ મ્હને લાગે છે! વળી આ કૂવો એને કેવી રીતે પાણી પાશે? ગમે તેમ હોય પણ આ સ્ત્રી રૂપસુંદરી છે તથા તેનું સગીત પણ ઘણું મધુર છે."

કૃષ્ણુલાલ આવા વિચારો કરી રહ્યો હતો એવામાં કોઈ આશ્ચર્યજનક વસ્તુ જોઈ તે ચમકી ઉઠયો. ગભરાઇ જઇ ઉઠી ઉભો થઇને તે કૂવાની તરફ જોવા લાગ્યો. એ વસ્તુ બીજી કોઈ નહિ પરંતુ એક હાથ હતો. ચાંદીના પાત્રમાં પાણી લઇ એ હાથ કૂવામાંથી નીકળ્યો હતો, તથા એ હાથને જોઇને જ કૃષ્ણુલાલ ગભરાઈ ગયો હતો.

સુંદરીએ એ હાથમાંથી પ્યાલો લઈ જળપાન કરી, તેણે પ્યાલો પાછો એ હાથમાં આપ્યો તથા હાથ કૂવામાં અદ્રશ્ય થઈ ગયો. પાછી એ સુદરી સંગીત લલકારવા લાગી. આ સમયે કૃષ્ણુલાલે પોતાના મન સાથે કહ્યું:–" ના ના. આ સુંદરી પાગલ નથી; પરંતુ હું જ પાગલ છુ. મ્હેત ને લીધે જ હજી સુધી હું એને ઓળખી શક્યો નથી. હવે મ્હને લાગે છે કે, એ કોઈ ગાંધર્વકન્યા યા તો અપ્સરા છે. જો કોઇ દેવાંગના આ માયાવી મૃત્યુલોકની લીલા નિહાળવા આવી હોય તો એ પણ બનવા જેવું છે. તેથી જ તેણે પોતાના અદ્દભુત શક્તિ (મેટર)નો પરિચય કરાવી, મ્હારું કાંકુ દબાવ્યું હતું! પરંતુ યશોદા સાથે એનો પરિચય છે એ એક આશ્ચર્યજનક વિષય છે. આ સુંદરીના જીવનનો સત્ય ભેદ સમજી શકવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે."

એ સુંદરી એકાએક ઉઠી ઉભી થઈ, તથા એક મ્હોટી બૂમ પાડી એ કૂવામાં કૂદી પડી.

પ્રકરણ ૨૦ મું.

ચમત્કારિક તસ્વીર.

એ લાલરંગના પોષાકવાળી સુંદરીના અદ્દભુત વ્યવહારથી કૃષ્ણલાલ ઘણી ચિંતામાં પડી ગયો. ગભરાઇ જઇને તે ચોતરફ જોવા લાગ્યો. ભયની ભાવનાથી તેની ઘણી વિચિત્ર સ્થિતિ થઈ ગઈ. તે એ કુવાપર વિશેષ સમય સુધી રોકાવાનું સાહસ કરી શક્યો નહિ. તે ત્વરાથી માર્ગ કાપતો ગંગાતટપર જવા લાગ્યો. આ સમયે જો પેલી નૌકા મળી જાય તો યથાસ્થાને ચાલ્યા જવાનો તેનો વિચાર હતો; છતાં તેનો આ વિચાર સફળ થયો નહિ; કેમ કે, એ અરણ્યમાં અનેક પગરસ્તાઓ આવેલા હોવાથી તે ભૂલો પડયો અને બીજી તરફ નીકળી પડયો.

તે આવી રીતે એક માઇલ સુધી ગયો હશે એવામાં તેને ઘણી તૃષા લાગી. તે જળ શોધવા લાગ્યો; કિન્તુ આસપાસમાં એકકે જળાશય તેના જોવામાં આવ્યું નહિ. એવામાં ફરતાં ફરતાં એક ઝુંપડી તેના જોવામાં આવી. એ ઝુંપડી કોઈ સાધુની હશે એમ ધારી તે એ તરફ જવા લાગ્યો; પરંતુ ત્યાં જતાં જ પોતાનો ભ્રમ તેને માલૂમ પડયો. એ સ્થળે કેટલાંક ઘીચ વૃક્ષોની ડાળીઓ અને પાંદડાં એકબીજાંની સાથે એવાં સંલગ્ન થઈ ગયાં હતાં કે, દૂરથી તે કોઇ સાધુની પર્ણકુટિ હોય એવો ભ્રમ થતો હતો; છતાં એ સ્થળે જવાથી કૃષ્ણલાલને તૃષાશાન્તિ કરવાનું સાધન મળી આવ્યું. ત્યાં એક સ્વચ્છ ઝરો વહેતો હતો. એ ઝરાની બન્ને બાજૂએ ઘટાવાળાં વૃક્ષો આવેલાં હતાં. ઝરાપર એ વૃક્ષોની સુશીતળ છાયાનો વિસ્તાર થઇ રહેલો હતો. કૃષ્ણલાલ હાથ મ્હોં ધોઇ, ઝરાનું સ્વચ્છ અને સુશીતળ જળનું પાન કરી એ સ્થળે વિશ્રાન્તિ લેવા બેઠો.

આવી રીતે થોડા સમય સુધી એ સ્થળે બેસી રહ્યા પછી તેણે દૂરથી કોઇ વસ્તુને ઝરાના જળપ્રવાહમાં ખેંચાઈ આવતી જોઈ. એ વસ્તુ પાસે આવતાં તે કશું વસ્ત્ર છે એમ તેને લાગ્યું. કૃષ્ણલાલે જળમાં ઉતરી, એ વસ્ત્ર બ્હાર કાઢી આણી તેને સૂક્ષ્મદૃષ્ટિથી જોવા માંડયું; કેમ કે નોકામાંથી ઉતરી પડતાં યશોદાએ પોતાની કમરપર જે વસ્ત્ર વીંટાળ્યું હતું તે જ આ વસ્ત્ર હતું.

આશ્ચર્યયુક્ત દૃષ્ટિથી ઘણા સમય સુધી કૃષ્ણલાલે એ વસ્ત્રને જોયું, તથા પોતાના મન સાથે તેણે ઘણા વિચારો કર્યા. યશોદા તેને જોતાં જ ઘોડેસ્વાર થઇને ચાલી ગઇ હતી; તેથી એ વસ્ત્ર યશોદાનું જ હોવું જોઇએ એમ તે કેવી રીતે માની શકે? છતાં ઘણા સમય સુધી તપાસ કર્યા પછી તેની એ માન્યતા દૃઢ થઈ. પછીથી યશોદાને મળવાની મહત્વાકાંક્ષાથી તે એ ઝરાના કિનારે કિનારે જે તરફથી વસ્ત્ર આવ્યું હતું તે તરફ ત્વરિતગતિથી જવા લાગ્યો. આવી રીતે એ કિનારાપર એક ગાઉ સુધી તે અવિશ્રાન્ત ચાલ્યો ગયો. એવામાં તેણે થોડે દૂર ઝરાના કિનારાપર સફેદ રંગનું એક રમણીય મકાન આવેલું જોયું. અલ્પકાળમાં જ તે એ મનોહર મકાન પાસે જઈ પહોંચ્યો.

એ મકાન ઝરાની ઉપર જ એક પૂલની માફક બનેલું હતું. ઝરો કાંઇ વિશેષ પહોળો નહોતો. એની પહોળાઇ માત્ર વીસ પચીસ હાથ જેટલી હતી. ઝરાની બન્ને બાજૂની જમીન આ મકાન નીચે આવી ગઈ હતી. વચ્ચે નહેરની પહોળાઈ જેટલા ભાગમાંથી જળપ્રવાહ વહી જતો હોવાથી એ મકાન એક પૂલ જેવું બનેલું હતું. આ મકાન એકજ માળનું હતું. એની આજૂબાજૂ વિશાળ ઉંચાં વૃક્ષ આવેલાં હોવાથી જો એ મકાનને આપણે ગ્રીષ્મઋતુનું શાન્તિસદન કહીએ તો તે સર્વથા ઉચિત જ હતું. આ મકાન જોઇ કૃષ્ણલાલ અતિ આનંદિત થયો. તેણે વિચાર્યું કે, આ મકાન કોઇ શૉખીન માણસે જ બંધાવેલું

હોવું જોઇએ. એ મકાનમાં જઇ એમાં કોઇ રહે છે કે નહિ તેની તપાસ કરવાનો કૃષ્ણલાલે વિચાર કર્યો. આવો વિચાર કરી તે એ મકાન સ્હામે ગયો. એ ાા પાયો ઘણો ઉંચો હોઈ તેને પંદર પગથીઆં હતાં. પગથીઆં ચઢી કૃષ્ણલાલ દ્વાર પાસે ગયો. દ્વાર ખુલ્લું જોઇ તે બેધડક અંદર ગયો.

આ મકાનમાં ચારે ખુણાએ ચાર ઓરડીઓ તથા ચાર તરફ કઠેરાવાળો ખુલ્લો ચોક હતો. વચ્ચેના ભાગમાં એક મ્હોટો ઓરડો હતો. આ મકાન તદ્દન સારું હતું. એમાં કશો સાજસજ્જ જોવામાં આવતી નહોતી.

અંદર પ્રવેશ કરતાં જ વચ્ચેના ભાગમાં આવેલા મ્હોટા ઓરડામાં બેઠેલા એક સાધુ પુરુષપર કૃષ્ણલાલની નજર પડી. એ સાધુ એક મૃગચર્મ પર બેઠેલો હોઇ તેની ઉમ્મર એંશી વર્ષની હોય એવું અનુમાન કરી શકાતું હતું. એના વાળ રૂના જેવા સફેદ થઇ ગયા હતા. તેની લાંબી દાઢી નાભિપ્રદેશ સુધી ઝૂલી રહી હતી. તેની કમરપર એક કોપિન હતી. એ સિવાય તેના અંગપર બીજું એક પણ વસ્ત્ર નહોતું. ગળામાં જનોઈ હતી; આમ છતાં તેનું તેજોમય અને પ્રભાવશાળી લલાટ જોતા તેના તપોબળની કલ્પના સ્વાભાવિક રીતે જ અંતરમાં ઉપજતી હતી.

જે સમયે કૃષ્ણલાલની નજર સાધુપર પડી એ સમયે તે પદ્માસને બેસી ધ્યાનમગ્ન થઇ ગયેલો હતો. તેનાં નેત્રો બંધ હોઈ બન્ને હાથ ઢીંચણપર પડેલા હતા. કૃષ્ણલાલ તેની સ્હામે જઇને ઘણા સમય સુધી ઉભો રહ્યો; પરંતુ તેને કશી ખબર પડી નહિ. કૃષ્ણલાલે મસ્તક ઉંચું કરી એક વખત ચારે બાજુએ જોયું; પરંતુ બે મ્હોટી તસ્વીરો સિવાય બીજું કાંઇ તેના જોવામાં આવ્યું નહિ. એ તસ્વીરોપર પડદા નાખેલા હોઇ સાધુની પાછળની દિવાલ સાથે તેને ટાંગી રાખવામાં આવી હતી.

કૃષ્ણલાલને ઘણું આશ્ચર્ય લાગ્યું. તે સ્વગત વિચારવા લાગ્યો કે:—"આ મકાનમા કોઇ પણ પ્રકારનો સરસામાન નથી; છતાં આ મહાત્માશ્રીનો નિર્વાહ કેવી રીતે ચાલતો હશે ? વળી આ બે તસ્વીરો કોની હશે ? બીજી કોઈ વસ્તુ પોતાની પાસે નહિ રાખતાં આ યોગી-પ્રવરે આ તસ્વીરો જ કેમ રાખી હશે ?" આવા વિચારોમાં ને વિચારોમાં તે ચારે તરફ જોવા લાગ્યો. તેણે પ્રત્યેક ઓરડી તપાસી જોઇ; પરંતુ બીજી એક પણ વસ્તુ કોઈ પણ સ્થળે તેના જોવામાં આવી નહિ; છતાં એક ઓરડીમાં કૃષ્ણલાલ જઈ શક્યો નહિ; કેમ કે તેનું દ્વાર બંધ હતું એ ઓરડીપર બહાર સાંકળ, તાળું કે કળ જેવું કાંઇ જણાતું નહોતું. એને કેવી રીતે બંધ કરવામાં આવી હતી તે સમજી શકાય એમ નહોતું. આવી તપાસમાં એક કલાક જેટલો સમય પસાર થઇ ગયો. કૃષ્ણલાલ પાછો સાધુ સ્હામે આવ્યો તો પણ સાધુ ધ્યાન-મગ્ન હોઈ તેનાં પોતાનાં નેત્રો મીંચેલાં જ હતાં. અંતે લાચારીથી સાધુ મહાત્માના ધ્યાનનો ભંગ થવાની રાહ જોતો તે એક બાજૂએ બેસી રહ્યો. એવામા એકાએક પેલી બંધ ઓરડીમાં શંખનો અવાજ થતો સંભળાયો. આથી કૃષ્ણલાલ વિશેષ આશ્ચર્યચકિત બની ગયો; છતાં એ અવાજથી સાધુના ધ્યાનનો ભંગ થયો. તેનાં તેજોમય નેત્રો ખુલ્લાં થયાં તથા તેણે કૃષ્ણલાલને પોતાની સ્હામે બેઠેલો જોઇને પૂછ્યું:—"તું કોણ છે અને અહીં કેવી રીતે આવ્યો છે ?"

"હું એક મુસાફિર છું તથા સંકટનો માર્યો ભટકતો ભટકતો ભાગ્યયોગથી અત્ર આવી ચઢ્યો છું. અહીં આપનાં દર્શન થવાથી હું અત્યંત પ્રસન્ન થયો છું." નમ્રતાયુક્ત સ્વરે કૃષ્ણલાલે કહ્યું.

"ઠીક. કહે જોઇએ કે, ત્હારું મકાન ક્યાં આવેલું છે ? આ જંગલમાં જે કોઈ આવે છે તે યથાસ્થાને ભાગ્યે જ પાછું જઈ શકે છે. તું કેવી રીતે અત્રે આવ્યો છે ?" સાધુએ પ્રશ્ન કર્યો.

"હું પુણ્યધામ કાશીનો રહેવાસી છું. એક સુંદરી કે જે મ્હારા મકાનની પાસે જ રહેતી હતી તેની સાથે મ્હારે કાર્યવશાત્ આ અરણ્યમાં આવવું પડ્યું. આ અરણ્યમાં જ એ સુંદરી અને હું વિધાતાના વિચિત્ર વિધાનથી વિખુટાં પડી ગયાં. ત્યાર પછી એવા વિચિત્ર દેખાવ મ્હારા જોવામાં આવ્યા છે કે, ભયની ભાવનાથી મ્હારું હૃદય હજી જોસથી ધબકે છે." કૃષ્ણલાલે પોતાની સ્થિતિનું સંક્ષિપ્ત વર્ણન કર્યું.

"ઠીક છે, ત્હારી હકીકત ઘણી લાંબી હોય એમ લાગે છે. એ સઘળી હકીકત સાંભળવા જેટલો હમણાં મ્હને સમય નથી. સહજ થોભ, હું મ્હારા એક કાર્યથી નિવૃત્ત થઈ જાઉં એટલે પછી હું ત્હારી હકીકત અવશ્ય સાંભળીશ. ગભરાઇશ નહિ, માત્ર એક જ કલાકમાં હું અત્રે પુનઃ ઉપસ્થિત થઇશ." સાધુએ ઉઠી ઉભા થઈ સહાનુભૂતિ-સૂચક સ્વરે કહ્યું. પછી તે ત્યાંથી ચાલ્યો ગયો. દ્વારના અવાજપરથી કૃષ્ણલાલ સમજી ગયો કે, એ સાધુ પેલી બંધ રહેતી ઓરડીમાં ગયો, કે જેમાં પોતાનાથી જઈ શકાયું નહોતું. લાચારીથી કૃષ્ણલાલ જ્યાં બેઠો હતો ત્યાં જ બેસી રહ્યો. સાધુના આવવામાં એક કલાકનો વિલંબ હતો તેથી ત્યાં સુધી શું કરવું તેનો તે વિચાર કરવા લાગ્યો. એકાએક પેલી બે તસ્વીરોનું પુનઃ તેને સ્મરણ થઇ આવ્યું. સાધુ મહાત્મા હાજર નહિ હોવાથી એ બન્ને તસ્વીરો ગુપ્ત રીતે જોઇ લેવાનો વિચાર તેને થયો. આ વિચારાનુસાર નહિ વર્તવા માટે, તેનો અંતરાત્મા તેને જણાવવા લાગ્યો; પરન્તુ અંતરની ઉત્તેજનાથી તે એ તસ્વીરો જોવા ગયો. એક તસ્વીર પાસે જઇને ડરતાં ડરતાં તેણે પડદો ઉંચો કર્યો. તસ્વીરપર નજર પડતાં જ કૃષ્ણલાલ દિઙ્મૂઢ બની ગયો. તેના હાથમાંનો પડદો આપોઆપ પુનઃ તસ્વીરપર પડ્યો, અને હાંફતો હાંફતો તે પાછો જ્યાં બેઠેલો હતો ત્યાં જઇને બેઠો.

ભાગ ૪ થો સમાપ્ત.